સાપ્તાહિક

સૌરાષ્ટ્ર આવૃત્તિ

२०३ વર્ષ

# મુંબઈ સમાચાર

R.N.I. No. GUJ GUJ /2013/58486

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 45

■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ કાર્તિક વદ-૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26

રવિવાર, ૨૪ નવેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# લહેર નહીં પણ સુનામી

## મહારાષ્ટ્રમાં મહાયુતિનો મહાવિજય



**વિજયની ઉજવણીઃ** મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મુંબઈસ્થિત તેમનાં સત્તાવાર નિવાસસ્થાન 'વર્ષા' બંગલો ખાતે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મોઢું મીઠું કરાવી વિજયની ઉજવણી કરી હતી તે સમયે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર પણ હાજર રહ્યા હતા.(એજન્સી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીના શનિવારે જાહેર થયેલા પરિણામો અનેક દૃષ્ટિએ ઐતિહાસિક સિદ્ધ થયા છે. રાજ્યમાં સત્તાધારી પાર્ટી કે ગઠબંધનને આટલી જંગી બહુમતી મળી હોય એવો આ પહેલો બનાવ છે. રાજ્યની ૨૮૮ બેઠકમાંથી ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિ ૨૩૦થી વધુ બેઠકો પર વિજય મેળવ્યો છે અને સામે પક્ષે મહા વિકાસ આઘાડીનું સત્તા છીનવી લેવાનું સપનું રોળાઈ ગયું છે. તેઓ અત્યારે ૫૦ બેઠકની અંદર સમેટાઈ ગયા છે. સમાચાર લખાઈ રહ્યા છે ત્યાં સુધી ૧૬૪ બેઠકના પરિણામ જાહેર થઈ ગયા છે અને ૧૨૪ બેઠકના પરિણામો હજી આવવાના બાકી છે. અત્યાર સુધીના આંકડા મુજબ ભાજપે અત્યાર સુધીમાં ૩૫ બેઠક પર વિજય મેળવ્યો છે અને ૭૮ બેઠક પર સરસાઈ મેળવી છે. શિવસેનાએ ૨૭ બેઠકો જીતી લીધી છે અને ૨૯ પર સરસાઈ છે. એનસીપીએ ૨૫ જીતી છે અને ૧૬ પર સરસાઈ ધરાવે છે. (જુઓ પાનું ૨) ▶▶

| કુલ બેઠક | ૨૮૮ |
|---|---|
| મહાયુતિ | ૨૩૦ |
| ભાજપ | ૧૩૨ |
| શિવસેના (એકનાથ શિંદે) | ૫૭ |
| એનસીપી (અજિત પવાર) | ૪૧ |
| મહાવિકાસ આઘાડી | ૪૬ |
| શિવસેના (યુબીટી) | ૨૦ |
| કોંગ્રેસ | ૧૬ |
| એનસીપી (શરદ પવાર) | ૧૦ |
| સમાજવાદી પક્ષ | ૦૨ |
| અન્યો અને અપક્ષો | ૧૦ |

## ઝારખંડમાં એનડીએની હાર



### ઝારખંડમાં હેમંત સોરેનની સરકાર ફરી સત્તામાં

રાંચીઃ ઝારખંડ વિધાનસભાની ૮૧ બેઠક માટે યોજાયેલી ચૂંટણીમાં ૫૬ બેઠક મેળવી હેમત સોરેનના ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ)ના વડપણ હેઠળની સંયુક્ત સરકાર સતત બીજી મુદત માટે સત્તામાં આવી છે. રાજ્યમાં સરકાર બનાવવા ૪૧ બેઠક મેળવવી જરૂરી છે.

આક્રમક પ્રચાર કર્યા બાદ રાજ્યમાં સત્તા મેળવવાનો વિશ્વાસ ધરાવતા ભાજપના વડપણ હેઠળનો એનડીએ ૬૯ બેઠક પર ચૂંટણી લડ્યો હતો જેમાંથી તેણે ૨૪ બેઠક પર વિજય મેળવ્યો છે.

એલજેપી (રામ વિલાસ) એક બેઠક પર ચૂંટણી લડ્યો હતો અને તેમાં તેણે વિજય મેળવ્યો છે. એજેએસયુ દસ બેઠક પર ચૂંટણી લડ્યો હતો, પરંતુ તેમાંથી માત્ર એક જ બેઠક પર વિજય મેલવી શક્યો છે.

પક્ષને વિજય અપાવવા બદલ રાજ્યના મતદારોનો આભાર માનતાં સોરેને ચૂંટણીમાં પક્ષે કરેલા દેખાવને લોકશાહીની પરીક્ષા પાસ કરવા બરાબર લેખાવ્યો હતો. ઝારખંડ વિધાનસભા ચૂંટણીમાં ભાજપના સહ-ઈન્ચાર્જ આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વાએ કહ્યું હતું કે પક્ષનો આ પરાજય ખૂબ જ દુઃખદ છે. સંથાલ પરગણા વિસ્તારમાંથી ઘૂસણખોરોને હાંકી કાઢવા એ ભાજપનું ચૂંટણીસૂત્ર હતું, પરંતુ જેએમએમએ રમેલા આદિવાસી કાર્ડ સામે તે નબળું પડ્યું હોવાનું તેમણે કહ્યું હતું. સોરેનની ધરપકડે લોકોમાં તેમના પરત્વે સહાનુભુતિ જગાડી હોવાનું પણ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

## વાયનાડના વિજયનો સૌથી વધુ શ્રેય ભાઈ રાહુલનેઃ પ્રિયંકા ગાંધી વાડ્રા



કેરળઃ કેરળની વાયનાડ લોકસભા બેઠકની પેટાચૂંટણીમાં કૉંગ્રેસનાં નેતા પ્રિયંકા ગાંધીએ ચાર લાખ કરતાં પણ વધુ મતથી વિજય મેળવ્યા બાદ શનિવારે કહ્યું હતું કે આ વિજયનો સૌથી વધુ શ્રેય ભાઈ રાહુલને જાય છે.

વર્ષ ૨૦૧૯થી વર્ષ ૨૦૨૪ દરમિયાન રાહુલે વાયનાડની જે સેવા કરી તેને કારણે જ મારો આ વિજય શક્ય બન્યો છે, એમ પ્રિયંકાએ કહ્યું હતું. આ વિજયને પગલે પ્રિયંકા પ્રથમવાર લોકસભામાં પહોંચશે. લોકસભામાં રાહુલ ગાંધી વિપક્ષના નેતા છે અને માતા સોનિયા ગાંધી રાજ્યસભાનાં સાંસદ છે. આ સફળતા બાદ કૉંગ્રેસને લોકસભામાં મજબૂત હાજરી મળે તેવી આશા છે.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં કૉંગ્રેસને ધોબીપછાડ મળી હોવા છતાં વાયનાડ લોકસભા બેઠક પર પ્રિયંકાને મળેલો વિજય ચર્ચામાં છે.

વિજય બદલ પ્રિયંકાએ વાયનાડના મતદારો તેમ જ પોતાના પરિવારનો આભાર માન્યો હતો. (એજન્સી) ■

## ફિલિપાઈન્સના ઉપપ્રમુખે આપી પ્રમુખની હત્યા કરવાની સોપારી

મનીલાઃ ફિલિપાઈન્સનાં ઉપપ્રમુખ સારા ડૂટર્ટેએ પ્રમુખ ફર્ડિનાન્ડ માર્કોસ જૂનિયરની હત્યા કરવાની સોપારી આપી હતી. જો મારી હત્યા થાય તો તેવા સંજોગોમાં પ્રમુખ, તેમની પત્નીની હત્યા કરવાની સોપારી આપી છે. એક્ઝિક્યૂટિવ સેક્રેટરી લૂકાસ બૅર્સામિને આ ધમકીને ગંભીરતાથી લીધી છે અને પ્રમુખના સુરક્ષા અધિકારીઓને આ મામલે ઉપપ્રમુખ વિરુદ્ધ તાત્કાલિક પગલાં લેવાં જણાવ્યું છે. જોકે ઉપપ્રમુખ વિરુદ્ધ કયા પગલાં લેવામાં આવશે એ અંગે કોઈ સ્પષ્ટતા તેમણે નહોતી કરી. જો મારી હત્યાનું કાવતરું સફળ થાય તો તેવા સંજોગોમાં પ્રમુખ અને તેમની પત્નીની હત્યા કરવાની સોપારી ઉપપ્રમુખે હત્યારાને આપી હોવાનું જણાવતાં લૂકાસે કહ્યું હતું કે પ્રમુખના જીવ સામે જોખમ ઊભું કરે તેવી કોઈપણ ધમકીને અમે કાયમ ગંભીરતાથી લઈએ છીએ. ઉપપ્રમુખ દ્વારા જાહેરમાં આપવામાં આવેલી આ ધમકી સ્પષ્ટ સંદેશો આપે છે, એમ તેમણે કહ્યું હતું. મે ૨૦૨૨ની ચૂંટણીમાં ફર્ડિનાન્ડ માર્કોસ જૂનિયર પ્રમુખપદ અને સારા ડૂટર્ટે ઉપપ્રમુખ માટે ચૂંટણી લડ્યાં હતાં અને બંનેનો વિજય થયો હતો, પરંતુ ત્યાર બાદ વિવાદાસ્પદ સાઉથ ચાઈના સી વિસ્તારમાં ચીનના અતિક્રમણ સહિતના વિવિધ ચાવીરૂપ મુદ્દે બંને વચ્ચે મતભેદ ઊભા થતાં સારા ડૂટર્ટે જૂન મહિનામાં માર્કોસના પ્રધાનમંડળમાં શિક્ષણ સચિવના પદેથી રાજીનામું આપી દીધું હતું અને બળવાખોરવિરોધી સંસ્થાની આગેવાની લીધી હતી. (એજન્સી) ■

## ૧૩ રાજયમાં વિધાનસભાની ૪૬ બેઠકોની પેટાચૂંટણીમાં ભાજપ અને સાથી પક્ષોનો ૨૬ ઉપર વિજય

નવી દિલ્હી : શનિવારે જાહેર થયેલા પેટાચૂંટણીનાં પરિણામોમાં શાસક પક્ષોનો દબદબો રહ્યો હતો. ભાજપ અને તેના સાથીપક્ષોએ ઉત્તર પ્રદેશ, બિહાર અને રાજસ્થાનમાં વિરોધ પક્ષોની બેઠક આંચકી હતી, જ્યારે તૃણમૂલ કૉંગ્રેસે પશ્ચિમ બંગાળમાં બીજા પક્ષોનો સફાયો કર્યો હતો.

૪૬ બેઠકમાં પેટાચૂંટણી યોજાઈ હતી અને આમાં ભાજપ અને એના સાથીપક્ષોએ ૨૬ બેઠક ઉપર વિજય મેળવ્યો છે. એનડીએને નવ બેઠકનો ફાયદો થયો છે. કૉંગ્રેસે સાત બેઠક જીતી છે અને તેને છ બેઠકની ખોટ ગઈ છે. તૃણમૂલ કૉંગ્રેસે છ, આમ આદમી પાર્ટીએ ત્રણ અને સમાજવાદી પાર્ટીએ બે બેઠક જીતી હતી. કેરળમાં એલડીએફએ અને રાજસ્થાનમાં બીએપી દરેકે એક બેઠક જીતી હતી.

સિક્કિમ ક્રંતિકારી મોરચાએ સિક્કિમમાં બે બેઠક બિનહરીફ જીતી હતી.

પેટાચૂંટણીમાં કૉંગ્રેસનાં નેતા પ્રિયંકા ગાંધીએ પોતાના પહેલા ચૂંટણી જંગમાં ભવ્ય વિજય મેળવ્યો હતો. તેમણે કેરળના વાયનાડમાં સીપીઆઈ-એમના સત્યન મોકેરીને ૪.૧ લાખ મતથી હરાવ્યા હતા. જોકે નાંદેડની પેટાચૂંટણીમાં કૉંગ્રેસનો ભાજપ સામે પરાજય થયો હતો.

લોકસભા ચૂંટણીમાં હાર મળ્યા બાદ ભાજપના નેતૃત્વ હેઠળના ગઠબંધને ઉત્તર પ્રદેશમાં પોતાનું પ્રભુત્વ ફરી જમાવ્યું હતું. ભાજપે નવમાંથી સાત બેઠક જીતી હતી. ભાજપે ગાઝિયાબાદ, ખૈર અને ફુલપુર જાળવી રાખી હતી. ભાજપે કાટેહકી અને કુન્દારકી સમાજવાદી પાર્ટી પાસેથી ઝુંટવી લીધી હતી. સમાજવાદી પાર્ટીએ ફક્ત સિશમાવ અને કરહાલની બેઠક જીતી હતી. એક બેઠક ભાજપના સાથીપક્ષ આરએલડીએ જાળવી રાખી હતી. (એજન્સી) ■

## ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગરને લાંચકાંડમાં અમેરિકાનું તેડું, એસઈસીનું સમન્સ

મુંબઇઃ અદાણી ગ્રૂપના સંસ્થાપક તેમજ ચેરમેને ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી વિરુદ્ધના લાંચ કેસમાં અમેરિકાનું તેડું આવ્યું છે. યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (એસઇસી) એ બંનેને સમન્સ પાઠવ્યા છે અને સૌર ઊર્જા સંબંધિત પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટ મેળવવા માટે ૨૬૫ મિલિયન ડોલર (૨૨૦૦ કરોડ રૂપિયા)ની લાંચ આપવાના આરોપ મુદ્દે જવાબ આપવા કહ્યું છે. એસઈસીએ ગૌતમ અદાણીના અમદાવાદમાં આવેલા શાંતિવન ફાર્મ નિવાસસ્થાન અને તેમના ભત્રીજા સાગરને બોડકદેવના નિવાસસ્થાન પર સમન્સ મોકલી ૨૧ દિવસમાં જવાબ આપવા આદેશ કર્યો છે.

ન્યૂ યોર્કની ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ કોર્ટે ૨૧ નવેમ્બરે નોટિસ મોકલીને કહ્યું છે કે, 'હવે પછી તમને સમન્સ મળે તો ૨૧ દિવસમાં (આ સમન્સને છોડીને), જો તમને વાદી (યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન) સામે ફરિયાદ હોય, તો તેનો જવાબ તમારે યુએસ ફેડરલના નિયમ ૧૨ પ્રમાણે રજૂ કરવાનો રહેશે.' તેમાં કહેવાયું છે કે, જો તમે જવાબ આપવામાં નિષ્ફળ રહેશો, તો ફરિયાદમાં માગવામાં આવેલી રાહત માટે તમારી (જુઓ પાનું ૨) ▶▶

## પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં કોમી હિંસામાં ૩૫નાં મોત

પેશાવરઃ ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોમી હિંસામાં ૩૫ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે ૩૦ ઘાયલ થયા હતા. આ જાણકારી પોલીસે આપી હતી.

અફઘાનિસ્તાનની સરહદે આવેલા કુર્રમ જિલ્લામાં અલીઝાઇ અને બાગાન આદિવાસીઓ વચ્ચે ગુરુવારે પેસેન્જર વાનના કાફલા પર થયેલા હુમલા બાદ આ હિંસા ફાટી નીકળી હતી. જેમાં આતંકવાદીઓએ ૪૭ લોકોની હત્યા કરી હતી. બાલિશખેલ, ખાર કાલી, કુંજ અલીઝાઇ અને મકબલમાં પણ ગોળીબાર ચાલુ છે. આદિવાસીઓ ભારે અને સ્વચાલિત હથિયારો વડે એકબીજાને નિશાન બનાવી રહ્યા છે. અત્યાર સુધીમાં અથડામણમાં ૧૮ લોકોનાં મોત અને ૩૦ ઘાયલ થયા છે. જો કે આ અથડામણમાં ૩૦થી વધુ લોકોનાં મોત થયાં હોવાનું મીડિયા સ્રોતોએ જણાવ્યું છે. આ અથડામણોમાં ઘરો અને દુકાનોને પણ નુકસાન થયું છે. વિવિધ ગામડાઓમાંથી લોકો સલામત સ્થળે ચાલ્યા ગયા છે. ગુરુવારે બાગાન, મંડુરી અને ઓછતમાં ૫૦થી વધુ પેસેન્જર વાહનો પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. પોલીસે જણાવ્યું કે ગોળીબારમાં મહિલાઓ અને બાળકો સહિત ૪૭ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે છ વાહનોને નુકસાન થયું હતું. અધિકારીઓએ જણાવ્યું કે વાહનો ખૈબર પખ્તુનખ્વાની રાજધાની પારાચિનારથી પેશાવર જઈ રહ્યા હતા. મોટા ભાગના મૃતકો શિયા સમુદાયના હતા. ■

## આસામમાં માર્ગ અકસ્માતમાં આઠનાં મોત, ત્રણ ઘાયલ

ગુવાહાટીઃ આસામના બજલી અને ધુબરી જિલ્લામાં શનિવારે બે અલગ-અલગ માર્ગ અકસ્માતમાં આઠ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે ત્રણ ગંભીર રીતે ઘાયલ થયા હતા. બજલી જિલ્લામાં એક વાહન ઊભી રહેલી ટ્રક સાથે અથડાતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં પાંચ લોકોનાં મોત અને બે ગંભીર રીતે ઘાયલ થયાં હતાં. અન્ય એક અકસ્માતમાં ધુબરી જિલ્લાના અગોમોની વિસ્તારમાં ગેરહાટ નજીક ઊભી ટ્રક સાથે વાહન અથડાતાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે એક ગંભીર રીતે ઘાયલ થયો હતો.

બજલી અકસ્માતમાં મૃતકો 'રાસ' ઉત્સવને જોઈને નલબારી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે ભવાનીપુરમાં તેમની વાન ટ્રક સાથે અથડાઈ હતી. જેમાં પાંચ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. પોલીસે જણાવ્યું કે બે ઘાયલોને ફખરુદીન અલી અહેમદ મૅડિકલ કૉલેજ અને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને તેમની હાલત ગંભીર હોવાનું કહેવાઈ રહ્યું છે. મૃતકોની ઓળખ અશિષ હબીબ ખાન, મિઝાનુર રહેમાન, રોયલ ખાન, મિઝાનુર ખાન અને મોઇનુલ હક તરીકે કરવામાં આવી છે. ધુબરી દુર્ઘટનામાં ભોગ બનેલા લોકો ગૌરીપુરથી પશ્ચિમ બંગાળના કૂચ બિહારમાં ચાલી રહેલા 'રાસ' મેળામાં ભાગ લેવા જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત થયો હતો. જેમાં ત્રણ લોકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. મૃતકોની ઓળખ ધનંજય રોય, વિકાસ કલિતા અને રામ રોય તરીકે કરવામાં આવી છે. જ્યારે ઘાયલ ખનિંદ્ર રોય હાલમાં ધુબરી મૅડિકલ કૉલેજ હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે. ■

## બુમરાહ પછી યશસ્વી-રાહુલની જોડીનો ચમત્કાર, ભારતને જીતવાનો પૂરો મોકો

### ઓપનિંગ જોડીની ઐતિહાસિક ભાગીદારીઃ ઑસ્ટ્રેલિયા ૧૦૪ રનમાં ઑલઆઉટ, ભારતના સરસાઈ સહિત ૨૧૮ રન



પર્થઃ બોર્ડર-ગાવસકર ટ્રોફી (બીજીટી)ની પ્રથમ ટેસ્ટ (સવારે ૭.૫૦ વાગ્યાથી લાઇવ)માં શનિવારે બીજા દિવસે ભારતે રમતના અંત સુધીમાં બીજી ઇનિંગ્સમાં વિના વિકેટે ૧૭૨ રન બનાવ્યા હતા. ૪૬ રનની સરસાઈ ઉમેરતાં ભારતના ખાતે ૨૧૮ રન હતા. ઓપનર યશસ્વી જયસ્વાલ (૯૦ નૉટઆઉટ, ૧૯૩ બૉલ, બે સિક્સર, સાત ફોર) અને કેએલ રાહુલ (૬૨ નૉટઆઉટ, ૧૫૩ બૉલ, ચાર ફોર)ની જોડીએ ભારતના ક્રિકેટ ઇતિહાસમાં નામ અંકિત કર્યું છે.

ઑસ્ટ્રેલિયામાં ભારતની ઓપનિંગ જોડીએ ટેસ્ટમાં સેન્ચુરીની ભાગીદારી કરી હોય એવું ૨૦૦૪ની સાલ પછી (૨૦ વર્ષે) પહેલી વાર બન્યું છે. યશસ્વી-રાહુલની જોડીની ૧૭૨ રનની અતૂટ ભાગીદારીની મદદથી ભારતનો હવે આ ટેસ્ટમાં હાથ ઉપર છે. તેમણે આ ૧૭૨ રન ૫૭ ઓવરમાં સાત બોલરનો સામનો કરીને બનાવ્યા હતા. આ પહેલાં ૨૦ વર્ષમાં ક્યારેય પણ ઑસ્ટ્રેલિયાની ટેસ્ટ ટૂરમાં ભારતની ઓપનિંગ જોડી ૧૦૦ રનની પાર્ટનરશિપ નહોતી કરી શકી. છેલ્લે ૨૦૦૪માં સિડનીમાં સેહવાગ-આકાશ ચોપડાની જોડીની વચ્ચે ૧૨૩ રનની ભાગીદારી થઈ હતી.

યશસ્વી-રાહુલે અણનમ ૧૭૨ રનની ભાગીદારી કરીને (જુઓ પાનું ૨) ▶▶

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૪-૧૧-૨૦૨૪ થી તા. ૩૦-૧૧-૨૦૨૪

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં વૃશ્ચિક રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ મિશ્ર ગતિએ કર્ક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. બુધ વૃશ્ચિક રાશિમાં સમગ્ર સપ્તાહમાં ભ્રમણ કરે છે. તા. ૨૬મીએ બુધ વક્રી થાય છે. ગુરુ વૃષભ રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. શુક્ર ધનુ રાશિમાં મધ્યમ ગતિએ માર્ગીભ્રમણ કરે છે. શનિ કુંભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર તા. ૨૪મીએ કન્યા રાશિમાં, તા. ૨૭મીએ તુલા રાશિમાં, તા. ૩૦મીએ વૃશ્ચિક રાશિમાં ભ્રમણ કરે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના સોદામાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરી માટેના પરિવર્તનો સ્વીકારી શકશો. તા. ૨૫મી, ૨૬મી, ૨૮મીએ કાર્યક્ષેત્રે સફળતા જણાશે. તા. ૨૯, ૩૦ નાણાંનાં સમીકરણો સફળ થતાં બનશે. નાણાંની આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને નોકરીના આ સપ્તાહના કામકાજ સરળતાથી પૂર્ણ થતાં જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસ નિયમિતપણે જળવાઈ રહેશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બનતા જણાશે. નોકરીમાં આ સપ્તાહમાં સ્થાન પરિવર્તન થાય. તા. ૨૮, ૨૯, ૩૦ કામકાજ અર્થે પ્રવાસ દર્શાવે છે. નાણાં આવકની વૃદ્ધિ થશે. ગૃહિણીઓને સંતાનના જવાબદારીના કામકાજમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના કામકાજ નિયમિતપણે જળવાઈ રહેશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ થઈ શકશે. નોકરી માટે તા. ૨૭, ૨૯, ૩૦ શુભ પુરવાર થશે. સાહસિકતાથી નવા કામકાજના પ્રારંભના નિર્ણય લઈ શકશો. નિત્ય નાણાં આવક જળવાશે. ભાગીદાર સાથેના કામકાજ સફળ બની રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં ઈચ્છિત કામકાજ પ્રારંભવા માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના નિર્ણયો એકંદરે લાભદાયી પુરવાર થશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આત્મવિશ્વાસ, આવડત, અનુભવ અને માર્ગદર્શન દ્વારા સપ્તાહનો વેપાર સફળ બનાવી શકશો. નોકરીમાં સહકાર્યકરો ઉપયોગી થશે. નોકરીના મિત્રોમાં યશ મેળવશો. નાણાંની જરૂરિયાતો પૂર્ણ થશે. નવો કારોબાર પ્રારંભી શકશો. મહિલાઓ પ્રાસંગિક જવાબદારીમાં પુરુષાર્થમાં સફળ રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભ માટે અનુકૂળતા જણાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લાંબા સમયના રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપારના નિર્ણયો અનુકૂળ બની રહેશે. તા. ૨૮, ૨૯ના નોકરીના કામકાજ સફળ બની રહેશે. વ્યક્તિગત મૂંઝવણો કાર્યક્ષેત્રે દૂર થશે. વાહન, કામકાજમાં સગવડતાનાં સાધનોની જરૂરિયાતો આ સપ્તાહમાં પૂર્ણ થશે. ભાગીદારીના મતભેદોનો ઉકેલ આવશે. ગૃહિણીઓને પતિનો સહયોગ જવાબદારીઓમાં પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવીન અભ્યાસ માટે યોગ્ય તક પ્રાપ્ત થશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણની તક પ્રાપ્ત કરશો. તા. ૨૫, ૨૬, ૨૯મીએ નોકરીમાં યશસ્વી કામ પૂર્ણ થશે. સાહસિકતાથી નવા કામકાજનો પ્રારંભ થાય. સાહસિકતાથી નિર્ણયો લઈ શકશો. સપ્તાહમાં કારોબારના આર્થિક વ્યવહાર સંપન્ન થશે. મિત્રોમાં મહિલાઓના માનપાન વધશે. પાડોશ સંબંધોમાં વિવાદો દૂર થશે. વિદ્યાર્થીઓના અધ્યયનના કામકાજ નિયમિત જળવાઈ રહેશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જૂનાં રોકાણમાંથી નાણાં મેળવી શકશો. તા. ૨૫, ૨૮, ૨૯ના નોકરીના નિર્ણયો સફળ બની રહેશે. સંતાન પરિવારના કારોબારમાં સામેલ થશે. મોટું રોકાણ આ સપ્તાહમાં જન્મકુંડળીના આધારે કરવું જરૂરી છે. વેપાર વધશે. નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને કુટુંબના સભ્યો સાથેના નાણાં વ્યવહારમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને અધ્યયનમાં ધાર્યા મુજબના પરિણામો પ્રાપ્ત થતાં જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાંરોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. નોકરીમાં નવીન તકો પ્રાપ્ત કરશો. હસ્તગત કામકાજ સફળતાથી પૂર્ણ કરી શકશો. પ્રવાસ એકંદરે સફળ બની રહેશે. વાહન મિલકતના નિર્ણયો લઈ શકશો. ગૃહિણીઓને પરિવારના જવાબદારીના કામમાં પતિનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસમાં સફળતા મેળવશે તથા અભ્યાસનાં સાધનો પણ પ્રાપ્ત કરશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરી માટે તા. ૨૫, ૨૬, ૨૮, ૨૯ શુભ પૂરવાર થશે. નવીન પ્રવૃત્તિઓનો પ્રારંભ કરી શકશો. અર્થવ્યવસ્થા પણ જળવાઈ રહેશે. મહિલાઓ કુટુંબમાં યશ મેળવશે. કુટુંબના સભ્યોમાં નાણાં વ્યવહાર પણ સંપન્ન થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં મહેનતના પરિણામો પ્રાપ્ત થતાં જણાશે. અભ્યાસની મૂંઝવણોમાં જરૂરી માર્ગદર્શન મેળવશો.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારમાં કાળજી લેવી જરૂરી છે. નોકરીમાં તા. ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦ સફળ બની રહેશે. ભાગીદાર સાથે નાણાં વ્યવહારમાં કાળજી લેવી જરૂરી છે. મિત્રોમાં યશ મેળવશો. વેપાર વધશે. મહિલાઓને સંતાનના જવાબદારીના કામ સફળ બની રહેશે. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓને ધાર્યા મુજબના અધ્યયનના કામકાજ પૂર્ણ થતાં જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. તા. ૨૮, ૨૯, ૩૦ નોકરીમાં સતત પ્રવૃત્તિમય, પુરુષાર્થમય જણાય છે. અધિકારી અને સહકાર્યકરો સાથેના મતભેદોનો ઉકેલ આવશે. સ્વતંત્ર કારોબારમાં સફળતા છે. મહિલાઓના કુટુંબીજનો સાથેના વ્યવહાર યશસ્વી બની રહેશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અભ્યાસ માટે સાધન–સગવડતા મેળવી શકશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો. તા. ૨૫, ૨૬, ૩૦ના નોકરીના કામકાજ અપેક્ષાનુસાર સફળ પુરવાર થશે. નોકરી નિયમિતપણે જાળવી શકશો. કામકાજ એકંદરે પ્રગતિ સૂચક બની રહેશે. નાણાં વ્યવહાર ધાર્યા મુજબ જળવાઈ રહેશે. ગૃહિણીઓને સંતાનના મૂંઝવણના પ્રશ્નોમાં સરળતા જણાશે. વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થે પ્રવાસ શક્ય જણાય છે.

## આજનું પંચાંગ

### (સૌર હેમંતઋતુ પ્રારંભ), રવિવાર, તા. ૨૪-૧૧-૨૦૨૪

ભારતીય દિનાંક ૩, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૬

વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, કાર્તિક વદ –૯

જૈન વીર સંવત ૨૫૫૧, માહે કાર્તિક, તિથિ વદ–૯

પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૪થો તીર, સને ૧૩૯૪

પારસી કદમી રોજ ૧૨મો મોહોર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪

પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૯મો આદર, સને ૧૩૯૩

મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬

મીસરી રોજ ૨૩મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬

નક્ષત્ર પૂર્વાફાલ્ગુની રાત્રે ક. ૨૨–૧૫ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની.

ચંદ્ર સિંહમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯–૦૧ સુધી (તા. ૨૫મી) પછી કન્યામાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૫૨ અમદાવાદ ક. ૦૬ મિ. ૦૦, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૨, સ્ટા. ટા.

–: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–

ભરતી : સવારે ક. ૦૬–૩૮, રાત્રે ક. ૨૦–૦૬

ઓટઃ બપોરે ક. ૧૩–૨૯, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૨૩ (તા. ૨૫)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ – નવમી. ગુરુ તેગ બહાદુર શહિદ દિન, કાનજી ।નલા નવમી (ઓરિસ્સા)

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

મુહૂર્ત વિશેષઃ દુર્ગામાતાનું પૂજન, શ્રી સત્યનારાયણ દેવતાનું પુજન,શ્રી વિષ્ણુ –લક્ષ્મી પુજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પુજન, તુલસી પુજન, સપ્તશતી પાઠ વાંચન, નવચંડી હવન, ભગ દેવતનું પૂજન,ખાખરાનું વૃક્ષ વાવવું. ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ગાયત્રી જાપ પૂજા, હવન, માલ વેચવો, ખેતી વાડી, નિત્ય થતાં સ્થાવર લેવડદેવડનાં કામકાજ.

આચમનઃચંદ્ર –ગુરુ ચતુષ્કોણ નાણા વ્યવહાર માં સાવચેતી જરૂરી છે. ચંદ્ર બુધ ચતુષ્કોણ ઉગ્ર પ્રકૃત્તિનાં,

ખગોળ જ્યોતિષઃચંદ્ર –ગુરુ ચતુષ્કોણ,ચંદ્ર બુધ ચતુષ્કોણ

ગોચરગ્રહોઃ સૂર્ય–વૃશ્ચિક, મંદ ગતિએ મંગળ–કર્ક, મિશ્ર ગતિએ માર્ગી બુધ–વૃશ્ચિક, વક્રી ગુરુ–વૃષભ, શુક્ર–ધનુ, માર્ગી શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, વક્રી હર્ષલ– વૃષભ, વક્રી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૪-૧૧-૨૦૨૪ થી તા. ૩૦-૧૧-૨૦૨૪

રવિવાર, કાર્તિક વદ–૯, વિ. સં. ૨૦૮૧, તા. ૨૪મી નવેમ્બર, ઈ. સ. ૨૦૨૪. નક્ષત્ર પૂર્વાફાલ્ગુની રાત્રે ક. ૨૨–૧૫ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯–૦૧ સુધી (તા. ૨૫મી) પછી કન્યા રાશિ પર જન્માક્ષર. ગુરુતેગબહાદુર શહીદ દિન. કાનજી અનલા નવમી (ઓરિસ્સા) શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, કાર્તિક વદ–૧૦, તા. ૨૫મી નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૫–૨૩ સુધી (તા. ૨૬મી), પછી હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. વિષ્ટિક. ૧૧–૩૮થી ક. ૨૫–૦૨. લગ્ન, ખાતમુહૂર્ત શુભ દિવસ.

મંગળવાર, કાર્તિક વદ–૧૧, તા. ૨૬મી, નક્ષત્ર હસ્ત મધ્યરાત્રિ પછી ક. ૨૮–૩૪ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. ઉત્પતિ એકાદશી (બદામ), બુધ વક્રી થાય છે. લગ્ન, શુભ દિવસ.

બુધવાર, કાર્તિક વદ–૧૨, તા. ૨૭મી, નક્ષત્ર ચિત્રા. ચંદ્ર કન્યામાં સાંજે ક. ૧૮–૦૬ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. તિથિવાસર ક. ૧૦–૨૬ સુધી. લગ્ન, વાસ્તુકળશ શુભ દિવસ.

ગુરુવાર, કાર્તિક વદ–૧૩, તા. ૨૮મી, નક્ષત્ર ચિત્રા સવારે ક. ૦૭–૩૫ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. પ્રદોષ, તેરસ વૃદ્ધિ તિથિ. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, કાર્તિક વદ–૧૩, તા. ૨૯મી, નક્ષત્ર સ્વાતિ સવારે ક. ૧૦–૧૭ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. શિવરાત્રિ, વિંછુડો ક. ૩૦–૦૨થી, વિષ્ટિ ક. ૦૮–૪૦થી ૨૧–૨૮. સંત શ્રી જ્ઞાનેશ્વર મહારાજ પુણ્યતિથિ. સામાન્ય દિવસ.

શનિવાર, કાર્તિક વદ–૧૪, તા. ૩૦મી નક્ષત્ર વિશાખા બપોરે ક. ૧૨–૩૪ સુધી, પછી અનુરાધા. ચંદ્ર તુલામાં સવારે ક. ૦૬–૦૨ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. વિંછુડો, દર્શ અમાસ. શ્રી રંગઅવધૂત પુણ્યતિથિ (નારેશ્વર), અન્વાધાન, બુધ પશ્ચિમમાં અસ્ત. શુભ કાર્ય વર્જ્ય છે.

# પાકિસ્તાનનો ઈમરાન ખાનની પાર્ટીના વિરોધ પ્રદર્શન પહેલાં કડક સુરક્ષા જાપ્તો

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનના અધિકારીઓએ જેલમાં બંધ ભૂતપૂર્વ વડા પ્રધાન ઇમરાન ખાનની પાર્ટી દ્વારા આયોજિત વિરોધ પ્રદર્શનના એક દિવસ પહેલા શનિવારે રાષ્ટ્રીય રાજધાની ઇસ્લામાબાદમાં મુખ્ય પ્રવેશ બિંદુઓ બંધ કરવાનું શરૂ કરી દીધું છે.

પાકિસ્તાન તહરીક–એ–ઇન્સાફ (પીટીઆઇ)ના સ્થાપક ખાને વિરોધ પ્રદર્શન માટે અંતિમ આહ્વાન કર્યું છે. જેમાં તેણે પોતાના સમર્થકોને ઇસ્લામાબાદ તરફ કૂચ કરવા વિનંતી કરી છે. જેથી તે પોતાના સહિત તમામ પીટીઆઇ કેદીઓને મુક્ત કરવાની માગ કરી શકે, ૮ ફેબ્રુઆરીની ચૂંટણીમાં તેમની કથિત જીતને માન્યતા આપવામાં આવે અને ન્યાયાધીશો અને મુખ્ય ન્યાયાધીશની નિમણૂંકની પ્રક્રિયામાં ફેરફાર કરનાર ૨૬મા બંધારણીય સુધારાને રદ કરવામાં આવી શકે.

નેશનલ મોટરવે અને હાઇવે ઓથોરિટીએ સમારકામનો હવાલો આપતા એમ-૧ અને એમ-૨ મોટરવેની સાથે સાથે અન્ય મુખ્ય માર્ગોને બંધ કરવાની જાહેરાત કરી હતી. એમ-૧ અને એમ-૨ પેશાવર અને લાહોરને ઇસ્લામાબાદ સાથે જોડતા મહત્ત્વપૂર્ણ માર્ગ છે. જેનો ઉપયોગ રાજધાની તરફ જતા પ્રદર્શનકારીઓ દ્વારા કરવામાં આવે છે. સંઘીય સરકારે સુરક્ષા મજબૂત કરવા માટે રાજધાનીમાં વ્યવસ્થા જાળવવામાં પોલીસને મદદ કરવા માટે અર્ધલશ્કરી રેન્જર્સ અને ફ્રન્ટિયર કોર્પ્સ(એફસી) કર્મચારીઓને બોલાવ્યા છે. સુરક્ષાના અન્ય એક પગલાના ભાગરૂપે સંઘીય સત્તાવાળાઓએ શુક્રવારે શહેરના તમામ વિદ્યાર્થી છાત્રાલયોને ખાલી કરાવ્યા છે. પંજાબ સરકારે પણ ૨૩ થી ૨૫ નવેમ્બર સુધી સમગ્ર પ્રાંતમાં ધારા ૧૪૪ લાગુ કરી છે. જે અંતર્ગત વિરોધ પ્રદર્શન, જાહેર મેળાવડા, રેલીઓ અને ધરણાં પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ રીતે ઇસ્લામાબાદમાં પણ ૧૮ નવેમ્બરથી ધારા ૧૪૪ લાગુ છે. સંઘીય સરકારે શાંતિ જાળવવામાં પોલીસને મદદ કરવા માટે રાજધાનીમાં તૈનાત કરવા માટે અર્ધલશ્કરી રેન્જર્સ અને ફ્રન્ટિયર કોર્પ્સ (એફસી)ને બોલાવ્યા છે. કડક સુરક્ષા અને પ્રતિબંધો છતાં પીટીઆઇ તેની માગણીઓને લઇને વિરોધ પ્રદર્શન અને ધરણા કરવા મક્કમ છે.

# વિધાનસભાની ચૂંટણીમાં નોટાના જૂજ લેવાલ નીકળ્યા

નવી દિલ્હી : ચૂંટણીમાં ફરી એક વાર નોટાના વિકલ્પ અપનાવનાર જૂજ મતદાતાઓ નીકળ્યા. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ફક્ત ૦.૭૫ ટકા અને ઝારખંડમાં ૧.૩૨ ટકા મતદાતાઓએ જ નોટાના વિકલ્પનો ઉપયોગ કર્યો હતો.

ચૂંટણી પંચે આપેલી આંકડાકીય માહિતી પ્રમાણે મહારાષ્ટ્રની ૨૮૮ બેઠકમાં નન ઑફ એબોવ એટલે કે નોટાનો વિકલ્પ એક ટકાથી ઓછા (૦.૭૫ ટકા) મતદાતાઓએ પસંદ કર્યો હતો.

ઝારખંડમાં એક ટકાથી વધારે મતદાતાઓ (૧.૩૨ ટકા)એ નોટાના વિકલ્પનો ઉપયોગ કર્યો હતો. ચૂંટણી પંચે માહિતી આપી હતી કે મહારાષ્ટ્રમાં એક જ તબક્કાના મતદાનમાં ૬૫.૦૨ ટકા મતદાતાઓએ મત આપવાના અધિકારનો ઉપયોગ કર્યો હતો. ઝારખંડના ૧૩ નવેમ્બરના પ્રથમ તબક્કામાં ૬૬.૬૫ ટકા અને ૨૦ નવેમ્બરના બીજા તબક્કામાં ૬૮.૪૫ ટકા મતદાન થયું હતું.

અગાઉની વિધાનસભાની ચૂંટણીમાં જમ્મુ અને કાશ્મીરના મતદાતાઓએ હરિયાણા કરતાં નોટાનો વધુ ઉપયોગ કર્યો હતો. ૯૦ સભ્યની હરિયાણા વિધાનસભામાં બે કરોડ મતદાતાઓમાંથી ૬૭.૦૯ ટકાએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આમાંથી ૦.૩૮ ટકા મતદાતાએ નોટાનો ઉપયોગ કર્યો હતો.

નોટાના બટનને ૨૦૧૩માં ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનમાં દાખલ કરવામાં આવ્યું હતું. તેની નિશાની મતદારપત્ર પર કાળી ચોકડી છે. સુપ્રીમ કોર્ટના સપ્ટેમ્બર ૨૦૧૩ના હુકમ પછી ચૂંટણી પંચે ઈવીએમમાં નોટા બટન ઉમેર્યું હતું. આ પહેલાં મતદાન ન કરનારા ઈચ્છુકોએ ફોર્મ ૪૯–૦ ભરવું પડતું હતું.

(એજન્સી) ■

# મહારાષ્ટ્રમાં સુચારુ વહીવટ અને વિકાસનો મહાવિજયઃ મોદી

નવી દિલ્હીઃ મહારાષ્ટ્ર વિધાનસભામાં એનડીએના વિજયની પ્રશંસા કરતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું હતું કે શાસક એનડીએએ રાજ્યની પ્રગતિ માટે સતત કરેલાં વિકાસનાં કામ અને સુચારુ વહીવટનો આ વિજય છે.

મહારાષ્ટ્રમાં એનડીએને ઐતિહાસિક વિજય અપાવવા બદલ મોદીએ રાજ્યના યુવાનો, મહિલાઓ સહિત તમામ મતદારોનો મોદીએ આભાર માન્યો હતો. એનડીએ પરત્વે તમે અસાધારણ લાગણી દર્શાવી છે એમ જણાવી મોદીએ તમામને 'જય મહારાષ્ટ્ર' કહ્યું હતું.

સોશિયલ મીડિયા પર મૂકેલી પૉસ્ટમાં મોદીએ ઝારખંડ મુક્તિ મોરચા–જેએમએમના વડપણ હેઠળના જોડાણને અભિનંદન આપ્યા હતા. જોકે, તેમણે કહ્યું હતું કે ઝારખંડના લોકોની સમસ્યાને મુદ્દે અમારો પક્ષ શાસક પક્ષ સાથે સતત લડતો રહેશે.

વિકાસ અને સુચારુ વહીવટનો વિજય થાય છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે એકજૂટ રહીએ તો આપણો વિજય થાય છે અને આપણે નવી ઊંચાઈ પહોંચીએ છીએ.

વિવિધ રાજ્યોમાં યોજાયેલી પેટાચૂંટણીમાં પણ એનડીએને વિજય અપાવવા બદલ મોદીએ મતદારોનો આભાર માન્યો હતો. આપેલાં વચનોનું પાલન કરવામાં અમે કોઈ કસર બાકી નહીં રાખીએ, એમ તેમણે કહ્યું હતું.

એનડીએના કાર્યકર્તાઓ માટે અમે ગર્વ અનુભવીએ છીએ એમ જણાવી મોદીએ એ તમામનો પણ આભાર માન્યો હતો.

આ કાર્યકર્તાઓએ સખત પરિશ્રમ કર્યો હતો અને અમારા સુચારુ વહીવટના એજન્ડાને લોકો સુધી પહોંચાડી જાગૃતિ આણવાનું કામ કર્યું હતું, એમ તેમણે કહ્યું હતું.

અમે રાજ્યના લોકોની સમસ્યાઓના ઉકેલ માટે સતત કામ કરતા રહીશું, એમ તેમણે કહ્યું હતું.

(એજન્સી) ■

# બંધારણના બનાવટી શુભેચ્છકોની લોકોએ દુકાન બંધ કરાવી : અમિત શાહ

નવી દિલ્હી : મહારાષ્ટ્ર વિધાનસભામાં મહાયુતિ ગઠબંધનને ઐતિહાસિક વિજય અપાવવા બદલ કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે રાજ્યના લોકો તરફ કૃતજ્ઞતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું હતું કે એનડીએને જંગી વિજય અપાવીને લોકોએ 'બંધારણના બનાવટી શુભેચ્છકો'ની દુકાનો બંધ કરી હતી.

શાહે ભાજપને મતની સૌથી મોટી ટકાવારી આપવા માટે ઝારખંડના લોકોનો પણ આભાર માન્યો હતો.

અમિત શાહે 'એક્સ' પર હિન્દી અને મરાઠીમાં કહ્યું હતું કે જય મહારાષ્ટ્ર! આ ઐતિહાસિક જનાદેશ માટે લોકોનો હૃદયપૂર્વક આભાર.

ભાજપના સિનિયર નેતાએ લખ્યું હતું કે છત્રપતિ શિવાજી મહારાજ, બાબાસાહેબ આંબેડકર, જ્યોતિબા ફુલે અને વીર સાવરકરની પવિત્ર ભૂમિ મહારાષ્ટ્રે હંમેશાં વિકાસ સાથે સંસ્કૃતિ અને દેશને સર્વોપરી ગણ્યા છે.

શાહે વધુમાં કહ્યું હતું કે ભ્રમણા અને જુઠાણા મધ્યે મહાયુતિને મોટો જનાદેશ મળ્યો હતો. લોકોએ 'બંધારણના બનાવટી શુભેચ્છકો'ની દુકાનો બંધ કરી હતી. આ વિજય મહારાષ્ટ્રના લોકોનો છે. મહાયુતિનો વિજય એ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની ડબલ એન્જિન સરકારની કામગીરીનો છે.

(એજન્સી) ■

# ટ્રમ્પે ઈન્ટરનેશનલ ઈન્વેસ્ટર સ્કૉટ બૅસન્ટના નામની નાણાં સચિવપદના ઉમેદવાર તરીકે જાહેરાત કરી

વૉશિંગ્ટનઃ અમેરિકાના નવા જ ચૂંટાયેલા પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જાણીતા આંતરરાષ્ટ્રીય રોકાણકાર સ્કૉટ બૅસન્ટના નામની નાણાં સચિવ, લૉરી ચાવૅઝ ડૅરેમરની શ્રમ સચિવ અને ડૉ. જૅનેટ નૅશેઈવૅટની યુએસના આગામી સર્જન જનરલ પદના ઉમેદવાર તરીકે જાહેરાત કરી હતી.

વહીવટીતંત્રના ટોચના હોદ્દાઓ અંગે શુક્રવારે જાહેરાત કરતા ટ્રમ્પે ઍલેક્સ વૉન્ગની મુખ્ય નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને ડૉ. સૅબેસ્ટિયન ગૉરકાની આતંકવાદવિરોધી શાખાના સિનિયર ડિરેક્ટર તરીકે નિમણૂક કરી હતી.

ભૂતપૂર્વ કૉંગ્રેસમૅન ડૉ. દવે વૅલ્ડનની ડિરેક્ટર્સ ઑફ ધ સેન્ટર્સ ફૉર ડિસિઝ કંટ્રોલ ઍન્ડ પ્રિવેન્શન (સીડીસી), માર્ટિ માકારીની ફૂડ ઍન્ડ ડ્રગ ઍડમિનિસ્ટ્રેશન (એફડીએ) કમિશનર અને સ્કૉટ ટર્નરની હાઉસિંગ ઍન્ડ અર્બન ડેવલપમેન્ટ સેક્રેટરી તરીકે નિમણૂક કરી હતી. રસૅલ થર્લોની ડિરેક્ટર ઑફ યુએસ ઑફિસ ઑફ મેનેજમેન્ટ ઍન્ડ બજેટ (ઓએમબી) તરીકે નિમણૂક કરી હતી.

આ તમામ નિમણૂક ૨૦ જાન્યુઆરી ૨૦૨૫થી અમલી બનશે. ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ટ્રમ્પ અમેરિકાના ૪૭મા પ્રમુખ તરીકે શપથગ્રહણ કરશે.

(એજન્સી) ■

# કાશ્મીરમાં હિમવર્ષાઃ વરસાદ પડવાની હવામાન ખાતાની આગાહી

શ્રીનગર : શનિવારે કાશ્મીરના ઊંચાઈ પર આવેલા વિસ્તારોમાં હિમવર્ષા થઈ હતી અને આ સાથે હવામાન ખાતાએ ખીણમાં ભીના હવામાનની અને લઘુતમ તાપમાન થોડું ઊંચું જાય એવી આગાહી કરી છે.

અધિકારીઓએ કહ્યું હતું કે મધ્ય કાશ્મીરના ગાન્દરબલ જિલ્લામાં સોનમર્ગના ટુરિસ્ટ રીસોર્ટ નગરમાં તથા ગુલમર્ગના ઊંચાણવાળા વિસ્તારોમાં હિમવર્ષા થઈ હોવાના અહેવાલો છે અધિકારીઓએ કહ્યું હતું કે કુપવાડામાં ઝોજિલા અને સાધના ટોપ સહિત બીજા વિસ્તારોમાં હળવી હિમવર્ષા થઈ હતી.

ખીણના અમુક વિસ્તારોમાં હળવો વરસાદ પડ્યો હતો. વાદળાના આવરણને લીધે કાશ્મીરમાં શ્રીનગર સહિત મોટા ભાગના વિસ્તારોમાં ન્યૂનતમ તાપમાન થીજબિંદુ કરતાં વધારે હતું. આજ વિસ્તારોએ શુક્રવારે મોસમની સૌથી ઠંડી રાત જોઈ હતી.

શ્રીનગરમાં શુક્રવારે લઘુતમ ઉષ્ણતામાન માઈનસ ૧.૨ ડિગ્રી સેલ્સિયસથી વધીને શનિવારે ૨.૫ ડિગ્રી સેલ્સિયસ થયું હતું.

કાઝીગુન્ડમાં ૦.૮ અને પહલગામમાં ૩.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

સ્કીઈંગ માટે જાણીતા અને સહેલાણીઓના માનીતા મુકામ ગુલમર્ગમાં લઘુતમ ઉષ્ણતામાન માઈનસ ૦.૫ અને કુપવાડામાં ૨.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

દક્ષિણ કાશ્મીરના કોકરનાગમાં રાતનું તાપમાન ૨.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન ખાતાએ કાશ્મીરના ઊંચાણવાળા વિસ્તારોમાં હળવો વરસાદ કે હિમવર્ષાની આગાહી કરી છે. હંમેશા નવેમ્બરના મહિનામાં સહેલાણીઓ કાશ્મીરને વધુ પસંદ કરતા હોવાથી સરકારી અધિકારીઓ પૂર્વ તૈયારી કરી રહ્યા છે. રવિવાર બાદ કાશ્મીરમાં આ મહિનાના અંત સુધીમાં હવામાન સૂકું રહેશે.■

પહેલા પાનાનું ચાલુ

## લહેર નહીં પણ સુનામી

મહા વિકાસ આઘાડીમાં એનસીપી–એસપીએ છ બેઠક પર વિજય મેળવ્યો છે અને ચાર પર સરસાઈ છે, કૉંગ્રેસે પાંચ પર વિજય મેળવ્યો છે અને ૧૧ પર સરસાઈ ધરાવે છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ ૧૧ બેઠક જીતી છે અને નવ બેઠક પર સરસાઈ ધરાવે છે.

ચૂંટણીના સ્પષ્ટ પરિણામો બાદ હવે મહાયુતિના જંગી વિજયમાં મહત્ત્વનું યોગદાન આપનારા દેવેન્દ્ર ફડણવીસ પર બધાનું ધ્યાન કેન્દ્રિત થયું છે. રાજકીય વર્તુળોમાં અત્યારે એવો અંદાજ બાંધવામાં આવી રહ્યો છે કે રાજ્યમાં બીજો બ્રાહ્મણ મુખ્ય પ્રધાન પદના શપથ ત્રીજી વખત લેશે. અત્યારે રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે ૧૦ વર્ષ પહેલાં ફડણવીસે જ્યાં મુખ્ય પ્રધાનપદના શપથ લીધા હતા તે વાનખેડે સ્ટેડિયમમાં જ તેઓ શપથગ્રહણ કરશે. જોકે, મુખ્ય પ્રધાન કોણ બનશે તેના પર સત્તાધારી મહાયુતિમાં સંઘર્ષ થવાના એંધાણ જણાઈ રહ્યા છે.

નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એવો દાવો કર્યો છે કે મુખ્ય પ્રધાનપદ માટે કોઈ વિવાદ નથી. અત્યારે તો એકનાથ શિંદે અને અજિત પવારે વિવાદ ન હોવાનો પુનરોચ્ચાર કર્યો છે, પરંતુ આ બંને નેતાઓ મુખ્ય પ્રધાનપદ મેળવવા માટે ઉત્સુક હોવાથી આગામી દિવસોમાં શું થાય છે તેના પર નજર રહેશે. અત્યારે જે પરિણામો દેખાઈ રહ્યા છે તેનાથી વિધાનસભામાં મહા વિકાસ આઘાડીને વિપક્ષીનેતાનું પદ મળે એવી પણ શક્યતા જણાતી નથી. કેમ કે નિયમો મુજબ સત્તાધારી પક્ષના કુલ સભ્યોના ૧૦ ટકા સભ્યો એક પાર્ટી પાસે હોવા આવશ્યક છે.

સત્તાધારી ગઠબંધનના નેતાઓ એકનાથ શિંદે, અજિત પવાર અને દેવેન્દ્ર ફડણવીસે પોતપોતાની બેઠક પર વિજય મેળવ્યા છે. જ્યારે કૉંગ્રેસના સિનિયર નેતાઓ પૃથ્વીરાજ ચવ્હાણ અને બાળાસાહેબ થોરાતનો પરાજય થયો છે. નાના પટોલેનો ભાજપના નેતા સામે સાકોલીની બેઠક પર વિજય થયો હતો.

## ગૌતમ અદાણીને સમન્સ

વિરુદ્ધ ડિફોલ્ટ રીતે નિર્ણય લેવાશે. તમારે તમારો જવાબ કે પ્રસ્તાવ પણ કોર્ટમાં જ દાખલ કરવો પડશે. ન્યૂ યોર્કની કોર્ટમાં બુધવારે ચાર્જશીટ ખોલવામાં આવી હતી. તેમાં જણાવાયું હતું કે, ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર સહિત સાત અન્ય પ્રતિવાદિઓ, જેઓ અદાણી ગ્રૂપની અક્ષય ઊર્જા એકમની અદાણી ગ્રીન એનર્જી લિમિટેડમાં ડિરેક્ટર છે, તેઓએ લગભગ સૌર ઊર્જા સંબંધિત પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટ મેળવવા માટે ૨૦૨૦થી ૨૦૨૪ની વચ્ચે ભારત સરકારના અધિકારીઓને કથિત રીતે લગભગ ૨૬૫ મિલિયન ડોલર (૨૨૦૦ કરોડ રૂપિયા) ની લાંચ આપવા સહમત થયા હતા. આ કોન્ટ્રાક્ટના કારણે કંપનીને ૨૦ વર્ષમાં બે અબજ ડોલરનો ફાયદો થવાની આશા હતી.

અમેરિકામાં ન્યૂ યોર્કની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં રજૂ કરવામાં આવેલા દસ્તાવેજો અનુસાર લગભગ ૨૨૦૦ કરોડ રૂપિયાની લાંચ જે તે સરકારી અધિકારીઓને ઓફર કરી હતી. જેના કારણે બંને કંપનીઓને વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨ વચ્ચે ઘણી રાજ્ય સરકારો પાસેથી મોટા સોલર એનર્જી પ્રોજેક્ટ્સ મળી ગયા હતા. જેમાં આંધ્ર પ્રદેશ, ઓડિશા, જમ્મુ–કાશ્મીર, તમિલનાડુ અને છત્તીસગઢની સરકારોનો ઉલ્લેખ છે. એઝ્યુર કંપની ૬૩૮ કરોડ રૂપિયાની લાંચ આપવાની હતી,. જ્યારે ગૌતમ અદાણીની કંપનીને લગભગ ૧.૫ હજાર કરોડ રૂપિયાની લાંચ આપવાની હતી. લાંચનો સૌથી મોટો હિસ્સો લગભગ રૂ. ૨૦૨૯ કરોડ આંધ્ર પ્રદેશના અધિકારીઓને મળ્યો હોવાનો આરોપ છે. આંધ્ર પ્રદેશના અધિકારીને આ લાંચ કેમ અપાઈ છે, એ સમજી શકાય એમ છે.

## યશસ્વી-રાહુલની જોડી

ગાવસકર–ચેતન ચૌહાણની મેલબર્નની ૧૯૮૧ની ૧૬૫ રનની ભાગીદારીનો રેકૉર્ડ તોડી નાખ્યો હતો. ૧૯૮૬ની સાલમાં ગાવસકર–શ્રીકાંતે ૧૯૧ રનની ભાગીદારીનો જે ભારતીય વિક્રમ નોંધાવ્યો હતો એનાથી યશસ્વી–રાહુલ ફક્ત ૧૯ રન દૂર હતા.

યશસ્વી–રાહુલની જોડીએ ઑસ્ટ્રેલિયામાં વધુ એક વિક્રમ પોતાના નામે કર્યો છે. ઓપનર તરીકે આ જોડી ઑસ્ટ્રેલિયામાં ટેસ્ટના એક દાવમાં સૌથી વધુ (૩૪૬) બૉલનો સામનો કરનારી જોડી બની છે. રવિવારના ત્રીજા દિવસે ભારતીય ટીમ સરસાઈ સાથેના ૨૧૮ રનમાં બીજા કેટલા રન ઉમેરશે અને યજમાન ટીમને કેટલો લક્ષ્યાંક આપશે એના પર મૅચના પરિણામનો આધાર રહેશે. જો રવિવારે ભારતનો ધબડકો થશે અને કાંગારૂઓને ૩૦૦–૩૫૦ રન આસપાસનો લક્ષ્યાંક મળશે તો તેઓ મેળવી શકશે, નહીં તો ૪૦૦–પ્લસનો ટાર્ગેટ તેમને ભારે પડી શકશે.

શનિવારે ઑસ્ટ્રેલિયાએ સાત બોલર અજમાવ્યા હતા, પરંતુ એકેયને વિકેટ નહોતી મળી શકી. આ સાત બોલરમાં ખુદ કૅપ્ટન પૅટ કમિન્સ (૪૪ રનમાં વિકેટ નહીં), જૉશ હૅઝલવૂડ (નવ રનમાં વિકેટ નહીં), મિચલ સ્ટાર્ક (૪૩ રનમાં વિકેટ નહીં), મિચલ માર્શ (૨૭ રનમાં વિકેટ નહીં), નૅથન લાયન (૨૮ રનમાં વિકેટ નહીં), લાબુશેન (બે રનમાં વિકેટ નહીં) અને ટ્રેવિસ હેડ (આઠ રનમાં વિકેટ નહીં)નો સમાવેશ હતો. હૅઝલવૂડની બોલિંગનો ૦.૯૦નો ઇકોનોમી રેટ ટીમના તમામ બોલર્સમાં સૌથી શ્રેષ્ઠ હતો, કારણકે તેની ૧૦ ઓવરમાં પાંચ મેઇડન હતી અને બાકીની પાંચ ઓવરમાં ફક્ત નવ રન બન્યા હતા.

ઑસ્ટ્રેલિયાની ટીમનો સ્કોર શુક્રવારના પહેલા દિવસે ૬૭/૭ હતો અને શનિવારે એ દાવ ૧૦૪ રનના સ્કોર પર સમેટાઈ ગયો હતો. એમાં મિચલ સ્ટાર્કના ૨૬ રન હાઇએસ્ટ હતા. કાર્યવાહક કૅપ્ટન જસપ્રીત બુમરાહે ૩૦ રનમાં પાંચ, હર્ષિત રાણાએ ૪૮ રનમાં ત્રણ અને મોહમ્મદ સિરાજે ૨૦ રનમાં બે વિકેટ લીધી હતી.

નવા પેસ બોલિંગ ઑલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડી અને સ્પિનર વૉશિંગ્ટન સુંદરને અનુક્રમે ત્રણ તથા બે ઓવર મળી હતી જેમાં તેમણે ઑસ્ટ્રેલિયન બૅટર્સને બાંધીને રાખ્યા હતા.

ભારતે શુક્રવારે પ્રથમ દાવમાં ૧૫૦ રન બનાવ્યા હતા.

# અમદાવાદમાં પોલીસની લાઈટવાળી ગાડીમાં અસલી પોલીસે તપાસ કરતાં નકલી ડીવાયએસપી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: તાજેતરમાં અમરેલીમાં બસ સ્ટેન્ડ વિસ્તારમાં ખાખી વર્દી પહેરીને ફરતો નકલી પોલીસ કર્મી ઝડપાયો હતો. ત્યારે હવે અમદાવાદના નારોલમાં નકલી ડીવાયએસપીના નામે રોફ જમાવનાર ટપોરી ઝડપાયો હતો. તેણે ગાડી પર પોલીસની લાઈટ તથા સિમ્બોલ લગાવ્યાં હતાં. લોખંડની છરી રાખી પોતાની પોલીસ તરીકે ખોટી ઓળખ આપતાં નારોલ પોલીસે તપાસ હાથ ધરી હતી. અમદાવાદના નારોલ વિસ્તારમાં ખાંભા ટર્નિંગ પાસે પોતે ડીવાયએસપી હોવાનો રોફ મારતા યુવકની પોલીસે ધરપકડ કરી હતી. પેટ્રોલિંગમાં રહેલા કર્મચારીઓને લાંભા જવાના રસ્તે પોલીસની લાઈટવાળી ગાડી દેખાઈ હતી. આ મુદ્દે શંકા જતાં પોલીસે નજીક જઈને તપાસ કરતાં ગાડીના આગળના કાચ ઉપર પોલીસની લાઈટો લગાડેલી હતી અને નંબર પ્લેટ પર પોલીસનો સિમ્બોલ લગાવ્યો હતો.

# વાવ બેઠક પર ભગવો લહેરાયો: કૉંગ્રેસના ગુલાબસિંહને પછાડી ભાજપના સ્વરૂપજી ઠાકોરની જીત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાસભાની વાવ બેઠકની પેટાચૂંટણી પર ભાજપ અને કૉંગ્રેસના નેતાઓની જ નહીં, પણ સમગ્ર રાજ્યના લોકોની નજર હતી, વાવ બેઠક પર ત્રિપાંખિયો જંગ હતો, જો કે શનિવારે થયેલી મતગણતરીના અંતે ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરની ૨૪૪૨ મતની લીડથી કૉંગ્રેસના ગુલાબસિંહ સામે જીત થઈ હતી.

કૉંગ્રેસના ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂતને ૮૯૭૩૪ મત, જ્યારે ભાજપના ઉમેદવાર સ્વરૂપસિંહ ઠાકોરને ૯૨૧૭૬ મત મળ્યા હતા, તો ભાજપના બળવાખોર અને અપક્ષ ઉમેદવાર માવજી પટેલને ૨૭૧૯૫ મળ્યા હતા. તે જ પ્રકારે નોટાને ૩૩૬૦ મત મળ્યા હતા. વાવની પેટા ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર માવજીભાઈ ભાજપની બાજી બગાડવામાં નિષ્ફળ રહ્યા હતા. એટલે કે, તેમને મળેલા મત કૉંગ્રેસમાંથી આવ્યા હતા. આ કારણસર જ કૉંગ્રેસને પાતળી સરસાઈથી હારનો સામનો કરવો પડ્યો હતો. ૭ વર્ષના લાંબા સમયગાળા બાદ ભાજપે જીતનો સ્વાદ ચાખ્યો હતો અને આ પેટા ચૂંટણીમાં વાવના પૂર્વ ધારાસભ્ય અને બનાસકાંઠાના વર્તમાન સાંસદ ગેનીબેન ઠાકોરનો જાદુ પણ ચાલ્યો ન હતો. ૧૩ નવેમ્બરના રોજ પાલનપુરના જગાણા સ્થિત સરકારી ઈજનેરી કૉલેજ ખાતે મતગણતરી હાથ ધરાઈ હતી. જેમાં ૨૩ રાઉન્ડની આ મતગણતરીમાં ૨૦ રાઉન્ડ સુધી આગળ રહેલા કૉંગ્રેસના ગુલાબસિંહ રાજપૂતને પછાડીને ભાજપના સ્વરૂપજી ઠાકોરે જીત મેળવી હતી.

જોકે, વાવ બેઠકના ઇતિહાસમાં પહેલી વાર આટલી ઓછી લીડથી કોઈ ઉમેદવારે જીત મેળવી હતી.

વાવની પેટા ચૂંટણી ભાજપ અને કૉંગ્રેસ બંને માટે વટનો સવાલ હતો. આ પેટા ચૂંટણીમાં ભાજપ-કૉંગ્રેસ અને અપક્ષ વચ્ચે સીધી ટક્કર હતી. જેમાં ભાજપથી નારાજ નેતા માવજીભાઈએ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવતાં રાજકીય માહોલ ગરમાઈ ગયો હતો અને પેટા ચૂંટણીની હાર-જીતનો આધાર બની ગયા હતા. લોકસભાની ચૂંટણીમાં બનાસકાંઠા બેઠક ગુમાવ્યા બાદ ભાજપ માટે આ બેઠક જીતવી અતિજરૂરી બની ગયું હોવાથી ભાજપે રાત-દિવસ જોયા વિના પ્રચાર અભિયાન તેજ કરાવ્યું હતું. વાવમાં ભાજપ અને કૉંગ્રેસના નેતાઓનાં ધાડેધાડાં ઉતારી દેવામાં આવ્યાં હતાં. ભાજપે ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીથી માંડીને બળવંતસિંહ રાજપૂત, ભાનુબેન બાબરિયા અને કુંવરજી બાવળિયા ઉપરાંત બચુ ખાબડને ચૂંટણીની જવાબદારી સોંપી હતી. વાવ બેઠક જીતવા ભાજપે એડીચોટીનું જોર લગાવી દીધું હતું. બીજી તરફ ભાજપના માવજીભાઈ પટેલની નારાજગી ભારે પડી શકે એમ હોવાથી ભાજપે પાણી પહેલાં પાળ બાંધી લીધી હતી. આ માટે તેમણે પ્રચાર અભિયાનમાં કોઈ કચાશ રાખી ન હતી.

# ગુજરાત વિધાનસભામાં ભાજપનો દબદબો: ભાજપ પાસે હવે ૧૮૨ માંથી ૧૬૨ ધારાસભ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બનાસકાંઠાની વાવ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીનું પરિણામ જાહેર થયું હતું જેમાં, કૉંગ્રેસને સૌથી મોટો ઝટકો લાગ્યો હતો. વાવ વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરની ૨૪૪૨ મતોથી જીત થઈ હતી. આ સાથે જ ગુજરાત વિધાનસભામાં હવે ભાજપ પક્ષમાં ૧૬૨ ધારાસભ્યો રહેશે અને કૉંગ્રેસના માત્ર ૨૦ ધારાસભ્યો રહેશે. છેલ્લે યોજાયેલી વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપમાંથી ચૂંટાયેલા ધારાસભ્યોમાં ૨૬-વિજાપુર વિધાનસભા બેઠકથી ડૉ. સી. જે. ચાવડા, ૮૩-પોરબંદર વિધાનસભા બેઠકથી અર્જુનભાઈ મોઢવાડિયા, ૮૫-માણાવદર વિધાનસભા બેઠકથી અરવિંદભાઈ લાડાણી, ૧૦૮-ખંભાત વિધાનસભા બેઠકથી ચિરાગકુમાર પટેલ અને ૧૩૬-વાઘોડિયા વિધાનસભા બેઠકથી ધર્મેન્દ્રસિંહ વાઘેલા જીત્યા હતા.

# રાજ્ય સરકારે હાઈ કોર્ટ-સુપ્રીમ કોર્ટમાં કેસ લડવા પાછળ બે વર્ષમાં ₹ ૪૦ કરોડની તોતિંગ 'ફી' ચૂકવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારને અનેક મુદ્દાઓ પર અદાલતી ફટકારનો સામનો કરવો પડી રહ્યો છે, તાજેતરમાં જ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની સરકારના સરકારી ધારાશાસ્ત્રીઓ હાઈકોર્ટમાં જે રીતે સતત અને પૂરતી લીગલ તૈયારી વગર જ કેસ લડવા પહોંચી જાય છે તેની સામે નારાજગી વ્યક્ત કરી હતી અને સતત આ પ્રકારની સ્થિતિથી રાજ્ય સરકારની ઈમેજ પણ ખરાબ થઈ રહી હોવાની ટકોર કરી હતી. જો કે આ દરમિયાન બહાર આવ્યું છે કે, સરકાર તેની સામેના કે તેના દ્વારા દાખલ થતા કેસમાં હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં આ કેસ લડવા બે વર્ષમાં રૂા.૪૦ કરોડ જેટલો તોતિંગ ખર્ચ કરી નાખ્યો છે.

કૉંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલે સરકાર પાસેથી માંગેલી માહિતીના જવાબમાં જણાવાયું હતું કે, ગુજરાત હાઈકોર્ટમાં જ સરકારનું પ્રતિનિધિત્વ કરતા ધારાશાસ્ત્રીઓને ફી પેટે બે વર્ષમાં રૂા. ૨૧.૭૮ કરોડ ચૂકવાયા હતા. હાઈકોર્ટમાં વિવિધ કેસોમાં સરકાર વતી રજૂ થવા કાનૂન વિભાગે ૮૫ ધારાશાસ્ત્રીઓની પેનલ બનાવી છે. જેઓ ૨૦૨૨-૨૦૨૩માં બે વર્ષમાં સરકાર વતી રજૂ થયા હતા. આ જ રીતે આ બે વર્ષના ગાળામાં સુપ્રીમ કોર્ટમાં રાજ્ય સરકાર વતી કુલ ૨૩ સિનિયર ધારાશાસ્ત્રીઓ રજૂ થયા હતા.

ગુજરાત હાઈકોર્ટમાં બે વર્ષમાં સરકાર વતી રજૂ થયેલા આઠ ધારાશાસ્ત્રીઓને જ રૂા.૧.૭૪ કરોડ ચૂકવાયા હતા અને ૮૫ એડ્વૉકેટ જે પેનલમાં આવે છે તેઓને ૨૦૨૨માં રૂા. ૮.૮ કરોડ ચૂકવાયા હતા અને ૨૦૨૩માં રૂા.૧૨.૮૯ કરોડ ચૂકવાયા હતા. જો કે કાનૂન વિભાગને સરકારે બજેટ ફાળવવામાં ત્રણ વર્ષમાં જે મોટી રકમ ફાળવી હતી તેમાં રૂા. ૨૩૯.૨૭ કરોડની રકમનો ઉપયોગ કરી શકાયો ન હતો.

## ગુજરાતમાં કાતિલ ઠંડીનો ચમકારો

# ૧૦ શહેરોમાં તાપમાનનો પારો ૧૫ ડિગ્રીથી નીચે ગગડયો

અમદાવાદ: ગુજરાતમાં ફૂલગુલાબી ઠંડીનો મહોલ જામ્યો છે, છેલ્લા ઘણા સમયથી ગરમીથી ત્રાહિમામ્ લોકોએ ઠંડીની અનુભૂતિ કરી હતી. સવારના અને રાત્રિના સમયે કડકડતી ઠંડીનો અનુભવ થતાં લોકોએ ગરમ કપડાં પહેરવાની શરૂઆત કરવી પડી છે. રાજ્યનાં ૧૦ શહેરોમાં તાપમાનનો પારો ગગડીને ૧૫ ડિગ્રી નીચે પહોંચ્યો હતો. પાટનગર ગાંધીનગર ૧૧.૬ ડિગ્રી સાથે સૌથી ઠંડું શહેર રહ્યું હતું. રાજ્યમાં શિયાળાના પ્રારંભ સાથે ઉત્તર-પૂર્વ તરફથી પવન ફૂંકાવાની શરૂઆત થઈ હતી. જેના કારણે મોટા ભાગનાં શહેરોમાં લઘુતમ અને મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. આ વર્ષે રાજ્યમાં ઠંડીનો મોડો આરંભ થયો છે. છેલ્લા બે ત્રણ દિવસથી લોકો ઠંડીનો સામનો કરવા લાગ્યા છે. રાજ્યમાં શનિવારે સવારે વાતાવરણમાં ધુમ્મસ જોવા મળી હતી. ચોવીસ કલાક દરમિયાન હવામાન વિભાગના મોટા ભાગનાં સેન્ટર પર મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રીથી નીચે જ્યારે લઘુતમ તાપમાન ૨૧ ડિગ્રીથી નીચે નોંધાયું હતું. તાપમાનની વાત કરીએ તો, ૧૧.૬ ડિગ્રી સાથે ગાંધીનગર શહેર સૌથી ઠંડું રહ્યું હતું. ત્યાર બાદ દાહોદનું ૧૧.૯ ડિગ્રી, નલિયા ૧૨.૨ ડિગ્રી, નર્મદા ૧૨.૭ ડિગ્રી અને ડીસાનું ૧૪.૧ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. શનિવારે સવારે સાડા આઠ વાગ્યે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન અમદાવાદ શહેરમાં ૧૫.૭ ડિગ્રી, બરોડા ૧૪.૪ ડિગ્રી, રાજકોટ ૧૪.૦ ડિગ્રી અને સુરતમાં ૧૯.૦ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

# મગફળીના બમ્પર ઉત્પાદનથી સિંગતેલના ભાવ ઘટ્યા: ત્રણ દિવસમાં જ ડબ્બે ₹ ૮૦નો ઘટાડો

અમદાવાદ: ગુજરાતમાં ચાલુ વર્ષે પડેલા વરસાદને કારણે મગફળીનું બમ્પર ઉત્પાદન થયું છે. જોકે છેલ્લે પડેલા વરસાદને કારણે થોડો ઘણો પાક બગડ્યો છે. બાકી મહદઅંશે મગફળીની જોરદાર આવક થવાને કારણે સીંગતેલના ભાવોમાં ઘટાડો થયો હતો. તહેવારોની સીઝનમાં સીંગતેલના ભાવ રૉકેટ ગતિએ વધ્યા હતા, ત્રણ દિવસમાં જ ડબ્બે રૂા. ૮૦નો ઘટાડો થયો હતો. દિવાળી બાદ સૌરાષ્ટ્રની મોટા ભાગની ઑઈલ મિલોમાં પીલાણ શરૂ થઈ ગયું છે અને માર્કેટ યાર્ડોમાં પણ દરરોજ લાખો ગુણી મગફળીની આવક થઈ રહી છે. આવી સ્થિતિમાં ઑઈલ મિલોને પૂરતા પ્રમાણમાં મગફળીનો જથ્થો મળી રહ્યો હોવાને કારણે પીલાણ પણ મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે. બજારમાં નવા તેલની આવક થવાને કારણે ભાવો દબાયા છે. હજુ પણ સીંગતેલના ભાવમાં ઘટાડો આગામી દિવસોમાં થશે તેવી શક્યતા છે. શનિવારે સીંગતેલના એક ડબ્બાનો ભાવ રૂ. ૨૨૦૦ રહ્યો હતો હજુ પણ રૂા.૧૦૦ નીકળવાનો અંદાજ માંડવામા આવી રહ્યો છે. મગફળીની માફક કપાસની પણ મબલક આવક થઈ રહી છે તેને કારણે કપાસના તેલના ભાવમાં પણ ઘટાડાનો જોક જોવા મળી રહ્યો છે. બન્ને તેલોમાં ભાવ ઘટી રહ્યા છે, જો કે બજારમાં ખરીદીનો અભાવ જોવા મળી રહ્યો છે.

# ગુજરાત સરકારે એમએસએમઈ ઈન્વેસ્ટમેન્ટ માટે કેન્દ્રએ ફાળવેલું ફંડ વાપર્યું જ નહીં

અમદાવાદ: ગુજરાતમાં ચાલતા નાના વેપાર ધંધાઓનો વિકાસ કરવા માટે કેન્દ્ર સરકાર તરફથી ફાળવવામાં આવેલા ફંડનો ઉપયોગ કરવામાં રાજ્ય સરકાર નિષ્ફળ નિવડી છે. ૩૦ જૂન ૨૦૨૪ સુધીના સરકારી આંકડા પ્રમાણે ગુજરાતને સ્ટ્રેટેજિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી)ની તૈયારી માટે પાંચ કરોડ અને રાઈઝિંગ એન્ડ એક્સેલેરેટિંગ એમએસએમઈ પર્ફોર્મન્સ (આરએએમપી) માટે ૪૭.૦૬ કરોડ રૂપિયાની ગ્રાન્ટ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવી હતી.

વડા પ્રધાન મોદી દ્વારા ૩૦ જૂન ૨૦૨૨ના રોજ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૬-૨૭ સુધી એસઆઈપી અને આરએએમપીની પંચવર્ષિય યોજના શરૂ કરાઈ હતી. જેમાં ગુજરાત સરકારે એસઆઈપી માટે ફાળવવામાં આવેલા પાંચ કરોડ રૂપિયામાંથી માત્ર ૦.૬૬ કરોડ રૂપિયાનો ઉપયોગ કર્યો હતો. તે ઉપરાંત આરએએમપી પ્રોજેક્ટ માટેના ૪૭ કરોડમાંથી એક પણ રૂપિયાનો ઉપયોગ કરાયો નહોતો. સરકારી સૂત્રોએ કહ્યું હતું કે, સરકાર દ્વારા એમએસએમઈ અંતર્ગતની એસઆઈપી સ્કીમની પ્રોસેસ માટે તૈયારીઓ કરી રહી છે. સરકારનો હેતુ આ યોજનાનો અમલ ઝડપી થાય તેવો છે. એમએસએમઈ અંતર્ગત એસઆઈપી યોજનાનો ઉદ્દેશ નવીનતા, વિચારધારા, પ્રથાઓ અને પ્રક્રિયાઓને સુધારવા માટે ધ્યાન કેન્દ્રિત કરીને વર્તમા યોજનાઓને વધારી એમએસએમઈના અમલીકરણની ક્ષમતા અને કવરેજને વધારવાનો છે. તે ઉપરાંત માર્કેટ એક્સેસ, ગ્રીન કવરને વધારવા પ્રોત્સાહન અને મહિલાઓ દ્વારા કરવામાં આવતાં સૂક્ષ્મ અને નાનાં સાહસોની ગેરંટીને વધારવાનો છે. આ રાજ્યો અને સંઘ પ્રદેશોમાં એમએસએમઈ સેક્ટરનો વિકાસ કરવા માટેનો રોડમેપ છે. જેથી ૨૫ રાજ્યો અને સંઘ પ્રદેશોને કેન્દ્ર સરકાર દ્વારા આ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી.

# કચ્છના જખૌ બંદરથી મળેલા ડ્રગ્સ કેસમાં એનઆઈએની ટીમને લૉરેન્સ બિશ્નોઈ સામે વધુ પુરાવા મળ્યા

## આ જથ્થો પાકિસ્તાની ડ્રગ્સ માફિયા અબ્દુલ્લાએ બલુચિસ્તાનના દરિયાકિનારેથી બોટમાં ભરાવ્યો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના દરિયાકિનારેથી ડ્રગ્સ પકડાવાના અનેક બનાવો પ્રકાશમાં આવી રહ્યા છે. તાજેતરમાં જ પોરબંદરના દરિયાકિનારેથી કરોડોની કિંમતનું ડ્રગ્સ પકડાયું હતું. ત્યારે કચ્છના જખૌના દરિયામાંથી પકડાયેલા કરોડો રૂપિયાની કિંમતના ડ્રગ્સ કેસમાં ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈ સામે એનઆઈએની ટીમને વધુ પુરાવા મળ્યા હોવાથી ચાર્જશીટ માટેની રજૂઆત સ્પેશિયલ કોર્ટમાં કરાઈ હતી. વીડિયો કૉન્ફરન્સથી રજૂ કરવામાં આવેલા આરોપીઓએ કોર્ટમાં કહ્યું હતું કે, અમે ઘણા સમયથી જેલમાં બંધ છીએ અને એનઆઈએ દ્વારા મુદતો લેવાઈ રહી છે.

હવે ડિસેમ્બરમાં આ કેસની સુનાવણી થશે. ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈની ૨૦૨૩માં એનઆઈએ દ્વારા ધરપકડ કરાઈ હતી અને અમદાવાદ ખાતે લાવવામાં આવ્યો હતો. તે ત્યારથી સાબરમતિ જેલમાં બંધ છે. એનઆઈએ દ્વારા કોર્ટમાં ગૅન્ગસ્ટર સામે તપાસ ચાલુ રાખવાની અરજી કરી હોવાથી વધારાની ચાર્જશીટ આગામી દિવસોમાં અમદાવાદની કોર્ટમાં રજૂ કરાશે.

કચ્છના જખૌ પાસેથી પકડાયેલી બોટમાંથી એટીએસ દ્વારા મોહમદ શફી, ઇમરાન, મોહસીન, જહુર, સોહેલ તથા કામરાનને ઝડપી લેવામાં આવ્યા હતા. તેમની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે ડ્રગ્સનો આ જથ્થો પાકિસ્તાની ડ્રગ્સ માફિયા અબ્દુલ્લાએ બલુચિસ્તાનના દરિયાકિનારેથી બોટમાં ભરાવ્યો હતો. આ ડ્રગ્સનો જથ્થો જખૌના દરિયામાં જુમ્મા કોલ સાઇનવાળી બોટમાં આપવાનો હતો. આ ડ્રગ્સનો ઓર્ડર લૉરેન્સ બિશ્નોઇએ આપ્યો હોવાનું પણ એટીએસને જાણવા મળ્યું હતું. આ મામલાની તપાસમાં ડ્રગ્સની ડિલિવરી લેવા માટે આવનારા સરતાજ અને મહંમદ શફીને ઝડપી લેવાયા હતા. તપાસમાં લૉરેન્સ બિશ્નોઇની ડ્રગ્સકાંડમાં સંડોવણી હોવાનું બહાર આવ્યું હતું. જેને પગલે એટીએસ દ્વારા લૉરેન્સ બિશ્નોઇની કસ્ટડી મેળવવામાં આવી હતી.

# સોમનાથમાં રાજ્ય સરકારની ચિંતન શિબિરમાં ઘૂસતા પ્રવીણ રામ સહિત ખેડૂતોની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સોમનાથ ખાતે રાજ્ય સરકારની ૧૧મી ચિંતન શિબિરના અંતિમ દિવસે ઈકો ઝોન સહિતના મુદ્દે ચિંતન માટે આહ્વાન કરનારા આમ આદમી પાર્ટીના નેતા પ્રવીણ રામ સહિત ખેડૂતોની તલાલા ખાતે પોલીસે અટકાયત કરી હતી. પ્રવીણ રામે મુખ્ય પ્રધાનને પત્ર લખીને સમય માંગ્યો હતો. જે શિબિરના છેલ્લા દિવસ સુધી નહીં મળતાં તેમણે શિબિરમાં ઘૂસવાનો પ્રયત્ન કર્યો હતો. આમ આદમી પાર્ટીના નેતા પ્રવીણ રામે મુખ્ય પ્રધાનને પત્ર લખીને ઇકો ઝોન અને અતિવૃષ્ટિમાં ખેડૂતોને સહાય તેમ જ ટોલ ટૅક્સના નામે થતી લૂંટ મુદ્દે ચિંતન કરવા સમય માંગ્યો હતો. જો સમય નહીં ફાળવાય તો ખેડૂતો સાથે રાજ્ય સરકારની ચિંતન શિબિરમાં ઘૂસવાની ચીમકી ઉચ્ચારી હતી. પ્રવીણ રામની ચીમકીને પગલે સોમનાથ ખાતે શિબિર સ્થળે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. જેથી શનિવારે શિબિરના અંતિમ દિવસે મુખ્ય પ્રધાનનો સમય નહીં મળતાં પ્રવીણ રામ સહિતના આગેવાનો અને ખેડૂતો તાલાલા ખાતે એકઠા થયા હતા. જો કે શિબિરમાં આવવા નીકળે તે પૂર્વે જ પોલીસ દ્વારા તમામની અટકાયત કરી તલાલા પોલીસ સ્ટેશનમાં બેસાડી દેવામાં આવ્યા હતા. આ મુદ્દે પ્રવીણ રામે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, સરકારની આ ચિંતન શિબિરમાં મુદ્દાઓનું ચિંતન કરવાની જગ્યાએ ઘોડા અને હાથીની સવારી તેમ જ મોર્નિંગ વોક જ દેખાયું છે.

# વડોદરાના ભાયલી ગૅન્ગ રેપ કેસમાં બે આરોપીઓની જામીન અરજી નામંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરાના ભાયલીમાં નવરાત્રીના બીજા નોરતે મિત્ર સાથે બેઠેલી સગીરા પર ગૅન્ગ રેપની ઘટના બની હતી. વડોદરા ક્રાઇમ બ્રાન્ચે આ ગુનામાં તમામ આરોપીઓને ગણતરીના સમયમાં દબોચી લીધા હતા. કુલ આરોપીઓ પૈકી ગૅન્ગ રેપની ઘટના પહેલાં જ સ્થળ પરથી જતા રહેલા બે આરોપીઓ દ્વારા તાજેતરમાં વડોદરાની કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરવામાં આવી હતી, જેને કોર્ટે નામંજૂર કરી છે. અગાઉ પોલીસ દ્વારા આરોપીઓની જામીન અરજી મંજૂર નહીં કરવા માટે અરજી સોગંદનામું રજૂ કરવામાં આવ્યું હોવાનું કોર્ટ સૂત્રોએ જણાવ્યું હતું. કોર્ટ સૂત્રોના જણાવ્યા અનુસાર, જામીન અરજીની સુનાવણી દરમિયાન કોર્ટે ખાસ નોંધ્યું હતું કે, બંને આરોપીઓની જવાબદારી અન્ય ત્રણને ગુનો કરતાં રોકવાની હતી અને પોલીસને જાણ કરવાની હતી. પરંતુ તેમણે તેમ કર્યું નથી. જેથી આ ગંભીર ગુનામાં તેમની હિસ્સેદારી છે, માટે જામીન મંજૂર કરી શકાય નહીં.વડોદરાના ભાયલી વિસ્તારમાં પોતાના મિત્ર સાથે વાતો કરતી સગીરાની બે બાઈક પર આવેલા પાંચ નરાધમો દ્વારા પૂછપરછ કરવામાં આવી હતી, ત્યાર બાદ એક બાઇક પર આવેલા બે શખસો ત્યાંથી જતા રહ્યા હતા. જ્યારે અન્ય ત્રણ દ્વારા સગીરાના મિત્રને બાજુમાં પકડી રાખીને તેના પર સામૂહિક દુષ્કર્મ ગુજાર્યું હતું.

# ગુજરાતમાં યોજનાઓના અમલ અને સ્કીમ સેચ્યુરેશન માટે એઆઈનો ઉપયોગ કરવા ટાસ્ક ફોર્સ રચાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સોમનાથ ખાતે ગુજરાત સરકારની ૧૧મી ચિંતન શિબિર શનિવારે પૂર્ણ થઈ હતી. જેમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ટેકનૉલૉજીના વ્યાપક ઉપયોગથી વહીવટી સુધારણા અને યોજનાઓના અમલમાં પારદર્શિતા લાવવા તથા સેચ્યુરેશન એપ્રોચ સાકાર કરવા એઆઈ ટાસ્ક ફોર્સની રચના કરવાની જાહેરાત કરી હતી. આ તકે ચિંતન શિબિરના કાયમી લોગોનું ડિજિટલ અનાવરણ કરવામાં આવ્યું હતું.

મુખ્ય પ્રધાને આ પ્રસંગે કહ્યું હતું કે, સોમનાથમાં યોજાયેલી ૧૧મી ચિંતન શિબિરના અંતિમ દિવસે સમાપન સમારોહમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ટેકનૉલૉજીના ઉપયોગથી યોજનાઓના વ્યાપ-વિસ્તારથી ૧૦૦ ટકા લાભાર્થી આવરી લઈ સેચ્યુરેશન માટે એઆઈના ઉપયોગને સર્વગ્રાહી રીતે સાકાર કરવા પ્રતિબદ્ધ છે.

મુખ્ય પ્રધાને સચિવો, જિલ્લા કલેકટરો, વિકાસ અધિકારીઓને કહ્યું હતું કે, કુપોષણ, શિક્ષણ, આરોગ્ય, કૃષિ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને રોજગારી તથા જન ફરિયાદ નિવારણના ક્ષેત્રમાં એઆઈનો ઉપયોગ સઘન બનાવવો છે. આ હેતુસર ઉચ્ચસ્તરીય ટાસ્ક ફોર્સ રચવામાં આવશે અને તેની ભલામણનો અહેવાલ એક મહિનામાં ટાસ્કફોર્સ આપે તેના આધાર પર એઆઈ અને ડેટા એનાલિસિસથી સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટની રાજ્ય સરકારની નેમ છે.

મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, સરકારી તંત્રએ એવી અસરકારક ભૂમિકા નિભાવવી જોઈએ કે, ખોટું કરનારાના મનમાં તંત્રની બીક રહે. બોનાફાઈડ ઈન્ટેન્શનથી થયેલી ભૂલો ચલાવી શકાય, પરંતુ માલાફાઈડ ઈન્ટેન્શનને કોઈ કાળે ચલાવી લેવાશે નહીં. સમાજમાં અનેક પ્રકારની ઘટનાઓ બનતી હોય છે ત્યારે, કોઈ પણ ઘટના બની ગયા પછી તેને તાત્કાલિક સુધારવા અને ભવિષ્યમાં એવી કોઈ ભૂલ ના થાય એ માટેનો અભિગમ કેળવીને કામ કરવા મુખ્ય પ્રધાને પ્રેરણા આપી હતી.

# નિવૃત્ત આર્મીમેને લાખો રૂપિયા ક્રિપ્ટોમાં કન્વર્ટ કરી વિદેશમાં મોકલ્યા: દેશમાં ૧૧૮૨ ફરિયાદો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નિવૃત્ત આર્મીમેન અને બૅન્કના ડિરેક્ટરે ટેલિગ્રામથી ચાઈનીઝ વ્યક્તિ સાથે મળીને ૧૦૯ બૅન્ક એકાઉન્ટનો ઉપયોગ કરીને લાખો રૂપિયા ક્રિપ્ટોમાં કન્વર્ટ કરી ઠગાઈ આચરી હતી. અમદાવાદ સાયબર ક્રાઈમે આ ગૅન્ગના બે આરોપીઓની હૈદરાબાદથી ધરપકડ કરી હતી. સમગ્ર દેશમાં આ બૅન્ક એકાઉન્ટ સામે સાયબર ક્રાઈમની ઑનલાઈન ૧૧૮૨ ફરિયાદો નોંધાઈ હતી.

આ ઘટના અંગે સાયબર ક્રાઈમના એસીપી હાર્દિક માંકડિયાએ કહ્યું હતું કે, શેર બજારમાં રોકાણ કરવા અંગે ફરિયાદીને વોટ્સએપ પર કોલ આવ્યો હતો. જેમાં લોભામણી લાલચો આપીને તેને ફસાવવામાં આવ્યો હતો. તેમને ટેલિગ્રામ ગ્રુપમાં જોડ્યા બાદ કેટલીક એપ્લિકેશનો ડાઉનલોડ કરાવી હતી. ફરિયાદી પાસેથી અલગ-અલગ એકાઉન્ટમાં ૮૦ લાખ રૂપિયા જમા કરાવીને ૭ કરોડનો પ્રોફિટ દેખાડવામાં આવ્યો હતો. ફરિયાદી આ રકમ ઉપાડવા જાય તો તે માટે અલગ રકમ માંગવામાં આવતી હતી. આ અંગેની ફરિયાદ સાયબર ક્રાઈમને મળી હતી.

સાયબર ક્રાઈમે આ કેસની તપાસ કરતાં શ્રીનિવાસન પદ્માવતી કો-ઓપરેટિવ બૅન્કનાં એકાઉન્ટ્સ મળ્યાં હતાં. જેમાં બે આરોપીની ધરપકડ કરાઈ હતી. બન્ને આરોપી વર્ષોથી સ્ટોક માર્કેટ અને ક્રિપ્ટો ટ્રેડિંગનું કામ કરતા હતા. આ આરોપીઓમાં પ્રથમ આરોપી એ રિટાયર્ડ આર્મીમેન છે અને ત્રણ વર્ષથી ક્રિપ્ટો ટ્રેડિંગનું કામ કરે છે. તેમનો સંપર્ક એક ચાઈનીઝ વ્યક્તિ સાથે ટેલિગ્રામમાં થયો હતો અને તેમના માટે એ ક્રિપ્ટો કરન્સીમાં પૈસા કન્વર્ટ કરાવી આપવાનું કામ કરતા હતા.

એસીપીએ વધુમાં જણાવ્યું હતું કે ચાઈનીઝ વ્યક્તિ તેમને અલગ-અલગ એકાઉન્ટમાંથી પૈસા ટ્રાન્સફર કરે છે અને બીજો આરોપી કે જે બૅન્કનો ડિરેક્ટર છે, તેણે પોતાની બૅન્કના અલગ-અલગ લોકોનાં ૧૦૯ બૅન્ક એકાઉન્ટનો ઉપયોગ કર્યો હતો. આ અલગ-અલગ લોકોનાં ખાતામાં એ ફ્રોડના રૂપિયા જમા કરાવીને અયપ્પા અને વેંકી ૧૦ ટકા કમિશન લેતા હતા. આ બૅન્ક એકાઉન્ટ વિરુદ્ધ સમગ્ર દેશમાં ૧૧૮૨ જેટલી સાયબર ક્રાઇમની ઑનલાઇન ફરિયાદો નોંધાયેલી છે અને અમદાવાદ સાયબર ક્રાઈમના ૫ ગુના ડિટેક્ટ થયા છે.

# ખંભાતમાં પોલીસકર્મી પર હુમલો કરવા મામલે ૬ શખસો સહિત ૨૫ લોકોનાં ટોળાં સામે ગુનો નોંધાયો

અમદાવાદ: ખંભાતમાં પોલીસ મથકમાં જ પોલીસકર્મી પર હુમલો થયો હોવાની ઘટના બની હતી. લોકોના ટોળાએ પોલીસકર્મીને માર મારીને તેના કપડાં પણ ફાડી નાંખ્યા હતાં. આ મામલે ૬ શખ્સો સહિત ૨૫ લોકોના ટોળાં સામે ગુનો નોંધાયો હતો. ખંભાતમાં ગત ૧૭મી નવેમ્બરે ચકડોળમાંથી ધાર્મિક પુસ્તકના પાનાં ફાડી ઉડાવવા મુદ્દે પોલીસ મથકે હોબાળો થયો હતો. હોબાળા દરમિયાન ગાળાગાળી કરતા શખ્સોને સમજાવવા જતા પોલીસ કર્મીના કપડાં ફાડી તેની સાથે મારામારી કરવામાં આવી હતી. જે અંગે ૬ શખ્સોના નામજોગ અને ૨૫ના ટોળાં સામે ગુનો નોંધાયો હતો.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




# મહાયુતિ સરકાર અને ‘સીએમ’ ફડણવીસના સોમવારે શપથ?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણીમાં મહાયુતિ ઐતિહાસિક દેખાવ તરફ આગળ વધી રહી છે. મહાયુતિની સત્તાની રચનાનો માર્ગ સ્પષ્ટ જણાય છે. દેવેન્દ્ર ફડણવીસ ત્રીજી વખત રાજ્યના મુખ્ય પ્રધાન બને તેવી પ્રબળ સંભાવના છે. ભાજપ તરફથી પણ આવી હિલચાલ શરૂ થઈ ગઈ છે.

રાજ્ય ચૂંટણી પંચ આજે મોડી રાતે અથવા તો રવિવારે વિજયી ઉમેદવારોને પ્રમાણપત્ર આપે કે તરત જ ભાજપના વિધાનસભ્યોની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આવી જ રીતે મહાયુતિના અન્ય ઘટકપક્ષો પણ પોતાના વિધાનસભ્યોની બેઠકનું આયોજન કરશે અને સોમવારે સરકારના ગઠન માટેનો દાવો રાજ્યપાલ સમક્ષ માંડશે.

આમેય રાજ્ય વિધાનસભાની મુદત મંગળવારે પૂરી

(જુઓ પાનું ૪)




**જીતની ગદા...** ભાજપને વિધાનસભાની ચૂંટણીમાં મળેલી કદાવર જીત બાદ નાયબ મુખ્ય પ્રધાન અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે ગદા દેખાડીને શક્તિપ્રદર્શન કર્યું હતું. (અમય ખરાડે)

# મુંબઈ કુણાચી? ભાજપચી...

**મહાનગરમાં સૌથી વધુ ૧૫ બેઠક ભાજપને મળીઃ જોકે ૧૦ બેઠક મેળવનાર ઉદ્ધવ ઠાકરેની શિવસેનાની હજી પણ છે ઠીક ઠીક પકડ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીના શનિવારે જાહેર કરવામાં આવેલા પરિણામોમાં સૌથી વધુ પંદર (૧૫) બેઠકો જીતીને ભાજપે શહેરી વિસ્તારમાં પોતે નંબર વન હોવાનું નિદાન જાળવી રાખ્યું હતું, પરંતુ ઉદ્ધવ ઠાકરેની હજી મુંબઈ શહેર પર પકડ હોવાનું સિદ્ધ થયું હતું. ઉદ્ધવ ઠાકરેની પાર્ટી ૧૦ બેઠક જીતીને બીજા સ્થાને રહી હતી, જ્યારે શિંદેની સેના ફક્ત છ બેઠકો પર વિજય હાંસલ કરી શકી હતી. કૉંગ્રેસ ૩, સમાજવાદી પાર્ટી એક અને એનસીપી ફક્ત એક બેઠક પર વિજય મેળવી શકી હતી.

મુંબઈમાં ૧૧ બેઠકો પર શિવસેના વિરુદ્ધ શિવસેના (યુબીટી)નો જંગ થયો હતો, જેમાંથી ઠાકરેએ છ બેઠકો પર વિજય મેળવીને સરસાઈ સિદ્ધ કરી છે, જ્યારે એકનાથ શિંદેની સેનાને ફક્ત પાંચ બેઠક પર વિજય મળ્યો છે. આવી જ રીતે આઠ બેઠક પર જ્યારે ભાજપ વિરુદ્ધ ઠાકરે જૂથનો મુકાબલો થયો ત્યારે તેમાં ભાજપ સાત પર વિજયી (જુઓ પાનું ૪)

## મુંબઈના પાંચ ગુજરાતી વિધાનસભ્યો

- મુંબાદેવી-અમીન પટેલ (કૉંગ્રેસ)
- ચારકોપ-યોગેશ સાગર (ભાજપ)
- અંધેરી પશ્ચિમ-મુરજી પટેલ (શિવસેના) (એકનાથ શિંદે)
- મુલુંડ-મિહિર કોટેચા (ભાજપ)
- ઘાટકોપર પૂર્વ- પરાગ શાહ (ભાજપ)

## મુંબઈમાં કોણ - ક્યાં જીત્યું?

કોલાબા - રાહુલ નાર્વેકર (ભાજપ), મલબાર હિલ-મંગલપ્રભાત લોઢા (ભાજપ), ભાયખલા-મનોજ જામસુતકર (શિવસેના-યુબીટી), શિવડી - અજય ચૌધરી (શિવસેના-યુબીટી), વર્લી - આદિત્ય ઠાકરે (શિવસેના-યુબીટી), વડાલા-કાલિદાસ કોલંબકર (ભાજપ), સાયન કોલીવાડા - તમિલ સેલ્વન (ભાજપ), ધારાવી-જ્યોતિ ગાયકવાડ (કૉંગ્રેસ), માહિમ - મહેશ સાવંત (શિવસેના-યુબીટી) બોરીવલી- સંજય ઉપાધ્યાય (ભાજપ), દહિસર-મનીષા ચૌધરી (ભાજપ), માગાઠાણે- પ્રકાશ સુર્વે-(શિવસેના), કાંદિવલી-અતુલ ભાતખળકર (ભાજપ), મલાડ-અસલમ શેખ (કૉંગ્રેસ), જોગેશ્વરી પૂર્વ-અનંત નર-(શિવસેના-યુબીટી), દિંડોશી-સુનીલ પ્રભુ (શિવસેના-યુબીટી), ગોરેગાંવ-વિદ્યા ઠાકુર (ભાજપ), વર્સોવા-હારુન ખાન (શિવસેના-યુબીટી), અંધેરી પૂર્વ-અમિત સાટમ (ભાજપ), વિક્રોલી-સુનીલ રાઉત (શિવસેના-યુબીટી), ભાંડુપ પશ્ચિમ- (જુઓ પાનું ૪)

# મહા ‘મહિલા’ યુતિ

**લાડકી બહેનો મહાયુતિના ભાઈઓને કેવા લાડ કર્યા એના આંકડા અચંબો પમાડનારા છે. જે મતક્ષેત્રોમાં સ્ત્રીઓએ પુરુષો કરતા વધુ મતદાન કર્યું એ અને જ્યાં મહિલાઓનું ૪૯ ટકા કરતા વધુ વૉટિંગ થયું એ બેઠકો પર મહાયુતિ જીતી**




**આનંદોત્સવ...** વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિના થયેલા વિજય બાદ મુંબઈના નરીમાન પોઈન્ટ ખાતેના પક્ષના કાર્યાલયની બહાર ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો ત્યારે મહિલા કાર્યકરોએ ફેર-ફુદરડી ફરીને આનંદ વ્યક્ત કર્યો હતો. (અમય ખરાડે)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મહિલાઓના મતદાને મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. મહાયુતિની મહિલાલક્ષી યોજનાઓને કારણે મહિલાઓ તરફથી વધુ મતદાન કરવામાં આવ્યું હતું. મહિલા મતદારો રાજકીય પક્ષો માટે મજબૂત વૉટ બૅંક સાબિત થઇ છે.

મહિલાઓનું મતદાન વધુ થયું ત્યાં મહાયુતિના ત્રણેય પક્ષોને મહાવિકાસ આઘાડીના પક્ષો કરતા વધુ મત મળ્યા છે.

મહિલાઓએ પુરુષો કરતા વધુ મતદાન કર્યું એવી

(જુઓ પાનું ૪)

## મહાયુતિની જીતનાં કારણો કયાં?

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં મહાયુતિની સફળતા માટે કેટલાક મહત્ત્વનાં કારણો જવાબદાર માનવામાં આવે છે.

૧. લોકસભાની ચૂંટણીમાં થયેલા પરાજય બાદ બોધપાઠ લઈને સ્થિતિ સુધારવા માટે કમર કસીને કામ કર્યું
૨. આરએસએસ દ્વારા વિધાનસભાની ચૂંટણીમાં સક્રિય ભૂમિકા ભજવવામાં આવી.
૩. લાડકી બહેન યોજના સહિતની સીધા નાણાં આપવાની યોજનાઓનો મહાયુતિને લાભ મળ્યો
૪. પ્રચાર દરમિયાન બટેંગે તો કટેંગે અને એક હૈ તો સેફ હૈ જેવા નારાને કારણે ધાર્મિક ધ્રુવીકરણ થયું હોવાની શક્યતા
૫. નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા વોટ જિહાદ અને મત માટેનું ધર્મયુદ્ધ જેવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો જેને કારણે હિંદુઓ મતદાન કરવા બહાર આવ્યા
૬. મરાઠા અનામતના સળગતા મુદ્દાને કારણે નુકસાન ન થાય તે માટે મનોજ જરાંગે-પાટીલને મનાવવામાં સફળતા જેને કારણે મરાઠવાડાની ૭૦ બેઠકો પર સંભવિત નુકસાન ટળી ગયું. ■

## એમવીએની હારનાં કારણો કયાં?

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં મહા વિકાસ આઘાડી (એમવીએ)ની નિષ્ફળતા માટે કેટલાક મહત્ત્વનાં કારણો જવાબદાર માનવામાં આવે છે.

૧. લોકસભાની ચૂંટણીમાં જોરદાર સફળતા બાદ મહાવિકાસ આઘાડી અતિવિશ્વાસમાં આવી ગઈ હતી અને નાના પક્ષોની સરિયામ અવગણના, જેને કારણે નાના પક્ષોએ મતો કાપ્યા
૨. બેઠકોની વહેંચણીમાં ત્રણેય ઘટકપક્ષો વચ્ચે જે લડાઈ જોવા મળી તેનો મતદારોની માનસિકતા પર નકારાત્મક પ્રભાવ જોવા મળ્યો
૩. મુસ્લિમોને અનામત અને જાતિ આધારિત વસ્તી ગણતરીના મુદ્દે ભાજપ દ્વારા જોરદાર હુમલા કરવામાં આવી રહ્યા હતા ત્યારે તેનો યોગ્ય રીતે બચાવ કરવાને બદલે સેવેલી ઉદાસીનતા
૪. કૃષિ સમસ્યાઓ, સોયાબીન અને કપાસના ભાવમાં આવેલો કડાકો વગેરે જેવા મુદ્દાઓને અસરકારક રીતે ઉઠાવવામાં આવ્યા ન હોવાથી સરકારની નિષ્ફળતા ઓળખવામાં મતદારો થાપ ખાઈ ગયા.
૫. લાડકી બહેન યોજનાનો પહેલાં વિરોધ કર્યો અને પછી મેનિફેસ્ટોમાં આવી જ યોજનાનો સમાવેશ કરીને ૧૫૦૦ને સ્થાને ૩,૦૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું પણ મતદારોનો વિશ્વાસ સંપાદન કરવામાં નિષ્ફળતા મળી
૬. મરાઠા અનામતના સળગતા મુદ્દા પર ભાજપને ઘેરવાને બદલે મનોજ જરાંગે પાટિલ પર આધાર રાખ્યો અને મનોજ જરાંગે-પાટીલે છેલ્લે વલણ બદલી નાખતા તખ્તો પલટાઈ ગયો. ■

## લાડકી બહેન યોજના બની ‘ગેમ ચેન્જર’: શિંદે



મુંબઈઃ મહાયુતિમાં એવો કોઇ ચોક્કસ ફોર્મ્યુલા નથી કે જે પક્ષ સૌથી વધુ બેઠક જીતશે તેનો ઉમેદવાર મુખ્ય પ્રધાન બનશે, એમ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું.

‘હું મારી લાડકી બહેનો અને લાડકા ભાઇઓનો આભાર માનવા માગુ છું જેઓએ અમને મોટી સંખ્યામાં મતદાન કર્યું. મતદાન અમારા કાર્યનું પ્રતિબિંબ છે’, એમ જણાવતા શિંદેએ વિજય માટે લાડકી યોજનાને ‘ગેમ ચેન્જર’ ગણાવી હતી.

‘અમારા વિકાસના પ્રયાસોને કારણે સમાજના દરેક વર્ગે અમને મત આપ્યો છે. જનતાએ અમારા કાર્ય પર ધ્યાન આપી મતદાન દ્વારા તેના પર પ્રતિક્રિયા આપી છે. આ જીતની સાથે અમારી જવાબદારી પણ વધી ગઇ છે’, એમ શિંદેએ જણાવ્યું હતું. ■

## ન ઊંઘ, ન ભોજન; માત્ર પ્રચાર, પ્રચાર અને પ્રચાર જ કર્યો દેવેન્દ્રએ: ફડણવીસની માતા

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિને જ્વલંત સફળતા મળી છે. ભાજપ સૌથી વધુ બેઠકો ધરાવતો પક્ષ સાબિત થયો છે. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની જીત પાછળ મુખ્ય ચહેરો ગણાતા નેતા દેવેન્દ્ર ફડણવીસની માતા સરિતા ફડણવીસે પ્રતિક્રિયા આપી છે.

ફડણવીસના નેતૃત્વમાં ભાજપને મળેલી સફળતા વિશે બોલતા સરિતા ફડણવીસે કહ્યું કે આજનો દિવસ મહત્ત્વનો છે. પુત્ર મહારાષ્ટ્રનો મોટો નેતા બની ગયો છે એનો માતાને તો હરખ થાય જ. ઊંઘ અને ભોજનની પરવા કર્યા વિના તેણે દિવસ રાત મહેનત કરી છે. માત્ર પ્રચાર, પ્રચાર અને પ્રચાર પ્રત્યે જ તેનું લક્ષ્ય હતું.’

દેવેન્દ્ર ફડણવીસ મુખ્ય પ્રધાન બનશે? એવું પૂછવામાં આવતા તેમણે કહ્યું કે ’હા, તેમાં લેશમાત્ર શંકા નથી. ૧૦૦ ટકા એ જ મુખ્ય પ્રધાન બનશે. તેને ’લાડકી બહીણ’ના આશીર્વાદ પણ મળ્યા છે. જોકે, ’લાડકી બહીણ’ સ્કીમ ન હોત, તો પણ દેવેન્દ્ર ફડણવીસનો જ વિજય થવાનો હતો.’ દેવેન્દ્ર ફડણવીસ રાજ્યના મુખ્યપ્રધાનપદે પાછા ફરે એવી શક્યતા છે. ■

## મહારાષ્ટ્રના નવા બોસ દેવેન્દ્ર ફડણવીસ

મુંબઈઃ સામાન્ય કાર્યકર્તાથી શરૂઆત કરી મહારાષ્ટ્રના રાજકારણમાં મહત્ત્વની વ્યક્તિ બની ગયેલા રાજકીય મહારથી દેવેન્દ્ર ફડણવીસ ફરી મુખ્ય પ્રધાન બને એવા ઉજળા સંજોગો છે. આ પદ ફડણવીસ અગાઉ બે વાર સંભાળી ચૂક્યા છે. રાજકીય કુનેહ અને દાવપેચના નિષ્ણાત ૫૪ વર્ષના નેતા વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના નિર્ણાયક પ્રદર્શન પછી ત્રીજી વખત રાજ્યનું નેતૃત્વ કરશે એવું લાગે છે. શરદ પવારની રાજકીય વગની અસ્તની શકયતા વચ્ચે ફડણવીસને મહારાષ્ટ્રના નવા ચાણક્ય ગણાવાય છે. ફડણવીસની રાજકીય સફર નોંધપાત્ર રહી છે. એક નગરસેવક તરીકે કામ કરવાથી માંડીને નાગપુરના સૌથી યુવા મેયર બનવા સુધીની સફરમાં તેમણે પક્ષમાં એક અગ્રણી નેતા તરીકે પોતાનું સ્થાન મજબૂત કર્યું છે. ઉલ્લેખનીય છે કે, શિવસેનાના મનોહર જોષી બાદ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાનનો હોદ્દો સંભાળનારા તેઓ માત્ર બીજા બ્રાહ્મણ છે. ૨૦૧૪ની વિધાનસભાની ચૂંટણી પહેલા તેમની આગેકૂચની શરૂઆત થઈ હતી. તેમને વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહનું નોંધપાત્ર સમર્થન મળ્યું હતું. મોદીએ એક પ્રચાર રેલી દરમિયાન તેમને ‘‘દેશને નાગપુરની ભેટ’’ તરીકે ઓળખાવ્યા હતા, જે ફડણવીસમાં મૂકવામાં આવેલા વિશ્વાસનું સમર્થન કરે છે. મોદીએ ૨૦૧૪ની લોકસભા અને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં પ્રચાર અભિયાન શરૂ કર્યું હતું, પરંતુ ચૂંટણીમાં પક્ષની અભૂતપૂર્વ જીત માટે કેટલોક યશ તત્કાલિન પ્રદેશ ભાજપ અધ્યક્ષ ફડણવીસને ફાળે આવ્યો હતો. મહારાષ્ટ્રના અનેક રાજકીય નેતાઓથી વિપરીત, ફડણવીસ પર ભ્રષ્ટાચારના આરોપો નથી થયા. કથિત સિંચાઈ કૌભાંડ મુદ્દાને આગળ કરી અગાઉની કોંગ્રેસ-એનસીપી સરકારને ખૂણામાં ધકેલી દેવાનો શ્રેય પણ ફડણવીસને જાય છે. (પીટીઆઈ) ■

## અભિનંદન...દેવાભાઈનેઃ અમિતભાઈનો સંદેશ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના અદ્ભુત પ્રદર્શન માટે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને અભિનંદન આપ્યા હતા, જ્યારે દેવેન્દ્ર ફડણવીસની માતા સરિતા ફડણવીસે પણ રાજ્યમાં મહાયુતિના વિજય માટે અભિનંદન આપ્યા હતા.

શનિવારે મધ્યાહ્ન સુધીમાં જ સ્પષ્ટ થઈ ગયું હતું કે મહાયુતિને વિજય મળશે અને ભાજપને મોટી સંખ્યામાં બેઠકો મળશે. આથી જ આ વિજયના શિલ્પકાર ફડણવીસને અભિનંદન આપતો ફોન અમિત શાહે કર્યો હતો. ■

## પરિણામ અણધાર્યું: ઉદ્ધવ

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો શનિવારે જાહેર થયાં અને મહાયુતિનો જબરદસ્ત દેખાવ રહ્યો. જોકે આ અંગે ઉદ્ધવ ઠાકરેએ પરિણામને અણધાર્યું અને ગમે એવું ન હોવાનું કહ્યું હતું.

ચૂંટણીનાં પરિણામ બાદ પત્રકારોને સંબોધતાં ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે તેઓને મહારાષ્ટ્રની જનતા પર વિશ્વાસ નથી બેસતો, એ જનતા જેમણે કોરોના વાઈરસ દરમિયાન ‘કુટુંબ પ્રમુખ’ (પરિવારના મુખિયા) તરીકે સાંભળ્યા હતા, જેઓ તેમની સાથે આવી રીતે વર્તન કરશે.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે આ તો એવું દર્શાવે છે કે મહારાષ્ટ્રના રાજકારણમાં સુનામી કે પછી કોઇ લહેર આવી હતી. જોકે અમે હાર નહીં માનીએ. ■

## લાડકી બહીણ યોજનાનો કરંટ લાગ્યોઃ અજિત પવાર

મુંબઈઃ લોકસભાની ચૂંટણીમાં જે પરિણામો આવ્યાં હતાં, તેના પરથી અમને ઘણું શીખવા મળ્યું હતું. આ જ કારણથી અમે ત્રણેય પક્ષે ભેગા મળીને અમુક યોજનાઓ જાહેરાત કરી હતી. આમાંની જો કોઇ યોજના કામ આવી હોય તો એ હતી લાડકી બહીણ. લાડકી બહીણ યોજનાનો એવો કરંટ લાગ્યો કે સામેવાળા ઊભા જ ન થઇ શક્યા, એવો ટોણો અજિત પવારે એમવીએને માર્યો હતો.

અમારા પર ખાસ કરીને લોકસભાની ચૂંટણી જવાબદારી વધી ગઇ હતી. વિધાનસભાનાં પરિણામો પરથી એટલું કહીશે કે મહાયુતિને આજ પહેલાં આટી મોટી સફળતા ક્યારે પણ મળી નથી, એમ તેમણે જણાવ્યું હતું. ■

## મેં ચક્રવ્યૂહ તોડ્યો, હું આધુનિક અભિમન્યુઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મહાયુતિએ બાજી મારી લીધી છે. એનડી (નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ)એ બમ્પર બહુમતી મેળવી છે. લખાય છે ત્યાં સુધીમાં એનડીએ ૨૨૮ સીટ અને એમવીએ ૫૪ સીટ પર આગળ છે. મહારાષ્ટ્રમાં જીત તરફની બમ્પર આગેકૂચ સાથે દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે હું આધુનિક અભિમન્યુ છું, મેં પણ ચક્રવ્યૂહ તોડ્યો છે.

વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે એક હૈ તો સેફ હૈ. સાથે અમને લાડલી બહેનાનો આશીર્વાદ મળ્યા છે. વાસ્તવમાં આ ફેક નેરેટિવ સામેની લડાઈની જીત છે.

મહારાષ્ટ્રની જીત પર દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે વડા પ્રધાન મોદીએ નારો આપ્યો હતો કે એક હૈ તો સેફ હૈ. ઉપરાંત લાડલી બહેનોના આશીર્વાદ મળ્યા છે. ફેક નરેટિવ સામે લડાઈ જીત્યા છીએ. હું આધુનિક સમયનો અભિમન્યુ છે, ચક્રવ્યૂહને તોડ્યો છે. મુખ્ય પ્રધાનના પદને લઈ કોઈ વિવાદ નથી. ■

## મહારાષ્ટ્રના ચાણક્યના અંતનો આરંભ

## શરદ પવારનો જાદુ કશો ચાલ્યો નહીંઃ મતદારોની નાડી આ વખતે પારખી ન શક્યા



મુંબઈઃ મહારાષ્ટ્રની જનતાએ ચાર જ મહિના પહેલા લોકસભામાં શરદ પવાર અને કોંગ્રેસ તેમ જ ઉદ્ધવ ઠાકરેને ભરી ભરીને મત આપ્યા અને મહાવિકાસ આઘાડી (એમવીએ)ને સમર્થન હોવાનો ઈશારો કર્યો. આ ઈશારો ભાજપ માટે આંખો ઉઘાડનારો હતો. ભાજપે આંખો ઉઘાડી અને રણનીતિ ઘડી, પરંતુ શરદ પવાર અને કોંગ્રેસ તેમ જ ઉદ્ધવ સેના જનતાના કોલને જાળવી રાખવામાં સાવ જ નિષ્ફળ સાબિત થયા અને કોંગ્રેસ-ઉદ્ધવસેના અને એનસીપી માટે અત્યંત નિરાશાજનક પરિણામો આવ્યા છે. ચાર જ મહિનામાં ત્રણેય પક્ષનો આ રીતે સફાયો થશે તે હજુ તેમને ગળે ઉતરે તેવી વાત નથી. મહાવિકાસ આઘાડીના આર્કિટેક્ટ શરદ પવાર છે અને તેમને ખૂબ જ પારંગત રાજકારણી, મુત્સદ્દી અને રણનીતિકાર માનવામાં આવે છે અને પવારે આ સાબિત પણ કર્યુ છે. ૨૦૧૪માં મોદીની લહેરની અસરથી મહારાષ્ટ્રમાંથી સત્તા ગઈ પછી ૨૦૧૯માં એનસીપી અને કોંગ્રેસ માટે અસ્તિત્વની લડાઈ હતી. તે સમયે શરદ પવારે પ્રચારની ધૂરા સંભાળી અને ૭૮ વર્ષની ઉંમરે વરસતા વરસાદમાં સાતારામાં પ્રચાર કરતો વીડિયો વાયરલ થયો. તે સમયે એનસીપી એક હતી અને તેમણે ૫૪ બેઠક પર અનપેક્ષિત વિજય મેળવ્યો હતો.

છેલ્લા અનેક દિવસથી રાજ્યમાં ચર્ચાનું કેન્દ્રબિંદુ ઠરેલી વિધાનસભા ચૂંટણીનાં પરિણામ જાહેર થયાં. આ ચૂંટણીમાં ભાજપ અને મહાયુતિની સુનામીને કારણે એમવીએ અક્ષરશઃ ધૂળ ચાટતી થઇ ગઇ હોવાનું ચિત્ર ઊપસ્યું. ચૂંટણી પહેલાં એમવીએ અને મહાયુતિ વચ્ચે બરાબરની લડાઈ થશે, એવી ચર્ચા હતી. જોકે એ અપેક્ષા તદ્દન ઠગારી નીવડી હતી. આ વખતની ચૂંટણીમાં શરદ પવારે મહાયુતિ અને ખાસ કરીને ભાજપ વિરુદ્ધ કરેલો પ્રચાર ચર્ચાનો વિષય બન્યો હતો. પ્રચાર માટે શરદ પવારે ૬૯ સભા કરી હતી. પશ્ચિમ મહારાષ્ટ્રમાં તેમની સભામાં ભારે ભીડ પણ જોવા મળી હતી. આ સભામાં શરદ પવારનું ભાષણ પણ ખૂબ ગાજ્યું હતું. આથી પશ્ચિમ મહારાષ્ટ્રમાં તુતારીના ઉમેદવારો ભારે માત્રામાં જીતશે, એવો અંદાજ સેવવામાં આવી રહ્યો હતો.

મહારાષ્ટ્રમાં મહાવિકાસ આઘાડીના રકાસ પાછળ ઘણા કારણો જવાબદાર છે. લોકસભાની ચૂંટણી બાદ બેઠકો કરી, પરંતુ છેલ્લે સુધી સીટ શેરિંગમાં ફસાયેલા રહ્યા. કોંગ્રેસ અને શિવસેનાની જીદને લીધે ઉમેદવારોને પ્રચારનો સમય ન મળ્યો. બીજી બાજુ ભાજપે જે મતોનું ધ્રુવીકરણ કર્યુ તેને પછાડવામાં પવાર નિષ્ફળ રહ્યા. પવાર સર્વસમાવિષ્ટ ચહેરા તરીકે ઊભરી આવે છે, પરંતુ આ ચૂંટણીમાં તેઓ જ્ઞાતિ અને ધર્મનું રાજકારણ ખાળી શક્યા નહીં.

## ઉદ્ધવે ભાજપ સાથે યુતિ તોડી એનો જનતામાં રોષ હતોઃ વિનોદ તાવડે

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપીએ વિધાનસભાની ચૂંટણીમાં ઉલ્લેખનીય વિજય પ્રાપ્ત કર્યો છે ત્યારે તેના પર પ્રતિક્રિયા આપતા ભાજપના નેતા વિનોદ તાવડેએ જણાવ્યું હતું કે શિંદે, ફડણવીસ અને અજિત પવાર પર જનતાએ વિશ્વાસ રાખ્યો છે. ભાજપ-શિવસેનાની નૈસર્ગિક યુતિ હતી. આ યુતિ ઉદ્ધવ ઠાકરેએ ૨૦૧૯માં તોડી. તેનો રોષ બાળ ઠાકરેના સમર્થકોના મનમાં હતો. ઉદ્ધવ ઠાકરે સહિત સંજય રાઉતની ટીકા કરતા તેમણે કહ્યું હતું કે રોજ સવારે મહારાષ્ટ્રના વાતાવરણને દૂષિત કરવાનું કામ ભાંડુપથી થતું હતું. એકનાથ શિંદેએ બાળ ઠાકરેનું હિન્દુત્વ, ધનુષ્યબાણ અને હિન્દુત્વની શિવસેનાને ભાજપ સાથે લઇ આવ્યા. ■

## બારામતી અજિત પવારની જ

બારામતીઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપી પ્રમુખ અજિત પવારે પોતાના ભત્રીજા અને એનસીપી (એસપી)ના ઉમેદવાર યુગેન્દ્ર પવારને એક લાખથી વધુ મતના તફાવતથી હરાવીને પોતાના પરંપરાગત બારામતી વિધાનસભા મતવિસ્તારમાંથી વિજય મેળવ્યો છે. પાંચ મહિના પહેલા શરદ પવારના નેતૃત્વવાળી એનસીપી (એસપી)એ લોકસભા ચૂંટણીમાં બારામતીમાં વિજય મેળવ્યો હતો, જેમાં વર્તમાન સંસદ સભ્ય અને શરદ પવારની પુત્રી સુપ્રિયા સુળેએ અજિત પવારની પત્ની સુનેત્રાને દોઢ લાખ મતના તફાવતથી પરાજય આપ્યો હતો. એનસીપીના બંને જૂથોએ વિધાનસભા પ્રચાર દરમિયાન કોઈ કસર છોડી ન હતી, અને શરદ પવારનાં પત્ની પ્રતિભા પવાર અને સુપ્રિયાની પુત્રી રેવતી પણ યુગેન્દ્ર માટે પ્રચાર કરતા જોવા મળ્યા હતા. શરદ પવારે બારામતીના લોકોને કહ્યું હતું કે તેમને નવા નેતૃત્વની જરૂર છે. તેમણે યુગેન્દ્ર પવારનો ઉલ્લેખ કરી ઉચ્ચ શિક્ષિત ઉમેદવાર ગણાવ્યા હતા. અજિત પવારે લોકોને ચેતવણી આપી હતી કે તેઓ વરિષ્ઠ પવારની ભાવનાત્મક વાતોમાં આવી ન જવું જોઈએ.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# રાજકોટમાં તિલક વર્માનો વર્લ્ડ રેકૉર્ડ અને ભારતીય વિક્રમ

## સતત ત્રણ ટી-૨૦માં સદી ફટકારનાર વિશ્વનો પહેલો ક્રિકેટર બન્યો, ૧૫૦-પ્લસ રન બનાવનાર ભારતનો પ્રથમ પુરુષ ક્રિકેટર પણ બની ગયો

રાજકોટ: ભારતના ટી-૨૦ના વનડાઉન-બૅટર અને આઇપીએલમાં મુંબઈ ઇન્ડિયન્સના સ્ટાર ખેલાડી તિલક વર્માએ એક સાથે બે મોટા વિક્રમ પોતાના નામે કર્યા છે. એમાં એક વિશ્વવિક્રમ અને બીજો ભારતીય વિક્રમ છે.

હૈદરાબાદમાં જન્મેલો બાવીસ વર્ષનો તિલક ટી-૨૦ ક્રિકેટમાં ઉપરાઉપરી ત્રણ ઇનિંગ્સમાં (હૅટ-ટ્રિક) સદી ફટકારનાર વિશ્વનો પહેલો ક્રિકેટર બન્યો છે. પુરુષોની કે મહિલાઓની ક્રિકેટમાં આ પહેલાં કોઈ પણ ખેલાડીએ લાગલગાટ ત્રણ ટી-૨૦ સેન્ચુરી નહોતી ફટકારી.



તિલક વર્માએ ગયા અઠવાડિયે સાઉથ આફ્રિકા સામેની છેલ્લી બે ટી-૨૦માં સેન્ચુરી ફટકારી હતી. ત્યાર બાદ ગઈ કાલે સદી ફટકારીને તેણે ટી-૨૦ની હૅટ-ટ્રિક સદીનો વર્લ્ડ રેકૉર્ડ પોતાને નામે કરી લીધો. (બીસીસીઆઇ)

તિલકે ગઈ કાલે રાજકોટમાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં મેઘાલય સામેની મૅચમાં ફક્ત ૬૭ બૉલમાં ૧૦ સિક્સર અને ૧૪ ફોરની મદદથી ૧૫૧ રન બનાવ્યા હતા. હૈદરાબાદે ચાર વિકેટે (પોતાના હાઇએસ્ટ) ૨૪૮ રન બનાવ્યા ત્યાર બાદ મેઘાયલની ફક્ત ૬૯ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ જતાં હૈદરાબાદનો ૧૭૯ રનથી વિજય થયો હતો. હૈદરાબાદ વતી અંકિત રેડ્ડીએ ચાર વિકેટ અને તનય ત્યાગરાજને ત્રણ વિકેટ લીધી હતી.

તિલક વર્મા પુરુષોની ટી-૨૦ ક્રિકેટમાં ૧૫૦-પ્લસનો સ્કોર નોંધાવનાર પ્રથમ ભારતીય ખેલાડી પણ બન્યો છે. તેણે શ્રેયસ ઐયર (૨૦૧૯માં મુંબઈ વતી સિક્કિમ સામે ૧૪૭ રન)નો રેકૉર્ડ તોડી નાખ્યો છે.

મહિલાઓમાં મહારાષ્ટ્રની કિરણ નવગીરે આ ભારતીય વિક્રમ ધરાવે છે. કિરણે ૨૦૨૨ની સાલમાં નાગાલૅન્ડ વતી રમતી વખતે અરુણાચલ પ્રદેશ સામેની મૅચમાં અણનમ ૧૬૨ રન બનાવ્યા હતા.

તિલક વર્માએ ગઈ કાલે જે સતત ત્રીજી સદી (૧૫૧ રન) ફટકારી એ પહેલાંની બે ટી-૨૦ ઇનિંગ્સમાં પણ તેણે સેન્ચુરી નોંધાવી હતી. જોહનિસબર્ગમાં ૧૫મી નવેમ્બરે તિલકે સાઉથ આફ્રિકા સામેની ટી-૨૦માં અણનમ ૧૨૦ રન બનાવ્યા હતા. એ પહેલાંની ૧૩ નવેમ્બરની સેન્ચુરિયન ખાતેની સાઉથ આફ્રિકા સામેની ટી-૨૦માં તેણે અણનમ ૧૦૭ રન બનાવ્યા હતા. ભારતે એ સિરીઝ ૩-૧થી જીતી લીધી હતી અને તિલકને મૅન ઑફ ધ સિરીઝનો પુરસ્કાર મળ્યો હતો.

તિલક ગઈ કાલે રાજકોટમાં મેઘાલય સામેની મૅચમાં ત્રીજા ક્રમે રમ્યો હતો અને તેનો સ્ટ્રાઇક-રેટ ૨૨૫.૩૭ હતો. તે પહેલી ઓવરના પાંચમા બૉલથી જ ક્રીઝમાં હતો અને હૈદરાબાદની ઇનિંગ્સના છેલ્લા બૉલ પર આઉટ થયો હતો. તે ખાસ કરીને મેઘાલયના પેસ બોલર દીપ્પુ સંગમાની બોલિંગમાં સારું રમ્યો હતો. તેના ૧૮ બૉલમાં તિલકે ત્રણ સિક્સર અને છ ફોરની મદદથી ૫૦ રન બનાવ્યા હતા. તેની અને પંચાવન રન બનાવનાર ઓપનર તન્મય અગરવાલ વચ્ચે બીજી વિકેટ માટે ૧૨૨ રનની ભાગીદારી થઈ હતી.

તિલક વર્મા મુંબઈ ઇન્ડિયન્સનો એવો પાંચમો ખેલાડી છે જેને ૨૦૨૫ની આઇપીએલ માટે રીટેન કરવામાં આવ્યો છે. અન્ય ચાર પ્લેયરમાં રોહિત શર્મા, હાર્દિક પંડ્યા, સૂર્યકુમાર યાદવ અને જસપ્રીત બુમરાહનો સમાવેશ છે. મુંબઈ ઇન્ડિયન્સે તિલકને આઠ કરોડ રૂપિયામાં રીટેન કર્યો છે. ■

# આઇપીએલના આજના મેગા ઑક્શનમાં ₹ પચીસ કરોડની બોલી બોલાશે?

## સાઉદીના જેદ્દાહમાં બપોરે ૩.૦૦ વાગ્યે હરાજીનો રોમાંચક શો શરૂ: પંત સૌથી મોંઘો સાબિત થઈ શકે

જેદ્દાહ: ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ના આજે (રવિવારે) મેગા ઑક્શન (ભારતીય સમય અનુસાર બપોરે ૩.૦૦ વાગ્યાથી)માં ૫૭૪ ખેલાડીઓમાંથી ૨૦૪ જેટલા પ્લેયરનું ભાવિ નક્કી થશે, પરંતુ સૌથી મોટો ચર્ચાસ્પદ મુદ્દો અત્યારે એ છે કે શું આ હરાજીમાં એક પ્લેયરને ખરીદવા પાછળ પચીસ કરોડ રૂપિયાની બોલી લગાવવાનો વિક્રમ નોંધાશે ખરો? રિષભ પંતને સૌથી ઊંચા પચીસ કરોડ રૂપિયાના કે એની આસપાસના ભાવે ખરીદવામાં આવશે એવી સંભાવના છે.

આ ઑક્શન સાઉદી અરેબિયાના જેદ્દાહ શહેરમાં રવિવાર, ૨૪મી નવેમ્બરે યોજાશે. આ હરાજીમાં તમામ ૧૦ ટીમ પાસે (પાંચથી છ ખેલાડીને રીટેન કર્યા પછી) કુલ મળીને ૬૪૧.૫ કરોડ રૂપિયાનું ભંડોળ ઉપલબ્ધ છે.

૨૦૨૪ની આઇપીએલ-સીઝન માટે કોલકાતા નાઇટ રાઇડર્સે ઑસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્કને ૨૪.૭૫ કરોડના રેકૉર્ડ-બ્રેક ભાવે ખરીદ્યો હતો. ત્યારે પચીસ કરોડ રૂપિયાના આંકડા સુધી કોઈ નહોતું પહોંચી શક્યું, પરંતુ આ વખતના ઑક્શનમાં એ સપાટી ઓળંગી જવાશે અથવા પચીસ કરોડ રૂપિયાના ભાવે કોઈને ખરીદવામાં આવશે તો નવાઈ નહીં લાગે.



રિષભ પંતની દિલ્હી કૅપિટલ્સના માલિકો સાથે કૉન્ટ્રૅક્ટ-મનીના આંકડા બાબતમાં સમાધાન ન થતાં તેણે હરાજીમાં જવાનું પસંદ કર્યું છે.

ગઈ સીઝનમાં પૅટ કમિન્સ બીજા નંબરે હતો. તેને સનરાઇઝર્સ હૈદરાબાદના માલિકોએ ૨૦.૫૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.

### હરાજી માટે કઈ ટીમ પાસે કેટલી રકમ બાકી છે?

| | | |
|---|---|---|
| ૧) કોલકાતા નાઇટ રાઇડર્સ | : | ૫૧ કરોડ રૂપિયા |
| ૨) રાજસ્થાન રૉયલ્સ | : | ૪૧ કરોડ રૂપિયા |
| ૩) સનરાઇઝર્સ હૈદરાબાદ | : | ૪૫ કરોડ રૂપિયા |
| ૪) મુંબઈ ઇન્ડિયન્સ | : | ૪૫ કરોડ રૂપિયા |
| ૫) રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ | : | ૮૩ કરોડ રૂપિયા |
| ૬) પંજાબ કિંગ્સ | : | ૧૧૦.૫ કરોડ રૂપિયા |
| ૭) ગુજરાત ટાઇટન્સ | : | ૬૯ કરોડ રૂપિયા |
| ૮) ચેન્નઈ સુપર કિંગ્સ | : | ૫૫ કરોડ રૂપિયા |
| ૯) લખનઊ સુપર જાયન્ટ્સ | : | ૬૯ કરોડ રૂપિયા |
| ૧૦) દિલ્હી કૅપિટલ્સ | : | ૭૩ કરોડ રૂપિયા |

પંતને જો દિલ્હી કૅપિટલ્સનું ફ્રૅન્ચાઇઝી હરાજીમાં મૂક્યા બાદ હવે આ ઑક્શન-શોમાં ફરી મેળવવા પ્રયાસ કરશે તો એણે અન્ય ટીમોની હરીફાઈનો સામનો કરવો પડશે. ધારો કે દિલ્હીના માલિકો કે બીજા કોઈ ટીમના માલિકો પંતને મેળવવાની હરીફાઈમાં વધુમાં વધુ ૧૮ કરોડ રૂપિયાના ભાવ સુધી પહોંચ્યા હશે તો ત્યારે દિલ્હીના માલિકો રાઇટ ટુ મૅચ (આરટીએમ)ની સિસ્ટમમાં પંતને પાછો ખરીદવાનો દાવો કરી શકશે. જોકે અન્ય ટીમમાંથી કોઈ ટીમ પંતને ખરીદવા માટે ફાઇનલ બિડ પચીસ કરોડ સુધીની ઉપર લઈ જશે તો દિલ્હીના માલિકો પંતને ફરી ખરીદવા માગતા હશે તો એ ભાવે (પચીસ કરોડ રૂપિયામાં) ખરીદી શકશે, કારણકે પંત અગાઉ તેમની પાસે હતો એટલે તેઓ જ તેને આરટીએમ હેઠળ મેળવવાનો પહેલો અધિકાર ધરાવશે.

આ ઑક્શનમાં કેએલ રાહુલ અથવા શ્રેયસ ઐયર કે પછી કોઈ બોલર પર પણ કરોડો રૂપિયાની બોલી લગાવાશે.

કોલકાતા નાઇટ રાઇડર્સની ટીમ ડિફેન્ડિંગ ચૅમ્પિયન છે. ■

# આઇપીએલની ૧૦ ટીમમાં કોણે કયા ખેલાડીઓને કેટલા રૂપિયામાં રીટેન કર્યા છે?

**મુંબઈ:** જસપ્રીત બુમરાહ (૧૮ કરોડ રૂપિયા), સૂર્યકુમાર યાદવ (૧૬.૩૫ કરોડ રૂપિયા), હાર્દિક પંડ્યા (૧૬.૩૫ કરોડ રૂપિયા), રોહિત શર્મા (૧૬.૩૦ કરોડ રૂપિયા), તિલક વર્મા (૮ કરોડ રૂપિયા).

**રાજસ્થાન:** સંજુ સૅમસન (૧૮ કરોડ રૂપિયા), યશસ્વી જયસ્વાલ (૧૮ કરોડ રૂપિયા), રિયાન પરાગ (૧૪ કરોડ રૂપિયા), ધ્રુવ જુરેલ (૧૪ કરોડ રૂપિયા), હેટમાયર (૧૧ કરોડ રૂપિયા), સંદીપ શર્મા (૪ કરોડ રૂપિયા).

**હૈદરાબાદ:** હિન્રિચ ક્લાસેન (૨૩ કરોડ રૂપિયા), પૅટ કમિન્સ (૧૮ કરોડ રૂપિયા), અભિષેક શર્મા (૧૪ કરોડ રૂપિયા), ટ્રેવિસ હેડ (૧૪ કરોડ રૂપિયા), નીતિશ કુમાર રેડ્ડી (૬ કરોડ રૂપિયા).

**ચેન્નઈ:** ઋતુરાજ ગાયકવાડ (૧૮ કરોડ રૂપિયા), મથીશા પથિરાણા (૧૩ કરોડ રૂપિયા), શિવમ દુબે (૧૨ કરોડ રૂપિયા), રવીન્દ્ર જાડેજા (૧૮ કરોડ રૂપિયા), એમએસ ધોની (૪ કરોડ રૂપિયા, અનકૅપ્ડ પ્લેયર તરીકે).

**બેન્ગલૂરુ:** વિરાટ કોહલી (૨૧ કરોડ રૂપિયા), રજત પાટીદાર (૧૧ કરોડ રૂપિયા), યશ દયાલ (પાંચ કરોડ રૂપિયા).

**લખનઊ:** નિકોલસ પૂરન (૨૧ કરોડ રૂપિયા), રવિ બિશ્નોઈ (૧૧ કરોડ રૂપિયા), મયંક યાદવ (૧૧ કરોડ રૂપિયા), મોહસિન ખાન (૪ કરોડ રૂપિયા), આયુષ બદોની (૪ કરોડ રૂપિયા).

**ગુજરાત:** રાશિદ ખાન (૧૮ કરોડ રૂપિયા), શુભમન ગિલ (૧૬.૫૦ કરોડ રૂપિયા), સાઇ સુદર્શન (૮.૫૦ કરોડ રૂપિયા), રાહુલ તેવાટિયા (૪ કરોડ રૂપિયા), એમ. શાહરુખ ખાન (૪ કરોડ રૂપિયા).

**પંજાબ:** શશાંક સિંહ (૫.૫ કરોડ રૂપિયા), પ્રભસિમરન સિંહ (૪ કરોડ રૂપિયા).

**કોલકતા:** રિન્કુ સિંહ (૧૩ કરોડ રૂપિયા), વરુણ ચક્રવર્તી (૧૨ કરોડ રૂપિયા), સુનીલ નારાયણ (૧૨ કરોડ રૂપિયા), આન્દ્રે રસેલ (૧૨ કરોડ રૂપિયા), હર્ષિત રાણા (૪ કરોડ રૂપિયા), રમણદીપ સિંહ (૪ કરોડ રૂપિયા).

**દિલ્હી:** અક્ષર પટેલ (૧૬.૫૦ કરોડ રૂપિયા), કુલદીપ યાદવ (૧૩.૨૫ કરોડ રૂપિયા), ટ્રિસ્ટેન સ્ટબ્સ (૧૦ કરોડ રૂપિયા), અભિષેક પોરેલ (૪ કરોડ રૂપિયા). ■

# જસપ્રીત બુમરાહે કપિલ દેવના મોટા રેકોર્ડની બરાબરી કરી

## કાર્યવાહક કેપ્ટને ૧૭ વર્ષ પહેલાંની અનિલ કુંબલેની સિદ્ધિ પણ યાદ કરાવી દીધી!


પર્થ ભારતની ટેસ્ટ ટીમના કાર્યવાહક કેપ્ટન અને ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે (૩૦ રનમાં પાંચ વિકેટ) આજે અહીં ઑસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટના બીજા દિવસે પહેલા દાવમાં પાંચ વિકેટની જે સિદ્ધિ મેળવી એ મહત્વના વિક્રમના રૂપમાં રેકોર્ડ બુકમાં નોંધાઈ ગઈ છે. તેણે ભારતના મહાન કેપ્ટન અને ઑલરાઉન્ડર કપિલ દેવની બરાબરી કરી છે.

એશિયાની બહાર ટેસ્ટના એક દાવમાં પાંચ વિકેટ લેવાની સિદ્ધિ બુમરાહે નવમી વખત મેળવી છે. કપિલ દેવે ૧૯૭૯થી ૧૯૯૪ સુધીની કારકિર્દી દરમિયાન એશિયા બહારના મેદાનો પર ટેસ્ટની એક ઈનિંગ્સમાં પાંચ વિકેટ મેળવવાની સિદ્ધિ કુલ નવ વખત હાંસલ કરી હતી. બુમરાહ માત્ર છ વર્ષની કારકિર્દીમાં કપિલ દેવની હરોળમાં આવી ગયો છે.

કપિલ દેવે વિદેશમાં ૭૭ ઇનિંગ્સમાં કુલ નવ વખત પાંચ વિકેટ લીધી હતી. બુમરાહે ૫૫ ઇનિંગ્સમાં આ ઉપલબ્ધિ મેળવી છે.

મહાન સ્પિનર ભાગવત ચંદ્રશેખર કુલ આઠ વખત એશિયાની બહારના મેદાનો પર ટેસ્ટના એક દાવમાં પાંચ કે વધુ વિકેટ લેવામાં સફળ થયા હતા.





ઑસ્ટ્રેલિયામાં બુમરાહ બીજી વાર દાવમાં પાંચ વિકેટ લઈ શક્યો છે. તે સાઉથ આફ્રિકાની ધરતી પર ત્રણ વખત તેમ જ ઇંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝમાં બે-બે વાર દાવમાં પાંચ કે વધુ વિકેટ લઈ ચૂક્યો છે.

પર્થના મેદાન પર બુમરાહનો પર્ફોર્મન્સ (૩૦ રનમાં પાંચ વિકેટ) ભારતીય કેપ્ટનોમાં કપિલ દેવ પછીનો શ્રેષ્ઠ પર્ફોર્મન્સ છે. કપિલે ૧૯૮૫માં એડિલેઇડમાં ટેસ્ટના એક દાવમાં ૧૦૬ રનમાં આઠ વિકેટ લીધી હતી.

ટેસ્ટ-ક્રિકેટ રમી ચૂકેલા ભારતીય સુકાનીઓમાં બુમરાહની પાંચ વિકેટની સિદ્ધિ ૨૦૦૭ની સાલ પછીના ભારતીય કેપ્ટનોમાં પ્રથમ છે. ૨૦૦૭માં કેપ્ટન અનિલ કુંબલેએ મેલબર્ન ટેસ્ટના એક દાવમાં પાંચ વિકેટ લીધી હતી. ■

# હાર્દિકે બરોડાને ગુજરાત સામે વિજય અપાવ્યો

## મુંબઈનો ગોવા સામે વિજય, સૌરાષ્ટ્રએ સિક્કિમને હરાવ્યું

ઇન્દોર: અહીં શનિવારે સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ટી-૨૦ સ્પર્ધામાં બરોડાને હાર્દિક પંડ્યા (૭૪ અણનમ, ૩૫ બૉલ, પાંચ સિક્સર, છ ફોર)એ ગુજરાત સામે વિજય અપાવ્યો હતો. તેણે આ મૅચમાં એક વિકેટ પણ લીધી હતી. હાર્દિકના મોટા ભાઈ કૃણાલ પંડ્યાના નેતૃત્વમાં રમનાર બરોડાની ટીમ સામે ગુજરાતે આર્ય દેસાઈના ૭૮ રન તથા કૅપ્ટન અક્ષર પટેલના અણનમ ૪૩ રનની મદદથી પાંચ વિકેટે ૧૮૪ રન બનાવ્યા હતા. બરોડાએ ૧૯.૩ ઓવરમાં પાંચ વિકેટે ૧૮૮ રન બનાવી લીધા હતા જેમાં શિવાલિક શર્માના ૬૪ રનનો પણ સમાવેશ હતો.

હૈદરાબાદમાં કૅપ્ટન શ્રેયસ ઐયર (૧૩૦ અણનમ, ૫૭ બૉલ, ૧૦ સિક્સર, ૧૧ ફોર)ની મદદથી મુંબઈએ ચાર વિકેટે ૨૫૦ રન બનાવ્યા હતા. ગોવા વતી રમનાર અર્જુન તેન્ડુલકરને ૪૮ રનમાં એક પણ વિકેટ નહોતી મળી. ગોવાની ટીમ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૨૨૪ રન બનાવી શક્તા મુંબઈનો ૨૬ રનથી વિજય થયો હતો. ઇન્દોરમાં સૌરાષ્ટ્ર (૧૫૭/૯)નો સિક્કિમ (૧૦૩/૬) સામે ૫૪ રનથી વિજય થયો હતો. વિશ્વરાજ જાડેજા (૬૦ રન) આ મૅચમાં સૌરાષ્ટ્રનો મૅચવિનર હતો. ■

# મિચલ સ્ટાર્કે હર્ષિત રાણાને કહ્યું, ‘હું તારા કરતાં પણ ફાસ્ટ બૉલ ફેંકું છું’

## ભારતના નવા ફાસ્ટ બોલરે જણાવ્યું, ‘સ્ટાર્ક મારો બહુ સારો દોસ્ત છે, મેદાન પર આવું તો ચાલ્યા કરે’

પર્થ: બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પહેલી મેચમાં ભારત અને ઓસ્ટ્રેલિયા બંને ટીમના ફાસ્ટ બોલરોએ ધારદાર બોલિંગ કરી છે. ભારત અને ઓસ્ટ્રેલિયાની મેચમાં દર વખતની જેમ આ વખતે પણ બે ખેલાડી વચ્ચેની ચકમકના બનાવ બનતા રહે છે. બે દિવસ પહેલાં મોહમ્મદ સિરાજ અને માર્નસ લાબુશેન વચ્ચે હળવી ગરમાગરમી થઈ ત્યાર બાદ શનિવારે પર્થની પિચ પર આઇપીએલના બે ભૂતપૂર્વ સાથી ખેલાડીઓ સામસામે આવી ગયા હતા.

શુક્રવારે ઓસ્ટ્રેલિયાના બૅટર એક પછી એક આઉટ થઇ જતાં આઇપીએલનો સૌથી મોંઘો (૨૪.૭૫ કરોડ રૂપિયાનો) ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્ક શનિવારે બેટિંગ કરી ટીમના સ્કોરને આગળ વધારવા પ્રયત્ન કરી રહ્યો હતો, તે જ સમયે ભારતનો નવો ફાસ્ટ બોલર હર્ષિત રાણા બોલિંગ કરવા આવ્યો હતો. હર્ષિત રાણાએ સતત બાઉન્સર ફેંકીને સ્ટાર્કને પરેશાન કર્યો હતો. સ્ટાર્કે પણ સામે સારું ડિફેન્સ બતાવ્યું હતું.



આ દરમિયાન હર્ષિતનો એક બૉલ સ્ટાર્કના બૅટની ધારને વાગ્યો પણ સ્લિપમાં કૅચ નહોતો થઇ શક્યો. હર્ષિત રાણા થોડીક સેકન્ડ માટે સ્ટાર્ક તરફ ખુન્નસથી જોતો રહ્યો, પછી સ્ટાર્કે તેને પછીથી બોલાવ્યો હતો. ઑસ્ટ્રેલિયન ફાસ્ટ બોલરે રાણાને કહ્યું, ‘હું તારા કરતાં પણ વધુ ફાસ્ટ બોલિંગ કરું છું હર્ષિત, મારી યાદશક્તિ બહુ સારી છે. તું કેટલા બાઉન્સર ફેંકી શકીશ, બોલ?’

આ સાંભળીને હર્ષિત રાણા પાછળ ફર્યો અને હસવા લાગ્યો. સ્ટાર્કે હર્ષિતને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો કે જ્યારે તે બૅટિંગ કરવા આવશે ત્યારે સ્ટાર્ક પણ તેની સામે આવી જ રીતે બાઉન્સર ફેંકશે. જો કે રાણા પર સ્ટાર્કની આ કમેન્ટની કોઈ અસર થઈ ન હતી. તેણે ફરી બાઉન્સર ફેંક્યો હતો. જોકે છેવટે હર્ષિત રાણાએ જ મિચલ સ્ટાર્કને રિષભ પંતના હાથે કેચ આઉટ કરાવ્યો. હર્ષિતે ઑસ્ટ્રેલિયાની કુલ ત્રણ વિકેટ લીધી હતી.

હર્ષિતે બીજા દિવસની રમત બાદ સ્ટાર્ક સાથેની હળવી ચકમક વિશે પત્રકારે પૂછતાં કહ્યું હતું કે ‘સ્ટાર્ક મારો બહુ સારો દોસ્ત છે. અમે આઇપીએલમાં સાથે રમી ચૂક્યા છીએ. મેદાન પર આવું તો બન્યા કરે. અમારી વચ્ચે કંઈ ગંભીર ઘટના નહોતી બની. થોડી હળવી બોલાચાલી થઈ હતી, બસ.’

રાણા અને સ્ટાર્ક બંને આઈપીએલમાં કોલકાતા નાઈટ રાઈડર્સ તરફથી રમી ચૂક્યા છે. બંનેએ ૨૦૨૪માં કોલકાતાની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. છેલ્લી સિઝનમાં હર્ષિત રાણાએ ૧૩ મેચમાં ૧૯ વિકેટ ઝડપી હતી. જ્યારે સ્ટાર્કે ૧૪ મેચમાં ૧૭ વિકેટ લીધી હતી. ■

# ૧૦૪ રન ઑસ્ટ્રેલિયાનો ભારત સામે બીજો સૌથી નીચો સ્કોર

પર્થ: અહીં પાંચ મૅચવાળી બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં ભારતને ઑસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર્સ (કમિન્સ, સ્ટાર્ક, હૅઝલવૂડ)એ શુક્રવારે ૧૫૦ રનમાં ઑલઆઉટ કરી નાખ્યા તો શનિવારના બીજા દિવસે ભારતના ફાસ્ટ બોલર્સ (બુમરાહ, હર્ષિત, સિરાજ)એ ઑસ્ટ્રેલિયાના બૅટર્સને ૧૦૪ રનમાં તંબૂ ભેગા કરી દીધા હતા. અહીં નવાઈની વાત એ છે કે ૧૦૪ રન ભારત સામે ઑસ્ટ્રેલિયાના બીજા નંબરનો સૌથી નીચો સ્કોર છે.

૧૯૮૧માં મેલબર્નમાં ભારત સામે ઑસ્ટ્રેલિયાનો દાવ ૮૩ રનમાં સમેટાઈ ગયો હતો અને એ ૮૩ રન ભારત સામે ઑસ્ટ્રેલિયાનો લોએસ્ટ સ્કોર છે. મેલબર્નની એ મૅચ ભારતે સુનીલ ગાવસકરના સુકાનમાં ૫૯ રનથી જીતી લીધી હતી. વિશ્વનાથે એ મૅચના પહેલા દાવમાં ૧૧૪ રન બનાવ્યા હતા. બોલિંગમાં કપિલ દેવ તેમ જ દિલીપ દોશી, કરસન ઘાવરી, શિવલાલ યાદવ તથા સંદીપ પાટીલના મહત્ત્વના યોગદાન હતા.



ભારતે પહેલા દાવમાં ૧૫૦ કે એનાથી ઓછા રન બનાવ્યા હોય અને એમ છતાં સરસાઈ લીધી હોય એવું અગાઉ માત્ર બે વખત બન્યું હતું. ૨૦૦૨માં ભારતે હૅમિલ્ટનમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની ટેસ્ટમાં ૯૯ રનમાં આઉટ થઈ ગયા પછી પણ પાંચ રનની લીડ લીધી હતી. ૧૯૩૬માં લૉર્ડ્સમાં ભારત ૧૪૭ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગયા પછી પણ ૧૩ રનની લીડ લેવામાં સફળ રહ્યું હતું.

પર્થની વર્તમાન ટેસ્ટના પ્રથમ દાવમાં ભારતે પાંચમી વિકેટ ગુમાવતાં પહેલાં ૫૯ રન અને ઑસ્ટ્રેલિયાએ પાંચમી વિકેટ ગુમાવતાં પહેલાં ૩૮ રન બનાવ્યા હતા.

આ બે સ્કોરનો સરવાળો ૯૭ થાય છે. ૧૯૮૭માં દિલ્હીની ટેસ્ટમાં ભારત અને વેસ્ટ ઇન્ડિઝની ટીમે અનુક્રમે પોતપોતાની ઇનિંગ્સમાં પાંચમી વિકેટ પડતાં પહેલાં જેટલા રન બનાવ્યા હતા એનો સરવાળો ૬૭ રન થયો હતો. એ જોતાં, મેન્સ ટેસ્ટ ક્રિકેટમાં આ વખતનું કુલ ૯૭ રનનું ટોટલ પાંચમી વિકેટ પડતાં પહેલાંનું સૌથી નીચું ટોટલ છે. ■

# નવા ફાસ્ટ બોલર હર્ષિત રાણાએ ડ્રીમ-ડેબ્યૂ ડૅડીને ડેડિકેટ કર્યું

પર્થ: દિલ્હીના બાવીસ વર્ષીય ફાસ્ટ બોલર હર્ષિત રાણાએ શુક્રવારે પહેલી વાર ભારત વતી રમવાની શરૂઆત કરી ત્યારે તે ખૂબ ભાવુક હતો અને આ ડ્રીમ-ડેબ્યૂ તેણે તેના પિતા પ્રદીપ રાણાને અર્પણ કર્યું હતું.

આઇપીએલમાં ૨૦૨૪ની ચૅમ્પિયન ટીમ કોલકાતા વતી રમી ચૂકેલા હર્ષિતે પર્થની ટેસ્ટના પહેલા દાવમાં ઑસ્ટ્રેલિયાના ટ્રેવિસ હેડ (૧૧ રન), મિચલ સ્ટાર્ક (૨૬ રન) તથા નૅથન લાયન (પાંચ રન)ની વિકેટ લીધી હતી અને કૅપ્ટન જસપ્રીત બુમરાહ (૩૦ રનમાં પાંચ વિકેટ) તેમ જ હર્ષિતના આ સુપર પર્ફોર્મન્સની મદદથી જ ભારત કાંગારૂઓને ૧૦૪ રન સુધી સીમિત રાખીને ૪૬ રનની લીડ લઈ શક્યું હતું.

હર્ષિતે એક મુલાકાતમાં કહ્યું છે, ‘હું ભારત વતી રમું એવું સપનું મેં અને મારા પપ્પાએ ૧૩ વર્ષ પહેલાં જોયું હતું અને એ સપનું હવે સાચું પડ્યું છે. એટલે હું આ ડેબ્યૂ મારા ડૅડીને અર્પણ કરું છું. હેડ-કોચ ગૌતમ ગંભીર મને હંમેશાં કહેતા હતા કે તું ધીરજ રાખ, તારો સમય જરૂર આવશે જ અને એ સમય આવે ત્યારે દેશ વતી શ્રેષ્ઠ પર્ફોર્મ કરવા પૂરતો પ્રયત્ન કરજે. મારા ડૅડી પણ મને હંમેશાં કહેતા કે તું ક્યારથી ભારત વતી રમીશ એની ચિંતા ન કર, કારણકે ઈશ્વરે જે દિવસ નક્કી કર્યો હશે એ દિવસ મોડા વહેલો આવશે જ. એ બાબતમાં બહુ લાંબો વિચાર ન કર.’



હર્ષિત રાણાએ ક્રિકેટલક્ષી જાણીતી વેબસાઇટને મુલાકાતમાં એવું પણ જણાવ્યું કે ‘ભારત વતી રમવાનો (પર્થની ટેસ્ટમાં) એ દિવસ આવી ગયો એની પાછલી રાત્રે મને ઊંઘ જ નહોતી આવતી. મૅચ પહેલાં હું થોડો નર્વસ થઈ ગયો હતો અને મને ઇન્ડિયા કૅપ સોંપવામાં આવી ત્યારે મારે જે થોડી સ્પીચ આપવાની આવી ત્યારે હું રડી પડ્યો હતો અને મારી આંખોમાં હર્ષનાં આંસુ સમાતા નહોતા.’

હર્ષિતે ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટની ૧૦ મૅચમાં ૪૩ વિકેટ તેમ જ આઇપીએલ સહિતની કુલ પચીસ ટી-૨૦ મૅચોમાં ૨૮ વિકેટ લીધી છે. તે ૫૦૦થી વધુ રન પણ બનાવી ચૂક્યો છે. ■

સૌરાષ્ટ્ર આવૃત્તિ

મુંબઈ સમાચાર ઉત્સવ રવિવાર

તા. ૨૪-૧૧-૨૦૨૪

# લાડકી બહેનોએ તારી દીધા 'મહાયુતિ'ના ભાઈઓને..!

**મહારાષ્ટ્રમાં 'મહાયુતિ'એ ધાર્યો નહોતો એવો એમને મહા-વિજય મળ્યો. લોકસભાની ચૂંટણીમાં જોરદાર પછડાટ ખાધાં પછી જબરી વ્યૂહરચનાને લીધે વિધાનસભામાં સત્તાવાપસી થઈ છે... ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારનાં ભાવિ સામે હવે પ્રશ્નાર્થ છે - સત્તામાં કદાચ શિંદે સાથે રહી શકે, પણ ભાજપને હવે અજિત પવારની જરૂર નથી....!**



કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

મહારાષ્ટ્ર - ઝારખંડ વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો આવી ગયાં. મહારાષ્ટ્રમાં ભાજપે જબરદસ્ત દેખાવ કરીને સપાટો બોલાવી દીધો. ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિએ મહારાષ્ટ્ર વિધાનસભાની ૨૮૮ બેઠકોમાંથી ૨૦૦ કરતાં વધારે બેઠકો જીતીને ઝળહળતી સત્તાવાપસી કરી છે. મહાયુતિમાં પણ ભાજપે ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં જીતેલી ૧૦૫ બેઠકો કરતાં ૨૮ બેઠકો વધારે જીતીને ૧૩૩ બેઠકો સાથે સૌથી શાનદાર દેખાવ કર્યો છે.

બીજી તરફ, એકનાથ શિંદેની 'શિવસેના' અને અજીત પવારની 'એનસીપી'એ પણ સારો દેખાવ કર્યો છે એ સ્વીકારવું પડે, તો લોકસભાની ચૂંટણીમાં સપાટો બોલાવનારી 'મહાવિકાસ અઘાડી' (એમવીએ)નાં સૂપડાં સાફ થઈ ગયાં છે. 'એમવીએ'ના ત્રણ પક્ષ ભેગા મળીને ૧૦૦નો આંકડો પણ પાર કરી શક્યા નથી.

મહારાષ્ટ્રમાં ભાજપની આ જીત મોટી છે કેમ કે માત્ર છ મહિનામાં જ ભાજપે બાજીને પોતાની તરફ પલટી છે. ભાજપે જોરદાર વ્યૂહરચના સાથે પોતે લડ્યો હતો એવી બેઠકો પર કબજો કરીને મુખ્ય મંત્રીપદ પર પણ કબજો કર્યો છે. શિંદે 'શિવસેના' છોડીને આવેલા ત્યારે ભાજપે મજબૂરીને ખાતર એમને મુખ્ય મંત્રી બનાવવા પડેલા.

**ઝારખંડમાં ભાજપને સ્પષ્ટ બહુમતી નથી મળી. 'જેએમએમ'-કૉંગ્રેસ-આરજેડીના મોરચાને ફરી સ્પષ્ટ બહુમતી મળતાં એમની આબરૂ સચવાઈ ગઈ છે.**

આ વખતે ભાજપની એવી કોઈ મજબૂરી નથી એ જોતાં મુખ્ય મંત્રીપદ ભાજપને મળશે એ સ્પષ્ટ છે. હા, એકનાથ શિંદે આડા ફાટે તોપણ. ભાજપ અજીત પવારને સાથે રાખીને સરકાર રચી શકે એવી સ્થિતિમાં છે તેથી મહારાષ્ટ્રમાં ભાજપના બેઉ હાથમાં લાડુ છે.

મહારાષ્ટ્રનાં પરિણામોએ કૉંગ્રેસને સ્તબ્ધ કરી દીધો છે કેમ કે કૉંગ્રેસ જીતવાની આશા રાખીને બેઠેલો, પણ શાસક પક્ષની 'લાડકી બહેના' અને ઈન્ટર્નશિપ યોજના જેવાં વચનોએ ભાજપને ફાયદો કરાવ્યો છે.

આ બધા વચ્ચે, ઉદ્ધવ ઠાકરેની 'શિવસેના'એ રાબેતા મુજબ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ગરબડ કરી હોવાનો આક્ષેપ મૂક્યો છે, પણ તેનો અર્થ નથી. 'ગૌતમ અદાણીના પૈસાના જોરે ભાજપ જીત્યો છે' એવા આક્ષેપ પણ થયા છે, જોકે આવા આક્ષેપ સાવ અર્થહીન છે, કારણ કે તેના કોઈ પુરાવા નથી. સંજય રાઉત આ પ્રકારના આક્ષેપો કરવા માટે કુખ્યાત છે તેથી એમની વાતને કોઈ ગંભીરતાથી લેતું નથી.

મહારાષ્ટ્રમાં લોકસભાની ચૂંટણીમાં જોરદાર દેખાવ કરનારી પાર્ટી ધોવાઈ જાય એવું પહેલાં પણ બન્યું છે. ૧૯૯૯માં લોકસભાની ચૂંટણી વખતે 'શિવસેના' અને ભાજપ સાથે મળીને લડેલાં જ્યારે કૉંગ્રેસ અને 'એનસીપી' અલગ અલગ લડેલાં, એ વખતે ભાજપને ૧૫ અને શિવસેનાને ૧૩ મળીને કુલ ૨૮ બેઠક જીતી હતી, જ્યારે કૉંગ્રેસે ૧૦ અને 'એનસીપી'એ ૬ મળીને ૧૬ બેઠક જીતી હતી.

એ વખતે લાગતું હતું કે, વિધાનસભાની ચૂંટણીમાં પણ 'એનડીએ'ને સ્પષ્ટ બહુમતી મળશે અને શિવસેના-ભાજપ ફરી સત્તામાં આવી જશે, પણ વિધાનસભાની ચૂંટણીમાં બાજી પલટાઈ ગઈ હતી.

કૉંગ્રેસ અને 'એનસીપી' વિધાનસભાની ચૂંટણીમાં પણ અલગ અલગ લડ્યાં હતાં, છતાં ભાજપ - 'શિવસેના'ને પછડાટ મળી હતી. કૉંગ્રેસે એકલા હાથે ૭૫ અને એનસીપીએ ૫૮ બેઠક મેળવી હતી. આ પરિણામ પછી કૉંગ્રેસ અને 'એનસીપી'એ હાથ મિલાવી લીધા અને ૧૫ વર્ષ સુધી રાજ કર્યું હતું.

૨૦૧૪માં નરેન્દ્ર મોદીની લહેર આવી ત્યારે કૉંગ્રેસ-એનસીપીને હાર મળી, બાકી ત્યાં સુધી આ જોડાણ અજેય મનાતું હતું. ભાજપે આ અજેય જોડાણને પછાડીને સત્તા કબજે કરી પછી એક દાયકો ભાજપના વર્ચસ્વનો રહ્યો હતો.

આ વખતે પણ એ જ ઈતિહાસ દોહરાવાયો છે કેમ કે લોકસભાની ચૂંટણીમાં ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિ બહુ ખરાબ રીતે ધોવાઈ ગઈ હતી. લોકસભાની ચૂંટણીમાં ભાજપને માત્ર ૯ બેઠકો મળી ને ૧૪ બેઠકો ઘટી હતી. ભાજપના સાથીઓમાં એકનાથ શિંદેની 'શિવસેના'ની ૭ જ્યારે અજીત પવારની 'એનસીપી'ને માત્ર ૧ બેઠક મળી હતી. કુલ મળીને મહારાષ્ટ્રની લોકસભાની ૪૮ બેઠકમાંથી મહાયુતિ ત્રીજા ભાગની એટલે કે ૧૭ બેઠક જીતી શકી હતી. તેની સામે કૉંગ્રેસના નેતૃત્વ હેઠળની 'મહાવિકાસ અઘાડી'નો દેખાવ જબરદસ્ત હતો. કૉંગ્રેસે ૨૦૧૯માં મહારાષ્ટ્રમાં માત્ર ૧ બેઠક જીતી હતી ને ૨૦૨૪માં સીધી ૧૩ પર પહોંચી ગઈ. શરદ પવારની 'એનસીપી' પાસે એક પણ સાંસદ નહોતો બચ્યો ને છતાં પોતે લડેલી ૧૦ બેઠકમાંથી ૮ બેઠક એ ખૂંચવી ગઈ હતી, જ્યારે ઉદ્ધવ ઠાકરેની 'શિવસેના'ને ૯ બેઠક પર જીત મળી હતી.

આમ 'મહાવિકાસ અઘાડી' (એમવીએ) કુલ ૩૦ બેઠક જીતીને છવાઈ ગઈ ત્યારે લાગતું હતું કે, વિધાનસભાની ચૂંટણીમાં પણ 'એમવીએ' સપાટો બોલાવશે, પણ આજે પરિણામ સાવ અલગ જ આવ્યાં છે.

ભાજપ માટે વિધાનસભાની પેટાચૂંટણીમાં ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ પણ મહત્વનાં હતાં. ઉત્તર પ્રદેશમાં પણ લોકસભાની ચૂંટણીમાં મહારાષ્ટ્રની જેમ ભાજપનું ભારે ધોવાણ થયું હતું. સમાજવાદી પાર્ટી અને કૉંગ્રેસે ભેગા મળીને ભાજપના ભુક્કા બોલાવી દીધા હતા, પણ વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપનો હાથ ઉપર છે. યુપીમાં ૯ બેઠકની પેટાચૂંટણી હતી ને તેમાંથી ભાજપે ૭ બેઠક જીતી છે.

આ પરિણામો સ્પષ્ટ રીતે એક વાતનો સંકેત આપે છે કે યુપીની પ્રજા યોગી આદિત્યનાથને હજુય પસંદ કરે છે, પણ ભાજપના કેન્દ્રીય નેતૃત્વથી નારાજ છે. ભાજપમાં નરેન્દ્ર મોદી પછી અમિત શાહને વડા પ્રધાન પદ પર બેસાડવાની હિલચાલ ચાલી રહી છે જ્યારે ભાજપના કાર્યકરોનો મોટો વર્ગ યોગી આદિત્યનાથને મોદીના સાચા વારસ માને છે. અમિત શાહને આગળ કરવાના પ્રયાસો સામે યુપીના મતદારોએ લોકસભાની ચૂંટણી વખતે નારાજગી બતાવી હતી, પણ અત્યારે ફરી યુપી યોગી આદિત્યનાથની સાથે થઈ ગયું છે. રાજસ્થાનમાં પણ લોકસભાની ચૂંટણીમાં પીછેહઠ પછી ભાજપ ફરી બેઠી થઈ ગઈ છે અને શાનદાર જીત મેળવી છે.

ભાજપ માટે પશ્ચિમ બંગાળ પણ મહત્ત્વનું છે. બંગાળમાં પણ છ બેઠક માટે મતદાન હતું ને તમામ છ બેઠકો પર મમતા બેનરજીની તૃણમૂલ કૉંગ્રેસ જીતી છે. તેનો અર્થ એ થયો કે, ભાજપ પાસે બંગાળમાં મમતાને હરાવવાનો કોઈ તોડ નથી. ભાજપે કોલાકાતાની આર.જી. કર હૉસ્પિટલમાં ટ્રેની ડૉક્ટર પર થયેલા બળાત્કાર અને હત્યાના મામલાને ચગાવવામાં કોઈ કસર નહોતી છોડી, પણ એ મુદ્દો પણ મમતાને હરાવવામાં કામ આવ્યો નથી. મમતા હજુય બંગાળમાં અજેય છે એ વાત સાબિત થઈ ગઈ છે.

જો કે ગુજરાતમાં ભાજપને જોરદાર સફળતા મળી છે. ગેનીબહેન ઠાકોરે લોકસભાની ચૂંટણીમાં કૉંગ્રેસનું ખાતું ખોલાવીને ભાજપને આંચકો આપેલો. ગેનીબહેને ખાલી કરેલી બેઠક કૉંગ્રેસ પાસેથી આંચકીને ભાજપે રંગ રાખ્યો છે.

આ બધા વચ્ચે, ઝારખંડમાં ભાજપ સ્પષ્ટ બહુમતીની આશા રાખતો હતો. સ્પષ્ટ બહુમતી નથી મળી. કૉંગ્રેસ અને 'ઝારખંડ મુક્તિ મોરચા' (જેએમએમ) ને સ્પષ્ટ બહુમતી મળતાં એમની આબરૂ સચવાઈ છે. 'જેએમએમ' અને કૉંગ્રેસ-આરજેડીના મોરચાને સ્પષ્ટ બહુમતી મળતાં ફરી હેમંત સોરેન મુખ્ય મંત્રી બનશે. હેમંત સોરેનને જેલમાં પૂર્યા કે ચંપઈ સોરેનને ભાજપમાં લઈ અવાયા તેનો ભાજપને બહુ મોટો ફાયદો મળ્યો નથી.

આજે જે બીજાં પરિણામો આવ્યાં છે તેમાં વાયનાડમાંથી પ્રિયંકા વાડરાની જીત અપેક્ષિત છે. બીજી બેઠકોનો બહુ ઉલ્લેખ કરવા જેવો નથી, પણ એકંદરે આ પરિણામોમાં ભાજપ સિકંદર સાબિત થયો છે. ઉદ્ધવ ઠાકરેના ભાવિ સામે પ્રશ્નાર્થ છે ને એ જ હાલત શરદ પવારની છે. ભાજપ કોરાણે મૂકી દે તો અજીત પવાર પણ લટકી શકે છે કેમ કે શિંદે સાથે રહે તો ભાજપને હવે અજીત પવારની જરૂર નથી....!

આમ છતાં, સત્તાના ખરા દાવપેચ તો કાલથી ખેલાવાના શરૂ થઈ જશે. ■



ફોકસ
ધિરજ બસાક
feedback@bombaysamachar.com

## અરુણાચલ પ્રદેશના લોકુ મહોત્સવમાં થશે સંસ્કૃતિનાં દર્શન

આપણો દેશ વિવિધ સંસ્કૃતિ અને પરંપરાથી ભરેલો છે. વિવિધ રાજ્યોમાં થતાં મહોત્સવમાં આપણને તે રાજ્યના રીત-રિવાજ જોવા મળે છે. આવો જ એક ઉત્સવ અરુણાચલ પ્રદેશમાં શરૂ થયો છે. ઉત્તર-પૂર્વ અતિશય આકર્ષક અને માયાવી દેખાય છે. અરુણાચલ પ્રદેશમાં નોક્ટે જન-જાતિ દ્વારા મનાવવામાં આવતો આ ઉત્સવ છે. એમાં તમામ જાતિ, સમુદાયના લોકો સાથે આવીને આ ઉત્સવને માણે છે. લોકુ પર્વ એકતા અને ભાઈબંધીનું ઉત્તમ ઉદાહરણ છે. આ ઉત્સવના માધ્યમથી ખેડૂતો સારા પાક માટે ભગવાનનો આભાર માને છે અને આગામી વર્ષ સમૃદ્ધિથી ભરેલું રહે એવી પ્રાર્થના કરે છે. સાથે જ સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવાનો પણ ઉદ્દેશ હોય છે.

વર્તમાન સમયમાં અરુણાચલ પ્રદેશનો 'લોકુ મહોત્સવ' સ્થાનિક લોકોની સાથે જ પર્યટકોને પણ આકર્ષિત કરે છે. આ જ કારણ છે કે અહીં આવતા લોકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ૨૧ નવેમ્બરે શરૂ થયેલો આ ઉત્સવ ૨૫ નવેમ્બર સુધી આયોજિત કરવામાં આવ્યો છે. તિરપ જિલ્લાના મુખ્યાલય ખોંસાના નેહરુ સ્ટેડિયમમાં એની ઉજવણી ચાલી રહી છે. ડિબ્રુગઢ રેલવે સ્ટેશન અને ડિબ્રુગઢ ઍરપોર્ટ સાથે ખોંસા જોડાયેલો છે.

ખોંસામાં અન્ય પર્યટન સ્થળની જેમ વધુ સુવિધાઓ નથી. અહીં હૉટલ્સ અને સરકારી સર્કિટ હાઉસ ખૂબ ઓછાં છે. એથી સ્થાનિક લોકોની મહેમાનગતિ માણવાની તૈયારી સાથે અહીં આવવું જોઈએ. તેમના સ્વાદિષ્ટ પકવાનનો સ્વાદ માણવાની તક મળશે. તેમની સાથે જો સારું વર્તન કરવામાં આવે તો તેઓ પ્રાણ ન્યોછાવર કરી દે છે, પરંતુ ખોટું થાય તો તેઓ ભયાનક સ્વરૂપ ધારણ કરવામાં પાછીપાની નથી કરતાં.

ખોંસામાં આયોજિત 'લોકુ મહોત્સવ'માં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. તો સુમધુર સંગીત વાતાવરણને મનમોહક બનાવી દે છે. આ જ કારણ છે જે લોકો મૂળ અરૂણાચલ પ્રદેશના નથી તેમને અહીં વિવિધ પ્રવૃત્તિઓ આકર્ષિત કરે છે.

આ ફેસ્ટિવલ અનેક રીતે અજોડ છે. આજે પણ આ ઉત્સવ પવિત્ર અને દેશી છે. અહીં ખાણીપીણીની વસ્તુઓ ઉમદા, શુદ્ધ અને ગજબની સોડમથી ભરપૂર હોય છે. અહીં લોકો સાથે લૂંટફાટ જેવી ઘટનાઓ નથી થતી. પાંચ દિવસના આ મહોત્સવમાં શરૂઆતના બે દિવસ સ્થાનિક પૂજા અને પરંપરાના દર્શન કરવા મળે છે. ત્રીજા દિવસથી પારંપરિક નૃત્ય અને સંગીતથી મહેફિલ સજી ઊઠે છે. ખરેખર તો આ ઉત્સવ કૃષિજનો અને સમુદાયની એકતાનું પ્રતીક છે, જેનો આનંદ તો લેવો જ જોઈએ. ■


## સૉલ ઑફ ટૂર કોરિયા-પરંપરા અને આધુનિકતાની અનોખી સફર

**ઔરોરા ટૂર્સના ધવલ જાંગલા સાથે ગયા અઠવાડિયે શરૂ કરેલી સાઉથ કોરિયાની સફર આગળ વધારીએ અને માણીએ સુખદ ફૂડ, આશ્ચર્ય પમાડનાર, રસપ્રદ પ્રાચીન સંસ્કૃતિ તેમજ શેરીઓમાં પણ કુદરતને ખોળે બેઠા હોય એવું નયનરમ્ય ચેરી બ્લોસમવાળું વાતાવરણ.**



ઔરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

**▶ ધવલભાઈ, કુદરત અને આધુનિક ટેકનૉલૉજી બન્નેનો સમન્વય એવા સાઉથ કોરિયાના પ્રવાસમાં શું ખાસ છે?**

આ વિશે જણાવતાં ધવલભાઈ કહે છે, 'કારણ એક હોય તો કહું, સાઉથ કોરિયાની ટૂર શા માટે કરવી જોઈએ એનું તો મારી પાસે લાંબું લિસ્ટ છે. અહીંના સ્વાદિષ્ટ પકવાનો અને ૠતુ અનુસાર બનતી જુદી જુદી વાનગીઓ, ચાર અલગ-અલગ ૠતુઓ જે જુદાં જુદાં સુંદર કુદરતી દૃશ્યો આપે છે. રસપ્રદ ઈતિહાસ, જેની શોધખોળ તો અચૂક કરવા જેવી છે, આકર્ષક પર્વતો અને દરિયાકિનારા, વર્ષ દરમ્યાન ઊજવાતા અનોખા અને અનન્ય તહેવારો, ફ્રેન્ડ્લી લોકલ્સ, ટૂરિસ્ટો માટે સેફ વાતાવરણ, સ્વચ્છ અને કાર્યક્ષમ આધુનિક તેમજ હાઈ-ટેક શહેરો, સુંદર બૌદ્ધ મંદિરો, અન્ય વિકસીત દેશોની તુલનામાં ઓછું ખર્ચાળ છતાં ખરીદી માટેનું સ્વર્ગ છે, કારણ કે અહીં અનેક બજારો અને મૉલ્સ છે. કોરિયામાં મૂકેલું દરેક પગલું એક જર્ની છે. ફ્યુજન, ટ્રેડિશન અને ઈનોવેશનની.

સાઉથ કોરિયાની સફર દરમ્યાન ટૂરિસ્ટો મોટા ભાગે કોરિયાના કલ્ચરનો અમુક ભાગ જ એક્સ્પ્લોર કરે છે અને અહીં પણ ઘણુંબધું છે એક્સ્પ્લોર કરવા માટે. સોલના સ્વાદિષ્ટ સ્ટ્રીટ-ફૂડથી લઈને બુસાનના ખૂબસૂરત ઠંડક આપતા દરિયાકિનારા સુધી દરેક ક્ષણ કોઈએ કલ્પના કરી ન હોય એના કરતાં વધુ સુંદર સ્વપ્ન સમાન છે.'

**▶ ધવલભાઈ, આ શહેરમાં ક્યાં ફરવું અને શું મિસ ન કરવું એ વિશે જણાવો.**

આ વિશે જણાવતાં ધવલભાઈ કહે છે, 'આજે હું તમને સાઉથ કોરિયાની આકર્ષક સુંદરતાથી વાકેફ કરાવવા માગું છું. વાઈબ્રન્ટ શહેર બુસાન અને અદ્ભુત જેજુ આઈલૅન્ડ કે જે દેશની કુદરતી અને સાંસ્કૃતિક અજાયબીઓનું પ્રદર્શન કરતાં બે મુલાકાત લેવા અને જોવાલાયક સ્થળો છે.

બુસાન- બુસાન એ એક આકર્ષક બીચ-સિટી છે. અહીં મને ચિલ વાઈબ્સ મળી. બુસાનમાં મેં કોરિયાના કેટલાક સૌથી સુંદર દરિયાકિનારાઓ, અસંખ્ય મનોહર દરિયાકાંઠાના રસ્તાઓ, ઐતિહાસિક બુદ્ધ મંદિરો, રંગબેરંગી અને કલાત્મક રીતે ડેકોરેટેડ ગામો અને તમામ પ્રકારના સ્ટ્રીટ-ફૂડનો અનુભવ લીધો. આ બધી બાબતોનું બુસાન જાણે ઘર છે.

**▶ સી લાઈફ બુસાન ઍક્વેરિયમ અને હાઉન્ડે સ્કાય કૅપ્સ્યુલ:** બુસાનની લોકલ લાઈફ માણ્યા બાદ મેં સી લાઈફ બુસાન ઍક્વેરિયમની મુલાકાત લીધી જે દરિયાઈ જીવન જોવાના ઉત્સાહીઓ માટે મુલાકાત લેવાનું આવશ્યક આકર્ષણ છે. અહીં દરિયાઈ જીવોની ૨૫૦થી વધુ પ્રજાતિઓ છે જે એક અલભ્ય અનુભવ આપે છે. હાઉન્ડે બીચ પાસે પાણીની અંદરની ટનલ, ઈન્ટરેક્ટિવ પ્રદર્શનો અને વાઈબ્રન્ટ ઈકોસિસ્ટમ્સનું અન્વેષણ કરવાનો એવો અનુભવ મળ્યો જેના માટે વિશ્વભરમાંથી અસંખ્ય મુલાકાતીઓ દરરોજ આવે છે.

**▶ હાઉન્ડે સ્કાય કૅપ્સ્યુલ:** કપલ તરીકે ટ્રાવેલ કરતા લોકો માટે આ પ્લેસ મસ્ટ વિઝિટ છે. અહીંનો અનુભવ ખૂબ રૉમેન્ટિક છે. અહીં એક કૅપ્સ્યુલ જેવા કોચમાં પોતાના પાર્ટનર સાથે બેસી હવામાં ૭ થી ૧૦ મીટર સુધીની ઊંચાઈ પરથી અદ્ભુત દરિયાકાંઠાનાં દૃશ્યો જોતી વખતે આપોઆપ બે કિલોમીટરની મુસાફરી કરો છો. હાઉન્ડે બીચ સ્કાય ઑબ્ઝર્વેટરી, જેને બુસાન એક્સ ધ સ્કાય તરીકે પણ ઓળખવામાં આવે છે, એ બુસાનના સુંદર દૃશ્યો માટે પ્રખ્યાત છે. એમાં હૈન્ડે બીચ, શહેરનો નાઈટ વ્યુ અને અન્ય લૅન્ડમાર્ક્સનો સમાવેશ થાય છે.





**▶ ગામચેઓન કલ્ચર વિલેજ:** ગામચેઓન કલ્ચર વિલેજ પહાડની કિનારે ઊભેલાં રંગબેરંગી ટેરેસવાળા ઘરોની પંક્તિઓ સાથે સાઉથ કોરિયાનું સેન્ટોરિની અથવા બુસાનનું સેન્ટોરિની તરીકે ઓળખાય છે. રંગબેરંગી પેઈન્ટ કરેલાં ભીંતચિત્રો અને રસપ્રદ કલાત્મક શિલ્પોથી ગામને સુંદર રીતે શણગારવામાં આવ્યું છે. ગલીઓ, સડકો, સીડીઓ અને શેરીઓ, બધું જ આકર્ષક છે. તમે એક રંગબેરંગી ગામની મુલાકાત લેવા માગતા હો તો અહીં આવીને મન તરોતાજા થઈ જશે. આ ગામનો આનંદ માણવા માટે મેં તો એક કૅફેમાં બેસીને મસ્તમજાનાં પીણાંઓ અને અહીંની લોકલ સ્વીટ્સનો આનંદ લેતાં-લેતાં અહીંના મનોહર દૃશ્યોના નજારા જોયા જે આજીવન યાદ રહેશે.

Instagram

Website

**▶ સોંગડો સી કેબલ-કાર:** સૂર્યપ્રકાશમાં હેઠળ ચળકતો સમુદ્ર, વિચિત્ર આકારના ખડકોનો આનંદ તમે કેવી રીતે માણી શકો? તો જવાબ છે સોંગડો સી કેબલ-કાર (બુસાન ઍર ક્રૂઝ) મારફત. સોંગડો સી કેબલ-કાર જે રીતે આકાશમાંથી પસાર થાય છે એનો રોમાંચ જુદા જ લેવલનો છે.

**▶ સોંગડો સસ્પેન્શન બ્રિજ:** સોંગડો યોન્ગગુન્ગ સસ્પેન્શન બ્રિજ પર તમે સોંગડો તેમ જ અમનમ પાર્ક કોસ્ટલ ટ્રેલ, આ સંપૂર્ણ સુમેળમાં તમને આધુનિક ઈમારતો, મહાસાગરો, મહાકાય ખડકો અને વાદળી આકાશ જોવાનો લ્હાવો મળે છે અને આવો સમન્વય બીજે ક્યાંય નથી.

**▶ ચેઓનજિયોન ધોધ:** અહીં ખડકની ભેખડમાંથી શુભ્ર-સફેદ પાણી ગર્જના સાથે પડે છે જે છેક આકાશથી જમીન સુધી પડતું હોય એવું દૃશ્ય ઊભું થાય છે. ધોધનન નામનો અર્થ થાય છે જમીન સાથે જોડાયેલ આકાશ. આ ધોધ બાવીસ મીટર ઊંચો અને બાર મીટર પહોળો છે.

**▶ સીઓનજ્યુપ ફોક વિલેજ:** જેજુ ટાપુ પર માઉન્ટ હલ્લાની તળેટીમાં આવેલું એક નાનકડું શહેર છે. જ્યાંની સંસ્કૃતિ વ્યાપક છે.

સિઓનજ્યુપ ફોક વિલેજ ઐતિહાસિક અને સાંસ્કૃતિક અનુભવો આપે છે. અહીં હેનબોક (પરંપરાગત કોરિયન કપડાં) પહેરીને ફોટોગ્રાફી કરવાની, તીરંદાજી કરવાની, રંગીન કાપડ તેમ જ અન્ય શૉપિંગ કરવાની મજા છે.

**▶ ધવલભાઈ, તો શું આવતા વર્ષમાં કોરિયા એ ટ્રાવેલર્સ માટે ફરવાનું ફેવરિટ સ્થળ બની જશે?**

આ વિશે ધવલભાઈ કહે છે, 'અમને ૨૦૨૫માં સાઉથ કોરિયાની ટ્રિપ્સ માટે ખૂબ ઈન્કવાયરીઓ આવી રહી છે અને અમને વિશ્વાસ છે કે પ્રવાસીઓ આ દેશની સુંદરતા અને આધુનિકતાથી મોહિત થશે. અહીંની સમૃદ્ધ સંસ્કૃતિ, અદ્ભુત લૅન્ડસ્કેપ્સ અને વાઈબ્રન્ટ શહેરોની મુલાકાત કરાવવા માટે અમે તૈયાર છીએ અને આ આકર્ષક ડેસ્ટિનેશન માટે ઘણાં બધાં બુકીંગની અપેક્ષા રાખીએ છીએ.' ■

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**બસ્તા** શેઠની સામે છાતી ફુલાવીને ઊભેલા જોરાવરે કડક અવાજમાં કહ્યું: 'શેઠ, હું ટેક્સીની પાછળ જ હતો. ચંદનનો ખેલ ખતમ. નજરે જોઇને આવ્યો.'

'શાબ્બાશ જોરાવર. મને છપ્રાથી ફોન આવી ગયેલો કે પોલીસ બબલુને લઇને કોઇપણ ઘડીએ મુંબઈ પહોંચશે. ચંદનિયાનો ભરોસો નહીં. પોલીસ સામે મોંઢું ખોલી નાખે. ચંદન જીવી જાય તો હું મરી જાઉં.'

'શેઠ, પણ બબલુ મોઢું ખોલી નાખશે તો.?' જોરાવરે સવાલ કર્યો.

'બબલુને મારી ક્યાં ખબર છે...એને એક રાત સાંચવી લેવાનો સોદો તો એના આકા સાથે થયો તો....ને એનો આકા પરદેશમાં બેઠો છે.'

'શેઠ, બબલુ ભરૂચથી પાછો છપ્રા કઇ રીતે પહોંચી ગયો.?' જોરાવરે પૂછ્યું.

'જેમ ચંદન અભેસંગભાઇના ડેલામાંથી અહીં આવી ગયો....મારા માટે ખતરો એકમાત્ર ચંદન હતો....ખતરો ટળી ગયો....જોરાવર, લે પાર્ટી કર.' બસ્તા શેઠે એને એક બોટલ પકડાવતા કહ્યું.

જોરાવરે માથું નમાવીને બોટલ બગલમાં દબાવી અને પાછલા પગે...શેઠને પીઠ બતાવ્યા વિના નીકળી ગયો. ચંદનનો કિસ્સો જોયા પછી કદાચ જોરાવર જાણી ગયો હતો કે શેઠને પીઠ ન બતાવાય....ક્યારે પીઠમાં ખંજર ભોંકે કહેવાય નહીં.

****************

'બબલુ, રૂમ મેં ઓર કૌન થા..?' છપ્રા પોલીસની સાથે આવેલા લોકલ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર વાગલેએ પૂછ્યું.

'મૈંને બતાયાના સાબ આપ કો...ઇન કા હસબેન્ડ થા.'

'મેડમ, આપકા હસબન્ડ કહાં હૈ.?' વાગલેએ સીમાને પૂછ્યું.

'મુઝે માલૂમ નહીં....કૂછ દિન સે ઘર નહીં આયે.'

'તુમને પોલીસ કમ્પલેઇન્ટ ક્યું નહીં લિખવાયા.?'

'ઉસકી આદત હૈ...બીચ બીચ મેં ઘર નહીં આતા....તો મુઝે ભી આદત હો ગઇ હૈ'

'નામ ક્યા હૈ તુમ્હારે પતિ કા?'

'ચંદન'

'મેડમ પૂરા નામ બતાને કા.'

'ચંદન છન્નુલાલ સોનાર'

'ક્યા કરતા હૈ વો?'

'ટેક્સી ચલાતા હૈ.'

'વો જબ ભી આયે તો ઉનકો બોલના સાયન પોલીસ સ્ટેશન આ કે મિલને કા.'

'ચલો' ઇન્સ્પેક્ટર વાગલેએ છપ્રા પોલીસને કહ્યું.

**********************

સાયન પોલીસ સ્ટેશનમાં બિહાર પોલીસ ઇન્સ્પેક્ટર, અન્ય સહાયક પોલીસ ઇન્સ્પેક્ટર અને ઇન્સ્પેક્ટર વાગલે બબલુ કેસની ચર્ચા કરતા બેઠા હતા.

'સા'બ, ચંદન કો પક્કી ખબર મિલ ગઇ કી હમ લોગ આ રહે હૈ...ઇસલિયે વો ગાયબ હો ગયા. હમેં ચંદન કો પકડના ઝરૂરી હૈ...તાકી હમ ઉનકે ઝરિયે ઉસ આદમી તક પહુંચ સકે...જિસ કા કામ એસે ભગોડો કો પનાહ દેને કા હૈ.' છપ્રાના પોલીસ ઇન્સ્પેક્ટરે કહ્યું.

'મુશ્કીલ હૈ ઉન તક પહુંચના...ક્યું કી જિસને યે ઇન્ફર્મેશન બમ્બઇ કે આદમી કો દી હૈ...વો તો વિદેશ મેં બૈઠા હૈ. ઔર એક બાત...આપ કે બમ્બઇ આને કી ખબર વિદેશ મેં બૈઠે ડોન કો કિસને દી....યે સોચો.'

'કિસ ને દી.?' છપ્રા પોલીસ ઇન્સ્પેક્ટરે પૂછ્યું...

'આપકી હી પુલીસ ને..'

'હમેં ચંદન મિલ જાયે બસ....હમ ભગોડો કો પનાહ દેનેવાલે કા નામ ઉસસે ઉગલવાયેંગેં....જૈસે બબલુ સે ચંદન કા નામ ઔર એડ્રેસ ઉગલવાયા.'

**********************

બીજે દિવસે વહેલી સવારે કોઇએ સીમાના ઘરનો દરવાજો જોર જોરથી ખખડાવ્યો. લોકલ પોલીસ, છપ્રા પોલીસ, બબલુ, ચંદનનું ફરી ગૂમ થવું....આવા બધા વિચારો વીંટાળીને સૂતેલી સીમા સફાળી ઊભી થઇ ગઇ.

'કોણ?' એણે પૂછ્યું.

'પોલીસ.' ઇન્સ્પેક્ટર વાગલેનો કડક અવાજ આવ્યો. થરથર કાંપતી સીમાએ દરવાજો ખોલ્યો.

'આપકો હમારે સાથે ચલના હોગા, મેડમ.' વાગલેની બાજુમાં ઊભેલી લેડી હવાલદારે કહ્યું.

'ક્યા હુઆ.?' સીમાના ગળામાંથી માંડ અવાજ નીકળ્યો.

'કલ રાત હમ તુમ સે પૂછતાછ કર રહે થે તબ તુમ્હારે પતિ કા એક્સિડેન્ટ હો ગયા. ઉસ કી મૌત..' ઇન્સ્પેક્ટર વાગલે એટલું બોલ્યા ત્યાં સીમાના મોંથી ચીખ નીકળી ગઇ. 'ચંદન.' એ મૂર્છા ખાઇને પડવાની હતી ત્યાં જ લેડી હવાલદારે એને ઝાલી લીધી. પાણી પીવડાવતા કહ્યું: 'તુમ ઠીક હો અબતો ચલો લાશ કો પહેચાનની હૈ.' લેડી હવાલદાર બોલી.

********************

ગલીને નાકે ટેલિફોન બૂથને જોઇને ઇન્સ્પેક્ટર વાગલેએ કહ્યું: 'અગર તુમ કિસી કો બુલાના ચાહતી હો તો ફોન કર લો.' સીમાએ માથું હલાવીને ના કહી.

'મૈં એક કોલ કર લેતા હું..' કહીને એણે એક ફોન લગાવ્યો.

'હેલો...તુમ લોગ હૉસ્પિટલ પહોંચો...ઉધર હી મિલતે હૈ' વાગલેએ ફોન પર કોઇને કહ્યું. એટલામાં સ્કૂલે જઇ રહેલા બૂથમાં બેઠેલી અંધ મરિયાના દિકરા ઝેવિયરે સીમાને જીપમાં બેઠેલી જોઇ. એ દોડતો આવ્યો. 'મમ્મા, પુલીસ સીમા આન્ટી કો પકડ કે લે જા રહી હૈ.' મરિયા સતર્ક થઇ ગઇ. એણે તરત જ બૂમ મારીને પૂછ્યું: 'સીમા, હૉસ્પિટલ મેં કૌન હૈ.? પુલીસ ક્યું આઇ હૈ..?'

> 'ઇન્સ્પેક્ટર સા'બ ઔરત ગાંવ કી હો યા શહેર કી...ઔરત ઔરત હોતી હૈ.' મરિયા બોલી.

'ઉનકા હસબન્ડ એક્સિડેન્ટ મેં મર ગયા હૈ.' વાગલે બોલ્યો.

એક મિનિટ સા'બ. મરિયા ઘંટડીવાળી લાકડી લઇને બહાર નીકળી. ઝેવિયેર એને પોલીસની જીપ સુધી લઇ ગયો.

'સીમા, મૈં આ રહી હું તેરે સાથ.' પાછળ જ આવી રહેલા ઇન્સ્પેક્ટર વાગલેએ કહ્યું: મેડમ, લાશ કો પહેચાનને મેં આપ કા ક્યા કામ હૈ.'

'મૈં લાશ કો પહેચાન નહીં સકતી, સીમા કો સંભાલ તો સકતી હું ના સા'બ.' મરિયાએ નાકની દાંડી પર ટકેલા કાળા ચશ્મા બરાબર ગોઠવતા કહ્યું. વાગલેએ એને લેડી હવાલદારની બાજુમાં બેસાડી. મરિયા સીમાનો હાથ પકડીને બેસી રહી. પોલીસની જીપ રવાના થઇ ને બૂથમાં ફોનની ઘંટડી વાગી. ઝેવિયરે ફોન ઊંચક્યો.

'હેલો...મૈં અભિ બોલ રહા હું...સીમા કો બુલા કર લાઓગે.?'

*********************

અભિ સાયન હૉસ્પિટલ પહોંચ્યો. દૂરથી ત્યાનું દૃષ્ય જોઇને ઊભો રહી ગયો.

મોર્ગમાં સીમા અને મરિયા એક ખૂણામાં ઊભાં હતાં અને પોલીસ બબલુને લઇને સ્ટ્રેચર પાસે ઊભી હતી. લાશ પરથી કપડું હટાવ્યું કે તરત જ વાગલેએ પૂછ્યું: 'યહી હૈ ચંદન....જિસ કી રૂમ મેં તુ રહા થા.?' બબલુએ ડોળા ફેરવતા માથું ધુણાવ્યું.

'હાં યા ના બોલ..' વાગલેએ બૂમ મારી.

'હાં...યહી હૈ.'

'લે જાઓ ઇસે' વાગલેએ કહ્યું. પોલીસ બબલુને લઇને નીકળી ગઇ...અભિ મામલો પામી ગયો. લાશને ઓળખવા માટે સીમાને બોલાવાઇ. લેડી હવાલદાર એને પકડીને ઊભી રહી. સીમાએ મોટેથી ચીસ પાડી: 'ચં...દ...ન....' અભિને થયું એને જઇને સીમાને પકડી લે....સંભાળી લે...એનાં આંસુ લૂછે, પણ પોલીસની હાજરીએ એને અટકાવ્યો. ચંદન લાપત્તા હતો....અચાનક એનું મોત થયું...બબલુને પકડીને લવાયો. આવી પરિસ્થિતિમાં હકીકત જાણ્યા વિના પોલીસની સામે હાજર થવું જોખમી હતું. આટલી વાત સહજ રીતે સમજી ગયેલો અભિ દૂર એક ખૂણામાં ઊભો રહીને જોવા લાગ્યો.

'મેડમ, ચંદન દારૂ પી કે ટેકસી ચલાતા થા..કેસ તો એક્સિડેન્ટ કા સાફ દિખતા હૈ. બસ, થોડી ઇન્કવાયરી બાકી હૈ...પોસ્ટમોર્ટમ રીપોર્ટ કે બાદ લાશ સોંપેંગે.'

'ચંદન કભી દારૂ પી કર ટેક્સી નહીં ચલાતા થા' જીવતી લાશની જેમ ઊભેલી સીમા બોલી. મરિયા સતત એની પીઠ પર હાથ ફેરવી રહી હતી.

'દોનોં કો ટેક્સી મેં બૈઠા દો' વાગલેએ ત્યાં હાજર એક હવાલદારને કહ્યું.

અચાનક એક માણસ દોડતો ઇન્સ્પેક્ટર વાગલે પાસે પહોંચ્યો.

'સા'બ, મૈં મોતીબાબુ હું. ચંદન કા દોસ્ત...ઉસકી દુસરી ટેક્સી મૈં ચલાતા હું...ભાડે પે.' વાગલેએ એને પગથી માથા સુધી જોયો.

'લાશ કો પહેચાનો.' વાગલેએ કહ્યું.

'યહી ચંદન હૈ...સા'બ મુઝે આપસે કુછ બાત કરની હૈ.' મોતીબાબુએ આસપાસ નજર કરતા કહ્યું.

'ઇનકો જાનતે હો?' વાગલેએ સીમાને બતાવતા પૂછ્યું.

'હાં, ચંદન કી પત્ની સીમાદેવી હૈ.....કભી મિલા નહીં...અંદાઝા લગાયા.' 'સોરી સીમા મેડમ, આપકો પુલીસ સ્ટેશન ચલના હોગા....થોડી ઓર પૂછતાછ કરની પડેગી.' વાગલેએ કહ્યું. સીમાએ મરિયાનો હાથ જોરથી દાબી રાખ્યો.

'ફિકર નહીં કરને કા...મૈં હૈ તેરે સાથ. ચલો સા'બ.'

*******************

પોલીસ સ્ટેશનમાં વાગલેની સામે બેસીને મોતીબાબુએ વાત શરૂ કરી: 'સા'બ, મુઝે લગતા હૈ યે એક્સિડેન્ડ નહીં...મર્ડર હૈ.'

'તુમ કો કેસે પતા...તુમ્હારે પાસ કોઇ પક્કી ખબર હૈ.....સબૂત હૈ.?'

'રોજ રાત કો ટેક્સી કા હિસાબ લેને આનેવાલા ચંદન...પૈસે લેને મેં દો દો ચાર ચાર દિન લગાને લગા...કઇ દિનોં સે મૈં ઉનકી રાહ દેખ રહા હું. સા'બ, આદમી કે પાસ જબ ઝ્યાદા પૈસે આને લગતે હૈ ના તબ ઉનકે તેવર બદલ જાતે હૈ.'

'કિતને દિનોં સે વો હિસાબ લેને નહીં આયા.?' વાગલેએ પૂછ્યું.

'સા'બ, કમસે કમ સતરા અઠરા દિન હો ગયે...અચાનક ખબર મિલી કી ઉસકા એક્સિડેન્ટ......નહીં સા'બ, મુઝે દાલ મેં કૂછ કાલા લગતા હૈ.' મોતીબાબુએ માથું ડોલાવતા કહ્યું.

'તુમ કો કિસી પે ડાઉટ હૈ.?' વાગલેએ પૂછ્યું.

'સા'બ....ઉસકા કોઇ ફ્રેન્ડ સર્કલ નહીં...કોઇ લડકી કા ચક્કર નહીં...શંકી આદમી થા. કભી કિસી કો ઘર પે નહીં બુલાતા. મૈં ઇતને ટાઇમ સે ઉસકી ટેક્સી ચલાતા હું...દોસ્તી ભી બોલ સકતે હો આપ....લેકિન કભી અપને ઘર નહીં લે ગયા.'

'ઉસકી વાઇફ કે બારે મેં ક્યા જાનતે હો..?'

'પહેલી બાર દેખા ઉનકો...કૂછ નહીં કહે સકતા.'

'તૂમ જાઓ.' વાગલેએ એક હવાલદારને સીમાને બોલાવવાનું અને મોતીબાબુનું સરનામું અને બીજી ડિટેલ લખી લેવાનું કહ્યું.

****************

મરિયા અને સીમા વાગલેની સામે બેઠાં. મરિયાએ સીમાનો હાથ પકડી રાખ્યો હતો અને એને ધીરજ બંધાવવા વચ્ચે વચ્ચે બીજા હાથે થપથપાવતી હતી.

'મેડમ, તુમ ચંદન કે દોસ્ત મોતીલાલ કો કભી મિલી હો?'

'નહીં?'

'ચંદનને ઉનકો અપની ટેકસી ભાડે પે દે રખી હૈ...પતા હૈ તુમકો.?'

'હાં પતા થા...લેકિન કિસ કો દિયા...પતા નહીં થા.'

'ચંદન તુમ્હારી દુસરી રૂમ મેં કિસ કો લાતા થા...કિસ કો રખતા થા ઇસ બાત કા ભી તુમ્હે કોઇ અંદાઝા નહીં હૈ.?'

'નહીં....બિલકુલ નહીં. વો કહેતા થા મેરા એક દોસ્ત...એક રાત કે લિયે આનેવાલા હૈ. કભી મિલાતા નહીં થા.'

'ક્યા ચંદન ગે થા?' સાંભળીને સીમા નીચું જોઇ ગઇ.

'નહીં...વો ગે નહીં થા.'

'અપના પતિ ક્યા કર રહા હૈ.? ઉનકા દોસ્ત લોગ કૌન હૈ? રૂમ મેં કિસ કો લાતા હૈ..રખતા હૈ.? તુમ કો કૂછ પતા નહીં હૈ....યે બાત મૈં કૈસે માન લું.?'

'સચ બોલતી હું. મુઝે કુછ પતા નહીં હૈ.'

'તુમ કોઇ ગાંવ કી છોરી તો હો નહીં...બમ્બઇ મેં રહેતી હો.' સીમાનો અવાજ ગળગળો થઇ ગયો.

'સા'બ ઔરત ગાંવ કી હો યા શહેર કી...ઔરત ઔરત હોતી હૈ.' મરિયા બોલી.

'આપ દોનોં જા સકતે હો.' વાગલેએ કહ્યું.

પોલીસ સ્ટેશનની બહાર નીકળીને ટેક્સીમાં બેસતાં જ મરિયાએ પૂછ્યું: 'સીમા, તુમને ઉસ સ્ટ્રગલર કે બારે મેં પુલીસ કો ક્યું કૂછ નહીં બતાયા.?'

(ક્રમશઃ)■

આકાશ મારી પાંખમાં
કલ્પના દવે
feedback@bombaysamachar.com

# યે દિન ભી જાયેંગે



**આસામના** અદિતપુર ગામમાં એક ગરીબ ખેડૂતની સાડત્રીસ વર્ષની દીકરી ઉમિકા છે. બે સંતાનની માતા ઉમિકા એના દાદા-દાદી સાથે રહેતી હતી. હાલમાં ઉમિકા તેના બે સંતાનો ૧૨વર્ષનો શંકર અને ૯ વર્ષની દીયાને દાદા-દાદી પાસે રાખીને તે કામની શોધમાં મુંબઈ આવી ગઈ છે. એ મુંબઈના હાઈવે પર આવેલી કોઈ હોટલમાં કામ કરે છે.

તે દિવસે રાતના સાડા આઠ વાગે ત્રણ આધેડ વયના ખૂંખાર જણાતા પુરુષો હોટલના કાઉન્ટર પાસે આવ્યા. શિયાળાને કારણે ઠંડીનું જોર હતું. રસ્તા પર કોઈની ખાસ અવરજવર ન હતી. કાઉન્ટર નજીકના સામેના ટેબલ પર એક માણસ સાથે બે ગભરાયેલી પંદરેક વર્ષની બે છોકરીઓ એક-બીજાને લગોલગ બેઠી હતી.

બીજા બે પુરુષોમાંનો દાઢીવાળો ખૂબ બિહામણો લાગતો હતો, જ્યારે બીજો ભણેલો અને શહેરી જણાતો હતો. દાઢીવાળાએ ઉમિકાને કહ્યું-

દો રૂમ- તીન દિન કે લિયે બુક કરો.

કયા નામ લિખું ? ઉમિકાએ કોમ્પ્યુટરમાં ડીટેલ ભરતાં પૂછયું.

લીખો રામભાઈ ઔર મંગેશ રાય

પછી પેલા બાજુમાં ઊભેલા યુવાન સામું જોઈ તુમ બાત કરો.

પેલા યુવકે કહ્યું- દેખો સબ ઈનફોર્મેશન તુમ દો.

મેરા કામ સિર્ફ પેમેન્ટ કા હે- દાઢીવાળાએ ડોળા કાઢતા કહ્યું.

ઉમિકાને શંકા ગઈ. પેલી બે કન્યા હજુ ગભરાયેલી જ હતી. ઉમિકા મનોમન વિચારવા લાગી કે આ દાઢીવાળો, આ યુવાન કે સામે બેઠેલામાંથી કોઈ રામભાઈ લાગતું ન હતું.

તે પછીની વિગતોમાં અને મોબાઈલ નંબર પણ નવ ડિજિટના જણાયા.

કિતના પેમેન્ટ કરને કા પેલા યુવકે પૂછયું.

ઉમિકાને લાગ્યું કે નક્કી આ લોકોએ આ બે દીકરીઓનું અપહરણ કર્યું છે, એને ફસાવી રહ્યા છે. મારે આ દીકરીઓનું રક્ષણ કરવું જોઈએ.

સાહબ, આપ બૈઠો, હમારે મેનેજર ૧૦-૧૫મિનિટ મેં આતે હૈ. કોણ જાણે કેમ આ દીકરીઓને જોતાં ઉમિકાને અદિતપુરમાં પોતાના માટે ઝૂરતી દિયા દીકરી નજર સામે તરવરી રહી.

ઉમિકાના નાની ઉંમરે અજોય સાથે લગ્ન થયા, અઢાર વર્ષે દીકરાનો જન્મ-નામ શંકર. ઉમિકાનો હસબન્ડ અજોય ટ્રાવેલિંગ એજન્સીમાં કામ કરે. વિદેશી સહેલાણી સંગતે દારૂની લતે ચઢ્યો. મેમના રૂપને ઝંખતા અજોયને ઉમિકા જરાય ન ગમે. દસ-પંદર દિવસે, કયારેક બે મહિને ઘરે આવે. ઘર ચલાવવા ઉમિકા ખેત મજૂરી કરતી.

તે રાત્રે ઉમિકાએ અજોયને કહ્યું- હું માતા બનવાની છું.

સાચું કહે, આ કોનું પાપ છે?

નવ મહિને આ દિયા આવી. આજે એ વાતને નવ વર્ષ થઈ ગયા. અજોય એક વાર દીકરીને જોવા આવ્યો હતો. પછી કોઈ અંગ્રેજી મેડમ સાથે કેનેડા જતો રહ્યો. આજે ભૂતકાળની સ્મૃતિ ઉમિકાને ડંખી રહી હતી. તે વખતે હું પણ આ છોકરીઓ જેવી જ ગભરુ હતી ને ! મારે આ દીકરીઓને બચાવવી જ જોઈએ.

પેલો મૂછાળો આધેડ વયનો માણસ અને શહેરી યુવક હોટલની રૂમ જોવા ઉપર ગયા. દીકરીઓ સાથે બેઠેલો માણસ એના મોબાઈલમાં કંઈક જોવામાં મશગુલ હતો. આ તકને ઝડપી લેતાં ઉમિકા પેલા ટેબલ નજીક ગઈ અને એક છોકરીને હળવેથી કહયું-

તમે આ લોકોને ઓળખો છો, શું આ લોકો તમને હેરાન કરે છે ?

હા, આ લોકોએ અમને ખૂબ માર્યા છે. એક છોકરી બોલી.

ઉમિકાએ મોઢા પર આંગળી મૂકતાં કહ્યું- તમે વોશરૂમમાં જાઓ. હું આવું છું. જરા ય ડરતા નહીં. કહેતા એ કાઉન્ટર પર ગઈ.

પેલી બે દીકરીઓમાં હિંમત આવી. મોબાઈલવાળા માણસને ડરતાં અવાજે બાથરૂમ જવા રજા માગી. મોબાઈલમાં જ માથું રાખી એણે હાથ વડે જવાનો ઈશારો કર્યો.

હોટલના સિનિયર ઉત્તમભાઈને કાઉન્ટર સોંપીને ઉમિકા વોશરૂમમાં ગઈ.

જુઓ, હવે તમે સુરક્ષિત છો, જરા ય ગભરાતા નહીં. હું તમારી સાથે જ છું. ઉમિકાએ બંનેને કહ્યું.

આ લોકો કોણ છે, તમે ઓળખો છો.?

હું રાજેશ્રી અને આ માનસી અમે સૂરતની એક કોલેજની હોસ્ટેલમાં રહીને ભણીએ છીએ. બપોરે સાડાત્રણ વાગે હોસ્ટેલના ગાર્ડનમાં લટાર મારતા હતા, ત્યારે આ અજાણ્યા ત્રણે જણા અમારી નજીક આવ્યા. આ બીક લાગે તેવા માણસે પહેલાં તો કોઈ સાહેબનું નામ દઈ વાતો શરૂ કરી અને બીજા બે માણસોએ થોડા નજીક આવીને અમારા મોઢામાં ડૂચા ખોસ્યા. અને કોઈ ઝેરી રૂમાલ વડે નાક દબાવી દીધું. બપોરનો સમય એટલે હોસ્ટેલમાં પણ કોઈની અવરજવર ન હતી. અમે છૂટવા માટે ખૂબ વલખાં માર્યા, પણ, પેલા ઘેનની અસરથી અમારામાં કોઈ હોશ નહીં હોય. એવું યાદ છે કે અમને કોઈ ઘસડતું હશે. રાજેશ્રીએ કહ્યું.

મેડમ, અમને બચાવી લો. આ લોકો અમારી લાજ લૂંટશે- કે કોઈ જગ્યાએ વેચી મારશે. માનસીએ હાથ જોડીને કહ્યું.

મેડમ, જયારે હું જરા ભાનમાં આવી ત્યારે અમે એક કારમાં હતા, કોઈ કાળા બુરખાધારી ૪૦ વર્ષની મુસ્લિમ મહિલા ફોન પર કંઈક બોલી- હાં માલ મિલ ગયા હૈ. પછી કાર ઊભી રહી. એ મહિલા જતી રહી અને એક યુવક મારી બાજુમાં ચપોચપ બેસી ગયો. મેડમ હવે શું થશે- રાજેશ્રી બોલી.

તમને હવે કંઈ નહીં થાય. આ લેડીઝ વોશરૂમમાં કોઈ આવી શકશે નહીં. અમારા હોટલની મીની બસમાં હમણાં હું તમને મારા ઘરે લઈ જઈશ.

અને પછી કાલે તમને તમારી હોસ્ટેલમાં મૂકવા આવીશ.

મેડમ, તમે અમને બચાવી લીધા.

ઉમિકાએ ઉત્તમભાઈને હકીકત જણાવી.

પેલા ત્રણ શખ્સ અંદરઅંદર બૂમાબૂમ કરતા હતા.

પેલા યુવકે પૂછયું- મેડમ કહાં ગયે, હમે ઉપરકા રૂમ ચાહિયે.

મેડમ કા ડ્યુટી પૂરા હો ગયા. મેરે સાથ બાત કરો. ઉત્તમભાઈએ કહ્યું.

અરે, બાત બાદમેં કરેંગે, પહેલે યે બતાઓ કી લડકિયાં કહાં હૈ મૂછાળાએ બૂમ મારી.

લેડીઝ વોશરૂમની બહાર ઊભા રહીને પેલા મોબાઈલ પ્રેમીએ હોટલમાં સફાઈ કામ કરતી બાઈને અંદર જોવા માટે કહ્યું કે જો અંદર અમારી બે છોકરીઓ છે, એમને કહે કે અંકલ બોલાવે છે.

આખરે ત્રણે શખ્સો સમજી ગયા કે શિકાર છટકી ગયો, પણ કોને કહે?

હોટલથી દશ મિનિટ દૂર ઉમિકાનું ઘર હતું. પતિથી ત્યકતા થયેલી ઉમિકાના સંતાનોના ફોટો-વિડિયો જોતાં રાજશ્રી અને માનસીની આંખો ભરાઈ આવી.

બાર વર્ષનો દીકરો શંકર અને નવ વર્ષની દિયાને આસામની એક હોસ્ટેલમાં ભણાવવા આ માતાએ કેટલો બધો ત્યાગ કર્યો છે. પતિના પ્રેમથી વંચિત, અદિતપુર ગામને છોડીને મુંબઈ હાઈવે પર હોટલમાં કામ કરે છે. પોતાનાં સંતાનોના ઉજજવળ ભવિષ્ય માટે કેટલો મોટો ત્યાગ ! પોતાના વૃધ્ધ દાદા-દાદીએ આ નાના છોકરાં ઉછેરવામાં સાથ આપ્યો, તો સરકારી મદદ વડે ખેતમજૂરો રાખ્યા અને દાદા-દાદાને રાહત આપી રહી છે.

******

હમણાં હોટલમાંથી એક અઠવાડિયાની રજા મળી ત્યારે ઉમિકા ગામ ગઈ હતી. પણ તે વખતે સ્કૂલમાં પરીક્ષા ચાલતી હોવાથી હોસ્ટેલમાંથી બંને છોકરાંઓને ઘરે આવવાની રજા ન આપી. ઉમિકાની ભલામણથી એક રાત માટે રજા આપી.

તે રાત્રે દિયાએ મમ્મીને ખુશ કરવા સ્કૂલમાં શીખવેલું આસામી લોકનૃત્ય કર્યું. દીકરા શંકરે કહ્યું- મમ્મી, હું ખૂબ ભણીશ, મોટો થઈને ખૂબ કમાઈશ. તને સુખી કરીશ. મમ્મી, યે દિન ભી જાયેંગે. ■

વિશેષ
કીર્તિ શેખર
feedback@bombaysamachar.com

# ૧૧ વર્ષ, ૪૦ હજાર વૃક્ષો મળો ચિત્રકૂટના ટ્રી-મેનને !



આ બાબા ભૈયારામ યાદવની વાત છે, જેને ચિત્રકૂટના 'ટ્રી મેન' કહેવામાં આવે છે. ઉત્તર પ્રદેશના ચિત્રકૂટ જિલ્લાના ભરતપુર ગામના રહેવાસી ભૈયારામે ૨૦૦૭માં શપથ લીધા હતા કે તેઓ માત્ર વૃક્ષો માટે જ જીવશે. આજે લગભગ ૧૧ વર્ષ બાદ તેઓ પોતાનાં બાળકોની જેમ વાવેલા ૪૦ હજાર વૃક્ષોની કાળજી લઈ રહ્યા છે. તેના નિર્ણય પાછળનું કારણ તેના જીવનમાં બનેલો અકસ્માત છે. તે કહે છે કે પહેલાં મારા જીવનમાં કોઈ હેતુ નહોતો. મારા લગ્ન થયા અને એક પુત્ર થયો, પરંતુ ૨૦૦૧માં અમારા પુત્રને જન્મ આપતી વખતે મારી પત્નીનું અવસાન થયું, સાત વર્ષ પછી ૨૦૦૭માં મારો પુત્ર પણ બીમારીને કારણે ગુજરી ગયો અને હું એકલો પડી ગયો. પછી મેં નક્કી કર્યું કે હવે હું મારા માટે નહીં, પણ બીજા માટે જીવીશ. પોતાની પત્ની અને પુત્રથી અલગ થઈને ભૈયારામ ચિત્રકૂટમાં ભટકવા લાગ્યા.

આ દરમિયાન તેમણે વન વિભાગનું સૂત્ર વાંચ્યું, 'એક વૃક્ષ ૧૦૦ પુત્ર સમાન'. ભૈયારામ એ જ ક્ષણે પોતાના ગામ ભરતપુર પરત ફર્યા. તેમણે ગામની બહાર જંગલમાં જઈને ઝૂંપડું બાંધ્યું અને ત્યાં વસવાટ કર્યો. ત્યાં તેમણે વન વિભાગની ખાલી પડેલી જમીન પર રોપા વાવ્યા અને પોતાના ગામથી ૩ કિલોમીટર દૂરથી જંગલમાં પાણી લઈ જઈને છોડને પાણી આપવાનું શરૂ કર્યું.

ભૈયારામજીએ કહ્યું કે લોકોને લાગ્યું કે હું ગાંડો થઈ ગયો છું. મારા પિતા ઈચ્છતા હતા કે તેઓ મૃત્યુ પામે તે પહેલાં હું મારા જીવનમાં પાંચ મહુઆનાં વૃક્ષો વાવીશ. તેઓ મને શાળાએ મોકલી શક્યા ન હતા, પરંતુ તેઓએ મને વૃક્ષો વાવવા અને પછી તેમની સંભાળ લેવાનું શીખવ્યું. હું મારી જમીનમાં આ વૃક્ષો વાવી શક્યો ન હતો કારણ કે મને ડર હતો કે ભવિષ્યમાં કોઈ આ વૃક્ષો કાપી નાખશે.

સમયની સાથે ભૈયારામ યાદવના પાંચ રોપા ૪૦ હજાર વૃક્ષોમાં પરિવર્તિત થયા, પરંતુ તેમના પ્રચારમાં તેમણે ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. ગામની બહાર પાણીનો કોઈ સ્રોત નહોતો. તેથી દરરોજ તેના ખભા પર પાતળા દોરડાની મદદથી તે ગામમાંથી ૨૦ કિલોના બે બોક્સમાં પાણી લાવતો અને છોડને પાણી આપતો. તે દિવસમાં ચાર વખત આમ પાણી આપતા. ભૈયારામ યાદવની મહેનત અને વિશ્વાસથી આજે બુંદેલખંડમાં ૫૦ એકર જમીનમાં ગાઢ જંગલ ઉગાડવામાં આવ્યું છે, નહીં તો બુંદેલખંડને દુષ્કાળગ્રસ્ત વિસ્તાર કહેવામાં આવે છે કારણ કે અહીં વરસાદ ખૂબ ઓછો છે. આ જંગલને આટલું ગાઢ અને મોટું બનાવવા માટે તેને ૧૧ વર્ષની મહેનત લાગી. સમયની સાથે તેમને આ વૃક્ષોની કાળજી લેવાને તેમના જીવનનું લક્ષ્ય બનાવ્યું. આ કારણે જાણે બાકીનાં ગામડાઓ અને દુનિયા સાથેનો તેમનો સંપર્ક ખતમ થઈ ગયો હોય તેમ લાગતું હતું. જંગલમાં રહેતા તેઓ પોતાની જાતને ટકાવી રાખવા માટે નાના વિસ્તારમાં અનાજ અને શાકભાજી પણ ઉગાડે છે. આ સિવાય તેમની પાસે આવકનો કોઈ સ્રોત નહોતો. તેમના દ્વારા વાવેલા ફળોના વૃક્ષો જેમ કે મહુઆ, ઓરા, આમલી, બાઈલ, દાડમ વગેરે પક્ષીઓને મદદરૂપ થાય છે અને આ પક્ષીઓ આ વૃક્ષોનાં ફળ ખાય છે. આ કામમાં તેમને સરકાર તરફથી એક જ મદદની જરૂર છે કે સરકાર તેમનાં જંગલોમાં બોરવેલ લગાવે જેથી પાણીની સપ્લાય સાથે વૃક્ષોની સંભાળ રાખવામાં સરળતા રહે. તેમણે આ અંગે અનેક વખત સરકારી અધિકારીઓને વિનંતી પણ કરી હતી, પરંતુ આજ સુધી તેમને કોઈ મદદ મળી નથી.

આ બેદરકારી અંગે ભૈયારામ કહે છે કે પર્યાવરણ દિવસ પર સરકાર દરેક જિલ્લામાં વૃક્ષારોપણ અભિયાનમાં લાખો રૂપિયા ખર્ચે છે, પરંતુ એ દિવસ પછી કોઈએ આ છોડ તરફ પાછું વળીને જોયું નથી અને તે મૃત્યુ પામે છે. જ્યારે આપણી પાસે એવા લોકો હોય છે કે જેઓ પોતાનો સમય અને સંસાધનો વૃક્ષોની જાળવણી અને પર્યાવરણની જાળવણી માટે ખર્ચી નાખે છે, પરંતુ સરકાર તરફથી કોઈ ધ્યાન આપવામાં આવતું નથી, ત્યારે મનોબળ તૂટી જાય છે ઘણા લોકો તેનાં ઝાડ કાપવાનો અને લાકડાની ચોરી કરવાનો પણ પ્રયાસ કરે છે, તેથી ભૈયારામને હંમેશાં સજાગ રહેવું પડે છે. સવાલ એ છે કે આ વૃક્ષોની સંભાળ તેમના બાદ કોણ લેશે? આ માટે તે છેવટે એટલું જ કહે છે, હાલ માટે આ જવાબદારી મારી છે અને મારા મૃત્યુ પછી અન્ય લોકો તેને ઉપાડી શકે છે. હવે કોણ જાણે લોકો તેમની કાળજી લેશે કે તેમને કાપશે? પરંતુ જ્યાં સુધી હું ત્યાં છું ત્યાં સુધી કોઈ તેમને કાપી શકશે નહીં. ■

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

*કદી મજનૂ બની જાવું કદી મનસૂર થઈ જાવું*
*અમોને આવડે છે પ્રેમમાં ચકચૂર થઈ જાવું*

# રાજવી કવિ રુસ્વા મઝલૂમીની ગઝલ સલ્તનત

ગુજરાતી ગઝલના ત્રીજા તબક્કાની શરૂઆત ૧૯૪૨થી પ્રારંભાય છે. ગઝલને બોલચાલની ભાષામાં કહેવાની શરૂઆત થઈ. આમ ગઝલને ભાવ-ભાષા-વૈવિધ્ય, પ્રતીક-નાવીન્ય, છંદ વૈવિધ્ય અને રંગે-રૂપે સમૃદ્ધ કરનાર શાયરોની એ પેઢીમાં એક મહત્ત્વનું નામ છે પાજોદ દરબાર રુસ્વા મઝલૂમી. એમણે ઉર્દૂ અને ગુજરાતીમાં ગઝલો લખવાનો શરૂ કર્યું અને સરસ ગઝલો આપી એ પ્રદાન તો ચિરંજીવ છે, પણ તેનાથી મહત્ત્વનું યોગદાન છે જે વિશે કોઈ ખાસ નોંધ લેતું નથી. એમણે બે યુવાન શાયરોનાં ઓજસ પારખીને પાજોદના દરબારમાં માન અને શાનથી કામકાજમાં જોતર્યા અને આમ ગુજરાતને બે નામવંત શાયરો અમૃત ઘાયલ અને શૂન્ય પાલનપુરી મળ્યા.

જૂનાગઢની નવાબી સલ્તનતની આજુબાજુ માંગરોળ, બાંટવા, પાજોદ જેવા ભાયાતોનાં નાનાં નાનાં રજવાડાં હતાં. રુસ્વા મઝલૂમી એટલે પાજોદ દરબાર શ્રી ઈમામુદ્દીન ખાન મુર્તઝાખાન બાબી. ઘાયલે રુસ્વા સાહેબના પ્રથમ ગઝલસંગ્રહ 'મદિરા'ની પ્રસ્તાવનમાં જણાવ્યું છે તેમ તેઓ ૧૯૩૯માં પાજોદ દરબારની નોકરીમાં જોડાયા હતા અને ત્યાર પછી જૂનાગઢમાં અભ્યાસ કરી રહેલા અલીખાન બલોચ એટલે શૂન્ય પાલનપુરી પાજોદમાં વસી ગયા હતા. રુસ્વા તખલ્લુસ ધારણ કર્યું એ પહેલાં 'મસ્તાન' ઉપનામે ગઝલ લખતા. યુવાન વયે જાગીર સંભાળવાનું અને આદર્શ જાગીરદાર થવાનું કામ તો હતું જ, પણ એક સારા શાયર થવાના પણ એમને ઓરતા હતા. પહેલો ઉર્દૂ ગઝલ સંગ્રહ 'મીના' રુસ્વાના ઉપનામે જ પ્રગટ થયો હતો.

'મદિરા' શીર્ષકથી સંગ્રહ આવે છે અને રુસ્વાની મયકશી, મહોબત, મર્દાનગી અને માણસાઈનો આબેહૂબ ચિતાર ભાવકો સમક્ષ ઝાકમઝોળ થાય છે.

*સુરાલય બંધ છે માન્યું પરંતુ આપનો રુસ્વા*
*અમોને ખાતરી છે કે નહીં પીધા વગર આવે.*

રુસ્વાની ગઝલો પરંપરાગત છે, પણ વર્ણન છટાની દૃષ્ટિએ નોખી-અનોખી ભાત પાડે છે. શબ્દ પારખવાની સૂઝ હોવાને લીધે શબ્દ અને ભાવનું સામંજસ્ય સ્થપાય છે. છંદ, તમઝ્ઝૂલ, ઇશ્કે-મજાજી, ઇશ્કે-હકીકી જેવા ગઝલના આત્મતત્ત્વને જાણીને, સમજીને લોકભોગ્ય ભાષામાં ગઝલ અવતારવાનું પાયાનું કામ રુસ્વાએ કર્યું છે. એમની ગઝલોનાં ઉપર જણાવેલાં ચાર વિશિષ્ટ લક્ષણોની વાત અમૃત ઘાયલ બહુ સરસ રીતે કરે છે.

કોઈકે કહ્યું છે પ્રેમમાં, મયપરસ્તીમાં અને ભક્તિમાં હદબહાર નશો હોવો જોઈએ. પ્રેમલક્ષણા ભક્તિમાં મદિરા એ ચકચૂર થવાનું પ્રતીક છે. ભક્ત સ્વરૂપે રિન્દની ન્યોછાવરી નાનીસૂની નથી. એક જામની સામે જિંદગી ફના કરનાર મયકદાના રંગની ઝાંખી પામી શકે છે. જુઓ આ શેર:

*નિછાવર જામ પર કરતા રહે છે જિંદગી સાકી*
*નથી જોઈ હજી તે રિન્દની ન્યોછાવરી સાકી*

બંદગીની અદબ હોય છે તેવી જ રીતે બાદાકશીમાં પણ તહેજીબ હોય છે એટલે રુસ્વા મયપરસ્તીમાં ખુશ રહેવાની વાત કરે છે:

*નજરથી મેળવી નજરો નિસાસો નાખમાં ઊંડો*
*અદબ કર મયકશી છે આ નથી કૈં બંદગી સાકી*


રુસ્વા

બંદગીમાં સલામ અને મયકશીમાં જામ એમ બંનેમાં સરખી ગતિ રાખનાર જ આવો શેર કહી શકે:

*ઝૂમી ઝૂમી શરાબ પીધો છે*
*ઝૂકી ઝૂકી સલામ કીધી છે*

રુસ્વા જ્ઞાન-ભક્તિમાં આંખ નિર્મળ હોવાની અને સુરાપાનમાં લોચન લાલ હોવાની વાત આ રીતે કરે છે:

*શ્વેત લોચન કિતાબની દુનિયા*
*લાલ લોચન શરાબની દુનિયા.*

ગઝલમાં પ્રેમ, સ્નેહ, મહોબત અને પરિણય ન આવે તો તેને બીજું જે કહેવું હોય તે કહી શકાય, પણ ગઝલ ન બને. મિલનની પાછળ છાના પગલે વિરહ આવી જતો હોય છે એટલે વિરહની વ્યથા ગઝલનો મુખ્ય વિષય બને છે. આ ઉપરાંત મહોબતની યોગ્ય ભૂમિકા અને માહોલ માટે સૃષ્ટિ સૌન્દર્ય અને દૃષ્ટિ સૌન્દર્ય ગઝલના પ્રાણ છે. રુસ્વા સામાન્ય ભાવને કેવો નવા રૂપે નિખારે છે તે જોઈએ:

*ન પૂછો દોસ્તો એ લાજની મારી હતી, કેવી*
*કે મારા હાથમાં લેટી રહી'તી ચાંદની કેવી!*

પ્રિયતમાનું ઘર કેવું અજાયબ સ્થળે હોવાનું કેટલી સરળતાથી કહેવાયું છે:

*મકાન એવી જગ્યાએ એમણે રાખ્યું છે પોતાનું*
*ગમે તે રસ્તે જાઓ એમનું રસ્તામાં ઘર આવે*

રાજવી કવિ પણ આખરે ઇન્સાન છે એટલે કોઈ ઘટના એમને વિચલિત કરી ગઈ હશે અને અનાયાસ આવો શેર કહેવાઈ ગયો હશે:

*હવે વિશ્વાસ ક્યાં કેવો ભરોસો*
*હવે શ્રદ્ધાય દહેશત થઈ ગઈ છે.*

આમ તો દુનિયાના અનુભવ કહેવા જેવા નથી હોતા, પણ રુસ્વા કહે છે કે માનો કે કહી દઈએ તોપણ ફાયદો કંઈ જ નથી:

*અમે કલ્પી હતી કેવી અને એ નીકળી કેવી*
*હવે શો ફાયદો કહેવાથી કે દુનિયા હતી કેવી.*

કવિ દિલમાં પ્રેમનું સામ્રાજ્ય સ્થપાયેલું હોય છે એટલે રુસ્વા કહે છે કે એક વાર સાચી મહોબત થઈ જાય પછી કોઈની સાથે અદાવત નથી હોતી, હા, હોય છે પણ એ અદાવત અદાવત સાથે હોય છે. સરસ નવીન વિચાર સરળ બાનીમાં આવી રીતે આવે છે:

*હવે સાચે મહોબ્બત થઈ ગઈ છે*
*અદાવતથી અદાવત થઈ ગઈ છે*

આવી સમ્યક્ દૃષ્ટિ હોય ત્યારે ઘરમાં પણ સ્વર્ગનું સૌન્દર્ય છવાઈ જાય છે:

*શું હું પણ સુંદર લાગું છું શું મન પણ સુંદર લાગે છે*
*આ કોણ પધાર્યું છે આજે કે સ્વર્ગ સમું ઘર લાગે છે.*

રુસ્વાએ સત્તા હતી ત્યારે અને સામાન્ય માનવી બની ગયા પછી પણ મહોબતના સામ્રાજ્યને ક્યારેય સંકુલિત કર્યું ન હતું. અંગત સંબંધો હોય કે વહેવારની વાત હોય, પણ એમણે હંમેશાં પ્રેમની ભાવના વ્યાપક રાખી હતી. એટલે કહે છે કે સંકુચિત પ્રેમ મને માન્ય નથી:

*શક્ય છે રૂપ તણી હોય કશી મર્યાદા*
*સંકુચિત પ્રેમનો વિસ્તાર મને માન્ય નથી.*

* * *

*સિતારામાં ચમક આવી નહીં તો હોય ના રુસ્વા*
*તમે ચોક્કસ કરી લાગે છે આજે પ્યારની વાતો*

*પ્રેમમાં ચકચૂર થઈ જવું અને ભક્તિમાં ચિક્કાર થઈ જવું એમ બન્ને રીતે ચૂર થતાં કવિને આવડે છે:*

*કદી મજનૂ બની જાવું કદી મનસૂર થઈ જાવું*
*અમોને આવડે છે પ્રેમમાં ચકચૂર થઈ જાવું*

* * *

*પડી'તી પ્રેમમાં કોને વિજય અથવા પરાજયની*
*અમારે પ્રેમ કરવો તો, તમારાથી કરી બેઠા*

રુસ્વાએ પોતાની જાગીર સામે ચાલીને મા ભારતીના ચરણે નિઃસંકોચ ધરી અને સામાન્ય માણસ તરીકે જીવન વીતાવ્યું, પણ એમની કવિતાની જાગીરનો વિસ્તાર અનંત છે. સામાન્ય જીવનમાં પણ એ હંમેશાં અસામાન્ય રહ્યા અને ગઝલ સામ્રાજ્યની હિફાઝત કરી. એમની બહુ પ્રખ્યાત ગઝલના ચંદ શેરથી વાત પૂરી કરીએ:

*મ્હોતાજ ના કશાનો હતો કોણ માનશે!*
*મારોય એક જમાનો હતો કોણ માનશે!*
*ડાહ્યો ગણી રહ્યું છે જગત જેને આજકાલ*
*એ આપનો દીવાનો હતો કોણ માનશે!*
*મસ્તીમાં આવી ફેરવી લીધી જગતથી આંખ*
*એ પણ સમય નશાનો હતો કોણ માનશે!*
*હસવાનો આજ મેં જે અભિનય કર્યો હતો*
*આઘાત દુર્દશાનો હતો કોણ માનશે!*
*રુસ્વા જે શરાબી મનાતો રહ્યો જગે*
*માણસ બહુ મઝાનો હતો કોણ માનશે* ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# બધાં લઈ ગ્યા, અમે રહી ગ્યાઃ 'કોલ્ડ-કોફી' હોય કે 'કોલ્ડ-પ્લે'



**ટાઇટલ્સઃ ઝાંઝવાની પ્યાસ બૂઝે જ નહીં. (છેલવાણી)**

ફૂટબોલ મેદાનમાં અમુક બાળકો, વર્તુળમાં વિચિત્ર રમત રમતાં હતાં. જેમાં કોઇ બોલ ઉછાળે તો બીજાએ બોલને જમીન પર પડે એ પહેલાં જ કિકથી ઉછળવાનો અને એમાં જો બોલ, વર્તુળની બહાર જાય તો બધાં મળીને પેલાને જરાં ઢીબી નાખે!

એક સીનિયર છોકરો રોજ દૂરથી આ ગેમ જોતો અને ના રહેવાતા એ પણ રમતમાં જોડાયો. એક્ચ્યુઅલી, એ સારો ફૂટબોલ ખેલાડી હતો એટલે બોલને આરામથી કિક મારી શકે પણ એણે જાણી જોઇને કીક ના મારી અને બોલને પડી જવા દીધો, પછી બધાંએ એને ટીપી નાખ્યો. બાળકોએ પૂછ્યું, 'ચેંપિયન થઇને તમે કેમ બરાબર કિક ના મારી?' ત્યારે ચેંપિયને કહ્યું, 'સાચું કહું? હું રોજ તમને બધાંને ધીંગામસ્તી કરતાં જોતો ત્યારે મને થતુંઃ આવી માર ખાવાની મજામસ્તીમાંથી હું કેમ રહી જાઉં?' બોલો?એક ચેંપિયન સામેથી હારીને માર ખાવા ગયો, કારણ એને બધાંમાં, એ ભીડમાં સામેલ થવું હતું!

આ અવસ્થાનું નામ છેઃ 'ફો.મો.(F.O.M.O.)' એટલે કે 'ફીઅર ઓફ મિસિંગ આઉટ'નું શોર્ટ-ફોર્મ. ગુજરાતીમાં- 'બધાં લઇ ગ્યા ને અમે રહી ગ્યાં'વાળો ડર, અજંપો કે અફસોસ. આજની જનરેશનનો 'ફો.મો.' શબ્દ એટલે- જ્યારે કોઈ વ્યક્તિ પોપ્યુલર ઘટનાઓ, ફેસબૂક પોસ્ટ, ઇન્સ્ટાગ્રામની રીલ્સ, સેલ્ફી, તહેવારોનો તરખાટ, ફેશનનો નવો ટ્રેંડ વગેરેમાં ભાગ ના લઇ શકવાથી 'પોતે કશુંક મહાન ચૂકી જાય છે'- તેવી અધૂરપની ઈર્ષ્યા, ચિંતા કે બેકરારીની પીડા..અર્થાત્ 'હાય હાય હું રહી ગયો કે રહી ગઇ?'

કૈકેયી, આ 'ફો.મો.'થી પીડાતું પૌરાણીક પાત્ર હતું કે- 'મારો ભરત કેમ ગાદી ના પામે?'

૨૦૨૫ જાન્યુ.માં રોક-બેંડ 'કોલ્ડપ્લે'નો ભવ્ય શો ભારતમાં યોજાવાનો છે તો એક બૂકિંગ-એપ પર જેવી ટીકિટો વેંચાવાની શરૂ થઈ કે લાખો લોકો ખરીદવા તૂટી પડ્યા. પછી તો ટિકિટો આડેધડ બ્લેકમાં ધડાધડ વેંચાવા માંડી. ૩-૪ હજારની ટિકિટ ૩૦-૪૦ હજારમાં કે ૧થી-૧.૫લાખ સુધી વેંચાઇ.આટલી મોંઘી ટિકિટ લેનારાઓમાંનાં ઘણાંને 'કોલ્ડપ્લે' શું છે એની પણ ખબર નહીં હોય. પણ બધાં લે છે ને 'હું કેમ રહી જાઉં?' આવો 'ફો.મો.' તો સાક્ષાત માઇકલ જેક્સનનાં શો માટે ય નહોતો કારણ કે ત્યારે ઇંટરનેંટની આંધી નહોતી આવી.

આ 'ફો.મો.'ના ચક્કરમાં, અમેરિકામાં એક પુરુષે સેક્સી સ્ત્રીઓના ફોટાં/રીલ્સની લોકપ્રિયતાની ઇર્ષ્યાથી જલીને છેવટે નરમાંથી નારી બનવાનું અઘરું ઓપરેશન કરાવ્યું. આખરે એ પોતાના સ્ત્રીરૂપે સેક્સી ફોટાં મૂકીને જ જંપ્યો ને છેવટે ઓપરેશનની આડઅસરમાં જાન ગુમાવ્યો! અરે, કોરોનાનાં કારમા કાળમાં 'દાલાગોના કોફી' બનાવવાની એવી ઘેલછા સોશિયલ મીડિયામાં ફેલાયેલી કે એકસાથે અનેકોએ કોફીને ગ્લાસ કે મિકસરમાં સતત હલાવીને આખે આખા મકાનો ધૃજાવી નાખેલા. અરે, આપણે પણ 'ફો.મો.'થી પીડાઇ ને જ સતત મોબાઇલ ચેક કરીએ છીએ કે રખેને કોઇ ન્યૂઝ, ઇવેન્ટ કે સનસનાટીને ચૂકી જઈશું તો?

**ઇંટરવલઃ**
**હઝારો ખ્વાહિશેં ઇતની**
**કિ હર ખ્વાહિશ પે દમ નિકલે! (ગાલિબ)**

ઓફિસમાં રમેશ, જેવી ચા-કોફી મંગાવે કે મહેશ, હંમેશા તરત જ કહેઃ 'મારી પણ એક!' આખરે રમેશ બાપના કેંસર-ટેસ્ટ માટે મુંબઇ જવા નીકળ્યો ત્યારે મહેશથી બોલી જવાયુંઃ 'મારા પપ્પાની પણ....' જોક ક્રૂર છે પણ 'ફો.મો.'નો રોગ રહેવાનો જ. રાસ-ગરબામાં ઉછળીને નાચતા ભદ્દા શરીરોનાં ફોટા-રીલ્સથી માંડીને 'હું જ મહાન લેખક-વિચારક' જેવી આલુલુલુ-અવસ્થાનાં 'ફો.મો.'માં અનેક પીડાય છે. ગર્લફ્રેંડ/બોયફ્રેંડ-વિહીન લોકો, શૃંગારિક ફોટાં મૂકીને 'અમે પણ રોમાંસ માણીએ છીએં!'-એવું સતત સાબિત કરે રાખે છે. લાખો રૂ. ઓફર કરીને અવૉર્ડ્ઝ જીતવામાં ભલભલા સુપરસ્ટારો કે મહાનાયકો ય બાકાત નથી.

આજકાલ 'મોટિવેશન'-'વાસ્તુ'-'નુસ્ખા'ની ટિપ્સવાળી રીલ્સે, માઝા મૂકી છે. હદ તો એ છે કે લાખો લાઇક્સ મેળવવા કોઇએ દાવો કર્યોઃ 'પત્ની, જો પતિના જાંગિયામાં ગાંઠ બાંધીને સૂકવી દે તો પતિ બહાર લફરું નહીં કરે!' (ત્યારથી ઘણાં પતિઓ ખોવાયેલ જાંઘિયાઓ શોધે છે.) રીલ્સ માટે પહાડ કે ધોધની ધાર પાસે વીડીયો ઉતારવામાં 'ફો.મો.'-ફિતૂરીઓનાં જાન ગયા સુદ્ધાં છે પણ મર્યા પછી એમની રીલ્સ વાઇરલ થાય ખરી! આ 'ફો.મો.'ની પ્રાણઘાતક પરાકાષ્ઠા.

દેખાદેખીનાં દંશ આજના નથી, અગાઉ બહેનપણીઓ પરણવા માંડતી તો 'હાય રે હું રહી જઇશ?'-એવા વલવલાટથી સારીસારી કન્યાઓ, 'વહેલો તે પહેલો'નાં ધોરણે કાગડાને દિલનું દહીંથરું આપી દેતી. 'બધાંનાં બાળકો મેડિકલ-એંજિન્યરિંગમાં ભણે તો મારું સંતાન કેમ નહીં?' એવા મા-બાપોના 'ફો.મો.'માં લાખો બાળકોનાં જીવન નર્ક બન્યા કે પ્રેશરમાં બાળકો સ્વર્ગે પામ્યા.

શોષણ-અસામનતા છોડો, સાચું કહેજો- અમીરો જ્યારે સ્ટાઈલથી માલ ઉડાવે ત્યારે આપણને ય એસિડિક ઓડકાર આવે છે ને? આ 'ફોમો.'ની જ આડઅસર છે. વચમાં એક પ્રૌઢ કોંગ્રેસી-નેતા, અડધી વયની સુંદર પત્રકારને પરણેલા ત્યારે વિરોધી નેતાઓથી લઇને સામાન્ય લોકોએ સૂંડલા ભરીને ભદ્દી ટીકાઓ કરેલી. કારણ? એ જ-'ફોમો' કે- બુઢ્ઢા નેતાને, આ ઉંમરે મસ્ત ગર્લફ્રેંડ મળી તો અમને કેમ નહીં?'

માન્યું કે મીઠી ઇર્ષ્યા કે મામૂલી ઇચ્છા નોર્મલ છે, એ જ જીવન-રસ ચલાવે છે. મિત્રો કે સગાંસબંધીઓ ફોરેન-ટ્રિપ કે પાર્ટીનાં, વેડિંગનાં ફોટાઓ-રીલ્સ જોઇને આપણને ય ચટપટી થાય ને કે હું ત્યા કેમ નહોતો/નહોતી? બાકી કિટી-પાર્ટીમાં 'વર્ચાસે' કે 'ગુચી'ની લાખો રૂ.ની મોંઘી પર્સ હોય કે પછી જગત જીતનાર વિશ્વવિજેતાઓનું લોહિયાળ મૃત્યુ હોય કે લોકશાહીમાં અન્ય રાજકિય પાર્ટીઓને ખતમ કરીને એકહથ્થુ સત્તા-લાલસાનું લપકવુ...'ફો.મો.' જ છે ને? 'બધું હું જ હાંસિલ કરીશ!' એટલે 'ફો.મો'.-અવસ્થાનો અંતિમ આક્રમક અધ્યાય.

'ફો.મો.'ના ચક્કરમાં જ 'જો.મો.'- એટલે કે 'જોય ઓફ મિસિંગ આઉટ' કે 'જે છે એના આનંદ માણવામાંથી' આપણે રહી જઇએ છીએં ને?

(આ લેખને લાઇક કરજો, હોં)

**એંડ-ટાઇટલ્સઃ**
**આદમઃ બાજુનાં ઝાડ પર ૪-૪ સફરજન છે.**
**ઈવઃ આપણે બે જ છીએં!** ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# યાદ રાખીએ કે એક દિવસ અહીંથી વિદાય થવાનું છે...

થોડા દિવસો અગાઉ ગુજરાતનો એક કિસ્સો જાણવા મળ્યો હતો, જેમાં એક સરકારી અધિકારીનો એના પરિચિત સાથે ઝઘડો થઈ ગયો. એ પછી અધિકારીએ એના પરિચિતને ધમકી આપી હતી કે 'તને ખબર નથી કે મારો શું પાવર છે? હવે હું તને ખબર પાડી દઈશ કે હું કોણ છું? હું તને તારી ઓકાત બતાવી દઈશ...' વગેરે, વગેરે...

એ કિસ્સો જાણીને પેલા અધિકારીની દયા આવી હતી કે એ કેટલો નાનો માણસ હશે કે 'હું કૈંક છું' એવા ભ્રમમાં જીવી રહ્યો છે, પોતાની જાતને ખૂબ વધુ પડતું મહત્ત્વ આપી રહ્યો છે. પૃથ્વી પર કંઈક લોકો આવે છે અને કંઈક લોકો જાય છે. પૃથ્વી પર આવનારા દરેક મનુષ્યએ એક વખત તો અહીંથી જવાનું છે તે તો નિશ્ચિત જ છે, છતાં ઘણા માણસ અહંકારનો બોજ લઈને જીવતા રહે છે. યુધિષ્ઠિરે યક્ષના સવાલના જવાબમાં કહ્યું હતું કે 'દુનિયાનું સૌથી મોટું આશ્ચર્ય એ છે કે માણસ સ્વજનને સ્મશાને વળાવીને પાછો આવે પછી પણ એ રીતે જીવવા માંડે છે કે જાણે મૃત્યુનું અસ્તિત્વ જ ન હોય!'



મોટા ભાગના લોકો એ જ રીતે જીવતા હોય છે જાણે અહીંથી જવાનું નથી અને એ આવા અહંકાર સાથે બીજા લોકોને ધમકાવતા હોય છે - નડતા હોય છે - કનડતા હોય છે. એમને એવું હોય છે કે અમે સર્વસત્તાધીશ છીએ અમારી પાસે પાવર છે, પરંતુ રાજાઓ કે મહારાજાઓ કે આજના સમયમાં પ્રધાનો કે વડા પ્રધાનો કે રાષ્ટ્રપ્રમુખોએ પણ એક વખત અહીંથી જવાનું હોય છે એ નિશ્ચિત છે. આમ છતાં ઘણા જડ બુદ્ધિના લોકો પોતાની એવી માનસિકતા સાથે જીવી જતા હોય છે કે જ્યાં સુધી આ સૃષ્ટિનું અસ્તિત્વ છે ત્યાં સુધી અમારું અસ્તિત્વ છે, પરંતુ જેવા સત્તાસ્થાનેથી ઊતરે પછી એમની દયનીય સ્થિતિ થતી હોય છે.

થોડા સમય અગાઉ બીજી પણ એક ઘટના ખૂબ વાયરલ થઈ હતી, જેમાં બે જૂના મિત્રો વચ્ચેની વાત હતી. એક જૂના મિત્રએ સરકારી અધિકારી બનેલા એના મિત્રને કોલ કર્યો અને પૂછ્યુંઃ 'કેમ છે તું?'

આ સાંભળીને પેલો સરકારી અધિકારી ભડકી ગયો. કહ્યુંઃ 'મોં સંભાળીને વાત કરજે, હવે તારે મને 'સાહેબ' કહીને બોલાવવો પડે. હવે હું સરકારી અધિકારી છું. હવે હું કોઈ નાનો માણસ નથી એટલે તું મને તુંકારે ન બોલાવી શકે.'

જૂના મિત્રએ જવાબ આપ્યો : 'તું સરકારી અધિકારી છે, પણ આપણે મિત્રો છીએ એટલે મેં તને તુકારે બોલાવ્યો, કારણ કે મને દાયકાઓથી તને તુકારે બોલાવવાની આદત છે.'

જોકે પેલો સરકારી અધિકારી વધુ રોષે ભરાયોઃ 'મારી સાથે વાત કરવી હોય તો 'સાહેબ' કહીને સંબોધન કરવાનું!'

આ અગાઉ એક મહિલા આઈપીએસ અધિકારીએ પણ પત્રકારોને ખખડાવી નાખ્યા હતા. કોઈ પત્રકારે એને 'બહેન' કહીને સંબોધન કર્યું એટલે ગુસ્સે થઈ ગયાં : 'મને 'સર' સંબોધન કરીને બોલાવવી પડશે તમે મને બહેન ન કહી શકો!'

આવા લોકો વિશે જાણીને મનમાં ગુસ્સો ન જાગે, પરંતુ કરુણા જાગે છે કે આ બિચારાઓ કેવી માનસિકતા સાથે જીવે છે - જીવતા હશે. આ સંદર્ભમાં ઓશોએ કહેલી એક વાત જાણવા જેવી છે. આગળના શબ્દો ઓશોના છેઃ

એક યહૂદી મિત્ર જે જર્મનીથી ભારતની યાત્રાએ આવેલા એમણે મને એક વાત કરેલી. મને એ એવું કહી રહ્યા હતા કે માણસ પોતાનાં કપડાંથી પણ ઉપર નથી જઈ શક્યો, આત્માની વાત તો દૂર રહી. એમણે એક ઘટના સંભળાવી. હિટલરના જમાનામાં એ જર્મનીની એક જેલમાં કેદ હતા. યહૂદીઓની હિટલરે હત્યાઓ કરી હતી. રોજના પાંચસો યહૂદીઓની હત્યા કરવામાં આવતી. એકલા હિટલરે વીસ લાખ યહૂદીઓને માર્યા. પાંચસો યહૂદીઓની રોજ, નિયમિત હત્યા કરવાની યોજના હતી. એ પણ યહૂદી હતા. એને પણ પકડી લેવામાં આવ્યો. એ કેવળ સંયોગની વાત હતી કે એ બચી ગયો, કારણ કે, છેલ્લા દિવસોમાં એ પકડાયેલો. મૃત્યુની યાદી લાંબી હતી અને યુદ્ધ સમાપ્ત થઈ ગયું. એમણે મને કહ્યું કેઃ જ્યારે મને પહેલી વાર લઈ જવામાં આવ્યો ત્યારે મારી સાથે બે હજાર યહૂદી હતા. અમને લોકોને જેલમાં લઈ જઈને સૌપ્રથમ કામ અમારાં બધાં જ કપડાં છીનવી લેવાનું કરવામાં આવ્યું. અમને નગ્ન બનાવી દેવામાં આવ્યા. પછી અમારી મૂછો મૂંડી નાખી, અમારા તમામ વાળ સાફ કરી નાખવામાં આવ્યા. અને એ વખતે હું એટલો બધો ગભરાઈ ગયો હતો....બે હજાર નગ્ન માથાં મૂંડેલા લોકોમાં હું કોણ છું એ ઓળખવું મુશ્કેલ બની ગયું... જે મારા મિત્ર હતા, એ પણ કોણ છે તેનો ખ્યાલ આવતો નહોતો, પોતાને અરીસામાં જોઈને શક પડવા માંડ્યોઃ 'આ હું જ છું?'

એ પછી ઓશોએ ટિપ્પણી કરી હતી કે 'કપડાં અને કપડાં એટલે મારું કહેવાનું તાત્પર્ય બીજી ઘણી વાતો સાથે છે. જે કપડાં આપણે પહેરીએ છીએ. એ કપડાં તો છે, પણ આપણે જે બીજાં પ્રકારનાં કપડાંઓ પણ પહેરી રાખ્યાં છે - એ છે પદોનાં, પદવીઓનાં, વંશોનાં, નામોનાં, પરિવારોનાં તે પણ બધાં આપણાં કપડાં છે તે પણ આપણે ઓઢી રાખ્યાં છે.'

સાર એ છે કે માણસ જે પણ બને તે... તે નેતા બને, ફિલ્મસ્ટાર બને, પોલીસ અધિકારી બને કે પછી રાજકારણી બને - પ્રધાન બને કે વડા પ્રધાન બને એણે એ યાદ રાખવું જોઈએ કે છેવટે એ એક માણસ જ છે અને તે થોડા દાયકાઓ માટે અહીં આવ્યો છે એણે એક દિવસ અહીંથી વિદાય થવાનું છે. દરેક માણસે એ રીતે જ જીવવું જોઈએ કે એણે એક દિવસ અહીંથી વિદાય થવાનું છે. ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# અભિનંદન મુબારકબાદી શુભેચ્છા

બાર કરોડ લોકોનું મહારાષ્ટ્ર આજે હરખાય છે. ૮૦ ટકા માણસોને મનગમતી સરકાર આવી એટલા માટે અને બાકીના ૨૦ ટકા માણસોને કોઈ પણ પ્રકારની મૂંઝવણ વગરની સરકાર મળી એટલા માટે. ઇલેક્શનના દિવસે ફોન જોડે રમત કરવા કરવામાં બે, એક એક મિનિટના, વર્તુળમાં ચહેરો દેખાય એવી મુદ્રામાં અર્ધભાન અવસ્થામાં મેસેજ સરસ રેકોર્ડ થઈ ગયા હતા. એનું આજે આ જીતના સમયમાં પુનઃ પ્રસારણ અહીંથી કરી લઉં.

જે જીત્યા છે એમણે જીતવું બહુ જ જરૂરી હતું અને જીત્યા એનો એમને અને આપણને અનહદ આનંદ છે, પણ એ હતા ત્યારે પણ એમના એમ રહી ગયેલાં કામ હવે એ વંદે ભારતની ઝડપથી પાર પાડે એવી અપેક્ષા છે જ, હઠાગ્રહ પણ છે. એસ. વી. રોડ નામનો બાન્દ્રા-બોરીવલીનો રસ્તો જે મુંબઈનો મુખ્ય રસ્તો અને શહેરની ધોરી નસ એ બાર વરસથી ખોદાયેલો જ પડ્યો છે, પહેલાં ડામરમાંથી હરામખોર પેવર બ્લોક્સ (સિમેન્ટની ઈંટો)ના પ્રયોગ માટે, એ બાદ પેવર બ્લોક્સ ફૂટકળ, તકલાદી નીકળવાને કારણે એ પાછો ખોદાયો છે સિમેન્ટકરણ કાજે... અને એ પછી એ એયને ખોદાઈને પડ્યો છે મેટ્રોના જન્મની તૈયારીરૂપે એનાં પારણાઓ બનાવવા માટે. મજાની વાત એ છે કે આ તમામ બાર વરસમાં જીતેલા અને હારેલા દરેક પક્ષ સરકારમાં રહી ચૂક્યા છે, છતાં આ બિસમાર મુંબઈ એવું ને એવું બીમાર એવા ને એવા ખડકાળ રસ્તા સાથે ચૂં કે ચાં કર્યા વગર સવારે ઊઠે છે, આખો દિવસ રાહદારીઓની તકલીફ વેઠે છે અને એમની નિર્વિર્યતા પર આંસુ સારે છે અને પોતે નિર્જીવ હોવાને કારણે એક વધુ દિવસ પોતાની જીવન નોંધમાં ઉમેરે છે. આ તો માત્ર એક કારણ છે. આજે વિજયપંચમી કે દશમી કે અગિયારસ કે બારસના કહેવાતા શુભદિને બીજાં કેટલાંય કારણ તમને દેખાડું. દા. ત. જે દિવસે સરકારી કર્મચારીગણ કે એમનો કોઈ હરામખોર ઑફિસર રઘવાયો થાય એના થોડાક જ દિવસોમાં ફ્રેશ ટેન્ડર સિમેન્ટના સરસ બનેલા રસ્તાને ખોદવાનું બહાર નીકળે, અગાઉના નક્કી ટેન્ડરબાજો એ પોતાના ગજવામાં મૂકે અને કમિશન-વટાવ-લબાડી અને પબ્લિકના પૈસાનો ઘોર દુરુપયોગ (બહુ જ મોળો શબ્દ કરતૂતોના સંદર્ભમાં) ચાલુ જ ચાલુ. ૧૯૮૫માં મુંબઈ કેવું હતું! અને ૨૦૨૪માં કેવું થઈ ગયું!? ચાળીસ વરસમાં મુંબઈને ઓછામાં ઓછું ૧૦૦ વરસ પાછળ લઈ જવાયું છે / રાખવામા આવ્યું છે. આ બધાનો હિસાબ સોશિયલ મીડિયા



પરથી માંગવાનું ભૂલતા નહીં, હે મિત્રોને ઘરમાંથી બહાર કાઢી વોટિંગ બૂથ તરફ ધકેલવાનું મરદાના કામ કરવાવાળા મારા પ્રિય મુંબઈગરાઓ!

અને આ આખીય પરમ લાંચિયા પ્રજા જેને શાસકોના નામથી ઓળખવામાં આવે છે, એમને કાયદાના દરેક રસ્તા અજમાવવા પડે તો અજમાવીને પણ હવે પછીનાં બે વર્ષોમાં ખૂબ સમજાવીને બધા જ ઇન્ફ્રાસ્ટ્રકચરના કામ આટોપવાનું ઠસાવજો, ઠસાવજો અને ઠસાવજો.

૧૦૦ ટકા આપણે એમને મોકો આપવાનો છે અગાઉની કદરૂપી છબીને સુંદર બનાવવાનો પણ પબ્લિક પાર્ટિસિપેશન અને ઑબ્ઝર્વેશન નહી હોય તો કાંઈ પણ થઈ શકે છે, એ પણ તમે મારા મુંબઈગરાઓ અને મહારાષ્ટ્ર વાસીઓ!!! ન જ ભૂલતા!!! સુરત-અમદાવાદ-રાજકોટની વાત જવા દો... હમણાં ૧૬ નવેમ્બરે નવસારી 'ગઝલની ગુંજતી સરગમ'નો ભવ્ય શો લલિત પંડ્યાએ કર્યો ત્યારે નવસારી જેટલા નાના ટાઉનના રસ્તાઓની ચોખ્ખાઈ અને વ્યવસ્થા જોઈને હું શોભિત દેસાઈ બેભાન થઈ ગયો હતો... કંઈ સમજ્યા?

કોણ નેતા કેટલા હિંદુત્વવાદી છે કે હતા એ વાત દાટીને એટલું જાણીએ કે ભ્રષ્ટાચારની ગંગોત્રી (હસમુખ ગાંધીની શોધ) મુંબઈ મહાનગરપાલિકામાંથી ૧૯૮૫ બાદ પાર્ટી અને નેતાઓએ ઝુંપડા, ૧ રુમ કિચનમાંથી પબ્લિક પ્રોપર્ટીના હેક્ટર-કિલોમિટર ખાઈ જઈને મુંબઈ-મહારાષ્ટ્રને આજે ૧૯૫૫ના ઓરિસ્સા-બંગાળ કરતાંય તળિયાઝાટક બનાવી દીધું છે એના પુનરુત્થાન માટે ૨૦૨૫માં મહાનગરપાલિકા જીતી ત્યાં સાફસૂફી કરે ત્યારે સર્વોચ્ચ નેતાગીરી, એમના તમામ ચમચા અને એમના સંપૂર્ણ સાથીઓના માથે સાડીનો પાલવ ધરી ત્રણ ચાર વખત જમણો હાથ ફેરવી આપણે એમની નજર ઉતારવા બેતાબ છીએ.

આજે આટલું જ ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# લો, આવી રહ્યાં છે નવા વર્ષે નવાં ઈમોજી!



નવા વર્ષ ૨૦૨૫ના આગમનના અણસાર શરૂ થઈ ગયા છે. નવું વર્ષ નવી આશા અને નવા રિઝોલ્યુશન સાથે એક નવી શરૂઆત થશે. કેલેન્ડરની સાથે આખું જીવનચક્ર ફરશે. સમયનો એક નવો ગાળો જીવનમાં ઉમેરાશે. સોશિયલ મીડિયાથી લઈને ચેટિંગ ફોર્મેટ સુધી ઈમોજી આપણા સૌની વાતચીતનો એકભાગ છે.

બે હાથ જોડતાં ઈમોજી સૌથી વધારે ટ્રેન્ડમાં રહ્યા છે, જ્યારે આંખમાંથી પાણી ઉડાવતો ઈમોજી દરેકની રીસન્ટ ચેટ પર હશે. આપણી અભિવ્યક્તિને (એક્પ્રેશન)ને વધુ રીતે પેશ કરતાં ઈમોજી એક અદ્ભુત ઈનોવેશન છે, જે આપણી વાત સાથે જોડાઈને ખરા ભાવને પ્રગટ કરે છે. ઈમોજીનો એક નવો સેટ આવતા વર્ષે નવી અપડેટમાં આવવાનો છે, જે માટે ઘણી સોશિયલ મીડિયા એપ્સ તૈયારીઓ કરીને બેઠી છે. અક્ષર કે શબ્દોની જગ્યા લેતા ઈમોજીએ વાતચીત કરવાનો પ્રકાર ફેરવી નાંખ્યો છે. આ હકીકત દરેક ટેકનોક્રેટથી લઈને સામાન્ય માણસ સ્વીકારે છે.

૯ બ્રાંડ કેરેક્ટર્સ સાથે આશરે ૧૬૪ નવા ઈમોજી આવવાના એંધાણ છે. વર્ષ ૧૯૯૯માં જાપાનના ડિઝાઈનર શિંગેટાકા કુરિટાએ સૌ પ્રથમ ઈમોજી દુનિયા સમક્ષ મૂકેલા. મોબાઈલમાં જ્યારે બટન આવતા એ સમયે આપણા કેટલાક ક્રિએટિવ માઈન્ડ બ્રેકેટ અને છગડિયા કૌંસથી ઈમોજી બનાવતા. ઈમોજીમાં વર્ષ ૨૦૦૧થી નવી નવી કેટેગરીઓ આવી. જેમાં આંકડાથી લઈને ઓથેંટિકેટ ફૂડ સુધીના આઈકોન જેવા મસ્ત ઈમોજી ઉમેરવામાં આવ્યા. પછી સ્પોર્ટ્સથી લઈને સ્યુટ (પોષાક) સુધીની વસ્તુનો ઉમેરો થયો. શોકિંગથી લઈને હાર્ટ સુધી અને રાઈટથી લઈને રાઈટિંગ સુધીના ઈમોજીની વિવિધતામાં વધારો થશે. હાલના ઈમોજી સેટમાં સફરજન આખું દેખાશે. નવી અપડેટમાં આ સફરજન એંઠું જોવા મળશે. ટૂંકમાં કોઈએ ખાધેલું. માછલીઓની કેટેગરીમાં વ્હેલ માછલી ઉમેરાશે. એક પગ પર ડાન્સ કરતી ડોલ પણ જોવા મળશે.

લેન્ડસ્લાઈડ થાય તો મુશ્કેલીઓ ઊભી થાય, પરંતુ આના પર ઈમોજી મળી જાય તો? ટેન્શન ન લો. આનું ઈમોજી તૈયાર છે. જ્યારે મ્યુઝિક સેક્શનમાં ટ્રોમબોર્ન ઈન્સ્ટ્રુમેન્ટ જોવા મળશે. ખજાનો ભલે તિજોરીમાં ન જોયો હોય પણ ઈમોજીમાં દેખાશે. 'બ્લગિંગ આઈ' સાથે નવું ઈમોજી ક્યાં કામ આવશે એ તો નક્કી નથી, પણ અવતાર જોવા મળશે એ નક્કી. 'બેલે ડાન્સર' નામથી ઢીંગલી જોવા મળશે.

ઈમોજી પીડીયા તૈયાર કરનાર સોશિયલ મીડિયા એપ્લિકેશનમાં આવા બધા ઉમેરા થતાં ચેટનો માહોલ બદલાશે. આ આખા સેટને ઈમોજી સેટ ૧૭.૦ નામ અપવામાં આવ્યું છે. આ ઈમોજીના સેટને મંજૂરી મળવાની રાહ જોવાઈ રહી છે. ટ્વિટર (હવે X ) પાસે આનું ગ્રીન સિગ્નલ છે, જે પાસ થયા બાદ એડિટેબલ વસ્તુ સાથે નવી અપડેટ જાહેર કરવામાં આવશે.

'એપલ'ના જેનમોજી ટુલ્સમાં પણ ઈમોજીએ સ્થાન લીધું છે, જેમાં ફાયરબેઝ સ્માઈલી. ગોલ્ડન થમ્ઝઅપ અને રીંગણમાંથી પાણી નીકળતું હોય એવા ઈમોજી એડ કર્યા છે. ઈમોજીના વપરાશ પાછળ કેટલાક અંગ્રેજી ભાષા પ્રેમી એવું પણ કહે છે કે, ઈમોજીએ અંગ્રેજી ટેક્સ્ટનું સ્થાન લેતાં લોકો ટેક્સ્ટ લખતાં બંધ થયા છે. ઈમોજીની શોધ જાપાનમાં થઈ હોવાથી જાપાનના મોબાઈલમાં સૌથી પ્રથમવાર ઈમોજી એડ થયા હતા. આ પહેલાંના ઈમોજી અપડેટ સેટમાં જુદા જુદા દેશના ફ્લેગને સ્થાન આપવામાં આવ્યું હતું. એ સમયે આપણા દેશનો ધ્વજ જોવા ન મળતાં ઘણાએ વોટ્સએપ જેવી એપ્લિકેશન બૉયકોટ કરેલી. જે લોકોએ આવું કામ કર્યું એ લોકોને ખબર નહીં હોય કે આ એક પ્રકારનો ડેટાસેટ છે. જેમાં એપ્લિકેશનનો કોઈ ફાળો નથી હોતો.

એક રિપોર્ટ એવું પણ કહે છે કે, ઈમોજીના મ્યુઝિક સેટમાં હાર્પ ઈન્સ્ટ્રુમેન્ટ પણ એડ થઈ રહ્યું છે. બ્રિટનના ટેક્નોક્રેટ તો ત્યાં સુધી કહે છે કે, આઠ ઈમોજીમાં ફિંગરપ્રિન્ટ એડ થવાની છે. હવે આનો લૂક કેવો હશે એ તો ભગવાન જાણે. ઈમોજીની ફ્લેક્સિબિલિટી એવી છે કે, હવે વેબસાઈટ પરથી એને ડાયરેક્ટ કોપી-પેસ્ટ પણ કરી શકાય છે, પણ ઘણા ઓછો લોકોને જે તે ઈમોજીના સાચા અર્થ ખબર છે. જેમ કે, લોકો હાર્ટનું ઈમોજી મોકલીને 'આઈ લવ યુ'ની વાતને વાચા આપે છે, પણ હકીકતમાં ઈમોજીની આંખમાં હાર્ટ દેખાય એનો અર્થ 'આઈ લવ યુ થાય છે!' છે ને આ અવનવી કસ્ટમાઈઝડ કોમ્યુનિકેશન લેંગ્વેજ?

ઈમોજીના વિશાળ દરિયામાં એક નવી વસ્તુ આવી રહી છે ત્યારે એના નામ અને અર્થ જાણવા માટે ફરી ક્યારેક વાત કરીશું. ઘણા એવા ઈમોજી છે, જેમાં ઈમોજીના એક્સપ્રેશન સમજવા જેવા છે. જ્યારે મોબાઈલમાં આટલા કોઈ કલર્સ વેરિએશન ન હતા એ સમયે જાપાનમાં કલર્સ ઈમોજી શરૂ થયેલા હતા.

બસ, અહીંથી શરૂ થઈ હતી ઈમોજીની આખી વાર્તા...■

**આઉટ ઓફ ધ બોક્સ**

*કેલિફોર્નિયાના માઉન્ટેન વ્યૂમાં કમ્પ્યુટરનું મ્યુઝિમ છે, જેમાં દુનિયાના પહેલા કમ્પ્યુટરથી લઈ આજના પામટોપ સુધીની ડિવાઈસ છે.*

ટ્રાવેલ પ્લસ


કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# પટ્ટાઈનું વિશ્વનું સહુથી મોટું સામૂહિક રૂસ્ટિંગ રૂફ - કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદર





ગુલાબી ઠંડીની મોસમ પૂરબહારમાં ખીલી છે ત્યારે આપણા દેશમાં અને રાજ્યમાં વનરાઈ અને વગડો જાણે આપણને બોલાવી રહ્યો હોય છે. ધીરે ધીરે સાઈબિરીયન અને ઉત્તર ધ્રુવીય પ્રદેશોમાંથી પંખીઓએ સફર ખેડવાની શરૂઆત કરી છે. ગુજરાત રાજ્યનાં કાઠિયાવાડ વિસ્તારમાં ખેતીનું પ્રમાણ વધારે હોઈ પ્રાકૃતિક વારસો અદ્દલ સચવાયો છે અને સીમ - વાડી વિસ્તાર મન મૂકીને ખૂંદવા જેવા છે. આવા જ સીમ વિસ્તારથી ઘેરાયેલ પ્રદેશમાં વિશાળ ઘાસનું મેદાન આવેલું છે જેમાં અઢળક યાયાવર પક્ષીઓ, સ્થાનિક વન્યજીવો, પ્રાણીઓ વગેરે કુદરતી માહોલમાં વસવાટ કરે છે જે કાળિયાર રાષ્ટ્રિય ઉદ્યાન તરીકેનો દરજ્જો ભોગવે છે. અહીંના જીવને એમનાં મિજાજમાં જોઈએ એટલે તેઓ આપણી સાથે ખરેખર સંવાદ કરતા હોય એવું દીસે. સૌરાષ્ટ્રનાં મુખ્ય મથક ભાવનગરથી આશરે ૪૦ કિમિના અંતરે વેળાવદર નામનાં નાનકડાં ગામની સીમમાં બ્લેકબક નેશનલ પાર્ક આવેલો છે જે વિશ્વભરનાં પટ્ટાઇઓનું શિયાળુ ઘર છે. અહીં પટ્ટાઇઓનો વિશ્વનો સહુથી મોટો સમૂહ દર વર્ષે શિયાળાનાં ઓક્ટોબર માસથી લઈને છેક માર્ચ મહિના સુધી જોવા મળે છે. પટ્ટાઇ એટલે એક પ્રકારનું શિકારી પક્ષી જે ઘાસમાં થતી કિટકોની પ્રજાતિ પર નભે છે. ૧૫મી ઓક્ટોબરથી દેશભરના રાષ્ટ્રિય ઉદ્યાનો પ્રકૃતિ પ્રેમીઓ માટે ખુલ્લાં મુકાયા છે ત્યારે આ ઉદ્યાનની મુલાકાત લેવી જ રહી.





કાઠિયાવાડમાં આવેલા ભાવનગરનાં રાજવી પરિવારની જમીન આઝાદી પહેલા શિકારનાં મેદાન તરીકે વપરાતી હતી અને મહારાજા સાહેબ ચિત્તાને સાથે રાખીને અહીં બ્લેકબક એટલે કે કાળિયારનો શિકાર કરાવડાવતાં અને મોજ માણતા હતા. પ્રકૃતિ અંતે તો સહુ કોઈને પોતાનાં તરફ ખેંચીને હૃદય પરિવર્તન કરે જ છે. આખરે રાજ પરિવાર સંરક્ષણ તરફ વળ્યો અને કાળિયારને રક્ષણ આપ્યું. આખરે આ સ્થળ સરકાર હસ્તગત કરવામાં આવ્યું અને રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે અહીં વસતા વન્યજીવોને સંરક્ષણ પૂરું પાડ્યું. આજે અહીં અઢળક સંખ્યામાં કાળિયાર ઉછળતા કૂદતાં જોવા મળે. દરેક કાળીયારના પગમાં જાણે કોઈ કુદરતી સ્પ્રિંગ ગોઠવેલી હોય એ રીતે ત્વરા અને જુસ્સાથી આશરે ચારેક ફૂટથીય પણ ઊંચો કૂદકો મારી શકે છે અને એ પણ સતત લાંબા અંતર સુધી. અહીં આશરે ૫૦૦૦ કરતાં વધારે કાળિયારની સંખ્યા ૩૪ ચોરસ કિ.મિ. વિસ્તારના ઉદ્યાનમાં જોવા મળે છે. માત્ર અભયારણ્ય વિસ્તાર જ નહિ પણ આસપાસનાં વિસ્તારમાં પણ કાળિયાર દોડીને રખડતાં જોવા મળે છે. સૂર્યોદય સમયે વિશાળ લહેરાતા ઘાસનાં મેદાનમાં કાળિયારને જોવા એ એક લહાવો છે. કાળિયાર પોતાનાં વિસ્તાર પર પ્રભુત્વ જમાવવા માટે બીજા નર સાથે લડાઈ કરે છે જે લડાઈમાં એક બીજાને ગંભીર રીતે ઘાયલ પણ કરે છે એ સિવાય સંવનન કાળ દરમ્યાન પણ કાળિયાર એકબીજા નર સાથે હરીફાઈના ભાગ રૂપે લડતા હોય છે. કાળિયાર સિવાય અહીં ઝરખ, વરુ, શિયાળ વગેરે જોવા મળે છે.

વિશ્વભરમાંથી પક્ષીવિદો ખાસ અહીં પટ્ટાઇઓને જોવા અને અભ્યાસ કરવા માટે આવે છે. અહીં પુષ્કળ પ્રમાણમાં ઘાસ પાર બેસ્ટ તીડ જોવા મળે છે અને એ તીડને ખોરાક તરીકે ઉપયોગમાં લઇ શકાય માટે અહીં પટ્ટાઇઓ આવે છે. પટ્ટાઇ એ એક વિશિષ્ટ પ્રકારનું શિકારી પક્ષી છે જે ખૂબ જ ત્વરાથી હવામાં શિકાર કરી જાણે છે. અહીં વિશ્વમાં ક્યાંય ન જોવા મળે એટલી પટ્ટાઇઓ એક સાથે જોવા મળે છે. દિવસ દરમ્યાન પાર્ક છોડીને પટ્ટાઇઓ સીમ વિસ્તારમાં ફરતા હોય છે અને ઢળતી સાંજે ફરી તેઓ આકાશમાં એક સાથે વિશાળ ચક્કર મારીને પાર્કમાં સુરક્ષિત રીતે આરામ ફરમાવે છે અને આ ક્રમ દર વર્ષે શિયાળા દરમ્યાન ચાલુ જ રહે છે. વેળાવદર નેશનલ પાર્કના વગડામાં પાન પટ્ટાઇ, પટ્ટી પટ્ટાઇ, ઉજળી પટ્ટાઇ જેવી અનેક જાતો જોવા મળે છે. પટ્ટાઇઓ સિવાય અહીં ૨૫૦ કરતાં પણ વધુ પ્રકારનાં પક્ષીઓ જોવા મળે છે જેમાં સ્થાળાંતર કરતાં પક્ષીઓનો મોટો મેળાવડો આખા શિયાળા દરમ્યાન જામે છે. ક્યારેક અહીં આકાશમાં જ નાનકડાં સ્થાનિક પક્ષી અને શિકારી પક્ષી વચ્ચે અસ્તિત્વને ટકાવી રાખવાની લડત જોવા મળે છે. કંઈક નોખું કે અનોખું જોવા માટે સહુથી નજીક અને શાંત સ્થળ એટલે કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન વેળાવદર.

વેળાવદર નેશનલ પાર્ક પહોંચવા માટે ભાવનગરથી પહોંચી શકાય છે. અહીં સફારી માટે ડાયરેક્ટ પાર્ક વિન્ડો પરથી જ બુકીંગ કરી શકાય છે અને જીપ્સી તથા પોતાના વાહનમાં સફારીનો આનંદ લઇ શકાય છે. પક્ષીઓને સારી રીતે માણી શકાય માટે સવારના છ વાગે પાર્ક ખુલે છે એટલે વહેલી સવારે જવું જ હિતાવહ છે. અહીં પાર્ક અંદર પ્રવેશતા જ ઇન્ટરપ્રિટેશન સેન્ટર છે જ્યાં અહીં દેખાતા દરેક પક્ષીઓ અને પ્રાણીની પ્રતિકૃતિ, તસવીરો, અભ્યાસ ઉપયોગી માહિતી, તેઓનું વર્તન વગેરેની સંપૂર્ણ સમજ દર્શાવેલી છે. અહીં નાનકડાં તળાવો છે જે અહીંના વન્યાજીવો માટે આશીર્વાદ સમા છે. આ પાર્ક જલ પ્લાવિત ક્ષેત્ર એટલે કે વેટલેન્ડ અને ગ્રાસલેન્ડ એમ બે વિસ્તારોમાં વહેંચાયેલો છે. વેટલેન્ડ વિસ્તારમાં પાણીમાં વસતા પક્ષીઓ શિયાળુ મુલાકાત લે છે જેમાં હંસ, રાજહંસ, ગાજહંસ, કાજિયાઓ, ગુલાબી પેણ વગેરે જોવા મળે છે. સામાન્ય રીતે ઓક્ટોબર મહિનાનાં અંત સુધીમાં અહીં પક્ષીઓ આવવા લાગે છે અને માર્ચ મહિનાનાં અંત સુધી તેઓ અહીં જ વસવાટ કરે છે. ગ્રાસલેન્ડ વિસ્તારમાં નાનકડા પક્ષીઓ જેવા કે સાઇબિરીયન સ્ટોનચેટ, યુરેશિયન રોલર, વર્ષા લાવરી, ચંડુલ, લટોરો, દેવચકલી જેવી અઢળક જાતો અહીં જોઈ અને સાંભળી શકાય છે, શિકારી પક્ષીઓમાં ફાલ્કન, સાપમાર ગરુડ, શકરો, બાજ, શાહી ઝુમ્મ્સ, ઇગલ આઉલ વેગેરે શિકાર કરતા હોવા મળે છે. અહીં કુદરતે દરેકને પૂરતા પ્રમાણમાં ખોરાક મળી રહે તેવા યોગ્ય વાતાવરણની રચના કરી છે.

બ્લેકબક નેશનલ પાર્ક સામાન્ય રીતે ૧૫મી ઓક્ટોબરથી મુલાકાતીઓ માટે ખુલ્લો મૂકવામાં આવે છે જે ૧૫ જૂન સુધી ખુલ્લો રહે છે. સવારે ૬-૩૦ થી ૧૧ સુધીની પહેલી સફારી હોય છે ત્યાર બાદ બપોરે ૨-૩૦ થી સૂર્યાસ્ત સુધી બીજી સફારી કરી શકાય છે. જો કે પાર્કમાં આખો દિવસ પણ વિતાવી શકાય છે, અહીંનું મુખ્ય આકર્ષણ વરુ અને ઝરખ છે. શાંત રહીને ધીરજથી શોધીએ તો સોનેરી ઘાસમાં વરુને ક્યારેક શિકાર કરતું તો વળી ક્યારેક રસ્તા પર મહાલતું જોઈ શકાય છે. આ સિવાય સૂર્યોદય પછી બધા જ કાળિયાર એક તરફથી બીજી તરફ જતા હોય ત્યારે એમને હજારોની સંખ્યામાં એક સાથે જોવા એ સુવર્ણ તક છે. અહીં રહેવા માટે એક સામાન્ય સુવિધાઓ સાથે વનવિભાગ તરફથી ડોર્મેટરીની વ્યવસ્થા છે જે નજીવા ખર્ચે બુક કરાવી શકાય છે અને અહીં રહીને જ એક બે દિવસ પાર્કનો આનંદ લઇ શકાય. આ સિવાય આસપાસ એક બે રિસોર્ટ્સ છે જ્યાં રહીને પણ પાર્કને માણી શકાય. બ્લેકબક નેશનલ પાર્કને સારી રીતે જોવા માટે આશરે બે દિવસ ઘણા છે પણ હું જેટલી વાર આ પાર્કમાં ગયો છું મને હંમેશા કંઈક ને કંઈક નવું મળ્યું જ છે.

ગુજરાત રાજ્યનાં નૈસર્ગિક વાતાવરણમાં ખૂબ સુંદર સ્થળ તરીકે ઓછા જાણીતા એવા આ સ્થળની મુલાકાત બાળકોમાં જિજ્ઞાસા અને પ્રકૃતિપ્રેમની ભાવના અચૂક જગાવી શકે છે. આ સ્થળે કોઈ પણ જાતના આગોતરા બુકીંગ કે પ્લાનિંગ વગર પણ જઈ શકાય છે. વધારે દૂર ન જતા પરિવાર સાથે આ સ્થળને માણ્યું હોય તો પણ એક અલગ આનંદનો અનુભવ મેળવી શકાય. ટૂંકમાં પ્રકૃતિથી નજીક જવાનાં દરેક રસ્તાઓ સરળ છે જો આપણે પ્રયત્નો કરીએ તો અને તો જ... ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@
bombaysamachar.com

# ‘જુગલ જુગારી’ સદાબહાર મરાઠી નાટકની પ્રેરણા?

**દરેક કલાકાર સાથે આવું બનતું જ હોય છે. કોઈ નાટક સુપરહિટ જાય તો રાજીના રેડ થઈ જવાય અને કોઈ નાટકને સાવ મોળો આવકાર મળે તો નર્વસ થઈ જવાય. એવું જ પ્રેક્ષકોની બાબતમાં બનતું હોય છે. જૂની રંગભૂમિમાં એવાં અનેક ઉદાહરણ શેઠિયાઓના જોવા મળ્યાં હતાં જે ગુજરાતના કોઈ ખૂણેથી વિમાન પકડી નાટક જોવા મુંબઈ આવતા**

મુંબઈ શહેરમાં મારા રઝળપાટની કથા આગળ વધારું એ પહેલા ‘મુંબઈ સમાચાર’માં પ્રગટ થતી આ કોલમના સંદર્ભે થયેલો એક સરસ મજાનો અનુભવ વાચકો સાથે શૅર કરવાની લાલચ હું નથી રોકી શકતી. ભાંગવાડી થિયેટરમાંથી છૂટા થયા પછી મરાઠી નાટકોમાં મેં કામ કર્યું હતું એ વાંચી એક વાચકે મને ૮૮ વર્ષ પહેલા ભજવાયેલા મરાઠી નાટક ‘એકચ પ્યાલા’ નાટકની જાહેરખબર મોકલી. આ નાટકના લેખક હતા રામ ગણેશ ગડકરી. ગુજરાતના નવસારી જિલ્લાના ગણદેવીમાં જન્મેલા શ્રી ગડકરીના નાટ્યલેખનની એક રસપ્રદ વાત એ છે કે તેમણે લખેલા મોટાભાગના નાટકના નામ પાંચ અક્ષરના હતાઃ એકચ પ્યાલા, ગર્વ નિર્માણ, પુણ્ય પ્રભાવ, પ્રેમ સંન્યાસ, ભાવ બંધન, રાજ સંન્યાસ વગેરે. તેમના નાટક ‘એકચ પ્યાલા’ની જાહેરાત વર્ષો સુધી એવરગ્રીન (સદાબહાર) નાટક તરીકે થતી આવી છે. મરાઠી રંગભૂમિના ઈતિહાસના અનન્ય નાટકોની યાદીમાં વટથી બિરાજતું આ નાટક છે. દારૂના વ્યસનને કારણે સુધાકર જેવી એક બુદ્ધિમાન, તેજસ્વી અને સ્વાભિમાની વ્યક્તિ પોતાની સાધ્વી જેવી પત્ની સિંધુ અને પોતાના સંસારનો કેવી રીતે સર્વનાશ કરે છે એ પ્રભાવી ભાષા અને રોમાંચક ઘટના દ્વારા ગડકરીએ લોકોને સમજાવ્યું છે. નાટકમાં દારૂના વ્યસનની મીમાંસા ગડકરીએ કરી છે.


આ અજરામર નાટકની અચરજ પમાડે એવી વાત એ છે કે લેખક રામ ગણેશ ગડકરીના અવસાન પછી આ નાટકનો પ્રથમ પ્રયોગ ભજવાયો હતો. ૨૩ જાન્યુઆરી, ૧૯૧૯ના દિવસે ગડકરીનું અવસાન થયું અને નાટક ૨૦ ફેબ્રુઆરી, ૧૯૧૯ના દિવસે વડોદરામાં પહેલીવાર ભજવાયું હતું. મારા સદનસીબ કે નાટ્ય સફરના પ્રારંભ કાળમાં જ્યારે હું ગણેશોત્સવ દરમિયાન મરાઠી નાટકોમાં કામ કરતી હતી ત્યારે ‘એકચ પ્યાલા’માં કામ કરવાનો મોકો મને મળ્યો હતો. સીમાચિહ્ન બની ગયેલા આ નાટકને ગુજરાતી રંગભૂમિ સાથે શું નિસ્બત એવો સવાલ તમને થયો હોય તો એ સ્વાભાવિક કહેવાય. આ મરાઠી નાટકનો તંતુ ગુજરાતી નાટ્ય લેખક સાથે જોડાયો હોવાની જાણ હું દેશી નાટક સમાજમાં હતી ત્યારે મને થઈ હતી.

વાત વિગતે જાણવા જેવી છે. સિદ્ધહસ્ત નાટ્ય લેખક મૂળશંકર મુલાણી લિખિત ‘સૌભાગ્ય સુંદરી’ નાટકને જોરદાર સફળતા મળી જેને પરિણામે લેખકશ્રીને સામાજિક નાટકોલખી પ્રેક્ષકોની રુચિ વાળવાની પ્રેરણા મળી હતી. તેમણે ‘જુગલ જુગારી’ નામનું નવું સામાજિક નાટક લખ્યું. નાટકના બે મુખ્ય પાત્ર જુગલ અને લલિતા હતા. જુગલનો પાઠ બાપુલાલ નાયકે ભજવ્યો, જ્યારે લલિતાનો પાઠ જયશંકર સુંદરીએ કર્યો. આ નાટકનો પ્રથમ પ્રયોગ ૧૯૦૨માં થયો હતો. નાટકને અફાટ લોકપ્રિયતા મળી અને એવું કહેવાયું હતું કે જેમ ‘ભર્તુહરિ’ નાટક જોયા પછી કેટલાક લોકોએ સંસાર છોડ્યો હતો અને ‘હરિશ્ચંદ્ર’ નાટક જોયા પછી ગાંધીજીને સત્યના પ્રયોગો શરૂ કરવાની પ્રેરણા મળી હતી અને કેટલાક લોકોએ અસત્ય નહીં બોલવાનું વ્રત લીધું એ જ રીતે ‘જુગલ જુગારી’ જોયા પછી અનેક લોકોએ જુગાર રમવાનું છોડી દીધું હતું. હૃદય હચમચાવી નાખે એવા નાટકના સંવાદોએ જનમાનસ પર ઘેરી અસર કરી હતી.

નાટ્ય લેખક શ્રી મુલાણીના અવસાન પછી જયશંકર ‘સુંદરી’એ આકાશવાણી પરથી અંજલિ આપતા કહ્યું હતું કે ‘મહારાષ્ટ્રના લોકપ્રિય નાટ્યકાર શ્રી ગડકરીને તેમના સર્વશ્રેષ્ઠ નાટક ‘એકચ પ્યાલા’ લખવાની પ્રેરણા કદાચ ‘જુગલ જુગારી’ પરથી મળી હોય તો નવાઈ નહીં.’ જયશંકર ભાઈ જેવી વ્યક્તિ આવી વાત કરે ત્યારે એ કેવળ તર્ક નહીં પણ તર્કથી વિશેષ હોવાની સંભાવના છે. એક ગુજરાતી નાટક અમર બની ગયેલા મરાઠી નાટક માટે પ્રેરણારૂપ બન્યું હોય એ ગુજરાતી રંગભૂમિ માટે ગૌરવ લેવા જેવી ઘટના કહેવાય. કોઈ જાણકાર આ વાત પર વધુ પ્રકાશ પાડી શકે તો એનાથી રૂડું શું? ‘મુંબઈ સમાચાર’ આવી જાણકારી બહાર લાવવામાં નિમિત્ત બને તો સહુ કોઈને હરખ થશે.

ગયા અઠવાડિયે અધૂરી રહેલી વાતનું અનુસંધાન આગળ વધારીએ. દરિયો નજીક હોવાથી બાળકોને સાંતાક્રુઝમાં મોજ પડી રહી હતી અને બાળકો ખુશ એટલે મા પણ ખુશ જ થાય. ત્રણેક મહિના સુધી તો નવી જગ્યા નહીં શોધવી પડે એમ હોવાથી અચાનક ઘર છોડવાની પળોજણ ઊભી નહીં થાય એ વાત નિરાંત આપનારી હતી. એક દિવસની વાત છે. મારા રિહર્સલ નહોતા એટલે સેનેટોરિયમના ગાર્ડનમાં બાંકડા પર બેઠી હતી. બાળકો રમવામાં મશગૂલ હતા અને એમનો ખીલખીલાટ મારા માટે વિટામિનની ગરજ સારતો હતો. આમ પણ હું મક્કમ મનોબળ ધરાવતી હતી અને બાળકોના પ્રસન્ન ચહેરા મજબૂત મનોબળનો ગુણાકાર કરી રહ્યા હતા. બેઠા બેઠા હું વિચારે ચડી અને ભૂતકાળમાં સરી ગઈ.

શરૂઆતમાં ગણેશોત્સવ વખતે કરેલા નાટકોથી શરૂ થયા ત્યારબાદ એક પછી એક પ્રસંગ નજર સામે તરવરવા લાગ્યા. કોઈ સારા હતા કોઈ નરસા પણ હતા. અલબત્ત દરેક કલાકાર સાથે આવું બનતું જ હોય છે. કોઈ નાટક સુપરહિટ જાય તો રાજીના રેડ થઈ જવાય અને કોઈ નાટકને સાવ મોળો આવકાર મળે તો નર્વસ થઈ જવાય. એવું જ પ્રેક્ષકોની બાબતમાં બનતું હોય છે. જૂની રંગભૂમિમાં એવા અનેક ઉદાહરણ શેઠિયાઓના જોવા મળ્યા હતા જે ગુજરાતના કોઈ ખૂણેથી વિમાન પકડી નાટક જોવા મુંબઈ આવતા. કોઈ પાત્ર કે નટ - નટી પર ઓળઘોળ થાય તો એમને મોંઘીદાટ બક્ષીસ પણ આપતા. કેટલાક એવા પ્રેક્ષકો પણ હતા જે ચોક્કસ રોની ચોક્કસ સીટમાં જ બેસી નાટક જોવાનો આગ્રહ રાખતા હતા. અમે જે નાટકો ભજવતા હતા એ જોવા કોઈ છાયાભાઈ નામના ગૃહસ્થ નિયમિત આવતા. શરૂઆતમાં તો એ સીટ પર બેસી અમારા પરફોર્મન્સ બિરદાવતા અને અમને એ ગમતું, કોઈ પણ કલાકારને વાહ વાહ તો ગમતી જ હોય. ધીરે ધીરે એ મહાશય નાટક પત્યા પછી અમને મળવા આવી સંબંધ વધારવાની કોશિશ કરવા લાગ્યા. એક પછી એક ડગલું આગળ વધી એક દિવસ અમને જમવાનું આમંત્રણ પણ આપ્યું. હું ને માસ્તર સાથે ગયા અને અમારો પરિચય વધવા લાગ્યો. અમારા ઘરે પણ આવતા થયા. સંબંધ ઘનિષ્ઠ બનાવવાની કોશિશ કરી રહ્યા હતા. એવામાં અમારે ગુજરાત ટુરમાં જવાનું થયું. છાયા ભાઈ મૂળ રાજકોટના અને રાજકોટમાં પણ અમારા શો હતા. રાજકોટમાં તેમણે અમને એક જણને ત્યાં પ્રાઇવેટ કાર્યક્રમ કરવાનું આમંત્રણ આપ્યું, પણ પછી એવું બન્યું કે...




## નાટકમાં પહેલીવાર ગરબા - રાસ...

આજની તારીખમાં મોરબી સિરામીક ટાઈલ્સ અને ઘડિયાળના ઉદ્યોગથી ધમધમતા શહેરની ઓળખ ધરાવે છે. જોકે, આ મોરબીના લલાટે મચ્છુ ડેમની હોનારત પણ અંકિત છે. આ ઓળખ વચ્ચે નાટ્ય સૃષ્ટિ સાથેના સંબંધની ઓળખ વિસરાઈ ગઈ છે. ‘આર્ય સુબોધ નાટક મંડળી’માંથી છૂટા થઈ મોરબીના બંધુઓ વાઘજીભાઈ તથા મૂળજીભાઈ આશારામ ઓઝાએ એ મંડળીના નામ આગળ ‘મોરબી’ શબ્દ ઉમેરી ‘મોરબી આર્ય સુબોધનાટક મંડળી’ના નવા નામે નાટ્ય પ્રવૃત્તિ શરૂ કરી હતી. વાઘજીભાઈ સંસ્કૃતના અભ્યાસુ હતા. તેમના ‘રાજા ભરથરી’ની સફળતાથી કંપની લોકપ્રિય બની ગઈ. વાઘજીભાઈ સતત કશુંક નવું આપવા વિચારતા રહેતા અને કેવળ વિષય પૂરતા સીમિત ન રહેતા ભજવણીમાં પણ શું નવું કરી શકાય એની તાલાવેલી તેમને રહેતી. કહેવાય છે કે ૧૮૯૩માં મુંબઈમાં ભજવાયેલા તેમના નાટક ‘ત્રિવિક્રમ’માં પહેલી વાર નાટકમાં ગરબા અને રાસને રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રયોગ સફળ સાબિત થયો અને ગુજરાતણોને રીતસરનું ગરબાનું ઘેલું લાગ્યું. આ જોઈ ડાહ્યાભાઈ ધોળશાજીએ પણ પોતાના નાટકોમાં રાસ અને ગરબા રાખવાનું શરૂ કરી દીધું હતું. (સંકલિત)

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@
bombaysamachar.com

# ડિજિટલ વ્યૂહરચનાથી કરો તમારા વેપારમાં વૃદ્ધિ...



થોડા સમયથી ‘ક્વિક કોમેર્સના આગમનથી લોકલ વેપારીઓને અથવા દુકાનદારોને ભારી પડશે, એમનો વેપાર ઓછો થઈ જશે...’ જેવી વાત-ચર્ચાઓ મીડિયામાં અને વેપારી વર્તુળોમાં થઈ રહી છે. કન્ઝ્યુમર નવી વાત અપનાવશે તે નિશ્ચિત છે. ગ્રાહક આજે ઑનલાઈન ખરીદે છે અને પતિ-પત્ની બંને નોકરી કરતાં હોવાથી જોઈતી વસ્તુઓ એ પોતાના અનુકુળ સમયે મંગાવશે ને આવા વખતે જીવન જરૂરિયાતની વસ્તુઓ ક્વિક કોમેર્સના સહારે આવે તેની પૂરી શક્યતા છે.

આજે જ્યારે ઑનલાઈન શોપિંગ મહત્ત્વનો ભાગ ભજવે છે ત્યારે કન્ઝ્યુમરના જીવનમાં તેને લાગતી- વળગતી વ્યૂહરચનાની વાતો જાણવા જેવી છે. ક્વિક કોમેર્સ પણ ઑનલાઈનનો જ એક ભાગ છે એટલે ઑનલાઈન શોપિંગ આવવાથી લોકો ઘરેથી પણ વેપાર કરે છે એટલે જો તેને વ્યવસ્થિત રીતે કરવામાં આવે તો વેચાણ વધવાની શક્યતા વધી જાય. કોઈ પણ વેપાર કે બ્રાન્ડ, ગમે તેટલી મોટી કે નાની હોય, એ અમુક વ્યૂહરચનાઓને અનુસરીને વેચાણ વધારવા માટે ડિજિટલનો ઉપયોગ કરી શકે છે.

સૌપ્રથમ તમે તમારી વેબસાઈટ બનાવો ત્યારે તે વેબસાઇટ માત્ર આકર્ષક અને માહિતીપ્રદ કરતાં એમાં કશુક વિશેષ પણ હોવું જોઈએ, જેમકે તેને SEO ના ધોરણે બનાવો. SEO અર્થાત સર્ચ એન્જિન ઑપ્ટિમાઇઝેશન. લોકો પોતાને જોઈતી વાત ગૂગલ પર અમુક શબ્દો કે વાક્યો દ્વારા શોધવાનો પ્રયત્ન કરે છે. આ શોધની પ્રક્રિયામાં સામાન્ય રીતે વધુ વપરાતા શબ્દોને ‘કી વર્ડ્સ’ કહે છે. તમારી કેટેગરી અને પ્રોડક્ટના કી વર્ડ્સ તમારી વેબસાઈટમાં હોવા જરૂરી છે.

લોકો પોતાને જોઈતી વાતો ગૂગલ પર અમુક શબ્દો કે વાક્યો દ્વારા શોધવાનો પ્રયત્ન કરે છે. આ શોધની પ્રક્રિયામાં સામાન્ય રીતે વધુ વપરાતા શબ્દોને ‘કી વર્ડ્સ’ કહે છે. તમારી કેટેગરી અને પ્રોડક્ટના ‘કી વર્ડ્સ’ તમારી વેબસાઈટમાં હોવા જરૂરી છે. આ SEO તે તમારું કન્ટેન્ટને સમજી શોધ કરનાર વ્યક્તિને તમારી વેબસાઈટ શોધવામાં મદદ કરે છે. આનો ફાયદો જ્યારે લોકો સર્ચ કરે ત્યારે તમારી વેબસાઈટ રેન્કિંગમાં ઉપર આવે.

બીજી તરફ, ‘ગૂગલ એનાલિટિક્સ’ એક એવું ટૂલ છે જે તમારી વેબસાઈટ પર કોણ આવે છે, કેટલો સમય ત્યાં રહે છે, કયા પેજ વિઝિટ કરે છે એ બધાની માહિતી એકઠી કરી તમને આપે છે. આથી આને પણ વેબસાઈટ પર લોડ કરો, જેથી તમને એનાલિસિસ કરવામાં સરળતા રહે. તમારી વેબસાઇટની સાથે સાથે તમારા પ્રોડક્ટ અને બ્રાન્ડ ‘એમેઝોન’ અને ‘ફ્લિપકાર્ટ’ જેવી માર્કેટ પ્લેસ પર પણ લિસ્ટ કરો. ખાલી લિસ્ટ કરવાથી નહિ ચાલે. સ્પોન્સર્ડ લિસ્ટિંગ કરો, જો વધુ પ્રોડક્ટ હોય તો તમે સ્ટોર પેજ પણ બનાવી શકો. સૌથી મહત્ત્વનું, લોકોના રિવ્યૂ લેવા માટે એક સરળ સિસ્ટમ બનાવો. આ માર્કેટ પ્લેસમાં રિવ્યૂ મહત્ત્વનો ભાગ ભજવે છે. એક વાર તમારા ગ્રાહકો વિશે વધુ માહિતી મેળવી લો તે પછી એ લોકો કઈ ચેનલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે તે જાણવું શક્ય છે. લોકો સામાન્ય રીતે ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, ટ્વિટર (હવે X) અને ઇ-મેલ જેવા પ્લૅટફૉર્મ પર જોવા મળે છે તો આ ચેનલ્સનો ઉપયોગ એમના સુધી પહોંચવા કરો. આ ઉપરાંત, તમારું જે કન્ટેન્ટ બનાવો તે એમની અને સ્થાનિક રુચિ-પસંદગીઓને ધ્યાનમાં રાખી બનાવો. એમની ભાષામાં બનાવો. આ અભિગમ શહેરી અને ગ્રામીણ બંને ગ્રાહકો માટે કામ કરે છે. જ્યારે તમારું કન્ટેન્ટ બનાવો છો ત્યારે તમે સ્થાનિક માઇક્રો ઇન્ફ્લ્યુએન્સરોને ભાગીદાર બનાવો. આ લોકો પોતાના વિસ્તારમાં જાણીતા હોય છે અને લોકો એમનાથી પ્રભાવિત પણ હોય છે તેથી તમારી બ્રાન્ડને સ્થાપિત કરવા અને વેચવામાં એ મદદરૂપ પુરવાર થાય છે. આ ઉપરાંત એમને ફોલો કરનારાની સંખ્યા પણ વધુ હોય છે તેથી તમે એ લોકો સુધી પણ પહોંચી શકો છો...અને હાં, કન્ટેન્ટમાં ફક્ત પ્રોડક્ટની વાત ન કરતા, તમારી બ્રાન્ડની પ્રક્રિયાના વીડિઓ, ગ્રાહકોની સ્ટોરી, તમારી કેટેગરી વિશેની રસપ્રદ માહિતી પણ ઉમેરો...

ઑનલાઈનમાં જ્યારે કેમ્પેન ચલાવો છો ત્યારે કન્ટેન્ટની સાથે બીજી એક વાત મહત્ત્વની છે અને તે છે.

CTA (કોલ ટૂ એક્શન). આ એક શક્તિશાળી મિકેનિઝમ છે. ‘કોલ ટુ એક્શન’નો ઉપયોગ કર્યા વિના ડિજિટલ માર્કેટિંગ દ્વારા વેચાણ વધારવું અશક્ય છે. ‘કોલ ટુ એક્શન’નો અર્થ છે કે તમે ગ્રાહક પાસે શું કરાવવા ઇચ્છો છો અથવા ગ્રાહક તમારી એડ જોઈ શું કરે એ દોરવાનું કામ ‘કોલ ટુ એક્શન’નું છે. તે કોઈ સ્કીમ હોઈ શકે, ડિસ્કાઉન્ટ હોઈ શકે, ટાઈમ બાઉન્ડ અર્થાત ‘હમણાં કરો અને મેળવો’ જેવી યુક્તિ હોઈ શકે, ક્યાં ક્લિક કરો, કોન્ટેક્ટ નંબર વગેરે વાત ગ્રાહકને ત્યારે ને ત્યારે એક્શન લેવા મજબૂર કરે. ‘કોલ ટુ એક્શન’ માટે અસરકારક શબ્દોનો ઉપયોગ કરો, તેને હાઈલાઈટ કરો, તેને અલગ કલર આપો જેથી તે બાકી કન્ટેન્ટથી અલગ તરી આવે.

ઑનલાઈનનો ફાયદો તે છે કે તેનાં પરિણામ તમે માપી શકો- જાણી શકો છો. આથી હરેક કેમ્પેનનો અભ્યાસ કરી તેનાં પરિણામ જાણી નવું કેમ્પેઇન બનાવી શકો. ડેટાનું મહત્ત્વ આપણે જાણીએ છીએ અને આ માધ્યમ તમને પૂરતો ડેટા પૂરો પાડે છે. બીજી તરફ, તમારો જે માલ વેચાયો તે ડેટા તમારી પાસે છે. એટલું નહીં, ગ્રાહકની શોપિંગ કાર્ટમાં વત્તા ચેક-આઉટમાં માલ છોડેલા લોકોનો પણ ડેટા છે. આ લોકોને પર્સનલ કોલ અથવા મેસેજ દ્વારા અમુક સ્કિમ આપી માલ ખરીદવા પ્રેરી શકો. તે રીતે જે લોકો માલ ખરીદે છે એમને કોલ અથવા મેસેજ દ્વારા નવા પ્રોડક્ટની માહિતી અથવા તે પ્રોડક્ટ બીજી વાર ખરીદવા પ્રેરી શકો.

આમ, આ માધ્યમ ઓપન હોવાથી કંટ્રોલ તમારા હાથમાં રહે છે અને તમને એક્સપેરિમેન્ટ કરવાની તક આપે છે. અહીં સૌથી મહત્ત્વની વાત એ છે કે જ્યારે તમે ડિજિટલની મદદથી માલ વેચવાની શરૂઆત કરો છો ત્યારે ત્યારે તમે ગ્રાહકો સાથે મજબૂત રીતે સંકળાઈ જાવ છો, જે તમારા વેપારને જોઈતો વેગ ને નફો પૂરો પાડે છે.

કેન્વાસ

અભિમન્યુ મોદી
feedback@
bombaysamachar.com

# ડિવોર્સઃ આપણા સમાજની ‘નવી’ પરંપરા?



**ટ્રેજેડી એ છે કે આપણે કોઈ ડિવોર્સી સ્ત્રી કે ડિવોર્સી પુરુષને જોઈએ એટલે આપણી આંખના કેટેરેક્ટની આગળ ‘કેરેક્ટર એસસેસિનેશન’ (ચારિત્ર્યહનન)ના લેન્સ લાગી જાય. કોઈના તલાક-છૂટાછેડાને ચરિત્ર સાથે સાંકળવા લાગીએ...**

છેલ્લાં દસેક વર્ષમાં આપણા ઘરે જેટલી લગ્નની કંકોત્રી આવી હશે લગભગ એટલી જ સંખ્યામાં આપણે આપણી આજુબાજુ ડિવોર્સનું સાંભળ્યું હશે. લગ્નના છ મહિના થયા હોય કે છ વર્ષ - છૂટાછેડાના સમાચાર અણધાર્યા કપલ પાસેથી પણ આવતા હોય છે. પહેલાં કોઈ કોઈ તો બ્રેક-અપ પાર્ટી આપતા હવે ડિવોર્સ સેલિબ્રેટ કરતાં થઈ ગયા છે.

દુનિયામાં ચિત્રવિચિત્ર કિસ્સા બનતા રહે છે. બોસ્નિયાના એક કપલના છૂટાછેડા થયા. કારણ શું? પત્નીને ખબર પડી કે એનો પતિ થોડા સમય પહેલાં ફેક અકાઉન્ટ બનાવીને કોઈ સ્ત્રી સાથે ચેટિંગ કરતો હતો. પતિએ પણ છૂટાછેડા આપવાની અરજ કરી, કારણ કે પતિ જે સ્ત્રી સાથે ચેટિંગ કરતો હતો એ અકાઉન્ટ એની પત્નીએ જ બનાવેલું હતું... બંને એકબીજા સાથે જ ચેટિંગ કરતા હોવા છતાં, બંનેનાં નામ જુદાં હતાં અને ડિવોર્સ થઈ ગયા.

આ સાચૂકલો કિસ્સો છે, જૉક ભલે લાગે. અમેરિકામાં દર કલાકે એકસો જેટલા ડિવોર્સ ફાઈલ થાય છે. અને એ બધા ફાઈલિંગમાં ઈન્સ્ટાગ્રામ/ફેસબુક શબ્દો અચૂક હોય છે. અત્યાર સુધી સૌથી ઓછો ડિવોર્સ રેટ ધરાવતું ભારત પણ હવે છૂટાછેડાના ગુણોત્તર પ્રમાણમાં કૂદકે ને ભૂસકે આગળ વધી રહ્યું છે.

૨૦૩૬માં ઑલિમ્પિક અમદાવાદમાં થાય કે નહિ, ડિવોર્સ રેટમાં ભારત અમેરિકા કરતાં આગળ વધી જવાનું છે, કેમ કે જે દેશમાં છૂટાછેડાનું પ્રમાણ વધારે તે દેશમાં સુખાકારીનું પ્રમાણ વધુ...(એવું કહેવાય છે - મનાય છે!) ભારતમાં પણ આવું થશે?

આ વાત સમજવી અઘરી લાગી શકે. છૂટાછેડા કુદરતી પ્રક્રિયા છે, લગ્ન એ અકુદરતી પ્રોસેસ છે, કારણ કે નવ મહિના ગર્ભમાં રહ્યા પછી રડતા રડતા એ બંધનમાંથી છૂટા થવાની જીદ નવજાત શિશુની હોય- એવી તાસીર આ માનવજાતની છે. માનવી આમ તો ટોળાનું સામાજિક પ્રાણી. સમૂહચારી, પણ એ ફક્ત ખાવા-પીવામાં, પ્રજનનમાં. બાકી પોતાની રીતે રહેવું હોય અને બીજાને પણ પોતાની રીતે રાખવા હોય. આ સ્વભાવ-ગુણ દરેક મનુષ્યના ડીએનએના તાંતણામાં લખાયેલો છે. જોહુકમી તો જ શક્ય બને જો સામે કોઈ આજ્ઞાકારી હોય. માણસો જ બધા મરજીના માલિક હોય તો કઈ રીતે શક્ય બને? માટે લગ્નને અકુદરતી કહીએ તો ખોટું નથી.

કુદરત માણસને લગ્ન કરવાનું નથી કહેતી. લગ્ન માણસનું સંશોધન છે. પોતાની શોધ હોય એટલે ઈગો પણ વધુ હોય માટે તો રંગેચંગે, મરણમૂડી પણ વાપરીને ધામધૂમથી લગ્ન થાય છે. જોકે, આંકડા કહે છે કે જેણે લગ્નમાં વધુ ખર્ચો કર્યો, એના છૂટાછેડા થવાની શક્યતા વધુ. (અમુક અપવાદ છે આમાં!) વાત વિરોધાભાસી લાગે છે? વિરોધાભાસ નથી, સાદો તર્ક છે, સરળ વિજ્ઞાન છે. સાદો તર્ક લગાવીએ તોપણ સમજી શકાય.

બીજી તરફ, ‘એ પાછી આવી છે.’, ‘ક્યાંય ટકતી જ નથી. કુંવારાય એનાં લક્ષણ ક્યાં સારાં હતાં.’, ‘એ માણસમાં જ નથી આવતો.’, ‘એ માવડિયો હતો.’ - ડિવોર્સ થાય પછી આવાં કેટલાંય કારણ સાંભળવા મળે. ટ્રેજેડી એ છે કે આપણે કોઈ ડિવોર્સી સ્ત્રી કે ડિવોર્સી પુરુષને જોઈએ એટલે આપણી આંખના કેટેરેક્ટની આગળ ‘કેરેક્ટર એસેસિનેશન’ (ચારિત્ર્યહનન)ના લેન્સ લાગી જાય. કોઈના તલાક-છૂટાછેડાને ચરિત્ર સાથે સાંકળવા લાગીએ. કા તો લગ્ન પહેલાં લફરેબાજ હશે અને કાં તો છૂટાછેડા પછી ‘અવેલેબલ’ હશે.

સત્ય એ છે કે એક્સ્ટ્રા મેરિટલ અફેર લગ્નવિચ્છેદનું નંબર વન કારણ નથી. નંબર વન કારણ છે એકબીજા સાથે થતો ઝઘડો-કંકાશ, જે પૈસો, ઘરકામ કે કુટુંબમાં મળતી છૂટછાટને લઈને થતો હોય છે. કેટલીક વાર મનભેદના પરિણામે પતિ અને પત્ની વચ્ચે ‘વો’ પ્રવેશીને એ બન્ને વચ્ચેના સંબંધમાં ગાબડું પાડી દે છે.

ઘણી પ્રાચીન સંસ્કૃતિઓ કે પુરાતન નગરોમાં છૂટાછેડાનો કન્સેપ્ટ-ખ્યાલ હતો જ નહિ. બહુ તો પુરુષ એની સ્ત્રીને છોડી શકે, એથી ઊંધું શક્ય નહોતું. હજારો વર્ષો જૂના ભારતીય ઈતિહાસમાં પણ સ્ત્રીએ છૂટાછેડા લેવા માટે સામેથી પહેલ કરી હોય એવા દાખલા શૂન્યવત્ છે. લગ્ન તો નિભાવવાનાં જ. ભારતીયોના લોહીમાં આ વાત ઊતરી છે કે છૂટાછેડા થાય તો વધુ ગોસીપ-ચર્ચા સ્ત્રી માટે થાય. પત્ની અકાળે ગુજરી જાય તો એને સ્મશાન સુધી મૂકવા માટે પણ વિધુર નથી જતો, ઈવન, આજની તારીખે. કેમ? કારણ કે બીજાં લગ્ન કરવા હોય છે. બીજાં લગ્ન ભલે કર, પણ પત્નીના મૃતશરીરને છેક સુધી સાથ તો આપ...

ભારતીય સંસ્કૃતિની લગભગ દરેક વાત ભલે ગૌરવ લેવા જેવી લાગે, પણ ડિવોર્સની વાત કરીએ તો આપણો ઈતિહાસ કંઇ ગૌરવવંતો નથી એટલે જ પતિનું જીન્સ-ટીશર્ટ પહેરીને મંદિરા બેદી પતિની નનામીને કાંધ આપે તો ટ્રોલ થવું પડે છે, કારણ કે મોટા ભાગનાં ભારતીય બાળકોએ એનાં મમ્મી-પપ્પાને લડતાં-ઝઘડતાં-માથાકૂટ કરતાં-એકબીજાંનાં કુટુંબીજનો વિશે એલફેલ બોલતાં પણ ક્યારેય છૂટાં ન પડતાં જોયાં છે. પોતાની મમ્મીને જ બધું સહન કરતી અને પરંપરા જાળવતી જોઈ છે એટલે કોઈ પારકી સ્ત્રી પોતાની મૌલિકતા આચરણમાં મૂકે તો ટિપિકલ મેલ ઈગો હર્ટ થઈ જાય છે. એવું જ આમિર ખાન - કિરણ રાવના કિસ્સામાં બનેલું. ડિવોર્સ પછી એ બંને એકબીજાનો હાથ પકડીને વીડિયો બનાવે તો ઘણાને સાપ સૂંઘી ગયો હોય એવું લાગે છે. કેમ? કારણ કે ડિવોર્સ પછી તો આપણે કડવાશ જ જોઈ છે. બંને પક્ષ એકબીજા ઉપર ગાલીગલોચ કરે એ જ પરંપરા રહી છે.

બાળકો પેદા કરવા માટે લગ્નની જરૂર નથી. ઘણા દેશોના કાયદા આ પદ્ધતિને માન્ય રાખે છે.

હજારો લગ્ન એવાં થાય છે જેમાં મા-બાપનાં લગ્નમાં એનાં બાળકો હાજર હોય. એ સારી કે ઉત્તમ વ્યવસ્થા છે એવું કહેવાનો મતલબ નથી. મુદ્દો એ છે કે માણસ સારો છે ને? જો હા, તો બીજી બધી જ બાબત ગૌણ બની જાય છે. એનાં લગ્ન ન થયાં હોય કે પાંચ વખત થયાં હોય, એ કોઈને નડતો નથી - એ મહત્ત્વનું છે. બાકી ડિવોર્સમાં સ્ત્રીએ સહન કરવું પડતું હોય એટલું જ કે એનાથી પણ ક્યારેક વધુ પુરુષે સહન કરવાનું આવે. ટૂંકમાં લગ્ન જેવું કંઈ હોતું નથી. હોય છે તો છૂટાછેડા ન લેવાનો નિર્ણય.

ખોટું કહ્યું? જરા વિચારી જોજો.

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# એક નૂર આદમી હજાર નૂર કપડાં? છતાં સફળ લોકો કેમ એક જ પોશાક પહેરે છે?

તાજેતરમાં અવસાન પામેલા પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ રતન ટાટા, ‘ફેસબુક’ના સ્થાપક માર્ક ઝકરબર્ગ, ‘એપલ’ કંપનીના સ્થાપક (સ્વર્ગસ્થ) સ્ટીવ જોબ્સ અને અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામા વચ્ચે એક વાતનું સામ્ય છે - એ સૌ વર્ષો સુધી એકનાં એક કપડાં પહેરતાં હતાં.

૪૦ વર્ષના ઝકરબર્ગ માટે તો એવું કહેવાય છે કે ૨૦૦૪માં એણે ‘ફેસબુક’ની શરૂઆત કરી ત્યારથી એણે એનો પોષક બદલ્યો નથી. એ રોજ ગ્રે ટી-શર્ટ અને જીન્સ પહેરે છે. સ્ટીવ જોબ્સ તો જાપાનીસ ફેશન ડિઝાઈનર ઇસ્સે મિયાકેએ બનાવેલું બ્લેક ટર્ટલનેક શર્ટ અને બ્લુ જીન્સ પહેરતા હતા. તમને ઝકરબર્ગ અને જોબ્સ ભાગ્યે જ બીજાં વસ્ત્રોમાં જોવા મળશે. બરાક ઓબામા રાષ્ટ્રપતિ હતા ત્યારે પણ મોટા ભાગનો સમય એ સફેદ શર્ટ-રેડ ટાઈ સાથે ગ્રે અથવા બ્લ્યુ સૂટ પહેરતા હતા.

વીસમી સદીના જીનિયસ વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈને ગ્રે રંગના અનેક સૂટ ખરીદી રાખ્યા હતા એટલે રોજ સવારે શું પહેરવું તે વિચારવામાં સમય ના બગડે. એમને સેંડલ્સ ને સ્લિપર્સ પહેરવા વધુ પસંદ હતા. આપણા લાડીલા ગીતકાર ગુલઝાર કાયમ સફેદ કુર્તામાં જ હોય છે. આ એમની ‘સિગ્નેચર સ્ટાઈલ’ બની ગઈ છે.

જે લોકો રોજ નવાં વસ્ત્રો પહેરતાં હોય એમના માટે એ સમજવું બહુ અઘરું હોય છે કે અમુક સફળ અને જીનિયસ લોકોને એકનો એક પોશાક પહેરવાનો જરાય કંટાળો કેમ નથી આવતો, કારણ કે મોટા ભાગના લોકો માટે નવા ડ્રેસ પહેરવા એટલું નોર્મલ છે જેટલું બ્રશ કરવું કે નહાવું.

વાસ્તવમાં, એકના એક પ્રકારનાં કપડાં પહેરવાં એ આપણા જેવા, જેમના કબાટ પ્રકાર-પ્રકારનાં વસ્ત્રોથી ભરાયેલાં છે એમના કરતાં વધુ સામાન્ય છે. અહીં તો આપણે માત્ર જાણીતા લોકોનાં જ ઉદાહરણ આપ્યાં છે, પરંતુ એવા લાખો લોકો છે જે ઓછાં કપડાંમાં જીવન ગુજારે છે, કારણ જીવન જીવવા માટેની બીજી પ્રાથમિકતાઓ તેનું સ્થાન લઈ લે છે.

મનોવૈજ્ઞાનિકો પણ આ વાતને સમર્થન આપે છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આપણે દરરોજ લગભગ નાના-મોટા ૧૦,૦૦૦ થી ૪૦,૦૦૦ જેટલા નિર્ણય લઈએ છીએ. આનો અર્થ એ થયો કે તમે ઓછા મહત્વનાં કામ પાછળ જેટલી વધુ વૈચારિક ઊર્જા ખર્ચો તેની અસર મહત્ત્વના નિર્ણયો લેવાની પ્રક્રિયા પર પડે છે.

ઝકરબર્ગ આ વાતની સાબિતી છે. એક પત્રકારે એકવાર એને એના ગ્રે ટી-શર્ટ અને જીન્સ અંગે પ્રશ્ન પૂછ્યો હતો તો એણે કહ્યું હતું કે, ‘હું રોજ સવારે ઊઠીને (‘ફેસબુક’ પર જોડાયેલા) એક અબજથી વધુ લોકો માટે કામ કરું છું. હું જો મારા જીવનની ફાલતુ ચીજોમાં સમય બરબાદ કરું તો મને એવું લાગે કે હું મારું કામ બરાબર કરતો નથી. ‘ફેસબુક’ના સમુદાયને લગતા વિચારો પર હું એટલો સમય આપું છું કે બીજી બાબતના નિર્ણયો કરવા ના પડે તે વધુ લાભદાયી રહે છે....’



આને મનોવિજ્ઞાનની ભાષામાં ‘ડિસિઝન ફટીગ’ (એટલે કે, નિર્ણય લેવાની થકાન) કહે છે. મગજ સતત નિર્ણયો કરવાની પ્રક્રિયામાં વ્યસ્ત રહે તો ઉત્તરોત્તર તેના નિર્ણયો લેવાની ગુણવત્તા ઘટતી જાય છે.

ધારો કે તમે રોજ સવારે ઊઠીને, પાંચ-દસ પ્રકારનાં બ્રશમાંથી આજે કયું બ્રશ વાપરવું તેની પાછળ સમય આપો અથવા અલગ અલગ રંગ અને આકારના દસ-વીસ મગમાંથી આજે કયા મગમાં કૉફી પીવી તેનું મનન કરતા રહો તો આજે કામ પર જઈને સૌથી પહેલું કયું કામ કરવાનું છે અથવા આજે કોને પહેલાં મળવાનું છે અથવા આજે કઈ સમસ્યાને હલ કરવાની છે જેવી બાબત પર ધ્યાન આપતાં સુધીમાં મગજ થાક અનુભવવા લાગે છે. સાદી ભાષામાં એમ કહેવાય કે કઈ બાબત સૌથી અગત્યની છે અને કઈ વાત સૌથી ઓછી અગત્યની છે તેનો તફાવત ના કરીએ તો આપણે ડિસિઝન ફટીગનો ભોગ બનીએ છીએ.

જીનિયસ-વિચક્ષણ લોકો એવાં કામને સમર્પિત હોય છે કે એમના માટે એક એક દિવસ અથવા એક એક ક્ષણ મહત્ત્વની હોય છે એટલા માટે નહીં, કે એમને ઉતાવળ છે, પણ એટલા માટે કે એ માનસિક ઊર્જાને બચાવી રાખે છે અને સમર્પિત કામોમાં આપી દે છે. એટલા માટે આવા લોકો પોતાના રૂટિન જીવનની એવી ઘણી બાબતનું બલિદાન કરતા હોય છે, જે આપણા જેવા સાધારણ માણસો માટે સૌથી મહત્ત્વની હોય છે.

બરાક ઓબામાએ આ સંદર્ભમાં ‘વેનિટી ફેર’ નામના મૅગેઝિનને કહ્યું હતું, ‘તમે મને કાયમ ગ્રે અથવા બ્લ્યુ સૂટમાં જોયો હશે. હું બને ત્યાં સુધી નિર્ણયો ઓછા કરવાની કોશિશ કરું છું. હું શું ખાવું અને શું પહેરવું તેના વિચારો નથી કરતો, કારણ કે મારી પાસે નિર્ણયો લેવા માટેનાં ઘણાં કામ હોય છે. નિર્ણયો લેવાની ઊર્જાનું ધ્યાન રાખવું જોઈએ. નકામી વાતમાં ઊલઝી જઈને તમે દિવસ પસાર ના કરી શકો.’

નાનો હોય કે મોટો, દરેક નિર્ણય પાછળ એકસરખી ઇચ્છાશક્તિ ખર્ચાય છે. આજે કાળા રંગના મગમાં કૉફી પીવી કે આજે જૉબના ઇન્ટરવ્યુ માટે શું તૈયારી કરવી તે બંને વાત એકસરખી રીતે મેન્ટલ સ્પેસ રોકે છે અને એકની અસર બીજી પર પડે છે. માર્કેટિંગવાળા આ વાતને બહુ સારી રીતે સમજતા હોય છે. તમને ક્યારેય વિચાર આવ્યો છે કે રિટેલ સ્ટોર્સ અથવા મોલ્સમાં કેશિયરના ડેસ્કની આસપાસ ચૉકલેટ્સ, ડ્રિંક્સ, ગમ જેવી નાની-નાની વસ્તુ કેમ ગોઠવેલી હોય છે? એ સુગમતા માટે નથી. એમને ખબર છે કે તમે સ્ટોરમાં એક કલાક સુધી ફરીને કંટાળ્યા છો અને હવે સમાન લઈને ઘરભેગા થવાની ઉતાવળમાં છો. એ વખતે, તમારા મગજને બહુ કષ્ટ ન પડે અને વગર વિચારે બિનજરૂરી ચીજો પણ ઉપાડી લો એટલા માટે આવો નાનો સમાન ‘વ્યૂહાત્મક’ રીતે મૂકવામાં આવ્યો હોય છે.

ધારો કે તમારે દર ૨૪ કલાકમાં ૧૦૦ નિર્ણય કરવાના હોય છે. તમે શું કરશો? આ ૧૦૦ માર્ક્સના પરીક્ષાપત્ર જેવું છે. તમે સૌથી ઓછા માર્ક્સવાળા (સૌથી ઓછા મહત્ત્વના) પ્રશ્નને છોડી દેશો અને સૌથી વધુ માર્ક્સવાળા પ્રશ્નને પહેલાં સોલ્વ કરશો. શું ખાવું, શું પહેરવું, સોશિયલ મીડિયા પર શું જોવું વગેરે ઓછા માર્ક્સવાળા પ્રશ્ન છે.

આપણે જો આપણા રૂટિનને બને એટલું સાદું અને સરળ રાખીએ તો આપણી માનસિક ઊર્જાનો વધુ સકારાત્મક ઉપયોગ કરી શકીએ. એટલા માટે, સવારના ભાગમાં આપણે મોટા ભાગનાં કામ ‘ઑટોમેટિક’ કરીએ છીએ. એના માટે આપણે એમાં મગજ ચલાવતા નથી, જેમ કે બ્રશ કરવું, નહાવું, ચા પીવી, કસરત કરવી અથવા ગપસપ કરવી, આમ આપણે અજાણતા પણ બાકી દિવસ માટે ઊર્જા બચાવીએ છીએ.

બાય ધ વે, એક પત્રકારે ગુલઝારને એમના સફેદ રંગના કુર્તા અંગે પૂછ્યું ત્યારે એમણે કહ્યું હતું, ‘અચ્છા લગતા હૈ. હું છેક કૉલેજમાંથી સફેદ વસ્ત્ર પહેરતો આવ્યો છું. મને કલર ગમે છે, પણ હવે જો હું કલર પહેરું તો કૃત્રિમ લાગું. જીવનમાં કે કામમાં, હું જેવો છું તેવો ના લાગું તો સારું ના કહેવાય.’ ■

ઈકો-સ્પેશિયલ
જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# હર ઘર SIP ....ક્યોંકિ SIP સહી હૈ!

**તમારી પાસે પેન કાર્ડ છે? આધાર કાર્ડ છે? આ બન્ને કાર્ડ વર્તમાન સમયના વ્યવહારિક જગતમાં દરેક માટે અનિવાર્ય છે. એ જ રીતે, નાણાકીય જગતમાં તમારું આર્થિક ભવિષ્ય સુરક્ષિત કરવા માગતા હો તો તમારી પાસે મ્યુચ્યુઅલ ફંડના સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP) હોવા પણ એટલા જ અગત્યના છે**




આ હકીકત આમ તો જાહેર છે, પરંતુ નાના-મધ્યમ વર્ગના બચતકાર-રોકાણકાર વર્ગ માટે આ વિષયનું રિમાઈન્ડર સતત જરૂરી છે.

‘મ્યુચ્યુઅલ ફંડ સહી હૈ’ એવાં સૂત્ર તો લાંબા સમયથી પ્રચારમાં વપરાય છે. આ માર્ગે રોકાણ સતત એકધારું વધી રહ્યું છે, જેથી ઘણેખરે અંશે તેને સફળતા પણ મળી કહી શકાય. જોકે મ્યુચ્યુઅલ ફંડની યોજનાઓમાં જો કોઈ યોજનાને સૌથી વધુ સફળતા મળી રહી છે તો એ છે સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી). આ પ્લાન સૌથી વધુ પોપ્યુલર થયા છે અને હાલ ઘેર-ઘેર SIP પોતાનું મહત્ત્વનું સ્થાન બનાવી રહ્યું છે.

દેશમાં આજે SIP એકાઉન્ટસની સંખ્યા દસ કરોડને પાર કરી ગઈ છે. ગયા ઓકટોબરમાં નેટ ૨૪ લાખથી વધુ નવા SIP એકાઉન્ટસ રજિસ્ટર્ડ થયા છે. આમ ઓકટોબરમાં કુલ આવા એકાઉન્ટસની સંખ્યા ૬૯ લાખ ઉપર પહોંચી ગઈ છે, જે રોકાણકાર વર્ગનો આ માર્ગમાં વધતો વિશ્વાસ દર્શાવે છે. SIPની વૃધ્ધિનો ગ્રાફ જોવો રસપ્રદ છે, એપ્રિલ ૨૦૧૬માં રૂ.૩૧૦૦ કરોડના SIP જમા થતા હતા, જે માર્ચ ૨૦૨૦માં રૂ.૮૫૦૦ કરોડ સુધી પહોંચી ગયા હતા, કોવિડ બાદ આ રોકાણમાં જબ્બર ઉછાળો નોંધાયો અને સપ્ટેમ્બર ૨૦૨૧માં તે આંકડો પ્રથમવાર રૂ.૧૦૦૦૦ કરોડને પાર કરી ગયો અને એપ્રિલ ૨૦૨૪માં રૂ.૨૦૦૦૦ કરોડ અને હાલ ઓકટોબર ૨૦૨૪માં રૂ. ૨૫ હજાર કરોડ ઉપર પહોંચી ગયો છે. અલબત્ત, દેશની વસતિને ધ્યાનમાં રાખતા આ સંખ્યા અને રકમ ઓછાં ગણાય, જેથી આગામી સમયમાં આ માટેનો અવકાશ અને પ્રવાહ વધશે એમ ચોકકસ માની શકાય.

મજાની વાત એ છે કે SIP મહિનામાં માત્ર રૂ. ૫૦૦ જેવી નાની રકમ સાથે પણ થઈ શકે છે. હવે તો અમુક ફંડ રૂ.૧૦૦ ની SIP ઓફર કરવાની તૈયારીમાં છે. નિયમન સંસ્થા ‘સેબી’ પણ આને વધુ લોકો સુધી લઈ જવા માગે છે. તેજી-મંદી બંનેમાં લાભ હાલ SIPમાં રોકાણ કરવાનું અને વધારવાનું નકકર કારણ એ છે કે બજાર નવી-નવી ઊંચાઈએથી પાછું પહોંચી રહ્યું છે. સ્ટોકસના ભાવોમાં ઘટાડાથી ફંડસની યોજનાઓની એનએવી (નેટ એસેટ વેલ્યુ) પણ ઘટે છે. એનએવી (નાવ) ઘટવાથી SIP ધારકોને યુનિટસ વધુ પ્રાપ્ત થાય છે. આમ એની સૌથી મુખ્ય અને મોટી વિશેષતા છે કે મંદીમાં પણ તે રોકાણકારોને લાભ જ કરાવે છે, તેજીમાં મુલ્યવૃધ્ધિ મારફત અને મંદીમાં યુનિટસ વૃધ્ધિ મારફત... તેથી જ ‘મ્યુચ્યુઅલ ફંડ સહી હૈ’ ની સાથે-સાથે SIP જયાદા સહી હૈ’ કહેવું જોઈએ. જે બચતકારો-રોકાણકારો SIPના સિદ્ધાંતને અને તેની વિશેષતા સમજી લે છે એ ખરાં અર્થમાં રોકાણમાં સફળ થાય છે અને સંપત્તિસર્જનની સાર્થકતા મેળવે છે.

## એક નજર વિદેશી ફંડસના ટ્રેન્ડ તરફ...

અમેરિકામાં પ્રમુખ તરીકે ડોનલ્ડ ટ્રમ્પ સત્તા પર આવ્યા બાદ ભારતીય રોકાણકારોનો વિદેશી કંપનીઓ અને મ્યુચ્યલ ફંડોમાં રોકાણ કરવામાં રસ વધવા લાગ્યો છે. હાલ કુલ ૭૬ આંતરરાષ્ટ્રીય મ્યુચ્યુઅલ ફંડની સ્કિમ્સમાંથી ૪૧ સ્કિમ્સ નવા રોકાણ માટે ઉપલબ્ધ છે, તેમાંની મોટા ભાગની સ્કીમ્સમાં જીંડ મારફતે રોકાણ કરી શકાય છે. જોકે આમાંના ઘણાં મ્યુચ્યુઅલ ફંડસ એક સાથે લમસમ સ્વરૂપે રોકાણ સ્વીકારવાનું ટાળે છે. રોકાણકારોને ચીનની વિકાસ ગાથાનો લાભ લેવાની સાથે સાથે યુએસ બજારમાં ટેક વેવનો પણ ફાયદો ઊઠાવવો છે. જોકે એમની પાસે બહુ જ મર્યાદિત વિકલ્પો ખુલ્લાં છે. આમ તો ગ્લોબલ માર્કેટમાં મ્યુચ્યુઅલ ફંડો મારફતે રોકાણ કરવું અસરકારક રહ્યું હોવા છતાં આ માર્ગ સામે હજી ચોક્કસ નિયમનકારી ધોરણો અવરોધ બની રહ્યા છે.

## માર્કેટ માટે લાંબા ગાળાનો સંકેત

હાલ ઇન્ટરનેશનલ ફંડ ઓફ ફંડ્સ, સીધાં ઇક્વિટી રોકાણો અને ઇન્ટરનેશનલ ઇટીએફમાં મળીને થયેલા રોકાણોનું મૂલ્ય અંદાજે રૂ. ૭૦૦૦૦ થી ૭૫૦૦૦ની રેન્જમાં હોવાનો અંદાજ છે. મ્યુચ્યુઅલ ફંડ ઇન્ડસ્ટ્રીની માંગણી છે કે રોકાણ માટેની મર્યાદામાં વધારો કરવો જોઇએ. તેમણે સત્તાવાળાઓ સમક્ષ આ માટે રજૂઆત પણ કરી છે. આમ હાલ દેશમાં અને વિદેશોમાં સ્થાપિત મ્યુચ્યુઅલ ફંડસ તેમ જ ઈટીએફમાં રોકાણકારોનો રસ સતત વધી રહયો હોવાની બાબત એક વાતનો સંકેત આપે છે કે આ નાણાં મહદઅંશે શૅરબજારમાં આવતા હોવાથી લાંબે ગાળે તે તેજી માટે સહાયક બનશે. ખાસ કરીને લાંબા ગાળાના રોકાણકારો આ માર્ગને પસંદ કરે છે. આને પરિણામે ફંડામેન્ટલ્સથી મજબૂત ગણાતા સ્ટોકસ માટે વૃદ્ધિનો અવકાશ વધી જાય છે. નાના ભારતીય રોકાણકારોએ યોગ્ય સલાહ લઈ આ માર્ગે આગળ વધવું જોઈએ. દેશનાં ફંડસ ઉપરાંત વિદેશી ફંડસમાં પણ રોકાણ કરવાનો અભિગમ રાખવો જોઈએ. આ માટેની સુવિધા પણ ઉપલબ્ધ છે. લોકો અહીંથી રૂપિયાની કરન્સી મારફત પણ ટોચની ગ્લોબલ-વિદેશી કંપનીઓમાં રોકાણ થઈ શકે એવા ફંડસની યોજનાઓ પસંદ કરી શકે છે. ‘મારાથી આમ નહી થઈ શકે, મને તો આમાં કંઇ સમજ પડતી નથી, મને આ વિશે કંઈ ખબર નથી’ એમ વિચારી બેસી રહેવાથી કામ નહીં થાય. થોડો અભ્યાસ અને સાચી સલાહ મેળવવાનું કર્મ તો કરવું જ રહ્યું. ■

હેં... ખરેખર?!
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# વિશ્વનો સૌથી ઊંચો માનવી, લંબાઇ આઠ ફૂટ, ૧૧.૧ ઇંચ

અમારા એક ખાસ મિત્ર રમૂજમાં કહે કે ફિઝિકલ હાઇટ ઇઝ નેવર કાઉન્ટેડ. સાચી વાત છે. આપણા પ્રિય વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની ઊંચાઇ માત્ર પાંચ ફૂટ બે ઇંચ હતી, ને વ્યક્તિત્વ-કતૃત્વ આકાશને આંબે એવા હતા. ગોડ ઓફ ક્રિકેટ ગણાતા સચિન તેન્ડુલકરની હાઇટ પણ શાસ્ત્રીજી જેટલી જ. આમિરખાન (૫’.૮’’ ફૂટ), શાહરૂખ ખાન (૫’.૭’’ ફૂટ), અને અમિતાભ બચ્ચન (૬’.૧૭’’)ની સફળતા જોઇ લો.

આજે આપણે વાત કરવી છે વિશ્વના સૌથી ઊંચા (કે ‘લાંબો’ શબ્દ વધુ ઉચિત રહેશે?) માનવીની. નામ રોબર્ટ વાડલો. લંબાઇ ૮ ફૂટ અને ૧૧.૧ ઇંચ એટલે ૨.૭૨ મીટર! હા. રેકોર્ડેડ ઇતિહાસમાં રોબર્ટ વાડલો. સૌથી લાંબા વ્યક્તિ તરીકેનો વિક્રમ ધરાવે છે. આના પુરાવા દસ્તાવેજ મોજૂદ છે. આ કારણસર તેને અનેક ટાઇટલ અને ઉપનામ મળ્યા. ‘ધ જેન્ટલ જાયન્ટ’, ‘ધ ટૉલેસ્ટ મેન વહુ એવર લીવ્ડ’. ‘ધ જેન્ટલમેન જાયન્ટ’, ‘ધ બૉય જાયન્ટ’, ‘ધ આલ્ટોન’ અને ‘ધ જાયન્ટ ઓફ ઇલિયોનોઇસ’.



આ લંબાઇ, વિક્રમ અને પ્રસિદ્ધિના પડછાયામાં કરુણતા સંતાયેલી છે. પાંચ ફૂટ અને ૧૧.૫ ઇંચની ઊંચાઇ ધરાવતા પિતાનો અમેરિકન સ્થિત ઇલિયોનોઇસના આલ્ટોનમાં ૧૯૧૮ની ૨૨મી ફેબ્રુઆરીએ જન્મ. મૂળ નામ રોબર્ટ પર્સિંગ વાડલો. એના પિચ્યુરિટી ગ્લેન્ડ (કફોત્પાદક ગ્રંથિ) અથવા હાયપોથિસસને લીધે એચ.જી.એચ. (હ્યુમન ગ્રોથ હોર્મન) ના અસાધારણ પ્રમાણને લીધે ઊંચાઇ, કદ અને વજન વધતા ગયા હતા. માત્ર ૨૨ વર્ષની ઉંમરે રોબર્ટ અવસાન પામ્યો ત્યારે લંબાઇ આઠ ફૂટ અને ૧૧.૨ ઇંચ હતી, તો વજન ૧૯૯ કિલોગ્રામ હતું!

વાડલો દંપતી હેરોલ્ડ ફ્રેન્કલીન અને એડી મેના પાંચ સંતાનોમાં રોબર્ટ સૌથી મોટો હતો. પ્રાથમિક સ્કૂલમાં એના માટે ખાસ બેન્ચ બનાવવી પડી હતી. સ્કૂલ પૂરી કરી ત્યારે લંબાઇ ૮ ફૂટ ૪ ઇંચ સુધી પહોંચી ગઇ હતી. ત્યારબાદ કાયદાનો અભ્યાસ કરવા માટે તેણે કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો.

ચાલતી વખતે તેણે પગમાં બ્રેસિસ પહેરવા પડતા હતા. હકીકતમાં પગમાં તે નહિવત્ સંવેદના-જીવંતતા અનુભવી શકતો હતો. આમ છતાં તેણે કયારેય વ્હિલચેરનો આશરો લીધો નહોતો.

ગમે તે વિશિષ્ટતા પછી ભલે તે લાચારી કે પીડાદાયક મજબૂરી કેમ ન-હોય ધંધાદારી અભિગમ જોનારા મળી જ આવે છે. ૧૯૩૮માં રોબર્ટે ઇન્ટરનેશનલ શુ કંપની માટે પ્રમોશનલ ટૂર શરૂ કરી. આના બદલામાં કંપની તેને નિઃશુલ્ક બુટ આપતી હતી. મૃત્યુના એક વર્ષ પહેલા જ તેણે વિશ્વના સૌથી લાંબા વ્યકિતનું બિરુદ મેળવ્યું હતું અને એ અગાઉ આ તાજ જહોન રોગાન (આઠ ફૂટ, નવ ઇંચ) ને નામે હતો. એ હબસી અને અમેરિકાના ટેનાસીના વતની હતો. એનું મૃત્યું પણ નાની ઉંમરમાં અર્થાત્ ૩૮ વર્ષની વયે થયું હતું. એક તો ગુલામનો દીકરો, પાછો હબસી અને શારીરિક મર્યાદા. એ રેલવે સ્ટેશન પર પોસ્ટકાર્ડ અને પોટ્રેઇટ વેચીને આજીવિકા રળવા મથામણ કરતો હતો.

રોબર્ટ વાડલોના જીવનનો સૌથી તકલીફદાયક દિવસ એટલે ૧૯૪૦ની ચોથી જુલાઇ. એક ફેસ્ટિવલમાં એ પ્રોફેશનલી હાજર રહેવાનો હતો. ભૂલભરેલા બ્રેસિસને લીધે ઘૂંટણમાં ખંજવાળ આવવા માંડી અને ઇન્ફેકશન થઇ ગયું. બ્લડ ટ્રાન્સફયુઝન કરવું પડ્યું અને પછી સર્જરી, પરંતુ તબિયત કથળતી ગઇ અને ૧૫મી જુલાઇએ ઊંઘમાં જ તેણે કાયમ માટે આંખ મીચી દીધી. એના માટે ૧૦ ફૂટ, નવ ઇંચનું કોફિન બનાવાયું હતું. જેનું વજન એક હજાર કિલોથી વધુ હતુ. બાર કાંધવાહક અને આઠ સહાયકોની મદદથી કોફિન ઊંચકીને તેને ઇલિયોનોઇસના એકલ્ટોનની ઓકવુડ સ્મશાનગૃહમાં દફનાવાયો હતો. એની સ્મૃતિમાં ૧૯૮૬માં રોબર્ટ વાડલોની પૂર્ણ કદની પ્રતિમા ઓસ્ટન મ્યુઝિયમ ઑફ હિસ્ટરી ઍન્ડ આર્ટની બહાર મુકાયું હતું.

રોબર્ટ વાડલોએ બીમારીને લીધે મેળવેલી ઊંચાઇ ઇતિહાસ બની ગઇ, પરંતુ બાળક, તરુણ અને યુવાન તરીકે તેણે શું-શું ગુમાવ્યું એ પણ ખૂબ મહત્ત્વનો સવાલ છે.

અત્યારે જીવંત સૌથી લાંબા માનવી તરીકે તુર્કીનો સુલ્તાન કોસેન છે. તેની લંબાઇ આઠ ફૂટ ને ૨.૮ ઇંચ છે. પિચ્યુરિટી ગ્લેન્ડ અચાનક ગાંઠ થવાથી દશ વર્ષની ઉંમરે એનો અસાધારણ વિકાસ થવા માડયો, પરંતુ એ કયારેય રોબર્ટ વાડલોની લંબાઇને પહોંચી શકશે એ વિશે શંકા સેવાય છે.

રોબર્ટ વાડલોને વિચિત્રતાએ રાતોરાત રાષ્ટ્રીય સુપર સ્ટાર બનાવી દીધો હતો. આને લીધે તે દર વરસે હજારો કિલોમીટરનો પ્રવાસ કરતો હતો. હાલ ઉપલબ્ધ તબીબી સવલતો અને દવાને રોબર્ટ જેવી અને જેટલી શારીરિક તકલીફ ભાગ્યે જ કોઇને થશે. આને લીધે કોઇની લંબાઇ રોબર્ટ જેટલી થાય એવી શકયતાને નકારી કાઢવામાં આવે છે.

બીજા શબ્દોમાં કહી શકાય કે ભવિષ્યમાં કોઇને રોબર્ટ વાડલો જેટલી પીડા સહન કરવી નહીં પડે. ઇતિહાસમાં સ્થાન મેળવવા માટે કેટકેટલું ગુમાવવું પડ્યું. અને વેદના ભોગવવી પડી એ તો માત્ર રોબર્ટ વાડલો જ જાણે. ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# આવસત્થી - અગ્નિના ઉપાસક



જો તમને સંગીતમાં રસ હશે તો તમે ગુજરાતના ગાયક કમલેશ આવસત્થીનું નામ સાંભળ્યું હોવાની પૂર્ણ સંભાવના છે. કેમેસ્ટ્રી (રસાયણ શાસ્ત્ર)ના વિદ્વાન અને પ્રોફેસર કમલેશભાઈએ સંગીતની દુનિયામાં વોઇસ ઓફ મુકેશ તરીકે લોકપ્રિયતા મેળવી હતી. આવસત્થી અટક કેવી રીતે પડી અને એનો ભાવાર્થ શું છે એ આજે આપણે જાણીએ.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સંશોધન ગ્રંથમાળા હેઠળ ૭૨ વર્ષ પહેલાં પ્રગટ થયેલા પ્રોફેસર વિનોદિની નીલકંઠના 'ગુજરાતી અટકોનો ઈતિહાસ'માં જણાવ્યા અનુસાર 'ધાર્મિક ક્રિયાઓ કરવા-કરાવવાનો ઈજારો આપણા દેશમાં પરાપૂર્વથી બ્રાહ્મણો પાસે જ રહ્યો છે. કદાચ એવું પણ હોઈ શકે કે જે એવી ક્રિયા કરતા કે કરાવી શકતા લોકો જ બ્રાહ્મણ કહેવાયા હોય. આ કારણસર ધાર્મિક ક્રિયાઓ કે વિધિ કરનાર અથવા કરાવનારની સર્વ અટકો બ્રાહ્મણ જ્ઞાતિમાં જ જોવા મળે છે.

આવસત્થી - 'આવસત્થ્ય': અગ્નિના ઉપાસકને આવસત્થી કહેવામાં આવે છે. પરિવારે આપેલી માહિતી અનુસાર વંશપરંપરાથી તેમના કુટુંબમાં 'આવસત્થ્ય' (આવસથ્ય) એટલે કે અગ્નિનો હોમ નિરંતર થતો આવે છે. અગ્નિહોત્ર, આવસત્થ્ય અને ગાર્હપત્ય એ ત્રણ પ્રકારના અગ્નિહોત્રના વિધિ હોય છે. અગ્નિહોત્ર એટલે મંત્રપૂર્વક અગ્નિનું સ્થાપન કરી તેમાં વિધિથી કરવામાં આવતો હોમ. આ હોમ બે પ્રકારના હોય છે: નિત્ય અને નૈમિત્તિક કે કામ્ય. અગ્નિની વિધિપૂર્વક સ્થાપના કરી જીવન પર્યંત સવાર-સાંજ તેમાં ઘી વગેરે આહુતિ આપવી તે નિત્ય અને અમુક વખતે અમુક ઉદ્દેશને લઈને આ વિધાન કરવામાં આવે તે નૈમિત્તિક કે કામ્ય. આવસત્થ્ય ઉપાસના કરવામાં આવે એ અગ્નિ. ગાર્હપત્ય એટલે ગૃહસ્થના ઘરનો અગ્નિ; અગ્નિહોત્ર લેનાર પોતાના ઘરમાં હમેશ બળતો રાખે છે તે અગ્નિ.

'અગ્નિહોત્ર'માં પાંચ જુદા જુદા ચણતર કરેલા કુંડ હોય છે. અગ્નિહોત્રની વિધિ દરરોજ વારાફરતી અલગ અલગ કુંડમાં કરવામાં આવે છે. 'આવસત્થ્ય' અગ્નિ પ્રગટાવવાની જવાબદારી જેમણે લીધી હોય તેમને ત્યાં એક જ ચણેલો કુંડ હોય અને તેમાં દરરોજ હોમ થાય છે. આ બંને પ્રકારના અગ્નિને અખંડ રાખી સાચવી રાખવામાં આવે છે. અગ્નિનો ત્રીજો પ્રકાર છે ગાર્હપત્ય જેને સાચવવો નથી પડતો, કેમ કે તે વિધિ દરરોજ રસોઈ માટે ચૂલો જગવે તેમાંથી જ અંગારા ત્રાંબાના નાના કુંડમાં લઈને તેમાં દરરોજ આહુતિઓ અપાય છે. તેની પૂજનવિધિ પણ ઘણી ટૂંકી હોય છે. આમ 'આવસત્થ્ય' - અગ્નિની ઉપાસના તેમના કુટુંબમાં વંશપરંપરાથી પેઢીઉતાર ચાલી આવેલી હોવાથી અવટંક 'આવસત્થી' છે અને એનો અર્થ 'આવસત્થ્ય' અગ્નિના ઉપાસક એવો થાય છે.

સગ્ગી બહિણ

## आडनावचा आनंद

મહારાષ્ટ્રીયન લોકોમાં કેટલીક અટક ભરપૂર જોવા મળે. એ અટક જાણી - સાંભળી વ્યક્તિ મરાઠી હોવાનો ખ્યાલ આવી જાય. पाटील हे आडनाव महाराष्ट्रात भरपूर आढळतात. पट्टकील या शब्दापासून पाटील शब्द वापरात आला. गावचा कारभार करण्याकरिता एका वतनदाराची नेमणूक केल्यानंतर तो गावकीच्या नोंदी कापसाने विणलेल्या पट्ट्या (जाड कापडा) वर घेऊन तो पट्टा एका वेळूच्या नळीत जपून ठेवत. या नळकांड्याला पट्टकील म्हणत. त्यानुसार महाराष्ट्रात पाटील शब्दाची निर्मिती झाली. પાટીલ અટક કેવી રીતે અસ્તિત્વમાં આવી એ જાણવા જેવું છે. આ અટકના મૂળ પટ્ટકીલ શબ્દમાં છે. ગામનો કારભાર સંભાળવા વતનદાર (વતન માટે કામ કરી રોજીરોટી મેળવનારા અસલના લોકો)ની નિમણૂક થયા પછી એ વ્યક્તિ ખેતરમાંથી વીણીને લાવવામાં આવેલા કપાસના પટ્ટા (જાડું કપડું) એક મોટા નળાકારમાં સાચવીને રાખતો. આ નળાકાર સાધન પટ્ટકીલ તરીકે ઓળખાતું અને એના પરથી મહારાષ્ટ્રમાં પાટીલ અટકનો જન્મ થયો. पुढे काम वाढल्याने पाटलाची दोन पदे आली. पोलीस पाटील आणि मुलकी पाटील. મુલકી પાટીલનું કામ શેતસારા (શેરશાહ બાદશાહે શરૂ કરેલો કર જે ધાન્ય અને ધન સ્વરૂપે વસૂલ કરવામાં આવતો હતો) વસૂલ કરી સરકારની તિજોરીમાં જમા કરાવવાનું રહેતું. પોલીસ પાટીલ ગામના લડાઈ-ઝઘડાનો ઉકેલ લાવવાનું, ગુનાની ખબર પોલીસ સ્ટેશનમાં કરવાનું, મૃતદેહનું પંચનામું કરવા જેવી ફોજદારી જવાબદારી સંભાળવાનું રહેતું. આ અટક વંશ અનુસાર ચાલતી. આજે એ જવાબદારીમાંથી બાદબાકી થઈ હોવા છતાં અટક જોવા મળે છે.

રાષ્ટ્ર ભાષા

## नगरों के उपनाम

ભારતનાં વિવિધ રાજ્યોમાંના એક રાજસ્થાનની કેટલીક વિશેષતા છે. राजस्थान राज्य का पश्चिमी हिस्सा जो अरावली पर्वतमाला से अन्य राजस्थान से अलग होता है तथा जहां बारिश नाममात्र की होती है, उसे मारवाड़ कहा जाता है। રાજસ્થાનનો પશ્ચિમી હિસ્સો મારવાડ તરીકે ઓળખાય છે. રાજસ્થાનના વિવિધ વિસ્તારનાં પ્રચલિત નામ પાછળનાં કારણ જાણવા જેવાં છે. ભાષા સાથે અનેરો નાતો જાણવા મળે છે. राजस्थान के प्रतापगढ़ और बांसवाड़ा ज़िलों के बीच स्थित विस्तार छप्पन का मैदान के नाम से जाना जाता है. આ વિસ્તાર માહી નદીની આસપાસ વિકસ્યો છે અને અહીં ૫૬ ગામનો સમૂહ હોવાથી છપ્પન કા મેદાન તરીકે ઓળખ મેળવી છે. રાજસ્થાનનો ઉલ્લેખ થતાં ઉદયપુર તરત યાદ આવે. उदयपुर के चारों ओर पहाडियां होने के कारण उदयपुर की आकृति एक तश्तरीनुमा बेसिन जैसी है, जिसे स्थानिय भाषा में गिरवा कहते हैं। ઉદયપુરની ચારે તરફ પહાડી વિસ્તાર હોવાથી આ શહેરની આકૃતિ એક રકાબી જેવી દેખાય છે. સ્થાનિક ભાષામાં એ ગિરવા તરીકે ઓળખાતો હોવાથી ઉદયપુર ગિરવા તરીકે પણ જાણીતો છે. રાજસ્થાનનો પ્રતાપગઢ જિલ્લો ઐતિહાસિક અને ધાર્મિક દૃષ્ટિએ વિશેષ મહત્ત્વ ધરાવે છે. प्रतापगढ़ को कांठल कहा जाता है और माही नदी को 'कांठल की गंगा' कहते है. કાંઠલનો શાબ્દિક અર્થ થાય છે કાંઠાનો પ્રદેશ અને પ્રતાપગઢ માહી નદીના કિનારે વસ્યું હોવાથી કાંઠલ તરીકે ઓળખ મેળવી હતી. અને એટલે જ માહી નદી કાંઠલની ગંગા તરીકે પણ નામના ધરાવે છે.

ENગ્લિશ વિંGLISH

## NAME - SURNAME IDIOMS




૪૪ દેશના બનેલા યુરોપ ખંડની વિવિધ અટકો વિશે માહિતગાર થયા અને એની લાક્ષણિકતા પણ જાણી. ચીનની અને વિશ્વની નંબર વન અટક વેંગ વિશે જાણ્યા પછી હવે આ વિશાળ દેશની બીજી લોકપ્રિય અટકથી વાકેફ થઈએ. The Chinese Li (or the Korean version, Lee), is one of the most popular names in China and the most popular surname in Hawaii. લી અટક વેંગ પછી બીજા નંબરે આવે છે. આ અટક ચીન ઉપરાંત કોરિયામાં સુધ્ધાં જોવા મળે છે. અલબત્ત બંનેના અંગ્રેજી સ્પેલિંગમાં ફરક છે. ચીનમાં એલઆઈ લખાય છે જ્યારે કોરિયામાં એલઈઈ લખવામાં આવે છે. આ અટકની કથા જાણવા જેવી છે. The Chinese character means 'plum' or 'plum tree,' but the name can also mean 'minister.' ચીનમાં આ અટકનો અર્થ પ્લમ નામનું ફળ (ગુજરાતીમાં આપણે આલુ કહીએ છીએ) અથવા પ્લમનું ઝાડ એવો થાય છે. પ્રધાન એવો અર્થ સુધ્ધાં છે. The venerated king Gao Yao, minister to Emperor Shun, took Li as a second name in a time when it was common practice to have multiple family names before your individual name, according to report on Chinese surnames. ઈ. સ. પૂર્વે ૨૨૦૦માં (એટલે કે આજથી ૪૨૦૦ વર્ષ પહેલાં) ચીનના સમ્રાટ શનના દરબારના પૂજનીય પ્રધાન ગાઓ યાઓએ લી અટક જોડી હતી. એ સમયે એકથી વધુ અટક રાખવાનો રિવાજ ચીનમાં હતો. આ અટકની બીજી રસપ્રદ વાત એ છે કે પ્રધાનશ્રી ગાઓ યાઓ Dali - Minister of Law તરીકે ફરજ બજાવતા હતા. Gao Yao's descendants adopted Li as their surname, from the title Dali (meaning 'great judge'). ત્યાર બાદ વિશ્વાસુ સાથી અને આક્રમક યોદ્ધાઓને લી અટક પ્રદાન કરવામાં આવતી હતી. આ રીતે એ અટકનો ફેલાવો વધતો ગયો અને એને અફાટ લોકપ્રિયતા મળી. The last name Brown likely really does come from the color. Brown really might have been as simple as naming someone after their hair or eye color. In fact, names based on appearances are historically common. બ્રાઉન અટક ત્વચાના રંગ પરથી આવી છે. વ્યક્તિમાં વાળના કે આંખની કીકીના રંગ પરથી બ્રાઉન અટક પડી હોવાની પણ માન્યતા છે. દેખાવના આધારે અટક પડી હોય એવાં અનેક ઉદાહરણો જોવા મળે છે. બ્રાઉન અટક સૌથી વધુ જમૈકા (વેસ્ટ ઈન્ડિઝ તરીકે ઓળખાતા પ્રદેશનો ટાપુ દેશ)માં જોવા મળે છે. ત્યાર બાદ આવે છે કેનેડા, યુકે, ઑસ્ટ્રેલિયા અને યુએસએ.

વ્યંગ

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# ભાગેડું સિંહનું ઘરે કેવું સ્વાગત થયું?



'ખબરદાર, ત્યાંને ત્યાં જ ઊભો રહેજે. મારા જેવી બીજી કોઇ ભૂંડી નથી.' ગુજરાતી ફિલ્મના વિલનના પેટન્ટ જેવો ડાયલોગ શર્મિલીએ ફટકાર્યો. માત્ર 'ભડાકે દઇશ' એટલું કહેવાનું અધ્યાહાર રાખેલું.

'તું કેટલી ભૂંડી છે તે હું જાણું છું' એમ સિંહ સ્વગત બબડ્યો. સિંહ બીજું કરી પણ શું શકે? સિંહે કામ જ એવું કરેલું કે કોઇને પણ ગુસ્સો આવે .

'પ્રિયે, તેં કેમ મારો રસ્તો રોક્યો છે? જેટલી બોડ તારી છે એટલી જ બોડ મારી છે. તું દહેજમાં બોડ લાવી નથી.' સિંહે માણસો જેવા ટાયલા કર્યા. સિંહનો ચહેરો સસલા જેવો લાગતો હતો.

'એ હું કાંઇ જાણવા માંગતી નથી.' શર્મિલી સખત થઇ.

'પ્રિયે, હું મધરાતે આવ્યો નથી.. તું મારું મોઢું સૂંઘી લે. મેં છાંટોપાણી કર્યો નથી.' સિંહે ફીફાં ખાંડતા તેનું મોં ધર્યું.

'તું પીને પણ આવ્યો હોત તો હુ ચલાવી લેત.'

શર્મિલીને દારૂની સૂગ ન હતી તો શર્મિલી કેમ કડક થઇ ગઇ એ ડાલામથ્થાને સમજાતું ન હતું. સવારે સવારે સાવજે બોડમાંથી ડાંભ ભરી ત્યારે શર્મિલીએ ભેંસનો શિકાર કરી જલદી આવવા કહેલું. હિન્દી ફિલ્મની હીરોઇનની જેમ બત્રીસી દેખાડીને શર્મિલી મીઠું મીઠું મલકેલી. અત્યારે સાંજે આના મગજમાં કયું ભૂસું ભરાઇ ગયું કે લાલ કીડીની માફક ચટકા ભરે છે તે મૃગેન્દ્રને સમજાયું નહીં.

'પ્રિયે, તું ગુસ્સો થૂંકી દે. હું તારા માટે કુછ મીઠા હો જાયે'વાળી ચોકલેટ લઇ આવ્યો છું.' સિંહે શર્મિલી આગળ ચોકલેટ લટકાવી. શર્મિલી કાંઇ ગધેડી થોડી હતી કે ચોકલેટથી પીગળી જાય.

'તું મને લાંચિયા માણસ જેવી સમજે છે? તું મને લાંચ આપીશ? તારા મગજમાં ભૂસું ભર્યુ છે?' શર્મિલીએ ત્રાડ પાડી. સાવજ જેવા સાવજનાં ગાત્રો ઢીલા થઇ ગયા. જો સિંહ ધોતી પહેરતો હોત તો ધોતીમાં ચોમાસું થઇ જાત.

'આ બોડ મારી પણ છે. મને અંદર આવતા અટકાવી શકે નહીં.' સિંહે મીંદડી જેમ મ્યાંઉ કર્યું.

'શું બોલ્યો ? અહીં તારું કાંઇ કરતાં કાંઇ નથી આ બોડમાં.... અંદર ટાંટિયો મૂકયો છે તો હું તને ખોખરો કરી નાંખીશ. તું મારો ઘરવાળો છે એ પણ ભૂલી જઇશ.'

સિંહને શર્મિલીની રુક્ષતા આંખના કણાની જેમ ખુંચતી હતી. સાલી સમજ એ પડતી ન હતી કે શર્મિલી આજે કેમ આવી રીતે વર્તે છે?

'લિસન ડ્યિર, હું સાવ સુધરી ગયો છું. મેં પાનમસાલા - બીડી- સિગારેટ બધું છોડી દીધું છે. મેં રંગરેલીયા પણ બંધ કરી દીધાં છે....' સિંહે સાવજ સુધારણા કાર્યક્રમ'નો પ્રગતિ અહેવાલ રજૂ કર્યો.

'તુ બગડીને બારેવાટે ગયેલો હતો તે સારો હતો. મને તારા માટે અભિમાન હતું.' શર્મિલીએ સિંહ સુધારણા કાર્યક્રમની ધજિયા ઉડાડી દીધી.

'પ્રિયે, મું નકોરડા ઉપવાસ કરી પ્રાયશ્ચિત કરવા તૈયાર છું. તું મારો વાંકગુનો તો જણાવ.'

'તે કોઈ કાંડ કર્યો હોત તો મારી છાતી ગજ ગજ ફૂલી હોત. હું આપણા બાળ સિંહોને છાતી ઠોકીને કહેતી હોત કે તારો બાપો મર્દને માથે બાચકું છે, વીર અને ભડભાદર છે. એ ડાલામથ્થો ને અસલી વનરાજ છે. તું તો અભ્યારણ્યનું સરકારી મટન ખાઇને કાયરમથ્થો થઇ ગયો છું. સાવજની આબરૂને માટીમાં મિલાવી દીધી છે. શર્મિલીએ ધોખો કર્યો.પછી ઉમેર્યું :

'એક દુલા ભાયા કાગ નામના જોગંદર કવિએ તેની તળપદી કવિતામાં તારી બહાદુરીનો ઉપાલંભ કરેલ. એક બાળી ભોળી ચારણ કન્યાએ તને લાકડીથી ઊભી પૂંછડીએ કૂતરાંની જેમ ભગાડેલો એવી કવિતા લખેલી. સિંહ માટે તો કેશવાળીવઢ ઘા કહેવાય. હું આને સાચું માનતી ન હતી.' શર્મિલીએ સિંહની કલંકકથા કહી.

'પ્રિયે, જીવ કોને વાલો ન હોય? સિંહ બબડ્યો.'

'આજે કવિતા જેવી ઘટના ઘટી છે એનું શું ?' શર્મિલીએ પેલા ટીવીવાળા રવિશકુમાર જેવો વેધક સવાલ કર્યો .

'એટલે તું શું કહેવા માગે છે? જે કહેવું હોય તે સાફ કહે.' સિંહે ખસિયાણા થઇ સવાલ પૂછયો.

'બધુ જાણવા છતાં અજાણ બને છે? કાલો થઇને કાછડીમાં હાથ નાખે છે? અહીં બધી ખબર પડે જાય છે શર્મિલીએ અવાજ તલવારની ધાર જેવો તીખો કર્યો.'

'ગોળ ગોળ વાત ન કર. સીધી વાત કર. તને શેનું પેટમાં દુખે છે?' સિંહે ખુલ્લેઆમ આહ્વાન આપ્યું.

'અરે, ફટ રે ભૂંડા, રાજુલાની સીમમાં શું થયું? એક ડાલામથ્થા જેવો ડાલામથ્થો ભેંસનો શિકાર કરવા જતા ભેખડે ભરાઇ ગયો?બે-ચાર ભેંસોએ તને પડકાર્યો એટલે નામર્દની જેમ જીવ બચાવવા ઊભી પૂંછડીએ ભાગ્યો? તારામાં અને શિયાળમાં શું ફેર રહ્યો?આજે તારે ભેંસથી ડરીને રણછોડ થવું પડ્યું?' આટલું કહીને શર્મિલી ડળક ડળક આંસુ પાડીને બોલીઃ

'સિંહણ સિંહનું પડખું સેવે છે, પરંતુ ભાગેડું સિંહનું નહી.... તને એમ હશે કે હું આંગણિયે તોરણિયા બાંધી,થાળી લઇ અબીલ,ગુલાલ, કેસર, ચંદન, અક્ષતથી સામૈયું કરીશ? કુમારિકાના હાથે તારા લલાટે તિલક કરાવીશ? આવું વિચારતો હોય તો તું ખડ ખાય છે ખડ. હું પણ રાજપૂતાણી જેવી છું.... તું શહીદ થઇને આવતો તો હું પણ તારી પાછળ રાણ દઇ દેતા. હું આજથી તારી હાર્યે છેડો ફાડું સું. કોય દિવસ મારા રસ્તામાં આડો ઉતરતો નહીં. નહીંતર મારા જેવી કોઇ ભૂંડી સિંહણ નથી એમ સમજી લે જે.' આમ કહીને સિંહણે બોડના કમાડ ભીડાવી દીધા.

ભેંસથી ભાગેલો સિંહ નિમાણા મોઢે ને ભાંગેલા પગે પાછો ફરે છે....એની માને હવે તો કોઇ પડદો પાડો!

'બડે બે' આબરૂ હોકર તેરે કૂચે સે હમ નિકલે ગીત વાગતું રહ્યું!

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# સાહિત્ય મંજન દ્વારા કચ્છ ને કચ્છીયતની ઉપાસના




કચ્છના લોકો તેમના વતન પ્રેમ અને સંસ્કૃતિ પ્રેમ સાથે જટિલ રીતે જોડાયેલા છે. ભલે તેઓ કચ્છની ભૂમિથી દૂર બીજાં શહેરોમાં વસવાટ કરે, તેમ છતાં જ્યારે વાત તેમની માતૃભાષા કચ્છીની થાય છે, ત્યારે તેમની આંખોમાં અનોખી ચમક અને હૃદયમાં ઉત્સાહ છલકાય છે. કચ્છી ભાષા સાથે જોડાયેલા લોકોની લાગણીઓ જાણે ભવ્ય નદીના પ્રવાહની જેમ વહેતી રહે છે. આ લાગણીઓનો પ્રવાહ જો શબ્દો સ્વરૂપે મંડાય તો વિશેષ માહોલ અને સ્મૃતિઓ સર્જી દે છે. આવી જ અનૌપચારિકપણે થતી સાહિત્યિક ગતિવિધિઓએ ધ્યાન ખેંચ્યું છે. કચ્છમાં રહેતા લોકોના તો આવા અનૌપચારિક સંગઠનો છે જે અનુકૂળતાએ ભેગા મળી વિવિધ પ્રવૃતિઓ દ્વારા કચ્છીયતને ઉજાગર કરતાં હોય છે. હમણાં થોડા સમયથી મુંબઈ રહેતા વિવિધ કચ્છીઓના મેળવડાની જાણ હરેશભાઈ ગડા દ્વારા થઈ. લખનારને આ અંગે મર્યાદિત માહિતી છે પરંતુ આ સૂકા મુલકને યાદ કરનારા લોકોનો વતનપ્રેમ જોઈને જ આજે લખવા જીવ પ્રેરાયો છે.

હિના ભેદાની પંક્તિઓની જેમ 'હેજ઼, હુંભ ને હીંયારી જો ભેરપો, મિઠે માડૂએ જી રેયાણ રખાંતી' ના ભાવથી ૪૦ - ૫૦ લોકોનું આ જૂથ. નામ પણ મજાનું બોલો; 'આવો કવિઓ મળીએ'. આ જૂથે છેલ્લે દિવાળીની આસપાસના દિવસોમાં તીથલ - ગુજરાત ખાતે ભેગા મળી એક અનોખી સંગોષ્ઠિનું આયોજન કર્યું અને એ પહેલા મુંબઈમાં આવું આયોજન ગોઠવાયેલું, જેમાં નીવડેલાં અને નિવોદિતોએ કચ્છી તથા ગુજરાતી ભાષામાં પોતાના ભાવોને શબ્દરૂપે રજૂ કરવા અને ભાષાની જાહોજલાલી વધારવાનો સંકલ્પ કર્યો. આવા આયોજનો સુખદ છે જે કુસુમ ગાલાના શબ્દોને સાર્થક કરે છે કે, 'નિંઢે વડે કે પિંઢજા ગણીયાંતો, લાગણીયેંજીયૂં હડૂં. બધીયાંતો. કેર કેડા.કઢે બોલ,તેંજી ચિંધા રખાં નતો.' કે જ્યાં કચ્છી ભાષા છે, ત્યાં કચ્છીઓની લાગણીઓની ઉર્ધ્વગતિ થતી રહે છે.

ભુજમાં પણ આવું જ અલાયદું એક જૂથ ચાલે છે. જે ચોખ્ખી રીતે કચ્છી ભાષા માટે તો સમર્પિત નથી પરંતુ એ કચ્છીઓની સાહિત્યિક અનોખી પ્રવૃતિઓ ધ્યાન ખેંચે તેવી હોય છે જે નિવોદિતો માટે નક્કર પ્લેટફોર્મ સાબિત થયું છે. જેમાં એક શબ્દ પરથી, એક લીટી પરથી, એક ફકરા પરથી લઘુકથા સ્પર્ધા યોજીને સાહિત્ય સર્જનમાં નવીનતમ પ્રયોગો કરવામાં આવતા હોય છે. જેમકે મારું ઘર ક્યાં?' એક જ વાક્યને લઈને લઘુકથાનું સર્જન હોય કે પછી નવલિકાના પ્રસંગોચિત ફકરા પરથી વાર્તા બનાવવાની કવાયત. એટલું જ નહીં પણ વર્તમાનપત્રોમાં છપાયેલ વાસ્તવિક ઘટના પરથી કાલ્પનિક વાર્તાલેખનની સ્પર્ધાઓ તેની વિશિષ્ટતા છે.

કચ્છની મહિલાઓનો કાગળ અને કલમનો નાતો બાંધી રાખવાના સફળ પ્રયાસો છેલ્લાં સાત આઠ વર્ષથી આ જુથના ૪૦ થી ૫૦ જેટલા સભ્યો કરી રહ્યા છે જેના થકી કચ્છ જેવા સૂકા મલકમાં પણ સાહિત્યની અખૂટ ધારા વહી રહી છે. 'કાવ્ય નિર્ઝરી' કવિતા માટે અને 'વાર્તાવિહાર સાહિત્ય સભા' દ્વારા લઘુકથા, નવલિકાનું લેખન અને પઠન માટે સતત ચિંતન અને મનન કરતી તેમની કૃતિઓને રજૂ કરતાં પાંચ જેટલા સંકલિત પુસ્તકો પણ પ્રકાશિત કરી નાખ્યા છે. પોતાને મૂળભૂત સંસ્કૃતિ સાથે જોડતા આવા કાર્યક્રમો કચ્છી ભાષાના મહત્ત્વ અને તેની અમરતા માટે મજબૂત પાયા બને છે.

ભાવાનુવાદઃ કચ્છજા માડૂ ઇનીજે વતનપ્રેમલા આઉગી રીતે જુડલ ઐં. ભલે પોય ગમે તિતરો કચ્છનું પર્યા ઇનીજો વસવાટ હોય, પ જેર બાબોલી કચ્છીજી ગ઼ાલ હોય તેર ઇનીજી અખિંયેંમેં આઉગી રોનક નેં ધિલમેં ઉત્સાહ છલકાંધો હોયતો. કચ્છી ભાસા ભેરા જુડલ માડૂએંજી લાગણીયું જકાં નધિજે પ્રિવાહ વાંકે વેંઇધિ રેંતિ. નેં હી અગર સબધ સરુપે મંઢાજે ત ત સૂંઠો માહોલ સર્જાઇ વિએં. એડી જ અનૌપચારિક ઢબસે થીંધલ સાહિત્યિક ગતિવિધિયું કિતક ધ્યાન ખેંચેત્યું. કચ્છમેં રોંધલ માડૂએં ભરાં ત કચ્છીયત કે સાચવેંલા ને ઉજવેલા રેયાણૂ કિઇક જાધ અચે જુકો અવારનવાર યોજાંધિ રેત્યું ૫ હેવર થોડે.સમોનું મંભઇમેં જુકો રેયાણ થિયેત્યું તેંજી હરેશભા ગડા.વટા ખિબર પિઇ. લખધલકે જજી માહિતી નાય ૫ હિન સુકે મુલકકે જાધ કરીંધલે જો વતનપ્રેમ ન્યારીને અજ઼ લેખ લખેલા જીવ લલચાણો આય.

ચારી- પંજા જણે જો ગ્રૂપ નેં નાંલો આય આવો કવિઓ મળીએ'. હિન ગ્રૂપ ડીયારી ટાણે તીથલ - ગુજરાત ખાતે ભેરા થિઇ આઉગી સાહિત્યિક બેઠક કિઇ હૂઇ ને હિન પેલા મંભઇમેં ૫ હેડો.જ અયોજન કયો હો જેમેં જુના - ન્યા કવિ લેખક ભેરા થિઇ પિંઢજે ભાવકે વ્યક્ત કરે બાબોલીજી જાહોજલાલી વધારેજો સંકલ્પ કયો હો. હી આયોજન પાંજો રાજીપો વધારીયેતા જુકો કુસુમ ગાલાજે સબધકે સાર્થક કરીયેંતા, નિંઢે વડે કે પિંઢજા ગણીયાંતો, લાગણીયેંજીયૂં હડું બધીયાંતો. કેર કેડા.કઢે બોલ, તેંજી ચિંધા રખાં નતો.' ક જિત કચ્છી ભાસા આય, તિત કચ્છીએંજી લાગણી ન્યાલ કરેતિ.

ભુજમેં ૫ હિકડો. અલાયધો ગ્રૂપ આય જુકો ખાલી કચ્છી ભસાલા ત નાંય ૫ હિન કચ્છીએંજી સાહિત્યિક આઉગી પ્રવૃતિયેંસે ધ્યાન ખેંચેતો. જેમેં હિકડે, સબધ, હિકડે. લીટી ક હિકડા.ફકરેતાનું લઘુકથા સ્પર્ધા જેડા.સાહિત્ય સરજનજા સૂંઠા પ્રિયોગ કરેમેં અચેંતા. મારું ઘર કયાં?' જેડે, હિકડે.જ વાક્ય મથાનું લઘુકથા ક નવલિકા લિખાજે ક કોક ફકરે મથાનું સજી વાર્તા લિખેજી કવાયત. છતરો જ નં છપેજી ઘટના મથાનું કાલ્પનિક વાર્તા લિખેજી સ્પર્ધાઓ ઇનીજી ખાસિયત આય. કાગર નેં કલમનો નાતો નભાયજા હી પ્રિયાસ ચેલા સતઅઠ વરેંથી ચારી-પંજા ભેંણૂ કરીયેંત્યું જિન થકી કચ્છ જેડે. સુકે મલકમેં પાંકે સાહિત્યજી નીરી ધારા વહંધિ વે એડ.લગે. 'કાવ્ય નિર્ઝરી' કવિતા જો નેં ગદ્યજો 'વાર્તાવિહાર સાહિત્ય સભા' નાંલે હી બો ગ્રૂપ પિંઢજી કૃતિએંજી પંજ જિતરી ચોપડીયું છાપે વિધે આય. પિંઢકે મૂર સંસ્કૃતિ ભેરો બંધી રખેલા હી આયોજન પાયારુપ ઐં.

કરિયર
કીર્તિ શેખર
feedback@bombaysamachar.com

# ગ્રીન એનર્જી સેક્ટર છે ઊર્જાથી પરિપૂર્ણ કારકિર્દી

ડિયર સર, ઉદ્યોગ જગતમાં ચોથી ક્રાંતિ થઈ રહી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ)ના આગમન પછી નોકરીની દુનિયામાં કોઈ પણ પ્રકારના ઘોંઘાટ વગર ઝડપથી પરિવર્તન થઈ રહ્યું છે. ભવિષ્યની સ્માર્ટ કારકિર્દી નવેસરથી સેટ થઈ રહી છે. આગામી થોડા અઠવાડિયા માટે, દરેક પખવાડિયે અમે ભવિષ્યની આ સૌથી સ્માર્ટ કારકિર્દી પર શ્રેણીમાં લેખોની રજૂ કરીશું. આ શ્રેણીનો આ બીજો લેખ છે.

હાલમાં, આપણા દેશમાં ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં ૧૦ લાખથી વધુ લોકોને રોજગાર મળ્યો છે. આ સેક્ટરમાં સોલાર, વિન્ડ અને અન્ય રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સમાં સંકળાયેલા વિવિધ ટેકનિશિયન, એન્જિનિયરો, પ્રોજેક્ટ મેનેજર અને સપોર્ટ સ્ટાફનો સમાવેશ થાય છે. ભારત સરકાર વર્ષ ૨૦૩૦ સુધીમાં રિન્યુએબલ એનર્જીના સ્રોતોમાંથી ૫૦૦ ગીગાવોટ વીજ ઉત્પાદન ક્ષમતા હાંસલ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે, જેના દ્વારા આ ક્ષેત્રમાં વધુ નોકરીઓનું સર્જન થવાની શક્યતા છે. જો નિષ્ણાતોના અનુમાન પર વિશ્વાસ કરીએ તો આગામી ૫ થી ૧૦ વર્ષમાં ભારતમાં ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં ૫૦ લાખથી વધુ નોકરીઓનું સર્જન થશે. આમાંથી મોટી સંખ્યામાં ટેક્નિકલ અને નોન-ટેક્નિકલ પોસ્ટ પર નોકરીઓ હશે. જેમ કે સોલર પેનલ ઇન્સ્ટોલેશન, ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ, એનર્જી મેનેજમેન્ટ અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ. જેમ જેમ ગ્રીન એનર્જી પ્રોજેક્ટ્સ વધશે તેમ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ક્ષેત્રમાં વધુને વધુ નિષ્ણાતોની જરૂર પડશે.

**કોના માટે છે તક**

ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવી એ લોકો માટે આદર્શ છે, જેઓ તકનિકી કુશળતા અને નવીનતામાં રસ ધરાવે છે. જો આવા લોકો પરમનન્ટ એનર્જીમાં બદલાવનો હિસ્સો બનવા માંગતા હોય, તો તેમના માટે આ સુવર્ણ યુગ છે, કારણ કે માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગને કારણે અશ્મિ ઊર્જાથી દૂર જવું હિતાવહ છે. આવી સ્થિતિમાં ગ્રીન એનર્જીનો સમગ્ર વિશ્વમાં વિસ્તરણ નિશ્ચિત છે. તેથી, ભવિષ્યમાં



માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ગ્રીન એનર્જી ક્ષેત્રના નિષ્ણાતોની રોજગારીની ઉજ્જવળ સંભાવનાઓ છે. ભારતમાં સોલાર, વિન્ડ, બાયોમાસ અને ઇલેક્ટ્રિક ટ્રાન્સમિશન ક્ષેત્રમાં કુશળ લોકોની ભારે માગ છે.

**શૈક્ષણિક લાયકાત અને અભ્યાસક્રમ**

ગ્રીન એનર્જીમાં નોકરી મેળવવા માટે, વ્યક્તિએ મુખ્યત્વે એન્જિનિયરિંગ અને સસ્ટેનેબલ એનર્જીના કોર્સ કરવાની જરૂરત હોય છે. આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે નીચેની શૈક્ષણિક લાયકાતની જરૂર પડશે.

અન્ડરગ્રેજ્યુએટ કોર્સ - બી.ટેક. / બીઈ ઇન ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ, મિકેનિકલ એન્જિનિયરિંગ, સિવિલ એન્જિનિયરિંગ અને રિન્યુએબલ એનર્જી

પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ - એમ.ટેક., એમ.ઇ. ઇન રિન્યુએબલ એનર્જી, સોલાર એનર્જી, વિન્ડ એનર્જી અને એનર્જી મેનેજમેન્ટમાં વિશેષ કોર્સ હોવાથી પુષ્કળ નોકરીઓ મળી રહેશે.

ડિપ્લોમા એન્ડ સર્ટિફિકેટ કોર્સેસ - ઘણી યુનિવર્સિટીઓ

સોલાર ટેક્નોલોજી, વિન્ડ પાવર અને એનર્જી મેનેજમેન્ટ માટે વિશેષ કોર્સ ઓફર કરે છે.

**મહત્ત્વપૂર્ણ શૈક્ષણિક સંસ્થાઓ**

દેશની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ ગ્રીન એનર્જી કે રિન્યુએબલ એનર્જીમાં જરૂરી કોર્સ ઓફર કરે છે, જેના આધારે ડિગ્રી અને ડિપ્લોમા મેળવ્યા બાદ દેશ-વિદેશમાં નોકરીની વિપુલ શક્યતાઓ છે. જ્યાં સુધી આવા કોર્સ ઓફર કરતી ઇન્સ્ટિટ્યૂટની વાત છે તો -

તમામ મહત્ત્વપૂર્ણ આયઆયટી - બોમ્બે, દિલ્હી, ખડગપુર આયઆયટી, આ બધા ગ્રીન એનર્જીમાં વિશેષ કોર્સ ઓફર કરે છે.

'નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોલર એનર્જી': ગુડગાંવમાં આવેલી આ ઇન્સ્ટિટ્યૂટ સૌર ઊર્જાના ક્ષેત્રમાં ઘણા મહત્ત્વપૂર્ણ કોર્સ ઓફર કરે છે.

'નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ વિન્ડ એનર્જી': ચેન્નાઈમાં આવેલી આ ઇન્સ્ટિટ્યૂટ વિન્ડ એનર્જી પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

'ટેરી સ્કૂલ ઑફ એડવાન્સ્ડ સ્ટડીઝ' - નવી દિલ્હીમાં સ્થિત આ ઇન્સ્ટિટ્યૂટ એનર્જી સ્ટડીઝ અને ક્લાઈમેટ ચેન્જમાં ઉચ્ચ શિક્ષણ આપે છે.

**સંભવિત જોબ સ્થાનો**

ગ્રીન એનર્જી સેક્ટરમાં ઘણી જગ્યાએ નોકરીઓ મળી રહે છે. જેમ કે વિવિધ સરકારી વિભાગ અને એજન્સીઓ જેમ કે મિનિસ્ટ્રી ઑફ ન્યૂ એન્ડ રિન્યુએબલ એનર્જી, સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા.

પ્રાઇવેટ કંપનીઓ - ટાટા પાવર સોલર, અદાણી ગ્રીન એનર્જી અને રિન્યુ પાવર જેવી કંપનીઓ આ ક્ષેત્રમાં મોટી સંખ્યામાં નોકરીઓ પૂરી પાડે છે.

મલ્ટીનેશનલ કંપનીઓ - એસ્સાર, સ્નેડર ઇલેક્ટ્રિક કે સિમેન્સ.

પ્રોજેક્ટ્સ - સોલાર અને વિન્ડ ફાર્મ પ્રોજેક્ટ્સમાં પણ મોટા પાયે ઘણી નોકરીઓ મળી રહે છે.

**પ્રારંભિક પગાર અને પેકેજ**

ગ્રીન એનર્જી એક વિકસતું ક્ષેત્ર છે જેમાં પગાર પેકેજોનું નિર્માણ અને નિયમિત કરવામાં આવે છે. ગ્રીન એનર્જી ક્ષેત્રમાં શરૂઆતી વેતન તમે પ્રાપ્ત કરેલ શિક્ષણ, અનુભવ અને તમારી ઇન્ટર્નશિપના આધારે મળે છે. આ ઉપરાંત તમારી કાર્યશૈલી અને પ્રતિભા પર પણ પગારનું પેકેજ આધારિત છે.

જો કે, શરૂઆતમાં વિવિધ ક્ષેત્રના વ્યાવસાયિકોને આ પ્રકારનું પગાર પેકેજ મળી શકે છે.

એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટ - વાર્ષિક ૩ થી ૬ લાખ રૂ.

સોલર ટેકનિશિયન/ઇન્સ્ટોલેશન એન્જિનિયર - વાર્ષિક રૂ. ૩ થી ૫ લાખ.

પ્રોજેક્ટ મેનેજર - ૫ થી ૧૨ લાખ રૂપિયા પ્રતિ માસ.

જેમ જેમ આ તમામ પ્રોફેશનલ્સનો અનુભવ અને વિશેષ કુશળતા તેમના બાયોડેટામાં ઉમેરાતી જાય છે તેમ તેમ તેમનું વેતન પેકેજ પણ વધતું જાય છે.

**વિદેશમાં નોકરીની તકો**

ભારતીયો માટે કારકિર્દી માટે વિશ્વના મોટાભાગના દેશોના દરવાજા ખુલ્લા છે. તેથી, આ ક્ષેત્રમાં માત્ર દેશમાં જ નહીં પરંતુ દેશની બહાર પણ કારકિર્દીની ભરપૂર તકો છે. ગ્રીન એનર્જી નિષ્ણાતો માટે અમેરિકા, યુરોપ, મધ્ય પૂર્વ ઓસ્ટ્રેલિયા, રશિયા અને ઇઝરાયેલમાં મોટા પાયે અનેક પ્રકારની નોકરીઓ ઉપલબ્ધ છે. જેમાં મુખ્ય છે -

રિન્યુએબલ એનર્જી કન્સલ્ટન્ટ્સ

સોલાર એન્ડ વિન્ડ એનર્જી એન્જિનિયર્સ

એનર્જી મેનેજમેન્ટ અને સસ્ટેનેબિલિટી સ્પેશિયાલિસ્ટ

**રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ**

ભારતીયો અંગ્રેજી ભાષામાં નિપુણ હોવાથી અને ઝડપથી શીખતા હોવાથી, વિશ્વના મોટાભાગના દેશોમાં ભારતીયોને રોજગારમાં પ્રાધાન્ય આપવામાં આવે છે. જ્યાં સુધી પેકેજની વાત છે, ભારતની બહાર આ ક્ષેત્રના પ્રોફેશનલ્સને જે તેમને દેશમાં મળે છે તેના કરતાં ૨ થી ૨.૫ ગણું વધારેનું પેકેજ સરળતાથી મળી રહે છે. ■

# આ શિક્ષકે ૧૨૦૦ ખેડૂતોને બનાવ્યા આર્થિક રીતે સદ્ધર

## ઑર્ગેનિક ખેતીથી કરે છે કરોડોની કમાણી



ભોપાલમાં વર્ષો સુધી ગણિત ભણાવનાર પ્રતિભા વિશે ભાગ્યે જ કોઈએ વિચાર્યું હશે કે ભણાવવામાં આટલો અનુભવ મેળવ્યા પછી તે ખેતી દ્વારા કરોડો રૂપિયાના ઑર્ગેનિક ફૂડનો બિઝનેસ કરશે અને લગભગ ૧૨૦૦ ખેડૂતોને ઑર્ગેનિક ફાર્મિંગ દ્વારા તેમની આવક વધારવામાં મદદ કરશે. લગ્ન બાદ પ્રતિભા તેના પતિ સાથે ભોપાલ આવી ગઈ અને તેમના પતિ અહીં નોકરી કરતા હતા. જોકે તેના પતિના પરિવાર પાસે ભોપાલથી ૧૫૦ કિલોમીટર દૂર હરદામાં ૫૦ એકર જમીન છે. જ્યારે પણ પ્રતિભા હરદા જતી ત્યારે તેણે જોયું કે ખેડૂતો મોટા ભાગનાં ખેતરોમાં રસાયણોનો ઉપયોગ કરીને પાક ઉગાડે છે અને બહુ ઓછા વિસ્તારોમાં જૈવિક ખેતી કરે છે.

જ્યારે પ્રતિભાએ ખેડૂતોને પૂછ્યું કે આટલી નાની જગ્યામાં ઑર્ગેનિક પાક ઉગાડવાનું કારણ શું છે, તો ખેડૂતોએ જણાવ્યું હતું કે ઓર્ગેનિક ખેતી કરેલા પાકો તેમના પોતાના ઉપયોગ માટે છે, જ્યારે કેમિકલ્સનો ઉપયોગ કરીને ઉગાડવામાં આવેલ પાક બજારમાં વેચવા માટે છે. પ્રતિભાએ કહ્યું, હું ચિંતિત હતી કે ખેડૂતો તેમના પાકમાં આટલાં બધાં રસાયણોનો ઉપયોગ કરે છે. મને લાગ્યું કે લોકોને હેલ્ધી ફૂડ મળવું જોઈએ.

**પરિવર્તનની શરૂઆત પહેલાં તમારા ઘરથી કરો**

પ્રતિભાએ રાજ્ય સરકારના કૃષિ વિભાગ દ્વારા આયોજિત ઑર્ગેનિક ફાર્મિંગ પર વર્કશોપ અને સેમિનારમાં હાજરી આપવાનું શરૂ કર્યું. તેણે દિલ્હીમાં ઑર્ગેનિક ફાર્મિંગના કોર્સમાં એડમિશન પણ લીધું. અન્ય ખેડૂતોને સમજાવતાં પહેલા પ્રતિભાએ પોતાના ઘરેથી શરૂઆત કરવાનું નક્કી કર્યું. તેણે તેના પતિ અને તેના પરિવારને ઑર્ગેનિક ખેતી કરવા પ્રેરિત કર્યા. જોકે તેઓ શરૂઆતમાં અચકાતા હતા પરંતુ પ્રતિભાએ સૂચન કર્યું કે તેઓ નાના વિસ્તારમાં જૈવિક ખેતી શરૂ કરે. તેથી ૨૦૧૬ માં તેણે જમીનના નાના ભાગમાં ઘઉં ઉગાડવાનું શરૂ કર્યું. પ્રતિભાએ જમીનની ફળદ્રુપતા વધારવા માટે ગાયના છાણ જેવા સેન્દ્રિય પદાર્થો, જીવામૃત જેવાં જૈવિક ખાતરો અને મલ્ચિંગનો ઉપયોગ કર્યો હતો.

**ઑર્ગેનિક ફૂડ પ્રોડક્ટ્સ બનાવીને પોતાની બ્રાન્ડ બનાવી**

પ્રતિભા કહે છે કે જે જમીન પર ઑર્ગેનિક ખેતી થતી હતી ત્યાં ઘઉંની ઊપજ ૧૮ ક્વિન્ટલ પ્રતિ એકરથી ઘટીને લગભગ ૧૦ ક્વિન્ટલ પ્રતિ એકર થઈ ગઈ હતી. તેણે જમીનના કેટલાક ભાગોમાં મગ ઉગાડવાનો પણ પ્રયાસ કર્યો, પરંતુ સમગ્ર પાક જંતુઓ દ્વારા નાશ પામ્યો. આ નિરાશાજનક હતું, પરંતુ તેણે હાર માની ન હતી. ઓર્ગેનિક ફાર્મિંગની સાથે, તેણીએ ૨૦૧૬ માં 'ભૂમિશા ઑર્ગેનિક્સ' નામની પોતાની ઑર્ગેનિક ફૂડ બ્રાન્ડ પણ શરૂ કરી, જ્યાં ૭૦ પ્રકારના ઉત્પાદનો વેચાય છે, જેમાં ઘઉં, ચોખા, કઠોળ, મસાલા, અથાણાં, જડીબુટ્ટીઓ, લોટ, ક્વિનોઆ અને ફ્લેક્સનો સમાવેશ થાય છે. ભોપાલ, દિલ્હી અને મુંબઈમાં લગભગ ૪૦૦ લોકો તેમના ગ્રાહક છે. ૨૦૧૯ સુધીમાં, પ્રતિભાએ તેની આખી જમીનને ઑર્ગેનિકમાં રૂપાંતરિત કરી અને સરકાર પાસેથી પ્રમાણપત્ર પણ મેળવ્યું. તે ઘઉં, અને કઠોળ, ઘોડા ચણા અને ચણા ઉગાડે છે. તેણે રોઝેલા, મોરિંગા, હિબિસ્કસ અને એલોવેરા જેવા ઔષધીય છોડ પણ વાવ્યા છે. તેમની ઊપજ ધીમે ધીમે સુધરતી ગઈ કારણ કે જમીન કાર્બનિક પદાર્થોથી સમૃદ્ધ બની ગઈ છે અને તેમનું પાક ઉત્પાદન હવે પરંપરાગત ખેતી કરતાં ઘણું વધી ગયું છે. આજે તેમનું વાર્ષિક ટર્નઓવર ૧ કરોડ રૂપિયાથી વધુ છે.

**પ્રતિભાના ઑર્ગેનિક ફૂડ બિઝનેસ સાથે ૧૨૦૦ ખેડૂતો જોડાયેલા છે**

પ્રતિભાએ ઑર્ગેનિક ખેતી કરવાનો પ્રયાસ કરવા હરદાના ખેડૂતો સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો. તેમણે ખેડૂતોને રાસાયણિક ખેતીની હાનિકારક અસરો અને ઑર્ગેનિક ખેતીના ફાયદાઓ વિશે જણાવ્યું હતું. ખૂબ જ પ્રયત્નોથી પ્રતિભાએ પાંચથી છ ખેડૂતોને ઑર્ગેનિક ખેતી કરવા માટે સમજાવ્યા. ધીરે-ધીરે પ્રતિભા સાથે જોડાયેલા કેટલાક ખેડૂતોની સારી ઊપજ જોઈને અન્ય લોકોએ પણ તેમની સાથે જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી અને આજે મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ અને મહારાષ્ટ્રના લગભગ ૧૨૦૦ ખેડૂતો પ્રતિભા સાથે જોડાયેલા છે. ■

# એકનાથ શિંદેને વિધાનસભ્યો તૂટવાનો ડર?

## પોતાના વિધાનસભ્યોને હોટેલમાં રાખ્યાના અહેવાલ

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો મહાયુતિ ગઠબંધનના પક્ષમાં આવ્યા છે. આ દરમિયાન સીએમ એકનાથ શિંદને તેમના વિધાનસભ્યો તૂટવાનો ડર સતાવી રહ્યો છે. જેને ધ્યાનમાં રાખી શિવસેનાએ મોટો ફેંસલો લીધો છે. જાણકારી મુજબ શિંદે જૂથની શિવસેનાના તમામ ધારાસભ્યો બાંદ્રાની તાજ લેન્ડ્સ એન્ડ હોટેલમાં રોકાશે. શપથ સમારોહ સુધી તમામ ધારાસભ્યોને હોટલમાં રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે. હોટલમાં જ પાર્ટીના નેતા ચૂંટવાની પ્રક્રિયા પણ થશે.

સીએમ એકનાથ શિંદેની પાર્ટી શિવસેનાએ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. શિવસેના અત્યાર સુધીમાં ૫૪ વિધાનસભા સીટ જીતી છે અને ૩ પર આગળ છે. મહારાષ્ટ્રમાં એકનાથ શિંદેએ કોપરી-પાચપખાડી વિધાનસભા સીટથી ૧.૨ લાખ મતથી જીત હાંસલ કરી છે.

થાણેમાં એકનાથ શિંદેનો ઘણો પ્રભાવ છે. શિવસેના પ્રમુખને કુલ ૧ લાખ ૫૯ હજાર ૬૦ વોટ મળ્યા હતા, જે કુલ પડેલા વોટના ૭૮.૪ ટકા છે. શિંદેના સૌથી નજીકના હરીફ શિવસેના (યુબીટી) ઉમેદવાર કેદાર દિઘેને માત્ર ૩૮,૩૪૩ વોટ મળ્યા હતા. કેદાર દિઘે શિંદેના રાજકીય ગુરુ દિવંગત આનંદ દિઘેના ભત્રીજા છે.

૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં એકનાથ શિંદેએ કોંગ્રેસના ઉમેદવાર સંજય ઘડીગાંવકરને ૮૯,૦૦૦થી વધુ મતોથી હરાવ્યા હતા. શિંદેએ ૨૦૨૨માં તત્કાલિન શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે વિરુદ્ધ બળવો કર્યો હતો. આ પછી, બાલ ઠાકરેની સ્થાપિત પાર્ટીમાં ભાગલા પડી ગયા. શિંદે પોતાનો રસ્તો બદલીને ભાજપમાં જોડાયા અને રાજ્યના મુખ્યમંત્રી બન્યા. શિવસેનામાં આ વિભાજન પછી, શિંદે જૂથને પાર્ટીનું નામ અને તેનું ચૂંટણી પ્રતીક 'ધનુષ-બાણ' મળ્યું.

આ ચૂંટણીમાં એકનાથ શિંદેની પાર્ટી શિવસેનાએ ૮૧ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. પાર્ટીને ૫૭ બેઠકો પર અદભુત સફળતા મળી. મહારાષ્ટ્રની તમામ ૨૮૮ વિધાનસભા સીટો પર ૨૦ નવેમ્બરે એક જ તબક્કામાં મતદાન થયું હતું.




# વિધાનસભામાં વિપક્ષના નેતા નહીં હોય?

મુંબઈઃ પરિણામોએ સ્પષ્ટ કરી દીધું છે કે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં મહાયુતિની લહેર છે. મહા વિકાસ આઘાડીએ કહ્યું હતું કે અમને ૧૮૦ બેઠકો મળશે. જોકે, ચૂંટણીના પરિણામો એક અલગ જ ચિત્ર રજૂ કરે છે. મહા વિકાસ આઘાડીના ત્રણેય પક્ષ (કોંગ્રેસ, એનસીપી (શરદ પવાર) અને શિવસેના (ઉદ્ધવ ઠાકરે) પ્રભાવી સંખ્યાની બેઠક નથી મેળવી શક્યા. મહારાષ્ટ્રમાં ૨૮૮ વિધાનસભા મતવિસ્તારો છે. સત્તાનો જાદુઈ આંકડો ૧૪૫ છે. મહાયુતિએ મંઝિલ સર કરી લીધી છે. જોકે, ૨૦૨૪થી ૨૦૨૯ સુધીના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન વિધાનસભામાં વિપક્ષના નેતા નહીં હોય તેવા સંકેતો મળી રહ્યા છે. નિયમ શું છે તે આપણે જાણીએ.

મહારાષ્ટ્રમાં ૨૮૮ બેઠક છે. વિપક્ષી નેતા ચૂંટવા માટે પક્ષ પાસે ૨૮૮ બેઠકોમાંથી દસમા ભાગની બેઠકો હોવી જરૂરી છે. એટલે કે ૨૮ વિધાનસભ્યો જે પક્ષના હશે તે પક્ષના ઉમેદવાર વિરોધ પક્ષના નેતા હશે. જો મહા વિકાસ અઘાડી (એમવીએ)નો દરેક પક્ષ ૨૮ બેઠક પર વિજય નહીં મેળવે તો વિરોધ પક્ષના કોઈ નેતા નહીં હોય તેવા સંકેત છે.

# ભગવા વિજયને લીધે ધારાવી પ્રોજેક્ટનો બુલેટની ઝડપે અમલ થશે

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિને મળેલા ઉલ્લેખનીય વિજય બાદ ઉદ્યોગપતિ ગૌતમ અદાણીની કંપનીને ધારાવી પુનર્વિકાસના ત્રણ અબજ ડોલરના પ્રોજેક્ટને હવે વેગ મળવાની શક્યતા છે.

એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી ધારાવીના પુનર્વિકાસ માટે અદાણી ગ્રુપને આપવામાં આવેલી તમામ જમીન પાછી લઇ લેવામાં આવશે તથા આ પ્રોજેક્ટને પણ પડતો મૂકવામાં આવશે, એવી પ્રતિજ્ઞા ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ લીધી હતી.

વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપી સહિતની મહાયુતિને સ્પષ્ટ બહુમતિ મળ્યા બાદ હવે આ પ્રોજેક્ટ પર ભમી રહેલી સમસ્યાઓ દૂર થઇ છે.

ધારાવીમાં અંદાજે ૬૨૦ એકરની જમીનનો વિકાસ અદાણી ગ્રુપ દ્વારા કરવામાં આવનાર છે જેમાં ન્યૂ યોર્કના સેન્ટ્રલ પાર્ક કરતા અહીં ત્રણ ગણો મોટો આ પ્રોજેક્ટ છે. નાના-નાના ઝૂંપડાઓમાં રહેતા રહેવાસીઓને ૩૫૦ ચો. ફૂટના ફ્લેટ પૂરા પાડવામાં આવશે. આ વિસ્તારને અર્બન હબ તરીકે વિકસાવવાનું અદાણી ગ્રુપનું લક્ષ્ય છે.

વિધાનસભાની ચૂંટણીમાં વિપક્ષ દ્વારા ધારાવી પ્રોજેક્ટ પર નિશાન તાકીને આક્ષેપ કરાયો હતો કે રાજ્ય સરકારની છત્રછાયા હેઠળ અદાણી ગ્રુપને આ પ્રોજેક્ટનો કોન્ટ્રેક્ટ આપવામાં આવ્યો છે. કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીએ વારંવાર અદાણી ગ્રુપને આપવામાં આવેલા આ પ્રોજેક્ટ માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપની ટીકા કરી હતી.

અદાણી ગ્રુપને ૨૦૨૨માં આ ઝૂંપડપટ્ટી પુનર્વસનનો પ્રોજેક્ટ મળ્યો હતો. ચૂંટણી પહેલા જ રાજ્ય સરકાર તરફથી અદાણી ગ્રુપને ૨૫૬ એકરની મીઠાના અગરોવાળી જમીન સોંપી હતી. આ જમીન કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને લીઝ પર આપવામાં આવી હતી.

# રાહુલની ટાંય ટાંય ફિસ્સઃ જ્યાં ગયા ત્યાં મળી હાર

નવી દિલ્હીઃ મહારાષ્ટ્રમાં મહાયુતિ જીતના રસ્તે છે. મહાયુતિમાં ભાજપ (ભારતીય જનતા પાર્ટી) સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી રહ્યું છે. આ વખતે ચૂંટણીઓમાં મહાવિકાસ આઘાડી (એમવીએ)એ મોટા મોટા દાવાઓ કર્યા હતા, તેમાંય લોકસભાની ચૂંટણીના પરિણામમાં કોંગ્રેસનો હાથ ઊંચો રહ્યો હતો ત્યારે બાદ વિધાનસભાની ચૂંટણીમાં જીતનો દાવો કર્યો હતો.

હકીકત તો એ છે કે રાહુલ ગાંધી મહારાષ્ટ્રમાં જ્યાં પણ પ્રચાર કરવા ગયા તેમાંથી મોટા ભાગની સીટો પર પણ મહાવિકાસ આઘાડીના ઉમેદવારો હારતા જોવા મળી રહ્યા છે. મહાવિકાસ આઘાડી માત્ર ૫૪ સીટ પર આગળ ચાલી રહી છે અને મહાયુતિ ૨૦૦થી વધુ સીટ પર આગળ ચાલી રહી છે.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે રાહુલ ગાંધીએ નંદુરબાર, ધામણગાંવ રેલવે, નાગપુર પૂર્વ, ગોંદિયા, ચિમુર, નાંદેડ ઉત્તર અને બાંદ્રા પૂર્વ બેઠકો પર ચૂંટણી સભાઓ યોજી હતી. તેમની રેલીઓમાં ભારે ભીડ તો જોવા મળી હતી, પણ એ ભીડે તેમને મત આપ્યા નથી.

મહારાષ્ટ્રમાં વિધાન સભાની ૭ બેઠક પર રાહુલ ગાંધીએ રેલી યોજી હતી, જેમાં બધી બેઠક પર મહાવિકાસ આઘાડીના ઉમેદવાર પાછળ ચાલી રહ્યા છે. નંદુરબાર, ધામણગાંવ રેલવે, નાગપુર પૂર્વ, ગોંદિયા, ચિમુરમાં ભાજપ આગળ છે તો નાંદેડ ઉત્તર અને બાંદ્રા પૂર્વ બેઠક પર શિંદે-સેનાના ઉમેદવાર આગળ છે. મહારાષ્ટ્રમાં રાહુલ ગાંધીનો બિલકુલ પ્રભાવ દેખાતો નથી.

ઝારખંડમા પણ રાહુલ ગાંધીએ જે સાત સીટો માટે પ્રચાર કર્યો હતો તેમાંથી પાંચમાં ભાજપ આગળ છે અને માત્ર બે પર કોંગ્રેસ આગળ છે. આમ માત્ર મહારાષ્ટ્રમાં જ નહીં પણ ઝારખંડમાં રાહુલ ગાંધીએ પ્રચાર કરી કોંગ્રેસના સૂપડાં સાફ કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. ■

**વસઈ-વિરારમાં ઠાકુર યુગનો અંત?**

# ૧૯૯૦થી અપરાજિત હિતેન્દ્ર ઠાકુર અને વિજયની હેટ-ટ્રિક લગાવનારા ક્ષિતિજ ઠાકુરનો ભાજપના ઉમેદવાર સામે પરાજય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીના પરિણામો ભાજપ માટે અત્યંત પ્રોત્સાહક છે, પરંતુ આ પરિણામોમાં સૌથી મહત્ત્વનું પરિણામ મુંબઈની પાડોશના પાલઘર જિલ્લાના વસઈ-વિરાર પરિસરમાંથી આવ્યા છે. અહીં ઠાકુર યુગનો આખરે અંત આવ્યો છે. ૧૯૯૦થી અપરાજિત હિતેન્દ્ર ઠાકુર આખરે વિધાનસભાની ચૂંટણીમાં પરાજિત થયા છે. તેમની સાથે તેમની પાર્ટીના બે વર્તમાન વિધાનસભ્યો સહિત ચાર ઉમેદવાર પણ પરાજિત થયા હોવાથી આ વિસ્તારમાં સન્નાટો ફેલાઈ ગયો છે.

હિતેન્દ્ર ઠાકુરના ભાઈ જયેન્દ્ર ઉર્ફે ભાઈ ઠાકુર ગેંગસ્ટર હતા અને તિહાર જેલમાં અત્યારે કારાવાસ ભોગવી રહ્યા છે. તેમની ધાક હોય કે પછી હિતેન્દ્ર ઠાકુરના કામ હોય, ૧૯૯૦માં પહેલી વખત કોંગ્રેસની ટિકીટ પર ચૂંટાઈ આવેલા હિતેન્દ્ર ઠાકુર ત્યારબાદ પહેલાં વસઈ અને અત્યારે નાલાસોપારા બેઠક પરથી અપરાજિત રહ્યા હતા. વસઈ વિધાનસભાના બે ભાગ થઈને નાલાસોપારા બેઠક આવ્યા પછી હિતેન્દ્ર ઠાકુરે પોતાના પુત્ર ક્ષિતીજ ઠાકુરને પણ વિધાનસભામાં પહોંચાડ્યો હતો. ક્ષિતિજ ઠાકુરે પણ વિધાનસભ્યપદની હેટ-ટ્રિક લગાવી હતી. ૨૦૧૯માં હિતેન્દ્ર ઠાકુરના વિધાનસભ્યોની સંખ્યા વધીને ત્રણ થઈ હતી અને બોઈસરમાંથી બવિઆના રાજેશ પાટીલ વિજયી થયા હતા.

આ વખતે હિતેન્દ્ર ઠાકુરે પાલઘર જિલ્લામાં કુલ પાંચ ઉમેદવાર ઉભા રાખ્યા હતા અને તેમાં ત્રણ વર્તમાન વિધાનસભ્યો હતા, પરંતુ પાંચેયનો કારમો પરાજય થયો છે. હિતેન્દ્ર ઠાકુર ભાજપના સ્નેહા દુબે-પંડિત સામે જ્યારે ક્ષિતિજ ઠાકુર ભાજપના સ્નેહા દુબે સામે પરાજિત થયા છે. બોઈસરના રાજેશ પાટીલનો શિવસેના (એકનાથ શિંદે)ના વિલાસ તરે સામે પરાજય થયો હતો. વિક્રમગઢમાં પણ ભાજપના હરિશ્ચંદ્ર ભોયે એનસીપી-એસપીના સુનિલ (ભાઉ) ભુસાર અને બહુજન વિકાસ આઘાડીના હેમંત ખુટાડે સામે વિજયી થયા હતા. પાલઘરમાં પણ એકનાથ શિંદેની સેનાના રાજેન્દ્ર ગાવિત શિવસેના (યુબીટી)ના જયેન્દ્ર દુબળા સામે જીતી ગયા હતા. આ જિલ્લામાં ફક્ત દહાણુની બેઠક મહાયુતિના હાથમાં આવી નહોતી, અહીં સમાચાર લખાઈ રહ્યા છે ત્યાં સુધી કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી)ના વિનોદ નિકોલે ભાજપના વિનોદ મેધા સામે સરસાઈ ધરાવતા હતા. ■

# ઇલેક્શન ઇફેક્ટ બજારને વધુ સ્થિરતા અપાવશે, પરંતુ તેજીની ગાડીને વેગ પકડવા માટે વધુ ઇંધણની આવશ્યકતા

મુંબઇઃ વિધાનસભાની ચૂંટણીમાં ખાસ કરીને મહારાષ્ટ્રમાં આવેલા પરિણામથી રાજકીય ક્ષેત્ર કરતા શેરબજાર સાથે સંકળાયેલા વર્ગને વધુ રાહત થઇ છે. જોકે આની પાછળ કોઇ રાજકીય પક્ષપાત નહીં પરંતુ શુદ્ધ આર્થિક તર્ક છે. બજારના નિરિક્ષકો માને છે કે રાજકીય સ્તરે શાસક પક્ષના ફરી સત્તારૂઢ થવાથી આર્થિક નીતિઓ પમ યથાવત રહેશે અને કોઇ નવા કે મોટા ફેરફાર નહીં થાય. આ પરિણામો એમ પણ સૂચવે છે કે પ્રજાને સરકારની આર્થિક નીતિઓ સ્વીકાર્ય છે.

આ પરિસ્થિતિમમાં આગામી દિવસોમાં શેરબજારમાં એક તાત્કાલિક ઉછાળો સંભવ છે, જોકે તે કેટલો ટકશે એ કહી ના શકાય કારણ કે બજારને અસરકર્તા અન્ય પરિબળોમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોના વલણ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકાની નીતિ, રશિયા અને યુક્રેનની યુદ્ધ સ્થિતિ, ક્રૂડ ઓઇલના ભાવની વધઘટ, ફોરેક્સ માર્કેટમાં ડોલર સામે રૂપિયાની વધઘટ સહિતની બાબતોનો સમાવેશ છે.

અમુક નિષ્ણાતો એવો મત પણ વ્યક્ત કરી રહ્યાં છે કે મહારાષ્ટ્રમાં મહાયુતીના સંભવિત વિજયનું ફેક્ટર અગાઉ જ બજારમાં ડિસ્કાઉન્ટ થઇ ગયું હોવાથી બજારમાં સ્થિરતા વધી શકે છે પરંતુ કોઇ મોટા ઉછાળાની આશા ના રાખી શકાય. ટૂંકમાં પુલબેક રેલી કદાચ સંભવ છે પરંતુ તે કેટલી ટકશે તે કહેવું મુશ્કેલ છે.

ટેક્નિકલ નિષ્ણાતો અનુસાર નિફ્ટીએ તેજીની દિશા પકડી લીધી છે અને હવે તેને માટે તાત્કાલિક સ્ટ્રોંગ રેઝિસ્ટન્સ ૨૩,૯૫૦થી ૨૪,૦૦૦ની સપાટીએ છે. જો નિફ્ટી ૨૪,૦૦૦ની સપાટીની આગળ મક્કમ ઉછાળા સાથે આગળ વધશે તો વધુ ૫૦૦ પોઇન્ટના ઉછાળાની આશા રાખી શકાય.

નોંધવું રહ્યું કે એફઆઇઆઇની અવિરત વેચવાલી, નબળા કોર્પોરેટ પરિણામ સાથે અદાણીના શેર પર પડેલા જોરદાર ફટકા સહિતના વિવિધ નકારાત્મક પરિબળોને કારણે મંદીની ભીંસમાં સપડાયેલા શેરબજારને અચાનક તેજીનો કરંટ મળતા બેન્ચમાર્ક સેન્સેક્સ શુક્રવારના સત્રમાં લગભગ અઢી ટકાના જોરદાર ઉછાળા સાથે ૭૯,૦૦૦ની સપાટી વટાવી ગયો હતો, જ્યારે નિફ્ટીમાં ૫૫૭.૩૫ પોઈન્ટનો ઉછાળો નોંધાયો છે.

અમેરિકાના લેબર માર્કેટના સાનુકૂળ ડેટાને કારણે વૈશ્વિક બજારના સુધારા સાથે સ્થાનિક સ્તરે નીચલા સ્તરે વેલ્યુ બાઇંગનો ટેકો મળતા સેન્સેક્સ ૧,૯૬૧.૩૨ પોઈન્ટ અથવા ૨.૫૪ ટકાના ઉછાળા સાથે ૭૯,૧૧૭.૧૧ પર સેટલ થયો હતો. દિવસ દરમિયાન તે ૨,૦૬૨.૪ પોઈન્ટ અથવા ૨.૬૭ ટકા વધીને ૭૯,૨૧૮.૧૯ પર પહોંચ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૫૭.૩૫ પોઈન્ટ અથવા ૨.૩૯ ટકા વધીને ૨૩,૯૦૭.૨૫ પર પહોંચ્યો હતો.

બજારે શુક્રવારે મજબૂત બાઉન્સ બેક સાથે ચાલુ સપ્તાહની નુકસાનીને સરભર કરવામાં સફળતા મેળવી હતી, કારણ કે રોકાણકારોએ ખરાબ રીતે ધોવાઇ ગયેલા શેરોના એક્યમ્યુલેશનની તકનો ઉપયોગ કર્યો હતો.

જો કે, રોકાણકારો ટ્રેન્ડ રિવર્સલ પર વધુ સ્પષ્ટતાની પ્રતીક્ષા કરી રહ્યાં હોવાનું જણાવતાં જિયોજિત ફાઇનાન્શિયલ સર્વિસિસના ચીફ ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ, ડો. વી કે વિજયકુમારે કહ્યું હતું કે, ઇલેકશનના પરિણામન જોતા આશાવાદ વધ્યો છે પરંતુ એવું તારણ કાઢવું વહેલું ગણાશે કે વર્તમાન બાઉન્સ બેક સાન્તાક્લોઝની રેલીમાં ફેરવાશે કે નહીં!

રોકાણકારોએ અદાણીના ફેક્ટરને પચાવી લીધું છે અને રાજ્યની ચૂંટણીના પરિણામો બજારમાં વધુ સ્થિરતા લાવશે તેવી અપેક્ષા રાખે છે. ઘણી બ્લુ ચિપ્સ કંપનીના શેર સરેરાશથી નીચેના મૂલ્યાંકન પર ઉપલબ્ધ છે, જ્યારે મિડ અને સ્મોલ કેપ ઇન્ડેક્સમાં અર્થપૂર્ણ સુધારા વ્યાપક પાયા સાથેની ગતિ માટે તક પૂરી પાડે છે.

રિયલ્ટી, એફએમસીજી, ઓટો, કન્ઝમ્પશન, બેન્ક અને આઈટી જેવા સેક્ટરમાં બે ટકાથી વધુનો વધારો થયો છે. અમેરિકાના અનુકૂળ જોબ ડેટા અને ડોલરની મજબૂતી સ્થાનિક આઇટી શેરોને ટેકો આપશે.

મોટાભાગની રાજ્યની ચૂંટણીઓ હવે પૂરી થઈ ગઈ છે અને બજારમાં સ્થિરતા જોવા મળી શકે છે કારણ કે નાણાકીય વર્ષ ૨૦૨૫ના મૂડીરોકાણ લક્ષ્યાંકને પહોંચી વળવા આગામી મહિનાઓમાં સરકારી ખર્ચમાં સુધારો થશે. જે બદલામાં ખાનગી ખર્ચને સમર્થન આપે છે. સારું ચોમાસું, તહેવાર અને લગ્નસરાની મોસમ વપરાશની માગમાં રંગ લાવી શકે છે.

પીએમઆઇ ડેટા, આઇઆઇપી અને ફુગાવા જેવા આગામી આર્થિક સંકેતકો પર રોકાણકારો દ્વારા ચાંપતી નજર રાખવામાં આવશે. નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઉત્તરાર્ધમાં, પૂર્વાર્ધની જેમ ૧૦ ટકાથી ૧૨ ટકાના કોર્પોરેટ અર્નિંગ ગ્રોથની સંભાવના છે.

વિદેશી ફંડોની વેચવાલી ધીમી પડતા પડતા ફરી વધવા લાગી છે, આ સંદર્ભે બજારના અભ્યાસુઓએ કહ્યું હતું કે, એફઆઇઆઇ દ્વારા અવિરત વેચવાલી સતત ૩૭ દિવસના વિક્રમ સુધી પહોંચવાની સાથે ચાલુ રહી હોવા છતાં સપ્ટેમ્બરની ટોચથી બજાર માત્ર ૧૧ ટકા જેટલું જ ગબડ્યું છે. આનો અર્થ એ થયો કે આ કરેકશન છે, ક્રેશ નથી. આ બજારનો અંડરટોન સકારાત્મક છે.

અલબત્ત બજારના નિષ્ણાતાનો એક વર્ગ માને છે કે લાંબાગાળાની રિકવરી માટે વિદેશી આઉટફલો રિવર્સલ અને કમાણીમાં સુધારો જરૂરી છે. સપ્તાહ દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ) રૂ. ૧૧,૦૩૬.૪૬ કરોડની ચોખ્ખી લેવાલી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ.૧૧,૪૧૪.૮૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી.

એફઆઇઆઇની વેચવાલીને બ્રેક લાગવી અનિવાર્ય છે પરંતુ તે એક એક્સર્નલ ફોક્ટર છે અને તેના વિશે કોઇ અટકળ કરી શકાય એમ નથી.

દરમિયાન કોર્પોરેટ ક્ષેત્રની નબળી કામગારી પણ બજારના માનસ પર અસર કરી રહી છે. આમ ઇલેકશન ઇફેક્ટથી બજારને પુશ મળી શકે પરંતુ તે કેટલું ટકી શકે એ કહેવું મુશ્કેલ છે.

## ફ્યુચર્સ એન્ડ ઓપ્શાન્સ સેગમેન્ટમાં હવે માત્ર એક વિકલી એક્સપાયરીનો નિયમ લાગુ

મુંબઈ : ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ ( એફ એન્ડ ઓ) સેગ્મેન્ટમાં નવા નિયમો સહિત પ્રમુખ પગલાંનો ૨૧, નવેમ્બર ૨૦૨૪થી અમલ શરૂ થઇ ગયો છે. મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ આ બાબતે અટકળોનો અંત લાવીને ૨૦, નવેમ્બરના મહારાષ્ટ્રમાં ચૂંટણીને લઈ રજા જાહેર થતાં આ પ્રમુખ છ પગલાનો અમલ ૨૧, નવેમ્બર ૨૦૨૪થી કરવાનું જાહેર કર્યુ છે.

બજારના સહભાગીઓના પ્રતિસાદના આધારે અને નિષ્ણાત કાર્યકારી ગ્રુપ અને સેકન્ડરી માર્કેટ એડવાઈઝરી કમિટી દ્વારા સમીક્ષા બાદ સેબીએ ન્યુનતમ કોન્ટ્રેક્ટ મૂલ્ય અગાઉના રૂ. પાંચથી રૂ. ૧૦ લાખની રેન્જથી વધારીને રૂ.૧૫ લાખ કર્યુ છે.

આ એડજસ્ટમેન્ટથી નવા રજૂ કરવામાં આવેલા એફએન્ડઓ કોન્ટ્રેક્ટસના લોટ સાઈઝને અસર થશે, જે હવે રૂ.૧૫ લાખથી રૂ.૨૦ લાખની રેન્જમાં આવશે. ઉલ્લેખનીય છે કે, સેબીના પહેલી ઓક્ટોબર ૨૦૨૪ના સર્કયુલરમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, ડેરિવેટીવ્ઝ કોન્ટ્રાક્ટની રજૂઆતના સમયે ન્યુનતમ મૂલ્ય રૂ.૧૫ લાખ હશે, જેમાં સમીક્ષા દરમિયાન કોન્ટ્રેક્ટનું મૂલ્ય રૂ.૧૫ લાખથી રૂ.૨૦ લાખ વચ્ચે રહે તે સુનિશ્ચિત કરવા માટે લોટ સાઈઝ નક્કી કરવામાં આવી છે.

ડેરિવેટીવ્ઝ ટ્રેડીંગમાં કરેલા મુખ્ય ફેરફારો આ મુજબ છેઃ-

(૧)વિકલી એક્સપાયરીમાં ઘટાડોઃ ૨૧ નવેમ્બરથી ઈન્ડેક્સ ડેરિવેટીવ્ઝ કોન્ટ્રેક્ટ્સ માટે વિકલી એક્સપાયરીને ઘટાડીને દરેક એક્સચેન્જ દીઠ માત્ર એક બેન્ચમાર્ક ઈન્ડેક્સ કરશે, વધારે પડતાં સટ્ટાકીય ટ્રેડીંગને અંકુશમાં લેવા અને નેકેડ ઓપ્શન સેલિંગ અથવા અનકવર્ડ જોખમોને મર્યાદિત કરવાનો ઉદ્દેશ છે.

(૨) કોન્ટ્રેક્ટસ સાઈઝમાં વધારોઃ ડેરિવેટીવ્ઝ માટે ન્યુનતમ કોન્ટ્રેક્ટ મૂલ્ય રૂ.પાંચથી રૂ. ૧૦ લાખથી વધારીને રૂ.૧૫ લાખ કરવામાં આવશે, જેના થકી ઓછી ક્ષમતાના નાના ટ્રેડરોને દૂર કરી જોખમ ઉઠાવી શકે એવા લોકો જ આ જોખમી સેગ્મેન્ટમાં ટ્રેડીંગ કરી શકે. આ કોન્ટ્રેક્ટનું મૂલ્ય આગળ જતાં રૂ.૧૫ લાખથી રૂ. ૨૦ લાખની રેન્જમાં એડજસ્ટ કરાશે.

(૩) અતિરિક્ત માર્જિનની આવશ્યકતાઃ બજારમાં અસાધારણ અફડાતફડીથી રોકાણકારોને રક્ષણ માટે સેબી એક્સપાયરીના તમામ ઓપન શોર્ટ ઓપ્શન્સ પર બે ટકા વધારાનું એક્સ્ટ્રીમ લોસ માર્જિન (ઈએલએમ) લાગુ કરશે. જેનાથી ટેઈલ રિસ્ક કવરેજમાં વધારો થશે, જે ખાસ ઉંચા વોલ્યુમના સમયગાળા દરમિયાન વધારો થશે.

(૪)પ્રીમિયમનું અપફ્રન્ટ એકત્રીકરણઃ પહેલી ફેબ્રુઆરી ૨૦૨૫થી બ્રોકરોએ ઓપ્શન પ્રીમિયમ્સ અપફ્રન્ટ એકત્ર કરવું જરૃરી રહેશે, આ ફેરફારથી ઈન્ટ્રા-ડે વધારે પડતાં લિવરેજને નિરુત્સાહી કરવાનો ઉદ્દેશ છે અને રોકાણકારો તેમની પોઝિશનને કવર કરવા પર્યાપ્ત કોલેટરલ ધરાવે છે એની ખાતરી થશે.

(૫)કેલેન્ડર સ્પ્રેડ લાભ નાબૂદઃ કેલેન્ડર સ્પ્રેડની પ્રણાલી, જુદી જુદી મુદ્દતમાં પોઝિશનને ઓફસેટ કરવાની તે જ દિવસે સમાપ્ત થતાં કોન્ટ્રેક્ટસ માટે નાબૂદ કરવામાં આવશે. આ પગલાનો હેતુ એક્સપાયરીના દિવસોમાં સટ્ટાકીય ટ્રેડીંગ ઘટાડવાનો છે.

(૬) ઈન્ટ્રા-ડે પોઝિશન લિમિટેડ પર નજરઃ પહેલી એપ્રિલ ૨૦૨૫થી શેર બજારો ટ્રેડિંગ દિવસ દરમિયાન ઈક્વિટી ઈન્ડેક્સ ડેરિવેટીવ્ઝ માટે પોઝિશન લિમિટનું નિરીક્ષણ શરૂ કરશે. જે ટ્રેડરોને ધ્યાન બહાર જાય તેવી પોઝિશનની લિમિટને પાર કરતાં અટકાવવામાં મદદરૂપ થશે.

## હૂંડિયામણ અનામત ચાર મહિનાના તળિયે, ગોલ્ડ રિઝર્વ ઘટીને ૬૫.૭૦ અબજ ડૉલરની સપાટીએ

મુંબઇ : ભારતીય શેરબજારમાં વિદેશી રોકાણકારોની એકતરફી વેચવાલી અને સામે પક્ષે રૂપિયામાં ડોલર સહિતની કરન્સી સામેનો ઘસારો ભારતના વિદેશી હૂંડિયામણ અનામતને મોટો ફટકો પાડી રહ્યો છે. મસમોટા આઉટફલોના કારણે ભારતના ફોરેન એક્સચેન્જ રિઝર્વમાં તાજેતરના સપ્તાહમાં ઈતિહાસનો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર દેશના ફોરેક્સ રિઝર્વમાં ૧૫ નવેમ્બરના સપ્તાહે સતત સાતમા અઠવાડિયાએ ઘટાડો નોંધાયો છે. આ રિપોર્ટિંગ સપ્તાહે કુલ અનામત ૧૭.૮ અબજ ડોલર ઘટીને ૬૫૭.૮૯ અબજ ડોલરના સ્તરે ચાર મહિનાના તળિયે પહોંચ્યું છે. જ્યારે ગોલ્ડ રિઝર્વ બે અબજ ડોલર ઘટી ૬૫.૭૦ અબજ ડોલર પર આવી ગયું છે. ચીન, જાપાન તથા સ્વીત્ઝરલેન્ડ બાદ વિશ્વમાં ફોરેકસ રિઝર્વમાં ભારત ચોથા સ્થાને છે.

અમેરિકાની ચૂંટણી પરિણામોને પગલે ડોલર મજબૂત થયો અને મધ્યસ્થ બેંકે ભારતીય ચલણ રૂપિયાના ઘસારાને અટકાવવા રિઝર્વનો ઉપયોગ કરી ડોલર વેચતા ૧૯૯૮થી રેકોર્ડ પર લેવાઈ રહેલા વિદેશી હૂંડિયામણ અનામતમાં સૌથી તીવ્ર ઘટાડો થયો છે.

ફોરેક્સ માર્કેટમાં સેન્ટ્રલ બેંકના હસ્તક્ષેપ તેમજ રિઝર્વમાં રાખવામાં આવેલી ફોરેન કરન્સીના સુધારા અથવા અવમૂલ્યનને કારણે એફસીએમાં ફેરફાર થાય છે. પાછલા છ સપ્તાહ દરમિયાન વિદેશી હૂંડિયામણની અનામતમાં લગભગ ત્રીસ બિલિયન ડોલરનો ઘટાડો થયો છે અને સપ્ટેમ્બરના અંતમાં જોવા મળેલા રેકોર્ડ ઉચ્ચતમ સ્તર ૭૦૪.૮૯ અબજ ડોલરમાંથી ૪૭ અબજ ડોલરનો ઘટાડો થયો છે.

બેંકિંગ સેક્ટરના અધિકારીના અંદાજ અનુસાર રિપોર્ટિંગ સપ્તાહ માટે ભારતીય રૂપિયા અને અન્ય કરન્સીના સુધારા-વધારાના કારણે રીવેલ્યુએશન નુકસાન ૧૦.૪ અબજ ડોલર હોવાનો અંદાજ છે, જ્યારે આરબીઆઈએ ૧૫ નવેમ્બરના સપ્તાહમાં ૭.૨ અબજ ડોલરની યુએસ ડોલર કરન્સીનું નેટ વેચાણ કર્યું હશે. તાજેતરના ઘટાડા છતાં ભારતનું ફોરેક્સ રિઝર્વ તમામ બાહ્ય પર્યાપ્તતાની આવશ્યકતાઓની દ્રષ્ટિએ મજબૂત છે અને આયાત કવર ૧૧-મહિનાથી વધુ પર આરામથી પુરૂં કરી શકાય છે.

ડોલર સામે રૂપિયો ગયા અઠવાડિયે ૮૪.૪૧૨૫ના નવા ઐતિહાસિક નીચા સ્તરે ગગડયો હતો. શુક્રવારના સેશનમાં ભારતીય ચલણ ડોલરની સામે ૮૪.૪૪૫૦ પર સ્થાયી થયું હતું, જે સત્રની શરૂઆતમાં ૮૪.૫૦૭૫ ની સર્વકાલીન નીચલી સપાટીએ પહોંચ્યું હતું. ભારતીય ઇક્વિટીમાંથી સતત આઉટફલોએ પણ રૂપિયા પર દબાણ સર્જ્યું છે. ૨૨મી નવેમ્બરના સેશનમાં ૧૨૭૮ કરોડના વેચાણ સાથે સતત ૩૮મા સેશનમાં વિદેશી રોકાણકારોની વેચવાલી યથાવત જોવા મળી છે.

વિદેશી રોકાણકારોએ ઓક્ટોબરમાં ૧૧.૭ અબજ ડોલર એટલે કે ઐતિહાસિક એક લાખ કરોડથી વધુના વેચાણ બાદ નવેમ્બરમાં પણ અત્યાર સુધીમાં ચાર અબજ ડોલર કરતાં વધુ મૂલ્યના સ્થાનિક સ્ટોક્સ અને બોન્ડ્સનું નેટ વેચાણ કર્યું છે.

કરન્સી બજારમાં ડોલર સામે રૂપિયાને વધુ તૂટતો અટકાવવા રિઝર્વ બેન્કની દરમિયાનગીરી પણ ફોરેકસ રિઝર્વમાં ઘટાડા માટેનું એક કારણ માનવામાં આવે છે. વર્તમાન વર્ષમાં ફોરેકસ રિઝર્વનું સ્તર પહેલી જ વખત ૭૦૦ અબજ ડોલરને પાર જોવા મળ્યું હતું, પરંતુ વિદેશી રોકાણકારોની શેરબજારમાં વેચવાલીને પરિણામે રિઝર્વમાં પીછેહઠ જોવા મળી છે.

## શૅરબજારમાં સપ્તાહના અંતિમ સત્રના ઉછાળાને પગલે માર્કેટ કૅપ ₹ ૨.૧૧ લાખ કરોડનો વધારો

મુંબઇઃ રોકાણકારો માટે વિતેલું સપ્તાહ ફળદાયી રહ્યું હતું. બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૭૯,૪૮૬.૩૨ના બંધ સામે ૧,૭૭૮.૧૦ પોઈન્ટ્સ (૨.૩૦ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૧૮ નવેમ્બર અને સોમવારે ૭૭,૫૪૮.૦૦ ખૂલી ૨૧ નવેમ્બરને ગુરુવારે નીચામાં ૮૦,૧૦૨.૧૪ સુધી અને શુક્રવાર ૨૨ નવેમ્બરે ઊંચામાં ૭૯,૨૧૮.૧૯ સુધી જઈ સપ્તાહ અંતે ૭૯,૧૧૭.૧૧ બંધ રહ્યો હતો. સમીક્ષા હેઠળના સપ્તાહના અંતિમ દિવસે આવેલા ઉછાળાને પગલે માર્કેટ કેપ રૂ. ૨.૧૧ લાખ કરોડનો ઉમેરો થયો છે. સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ.૪૩૨.૭૧ લાખ કરોડ રહ્યું હતું, જે ૧૫ નવેમ્બરના શુક્રવારના અંતે રૂ.૪૩૦.૬૦ લાખ કરોડ હતું. બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૧.૭૫ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૧.૫૧ ટકા, બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૧.૪૯ ટકા, બીએસઈ મિડકેપ ૧.૮૪ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૧૪ ટકા વધ્યા હતા. આઈપીઓ ૦.૧૯ ટકા ઘટ્યો અને એસએમઈ આઈપીઓ ૨.૪૦ ટકા વધ્યો હતો.

સેકટરલ ઈન્ડેક્સમાં બીએસઈ રિયલ્ટી ૫.૫૨ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૪.૨૭ ટકા, ટેક ૪ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૮૯ ટકા, ઓટો ૨.૧૪ ટકા, કેપિટલ ગુડ્સ ૨.૦૪ ટકા, હેલ્થકેર ૨.૦૨ ટકા, બેન્કેક્સ ૧.૫૮ ટકા, પીએસયુ ૧.૧૭ ટકા, એફએમસીજી ૦.૯૧ ટકા, મેટલ ૦.૫૨ ટકા, અને પાવર ૦.૩૫ ટકા વધ્યા હતા, જ્યારે ઓઈલ એન્ડ ગેસ ૦.૧૯ ટકા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૦.૪ ટકાટકા ઘટ્યા હતા. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦ શેરોમાંથી સૌથી અધિક વધેલી પાંચ સ્ક્રિપ્સ હતીઃ પાવર ગ્રીડ ૭.૪૩ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૬.૬૮ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૫.૫૧ ટકા, તાતા કન્સલ્ટન્સી ૫.૩૩ ટકા અને ટેક મહિન્દ્ર ૪.૯૪ ટકા સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક ઘટેલા પાંચ શેરો હતાઃ અદાણી પોર્ટ્સ ૧૨.૪૪ ટકા, બજાજ ફિનસર્વ ૦.૮૮ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૬૬ ટકા, એનટીપીસી ૦.૨૭ ટકા અને એશિયન પેઈન્ટ્સ ૦.૧૬ ટકા એ ગ્રુપની ૭૨૬ કંપનીઓમાં ૪૨૭ સ્ક્રિપ્સના ભાવ વધ્યા, ૨૯૯ સ્ક્રિપ્સના ભાવ ઘટ્યા હતા. બી ગ્રુપની ૧,૧૯૨ કંપનીઓમાંથી ૬૬૨ વધી હતી, ૫૨૫ ઘટી હતી અને ૫ સ્થિર રહી હતી.

સેન્સેક્સમાંની ૨૪ સ્ક્રિપ્સ વધી હતી અને ૬ ઘટી હતી. બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સમાંની ૬૭ સ્ક્રિપ્સ વધી હતી અને ૩૩ ઘટી હતી. બીએસઈ ૨૦૦ સમાવિષ્ટ ૧૩૧ સ્ક્રિપ્સ વધી અને ૬૯ ઘટી હતી, મિડકેપમાંની ૧૩૨ સ્ક્રિપ્સમાંથી ૮૭ વધી, ૪૫ ઘટી હતી. સ્મોલ કેપમાંની ૯૪૫ સ્ક્રિપ્સમાંથી ૪૯૬ વધી હતી, ૪૪૬ ઘટી હતી અને ત્રણ સ્થિર રહી હતી.

## હૂંડિયામણ અનામત ચાર મહિનાના તળિયે, ગોલ્ડ રિઝર્વ ઘટીને ૬૫.૭૦ અબજ ડોલરની સપાટીએ

મુંબઇ : ભારતીય શેરબજારમાં વિદેશી રોકાણકારોની એકતરફી વેચવાલી અને સામે પક્ષે રૂપિયામાં ડોલર સહિતની કરન્સી સામેનો ઘસારો ભારતના વિદેશી હૂંડિયામણ અનામતને મોટો ફટકો પાડી રહ્યો છે. મસમોટા આઉટફલોના કારણે ભારતના ફોરેન એક્સચેન્જ રિઝર્વમાં તાજેતરના સપ્તાહમાં ઈતિહાસનો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર દેશના ફોરેક્સ રિઝર્વમાં ૧૫ નવેમ્બરના સપ્તાહે સતત સાતમા અઠવાડિયાએ ઘટાડો નોંધાયો છે. આ રિપોર્ટિંગ સપ્તાહે કુલ અનામત ૧૭.૮ અબજ ડોલર ઘટીને ૬૫૭.૮૯ અબજ ડોલરના સ્તરે ચાર મહિનાના તળિયે પહોંચ્યું છે. જ્યારે ગોલ્ડ રિઝર્વ બે અબજ ડોલર ઘટી ૬૫.૭૦ અબજ ડોલર પર આવી ગયું છે. ચીન, જાપાન તથા સ્વીત્ઝરલેન્ડ બાદ વિશ્વમાં ફોરેકસ રિઝર્વમાં ભારત ચોથા સ્થાને છે. અમેરિકાની ચૂંટણી પરિણામોને પગલે ડોલર મજબૂત થયો અને મધ્યસ્થ બેંકે ભારતીય ચલણ રૂપિયાના ઘસારાને અટકાવવા રિઝર્વનો ઉપયોગ કરી ડોલર વેચતા ૧૯૯૮થી રેકોર્ડ પર લેવાઈ રહેલા વિદેશી હૂંડિયામણ અનામતમાં સૌથી તીવ્ર ઘટાડો થયો છે.

ફોરેક્સ માર્કેટમાં સેન્ટ્રલ બેંકના હસ્તક્ષેપ તેમજ રિઝર્વમાં રાખવામાં આવેલી ફોરેન કરન્સીના સુધારા અથવા અવમૂલ્યનને કારણે એફસીએમાં ફેરફાર થાય છે. પાછલા છ સપ્તાહ દરમિયાન વિદેશી હૂંડિયામણની અનામતમાં લગભગ ત્રીસ બિલિયન ડોલરનો ઘટાડો થયો છે અને સપ્ટેમ્બરના અંતમાં જોવા મળેલા રેકોર્ડ ઉચ્ચતમ સ્તર ૭૦૪.૮૯ અબજ ડોલરમાંથી ૪૭ અબજ ડોલરનો ઘટાડો થયો છે.

બેંકિંગ સેક્ટરના અધિકારીના અંદાજ અનુસાર રિપોર્ટિંગ સપ્તાહ માટે ભારતીય રૂપિયા અને અન્ય કરન્સીના સુધારા-વધારાના કારણે રીવેલ્યુએશન નુકસાન ૧૦.૪ અબજ ડોલર હોવાનો અંદાજ છે, જ્યારે આરબીઆઈએ ૧૫ નવેમ્બરના સપ્તાહમાં ૭.૨ અબજ ડોલરની યુએસ ડોલર કરન્સીનું નેટ વેચાણ કર્યું હશે. તાજેતરના ઘટાડા છતાં ભારતનું ફોરેક્સ રિઝર્વ તમામ બાહ્ય પર્યાપ્તતાની આવશ્યકતાઓની દ્રષ્ટિએ મજબૂત છે અને આયાત કવર ૧૧-મહિનાથી વધુ પર આરામથી પુરૂં કરી શકાય છે. ડોલર સામે રૂપિયો ગયા અઠવાડિયે ૮૪.૪૧૨૫ના નવા ઐતિહાસિક નીચા સ્તરે ગગડયો હતો. શુક્રવારના સેશનમાં ભારતીય ચલણ ડોલરની સામે ૮૪.૪૪૫૦ પર સ્થાયી થયું હતું, જે સત્રની શરૂઆતમાં ૮૪.૫૦૭૫ ની સર્વકાલીન નીચલી સપાટીએ પહોંચ્યું હતું. ભારતીય ઇક્વિટીમાંથી સતત આઉટફલોએ પણ રૂપિયા પર દબાણ સર્જ્યું છે. ૨૨મી નવેમ્બરના સેશનમાં ૧૨૭૮ કરોડના વેચાણ સાથે સતત ૩૮મા સેશનમાં વિદેશી રોકાણકારોની વેચવાલી યથાવત જોવા મળી છે.

વિદેશી રોકાણકારોએ ઓક્ટોબરમાં ૧૧.૭ અબજ ડોલર એટલે કે ઐતિહાસિક એક લાખ કરોડથી વધુના વેચાણ બાદ નવેમ્બરમાં પણ અત્યાર સુધીમાં ચાર અબજ ડોલર કરતાં વધુ મૂલ્યના સ્થાનિક સ્ટોક્સ અને બોન્ડ્સનું નેટ વેચાણ કર્યું છે. કરન્સી બજારમાં ડોલર સામે રૂપિયાને વધુ તૂટતો અટકાવવા રિઝર્વ બેન્કની દરમિયાનગીરી પણ ફોરેકસ રિઝર્વમાં ઘટાડા માટેનું એક કારણ માનવામાં આવે છે. વર્તમાન વર્ષમાં ફોરેકસ રિઝર્વનું સ્તર પહેલી જ વખત ૭૦૦ અબજ ડોલરને પાર જોવા મળ્યું હતું, પરંતુ વિદેશી રોકાણકારોની શેરબજારમાં વેચવાલીને પરિણામે રિઝર્વમાં પીછેહઠ જોવા મળી છે.

## ઇવીની કિંમતો પેટ્રોલ કારને સમકક્ષ પહોંચશેઃ મેન્યુફેક્ચરિંગમાં બેટરીનો ખર્ચ ૩૦ ટકા જેટલો!

નવી દિલ્હીઃ દેશમાં આગામી બે વર્ષમાં ઇવીની કિંમતો ખૂબ જ ઓછી થઇ જશે. વર્ષ ૨૦૨૬ સુધી ઇલેક્ટ્રિક વ્હીકલ (ઇવી)ની બેટરીની કિંમતો વર્ષ ૨૦૨૩ની તુલનાએ ઘટીને અડધી થઇ શકે છે. ઇવીના મેન્યુફેક્ચરિંગના કુલ ખર્ચમાં બેટરીનો હિસ્સો ૨૮ ટકાથી ૩૦ ટકા જેટલો હોય છે.

ગોલ્ડમેન સાશના એક સ્ટડી રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૨માં વિશ્વભરમાં ઇવી બેટરીની સરેરાશ કિંમત ૧૫૩ (અંદાજે રૂ. ૧૩ હજાર) પ્રતિ કિલોવોટ હતી. વર્ષ ૨૦૨૩માં તેની કિંમત ૧૪૯ (રૂ. ૧૨,૫૦૦) પ્રતિ કિલોવોટ રહી ગઇ છે. કિંમતો સતત ઘટી રહી છે અને વર્ષ ૨૦૨૬ સુધી કિંમતો વધુ ઘટીને ૮૦ (અંદાજે રૂ. ૬,૭૦૦) પ્રતિ કિલોવોટ રહેવાનો અણસાર છે.

વર્ષ ૨૦૨૨ની તુલનામાં તે લગભગ પચાસ ટકા કરતા ઓછી છે. રિપોર્ટ અનુસાર બેટરીની કિંમતો આ સ્તર પર આવ્યા બાદ ઇલેક્ટ્રિક કારની કિંમત પેટ્રોલ કારને બરાબર થઇ જશે. દેશમાં ઇવીને સ્પર્ધાત્મક બનાવી રાખવા માટે બેટરી અને ચાર્જિંગ સેવાઓ પર જીએસટી ઘટાડવાની જરૂર છે.

ઇવીનું વેચાણ વધારવા માટે પીએમ ઇ-ડ્રાઇવ ફંડને પણ વધારવાની જરૂરિયાત છે. ઓદ્યોગિક સંગઠને એક રાષ્ટ્રીય સંમેલન દરમિયાન સરકાર સમક્ષ આ માગ રજૂ કરી હતી. સંગઠનના પ્રવકતાએ અપીલ કરતા કહ્યું હતું કે ચાર્જિંગ સેવાઓ પર ૧૮ ટકા જીએસટી છે. તેને અમે ઘટાડીને પાંચ ટકા કરવાનો અનુરોધ કરીએ છીએ. જેથી કરીને ગ્રાહકો માટે ચાર્જિંગ સેવા વધુ કિફાયતી બની શકે. આ ઉપરાંત બેટરી પર જીએસટી પણ ૧૮ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરવાની ભલામણ કરાઇ છે. દેશમાં બેટરીની કિંમતો ઘટવાના બે પ્રમુખ કારણોમાં પહેલું કારણ ે કે, ઉન્નત થતી ટેક્નોલોજીઃ સ્ટડીમાં સામેલ નિષ્ણાંતો અનુસાર સેલ ટૂ પેક ટેક્નોલોજીમાં ઓછા બેટરી મોડ્યૂલ્સની જરૂરિયાત રહે છે. તેનાથી ન માત્ર બેટરી પેકનો ખર્ચ ઘટે છે પરંતુ સાથે જ એનર્જી ડેન્સિટી પણ ૩૦% સુધી વધી જાય છે. તેનાથી બેટરીનો આકાર પણ ઓછો રાખવામાં મદદ મળે છે.

બીજુ કારણ કાચા માલના ઓછા ભાવઃ બેટરી મેન્યુફેક્ચરિંગમાં લીથિયમ અને કોબાલ્ટ જેવા કાચા માલનો ઉપયોગ થાય છે. વર્ષ ૨૦૨૨ સુધી તે ખૂબ જ મોંઘા હતા. ત્યારબાદ તેમાં ઘટાડો શરૂ થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી તેમાં ઘટાડો યથાવત્ રહી શકે છે. તેને કારણે બેટરી મેન્યુફેક્ચરિંગનો ખર્ચ અંદાજે ૪૦% સુધી ઘટવાના અણસાર છે.

રિપોર્ટ અનુસાર જ્યારથી માર્કેટમાં આધુનિક ઇલેક્ટ્રિક કાર આવવા લાગી છે, બેટરીની કિંમતો સતત ઘટી રહી છે. અમેરિકન ઉર્જા વિભાગ અનુસાર, ટેસ્લા રોડસ્ટરની કિંમત ૧૫ વર્ષ પહેલાની કિંમતની તુલનાએ લગભગ ૯૦ ટકા ઘટી છે.

## લોંગ ટર્મ ઇન્વેસ્ટમેન્ટમાં ઇક્વિટી એસેટ ક્લાસ ટોચના સ્થાનેઃ મોર્ગન સ્ટેન્લી

નવી દિલ્હી : મોર્ગન સ્ટેનલીએ એક અહેવાલમાં જણાવ્યું છે કે ભારતીય ઈક્વિટીએ (સેન્સેક્સ) ૧૦, ૧૫, ૨૦ અને ૨૫ વર્ષની મુદતમાં રિયલ એસ્ટેટ, સોનું, ૧૦-વર્ષના બોન્ડ્સ અને બેંક ફિક્સ્ડ ડિપોઝિટ જેવી અસ્કયામતો કરતાં વધુ વળતર આપ્યું છે. અન્ય શ્રેણીઓની સરખામણીમાં. જોકે, આ વળતર (પ્રી-ટેક્સ) હાંસલ કરવા માટે, રોકાણકારોએ રોકાણ કરતી વખતે જોખમ લેવા અને શેરોમાં થતી વધઘટને સહન કરવા સક્ષમ હોવા જોઈએ, એમ અહેવાલમાં જણાવાયું છે. મોર્ગન સ્ટેનલીના જણાવ્યા મુજબ, ઇક્વિટીઝ (આ કિસ્સામાં સેન્સેક્સ)એ ૨૫ વર્ષના સમયગાળામાં ૧૫ ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દરે પ્રી-ટેક્સ વળતર આપ્યું હતું, જે સોના (૧૧.૧ ટકા), બેન્ક એફડી (૭.૩ ટકા) કરતાં વધુ સારું હતું. જો કે, ઇક્વિટી રોકાણકારોએ આ વળતર માટે ૩૦.૭ ટકાની ઊંચી વધઘટનો સામનો કરવો પડયો હતો, જ્યારે સોનામાં ૧૧.૩ ટકા અને બેન્ક એફડી માટે ૧.૬ ટકા હતો.

મોર્ગન રિપોર્ટ મુજબ જો આપણે છેલ્લા દાયકામાં સંપત્તિ સર્જન પર નજર કરીએ, તો એવું અનુમાન છે કે પરિવારોએ ૮.૫ ટ્રિલિયન ડોલરની સંપત્તિ મેળવી છે જેમાં લગભગ ૧૧ ટકા ઇક્વિટીમાંથી આવ્યા હતા. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સોનામાં ભાવ વધવાના કારણે સંપત્તિમાં તીવ્ર વધારો થયો છે. ભારતીય પરિવારો હજુ પણ ઈક્વિટીમાં ઓછું રોકાણ કરે છે. માત્ર ૩ ટકા પરિવારોની નાણાકીય સંપત્તિ ઇક્વિટીમાં છે. તેમનું માનવું છે કે આવનારા વર્ષોમાં આ સંખ્યા વધીને બે આંકડા સુધી પહોંચી શકે છે. મોર્ગન સ્ટેન્લીનો અંદાજ છે કે સ્થાપક સંપત્તિને બાદ કરતાં, ઇક્વિટી હોલ્ડિંગ વર્તમાન બજાર કિંમતો પર લગભગ ૮ ટકા પરિવારોની નાણાકીય સ્થિતિનું પ્રતિનિધિત્વ કરે છે.

## દેશના સોલાર ઇન્સ્ટોલેશનમાં ૧૬૭ ટકાનો વધારો નોંધાયો

નવી દિલ્હીઃ ભારતે જાન્યુઆરી-સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન ૧૬.૪ ગીગાવોટ સોલાર ક્ષમતાનો ઉમેરો કર્યો છે, જે વિલંબિત પ્રોજેક્ટના કમિશનિંગને કારણે વાર્ષિક ધોરણે ૧૬૭ ટકાનો વધારો દર્શાવે છે, એમ ઊર્જા ક્ષએત્ર સંબંધિત એક રિપોર્ટમાં જણાવાયું છે. યુએસ સ્થિત રિસર્ચ ફર્મે તેના તાજેતરના અહેવાલમાં જણાવ્યું હતું કે, ભારતે ૨૦૨૩ના નવ મહિનાના સમયગાળામાં ૬.૨ ગીગાવોટની સૌર ક્ષમતા સ્થાપિત કરી હતી. કેલેન્ડર વર્ષ ૨૦૨૪ના જાન્યુઆરીથી સપ્ટેમ્બરના નવ મહિનામાં ભારતમાં, કુલ ૧૬.૪ ગીગાવોટના સોલાર પ્રોજેક્ટ ઉમેરવામાં આવ્યા હતા, જે ૨૦૨૩ના ઉપરોક્ત ગાળામાં ૬.૨ ગીગાવોટની સરખામણીમાં ૧૬૭ ટકાથી વધુનો વધારો છે. કેટલાંકનું કમિશનિંગ અગાઉ વિલંબિત પ્રોજેક્ટ્સે ૨૦૨૪ના પ્રથમ નવ મહિનામાં ક્ષમતા વધારામાં ફાળો આપ્યો હોવાનું ઇન્ડિયા સોલાર માર્કેટ અપડેટમાં જણાવાયું હતું.

# ‘સાલસોલા ઓપોઝિટીફોલિયા’ નામની ખાસ પ્રકારની વનસ્પતિ ભારતમાં પ્રથમ વખત કચ્છના મોટા રણમાંથી મળી આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સમગ્ર વિશ્વમાં માત્ર દક્ષિણ આફ્રિકા અને હાલ ઇઝરાયલ-હમાસ વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધનો સામનો કરી રહેલા પેલેસ્ટાઈનમાં જોવા મળતી ‘સાલસોલા ઓપોઝિટીફોલિયા’ નામની ખાસ પ્રકારની વનસ્પતિની પ્રજાતિ વૈવિધ્ય સભર ઇકો સિસ્ટમ ધરાવતા ભાતીગળ પ્રદેશ કચ્છના મોટા રણમાંથી મળી આવી હતી જેના પર ખાસ સંશોધન શરૂ કરી દેવામાં આવ્યું હતું.

ભારતમાં પ્રથમ વખત જોવા મળેલી સાલસોલા ઓપોઝિટીફોલિયા વનસ્પતિ પર બોટોનિકલ સર્વે ઓફ ઇન્ડિયા દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા પ્લાન્ટ ડિસ્કવરી નામના લેખમાં જણાવ્યા અનુસાર, આ વનસ્પતિ ખારી જમીન અને શુષ્ક પ્રદેશમાં ઉગવાવાળી બારમાસી અને રસદાર છે. તેની ઊંચાઈ અંદાજિત એકથી બે મીટરની હોય છે અને તેના પ્રકાંડની સપાટી ચમકદાર સુવાળી અને લીસી હોય છે.

તેના પ્રકાંડની ગાંઠ ઉપર એકબીજાની વિરુદ્ધ દિશામાં ગોઠવાયેલી હોય છે તેથી વૈજ્ઞાનિક ભાષામાં સાલસોલા ઓપોઝિટીફોલિયા નામ પાડવામાં આવ્યું છે અને આ વનસ્પતિમાં ઓક્ટોબરથી જાન્યુઆરી મહિના સુધીમાં પીળા રંગના ફૂલ પણ આવે છે.

બોટોનિકલ સર્વે ઓફ ઇન્ડિયાની રિસર્ચમાં એવું પણ બહાર આવ્યું છે કે કચ્છના મોટા રણમાં મળેલી સાલસોલા ઓપોઝિટીફોલિયા ભારતમાંથી અગાઉ શોધાયેલી પાંચ પ્રજાતિઓ સાલસોલા કાલી, સાલસોલા હાથમની, સાલસોલા મોનો પેટ્રા, સાલસોલા બાયરોસમાં અને ગોલ્ડ મેટ્રા પૈકીની સુધા જાતિની છઠ્ઠી પ્રજાતિ છે તેના ઉપર ફાર્માસ્યુટિકલમાં ઉપયોગમાં આવે તે માટે હાલ રિસર્ચ કરવામાં આવી રહ્યું છે.

કચ્છના રણ અને તેની રણકાંધીના વિસ્તારો ભારતીય ઘુડખરના પ્રાકૃતિક નિવાસસ્થાન ઉપરાંત ઇન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર દ્વારા ભયગ્રસ્ત પ્રજાતિઓની સૂચિમાં સમાવિષ્ટ કરવામાં આવેલી પ્રજાતિઓ ત્યાં જોવા મળે છે. જ્યારે કચ્છનું મોટું રણ કે જ્યાંથી આ ખાસ પ્રકારની વનસ્પતિ વૈજ્ઞાનિકોને મળી છે એ આંતરરાષ્ટ્રીય સ્થળાંતરિત પ્રજાતિઓ સહિત મોટી સંખ્યામાં પક્ષીઓની પ્રજાતિઓઓનું નિવાસસ્થાન છે ત્યારે નવી વનસ્પતિ પ્રજાતિઓની શોધ કચ્છના મોટા રણની જૈવ વિવિધતા વિશે પણ વધુ સંશોધન કરવામાં આવશે તેમ ગીર ફાઉન્ડેશનના નિયામક આર.કે.સુગુરે જણાવ્યું હતું.

દરમ્યાન, કચ્છના મોટા રણમાં જે નવી વનસ્પતિની પ્રજાતિ મળી આવી છે તેનો સોડા એસનો કાચો માલ બનાવવા માટે ખૂબ વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થાય છે.આ ઉપરાંત ફાર્મા ક્વોલોજિકલમાં પણ આ વનસ્પતિનો પ્રમાણસર ઉપયોગ કરવામાં આવે છે.

# લગ્નસરાની સીઝન જામતા મોટાભાગના લીલા શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શિયાળાની ઋતુમાં મોટા ભાગના લીલા શાકભાજી પ્રમાણમાં સસ્તા મળતા હોય છે આથી જ આરોગ્યવર્ધક શિયાળાની ઋતુ દરમિયાન લીલા શાકભાજીનો મહત્તમ ઉપયોગ થતો હોય છે પણ હાલ ભાવનગરમાં તેનાથી ઊલટી પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે. એકબાજુ ચોમેર લગ્નસરાની સીઝન જામતા શાકભાજીના ભાવ આસમાનને આંબી રહ્યા હોય શિયાળાની રંગત આ મોંઘા શાકભાજી બગાડી રહ્યા હોવાની અનુભૂતિ થઈ રહી છે. ભાવનગરમાં લગ્નસરાની સિઝનનો પણ ધમધમાટ વધી રહ્યો છે. લગ્નસરાની સીઝનને પગલે શાકભાજીના જથ્થાબંધ શાકભાજી ખરીદીને તેની પડતર કિંમત પર નફાનો હિસ્સો અને પરિવહન ખર્ચ ઉમેરતા હોવાથી શહેરના પરા વિસ્તારોમાં પહોંચતા શાકભાજીના ભાવ રૂ. ૨૦ થી ૩૦ વધી જાય છે.

ટમેટા રૂ. ૮૦ આસપાસના કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. સામાન્ય રીતે દર વર્ષે શિયાળામાં ટમેટા રૂ. ૨૦ થી ૩૦ ના કિલો લેખે મળતા હોય છે ત્યારે ટમેટાના ભાવ આસમાને રહ્યા છે. આ સીવાય ગુવાર,ભીંડો અને નાના અને ઓળાના રીંગણા રૂ. ૬૦ થી ૮૦, વટાણા ૬૦ થી ૮૦, વાલ રૂ. ૬૦, મરચા, ગાજર, કોબી અને ફ્લાવર રૂ. ૬૦ થી ૭૦, લીલી ડુંગળી રૂ. ૩૦ થી ૩૫, લીલા ચોળા અને વાલોળ પ્રતિ કિલોએ રૂ. ૫૦ થી ૬૦ ના કિલો લેખે વેચાઈ રહ્યા છે. આમ મોટા ભાગના શાકભાજી મોંઘા થતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે લીલા શાકભાજી ખરીદવા મોંઘા પડી રહ્યા છે.

# કચ્છમાં ઠંડીનો ચમકારોઃ નલિયા ૧૨ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડુ મથક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ જમ્મુ-કાશ્મીર અને તેની આસપાસના પહાડી વિસ્તારોએ ઓઢેલી બરફની ચાદર પર સવાર થયેલા ઠંડા પવનોના સંગાથે સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીએ ધીમા પગલે આક્રમણ કરવું શરૂ કરી દીધું છે તેવામાં રણપ્રદેશ કચ્છમાં પણ લઘુતમ તાપમાનનો આંક ધડાધડ નીચે ઉતરવો શરૂ થઇ જતાં જનજીવન પ્રભાવિત થઇ રહ્યું છે. ગત સપ્તાહે દેશના પહાડી રાજ્યોમાં થયેલા ભારે હિમપ્રપાત બાદ ફરી ટાઢોડું છવાઈ જતાં લોકોએ કબાટમાં રાખી દીધેલા ગરમ વસ્ત્રો, ધાબળાને કાઢવાની ફરજ પડી છે.

અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં લઘુતમ ૧૨ ડિગ્રી સે. જયારે મહત્તમ તાપમાન ૨૪ ડિગ્રી રહેતાં અહીં બેવડી ઋતુનો સામનો કરવો પડી રહ્યો છે, જયારે જિલ્લાના મુખ્ય મથક ભુજમાં ઊંચા ભેજના પ્રમાણ સાથે ૧૬ ડિગ્રી સે.લઘુતમ તાપમાન નોંધાયું હતું. ૩૨ ડિગ્રી મહત્તમ તાપમાન સાથે દિવસ ચઢતાં વાતાવરણ હૂંફાળું બન્યું હતું. જયારે ગાંધીધામ-કંડલા સંકુલમાં ઠંડીનું જોર આંશિક વધઘટ સાથે યથાવત્ રહ્યું હતું. કંડલા એરપોર્ટ ખાતે આજનું લઘુતમ તાપમાન ૧૮ અને કંડલા પોર્ટ ખાતે ૧૯ ડિગ્રી નોંધાયું હતું. આ દરમ્યાન,હવામાન ખાતાએ આગામી સપ્તાહ દરમ્યાન ટાઢમાં વધારો થવાની આગાહી કરી છે.

# ભાવનગરના પ્રશ્નો કૉંગ્રેસ દ્વારા સાંભળવામાં આવ્યાઃ પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો આંદોલનની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેર કૉંગ્રેસ સમિતિ દ્વારા શહેરના તમામ વોર્ડનાં લોક પ્રશ્નો સાંભળવાનો કાર્યક્રમ જાહેરમાં યોજવામાં આવી રહ્યો છે. જેના ભાગરૂપે વોર્ડ નં. ૬ પીરછલ્લાના લોક પ્રશ્નો સાંભળવાનો પ્રોગ્રામ તા. ૨૨/૧૧/૨૦૨૪ ને શુક્રવારે સાંજે ૪ થી ૭ હલુરીયા ચોક, શાંતિલાલ સ્કૂલ સામે, યોજાયેલ હતો.

જેમા ભાવનગર શહેર કૉંગ્રેસ સમિતિના પ્રમુખ હિતેશભાઈ વ્યાસ, વિપક્ષના નેતા ભરતભાઈ બુધેલીયા, પૂર્વ નેતા રાજેશભાઈ જોષી તથા કૉંગ્રેસના આગેવાનોએ લોકપ્રશ્નો સાંભળ્યા હતા. અને લેખિતમાં રજૂઆતો પણ લીધી હતી. જેમાં ખાસ કરીને શહેરના બિસ્માર રોડ રસ્તાના પ્રશ્નો મોટા ભાગે જાણવા મળ્યા હતા. તેમાં ખાસ કરીને શહેરના દીપક ચોકથી બોરડીગેઇટ વિસ્તાર કે જ્યાં પીરછલ્લા સહિતના શહેરના ત્રણ વોર્ડ ભેગા થાય છે. આ વિસ્તારના મેઇન રોડ બિસ્માર હાલત માં છે તેમજ ટી.વી. કેન્દ્ર રોડ પણ બિસ્માર હાલત માં છે ઉપરાંત નવાપરા ડી.એસ.પી. ઓફિસથી નવાપરા જતો રોડ પણ બિસ્માર હાલતમાં છે. તેમજ સાંઢીયાવાડથી માજીરાજ સ્કૂલ સુધીનો રોડ બિસ્માર હાલતમાં છે.

આ ઉપરાંત પીરછલ્લા વોર્ડના ઘણા જ રોડ રસ્તા ચોમાસાની સીઝન બાદ બિસ્માર થઇ ગયા છે. રોડ પર નાના મોટા ખાડા પડી ગયેલ છે તે તાત્કાલિક અસરથી રોડ રસ્તા રીપેર થવા જોઇએ. આ ઉપરાંત ભાવનગર શહેરના મહિલા કોલેજ નજીક માં આવેલ બગીચાની હાલત પણ બિસ્માર હાલત માં છે. ઉપરાંત બગીચામાં સીમેન્ટ કોંક્રીટના રસ્તા બનાવવાથી આ બગીચામાં ચાલવા માટે આવતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આ બાબતે લોકો દ્વારા અવાર-નવાર સરકારી તંત્રમાં લેખિતમાં રજૂઆત થયેલ છે. તેનો સુઃખદ ઉકેલ આવેલ નથી, આ બગીચાને જંગલ જેવું કરી નાખવામાં આવ્યુ છે.

# સી.આર. પાટીલનો માવજી પટેલને ટોણોઃ પાવરની વાત કરનારાને ભાજપના પાવરે ધૂળ ચાટતા કરી નાખ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાની વાવ બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરની જીત થઈ હતી. ભાજપે ૭ વર્ષ બાદ વાવની સીટ પર જીત મેળવી હતી. જેથી ગુજરાતમાં ભાજપના કાર્યકર્તાઓ અને નેતાઓમાં ખુશીની લહેર વ્યાપી ગઈ હતી. જો કે આ જીતની ઉજવણી દરમિયાન ભાજપ પ્રદેશપ્રમુખ સીઆર પાટીલે ભાજપના બળવાખોર નેતા અને અપક્ષ ઉમેદવાર માવજી પટેલને નિશાન બનાવી આકરા પ્રહારો કર્યા હતા.

સી.આર. પાટીલે જણાવ્યું હતું કે ગુજરાતમાં કૉંગ્રેસે ભાજપમાંથી એક વ્યક્તિને ત્રિપાખીય જંગમાં ઊભો રાખ્યો પરંતુ તેમના કારનામા ફાવી ન શક્યા. માવજી પટેલના નામનો ઉલ્લેખ કરતા સીઆર પાટીલે કહ્યું હતું કે, જેઓ પાવરની વાત કરતા હતા, તેમને ભારતીય જનતા પાર્ટીના પાવરના સ્વાદે ધૂળ ચાટતા કરી નાખ્યા. વધુમાં સી.આર. પાટીલે એવું પણ કહ્યું હતું કે, કોંગ્રેસના લોકસભામાં જીતેલા ઉમેદવાર કે જેઓ હાલ સીટીંગ એમએલએ (ગેનીબેન ઠાકોર) છે તેમને પણ આ વખતે મતદારોએ નકાર્યા છે. વાવની જનતાનો આભાર માનતા સી.આર. પાટીલે જણાવ્યું કે વાવના મતદારોએ મોદી સાહેબના નેતૃત્વમાં વિકાસને મહત્ત્વ આપીને ભાજપને વોટ આપ્યો છે.

વાવ વિધાનસભા પેટાચૂંટણીને લઈને સી.આર. પાટીલે મતદાર ભાઈબહેનોએ ભાજપ પ્રત્યે જે વિશ્વાસ વ્યક્ત કર્યો તેનો આભાર માન્યો હતો. સાથે જ તેમણે એવું પણ કહ્યું કે ગુજરાતમાં કોંગ્રેસે ભાજપમાંથી એક વ્યક્તિને ત્રિપાખીય જંગમાં ઊભો રાખ્યો પરંતુ તેમના કારનામા ફાવી ન શક્યા. માવજી પટેલના નામનો ઉલ્લેખ કરતા સીઆર પાટીલે તેમની સામે આકરા પ્રહારો કર્યા હતા.

# રાજકોટમાં પેઢીના કર્મચારીએ પાંચ હજાર કિલો ઝિંક વેચીને ૨૪ લાખની ઉચાપત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં કંપનીના કર્મચારીએ જ ૨૪.૮૦ લાખનું ૫૮૩૬ કિલો ઝીંક સાત મહિના જેટલા સમયમાં વેચીને ઉચાપત કરી હોવાની કંપનીના માલિકે પોલીસ ફરિયાદ કરી હતી. પેઢીના કર્મચારીએ ચોરી કર્યાની કબૂલાત કર્યા બાદ ફોન બંધ કરી દીધો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટમાં હાર્ડવેરની પેઢી ધરાવતા જગદિશભાઈ લુણાગરીયાએ કંપનીના કર્મચારી હેમંતભાઈ સાગઠીયા સામે ૨૪.૮૦ લાખની ઉચાપત અંગે થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદમાં તેમણે કહ્યું હતું કે, તેઓ ઝીંક મેટલના દરવાજાના હેન્ડલનું મેન્યુફેક્ચરિંગ કરે છે. તેઓ દર વર્ષે માર્ચ મહિનામાં પેઢીનો હિસાબ કરે છે અને તેમાં ૨૦૨૪નો હિસાબ બરાબર મળ્યો હતો.

તેમણે દિવાળીના તહેવાર પહેલા પેઢીના કાચા માલનો હિસાબ કરતાં ઝીંકનો કાચો માલ આશરે ૪૮૬૨ કિ.ગ્રા. જેની આશરે કિંમત રૂપિયા ૧૭,૯૮,૯૪૦ તથા મેન્યુફેક્ચરિંગ કરેલો માલ આશરે ૯૭૪ કિ.ગ્રા. જેની આશરે કિંમત રૂપિયા ૬,૮૧,૮૦૦ તથા મેન્યુફેક્ટરિંગ કરેલો કુલ માલ આશરે ૫૮૩૬ કિ.ગ્રા. જેની આશરે કિંમત રૂપિયા ૨૪,૮૦,૭૪૦ની ઘટ જોવા મળી હતી.

ફરિયાદીએ તેમના કારીગરોનું મોનિટરિંગ કરવાનું શરૂ કરતાં તેમણે જાણવા મળ્યું હતું કે, તેમના કાયમી કારીગર હેમંત સાગઠીયા પેઢીમાંથી ૧૦-૧૫ ટ્રક ભરીને મેન્યુફેક્ચરિંગ કરેલો માલ લઈને બહાર જતો હતો તેની સાથે રોજમદાર મુકેશકુમાર પણ હતો. તેમણે તપાસ કરતાં માલુમ પડ્યું હતું કે, તેમની પેઢીની પાછળની શેરીમાં મટીરીયલ ઓગળવાની ભઠ્ઠીમાં કર્મચારી હેમંત ૭ મહિનાથી માલ આપી જતો હતો. ત્યારબાદ તેમણે કર્મચારી હેમંતને વાત કરતાં તેણે કહ્યું હતું કે, હું તમારો બધો હિસાબ ચૂકતો કરી દઈશ ત્યારબાદ તેણે ફોન બંધ કરી દેતાં પેઢીના માલિકે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# ભાવનગર શહેર ભાજપ સંગઠન દ્વારા ફટાકડા ફોડીને તેમજ મીઠાઈ વહેંચીને મહારાષ્ટ્ર અને વાવ બેઠકની જીતની ઉજવણી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેર ભાજપ અધ્યક્ષ અભયસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં શહેર ભાજપ સંગઠન દ્વારા મહારાષ્ટ્રમાં ભાજપે મેળવેલ પ્રચંડ જીત તેમજ ગુજરાતના વાવ વિધાનસભામાં ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરની જીતની ખુશીને ઘોઘાગેટ ખાતે ફટાકડા ફોડીને તેમજ એકબીજાના મોઢા મીઠા કરાવીને ઉજવવામાં આવ્યો હતો, જેમાં શહેર ભાજપ અધ્યક્ષ અભયસિંહ ચૌહાણ, ધારાસભ્ય સેજલબેન પંડ્યા, મેયર ભરતભાઇ બારડ, ત્રણેય મહામંત્રી અલ્પેશભાઈ પટેલ, નરેશભાઈ મકવાણા અને પાર્થભાઈ ગોંડલીયા સહિત શહેર અને વોર્ડ સંગઠન, વરિષ્ઠ આગેવાનો, મહાનગરપાલિકાના ચૂંટાયેલા પદાધિકારીઓ અને નગરસેવકો, તમામ સેલ, મોરચા અને સમિતિઓના હોદ્દેદારો અને વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓએ આ જીતને ખુશીથી વધાવી હતી. આ તકે અધ્યક્ષ અભયસિંહ ચૌહાણે તમામ વિજેતા ઉમેદવારોને શુભકામનાઓ આપી હતી.

# રાજકોટમાં આયોજિત તરણ સ્પર્ધામાં દેશભરમાંથી આવેલા ખેલાડીઓએ પ્રાથમિક સુવિધાનો અભાવ વેઠવો પડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં અમદાવાદ ખાતે ૨૦૩૬ની ઓલિમ્પિક ગેમ રમાય તે માટે કેન્દ્ર સરકાર દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી રહી છે. બીજી તરફ સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા શાળાના વિદ્યાર્થીઓની નેશનલ સ્વિમિંગ કોમ્પિટિશન રાજકોટ ખાતે આયોજિત કરવામાં આવી છે. આ કોમ્પિટિશનમાં ભાગ લેવા માટે દેશભરમાંથી આવેલા ૩૫૦૦ વિદ્યાર્થીઓને થ્રી સ્ટાર કેટેગરીની સુવિધા આપવાનું કહી પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનોમાં ઉતારો આપી દેવાતાં અનેક સવાલો ઊભા થયા હતા. પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટમાં સરદાર પટેલ સ્નાનાગર ખાતે રાષ્ટ્રીય કક્ષાની તરણ સ્પર્ધામાં ૩૫૦૦ જેટલા સ્પર્ધકો ભાગ લેવા જઈ રહ્યાનું જિલ્લા રમત ગમત વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું. સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઇન્ડિયા, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને સ્વિમિંગ એસોસિએશન દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાની સ્વિમિંગ સ્પર્ધામાં અંડર ૧૪, અંડર ૧૭ અને અંડર ૧૯ કેટેગરીમાં વિદ્યાર્થીઓ સ્વિમિંગ તેમજ ડાઈવિંગની સ્પર્ધામાં ભાગ લેવાના છે.

રાષ્ટ્રીય કક્ષાની તરણ સ્પર્ધામાં આવેલા સ્પર્ધકોને રાજકોટમાં શહીદ રાજગુરુ ટાઉનશિપમાં ઉતારો અપાયો હતો. દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલા સ્પર્ધકોએ કહ્યું હતું કે, અમે જ્યારે અહીં સ્પર્ધામાં ભાગ લેવા માટે આવી રહ્યા હતા તે પહેલાં જે લેટર અમને મળ્યો હતો તેમાં થ્રી સ્ટાર હોટેલમાં રહેવાની સુવિધા આપવામાં આવશે તેવું લખવામાં આવ્યું હતું. પરંતુ હકીકતમાં અહીં આવાસમાં ઉતારો આપવામાં આવ્યો છે. અમને હજૂ સુધી ભોજન પણ મળ્યું નથી. રૂમમાં તો પંખા પણ નથી. પ્રાથમિક સુવિધાઓનો અભાવ હોવાથી તેઓ મુશ્કેલીમાં મુકાયા હતાં.

રાજકોટ જિલ્લા રમત વિકાસ અધિકારી દિવાળી પહેલાથી રજા પર ઉતરી ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે. જેથી મોરબીના જિલ્લા રમત વિકાસ અધિકારી પાસે આ સ્પર્ધાનો ચાર્જ છે. તેમણે જણાવ્યું હતું કે, અમે રાજકોટમાં અલગ અલગ ૨૦થી ૨૫ હોટેલોમાં ગયા, પરંતુ ત્યાં ૨૫૦૦ જેટલા ખેલાડીઓને રાખી શકાય તે માટેની પૂરતી સુવિધા ઉપલબ્ધ ન હતી અને અહીં શહીદ રાજગુરુ ટાઉનશીપમાં બાળકોને રાખવાના છે તેવો નિર્ણય પાંચ દિવસ પહેલાં જ લેવામાં આવ્યો હતો. સ્પર્ધામાં આવેલા વિદ્યાર્થીઓને તમામ સુવિધાઓ મળી રહે તે માટેના પ્રયાસો ચાલુ છે.

# પાટણની મેડિકલ કોલેજના રેગિંગ કેસમાં ન્યાય અપાવવા ધાંગધ્રાના એસડીએમને આવેદન અપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણની ધારપુર મેડિકલ કોલેજમાં રેગિંગ કેસમાં મૃત્યુ પામેલા યુવાનને ઝડપથી ન્યાય અપાવવા માટે અનેક લોકો રેલીમાં જોડાયા હતાં અને ધાંગધ્રામાં નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં ધ્રાંગધ્રા-હળવદના ધારાસભ્ય, સમાજના આગેવાનો, ઉદ્યોગપતિ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. મૃતકના પરિવારજનો દ્વારા ઝડપી ન્યાય મળે તેમજ કસૂરવારો સામે ઝડપી કાર્યવાહી થાય તેવી માગ કરવામાં આવી હતી.

પાટણની ધારપુર મેડિકલ કોલેજમાં રેગિંગ કેસમાં મૃત્યુ પામેલો વિદ્યાર્થી ધ્રાંગધ્રાના જેસડા ગામનો હતો. શનિવારે ધાંગધ્રા ખાતે પાટીદાર તેમજ અન્ય સમાજ દ્વારા આવેદનપત્ર ધાંગધ્રા નાયબ કલેક્ટરને આપવામાં આવ્યું હતું.

ધ્રાંગધ્રાના જેસડા ગામના મોતને ભેટેલા યુવાનને ન્યાય અપાવવા રજૂઆત કરવા ગયેલી મહિલાઓ સહિતનાં પરિવારજનો ચોધાર આંસુએ રડી પડ્યાં હતાં. ત્યાં હાજર એક મહિલાએ જણાવ્યું હતું કે બધી માતાને એક-એક દીકરો છે, આજે આમના દીકરા સાથે થયું, કાલે કોઈ બીજાના દીકરા સાથે આવું થશે, તો કોણ અમને અમારો દીકરો આપશે? અમને સરકાર પાસે આ દીકરાનો ન્યાય જોઈએ ત્યાં સુધી અમે ડગવાનાં નથી. મૃતક યુવક પાટણના ધારપુર મેડિકલ કોલેજમાં એમબીબીએસના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો.

કોલેજ દ્વારા ૧૫ વિદ્યાર્થીઓને કોલેજમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતાં અને તેમની સામે નોંધવામાં આવી હતી. આ પંદર વિદ્યાથીઓને કોર્ટમાં રજૂ કરીને જેલ હવાલે કરવામાં આવ્યા હતાં.

# રાજકોટ જિલ્લામાં પીએમ પ્રોજેક્ટની ગ્રાન્ટ મેળવતી ૧૮ શાળાઓમાં શિક્ષકોની ૫૦ ટકા ઘટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લામાં પીએમ શ્રી પ્રોજેક્ટ હેઠળ ગ્રાન્ટ મેળવતી ૧૮ સરકારી શાળાઓમાં શિક્ષકોની ૫૦ ટકા ઘટ હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. આ સરકારી શાળાઓને મૉડેલ સ્કૂલ તરીકે વિકસાવવા કલેક્ટર દ્વારા સ્વપ્ન સેવવામાં આવ્યું હતું પણ તેમાં કોઈ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી નથી. પીએમ શ્રી પ્રોજેક્ટ હેઠળ આવતી શાળાઓમાં દર વર્ષે અંદાજે ૨૦ લાખ જેટલી ગ્રાન્ટ આવે છે. જેનું રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા મોનિટરિંગ કરવામાં આવે છે. રાજકોટ જિલ્લામાં પીએમ શ્રી પ્રોજેક્ટ હેઠળની ૧૮ શાળાઓમાં બેન્ચ, ટોઇલેટ, પાણી, સીસીટીવીની સુવિધા નહીં હોવાનું જાણવા મળ્યું હતું. તે ઉપરાંત તેમાં વિદ્યાર્થીઓને ભણાવતા શિક્ષકોની પણ ૫૦ ટકા ઘટ હોવાની વિગતો પ્રાપ્ત થઈ હતી. જેમાં ગોંડલની સુલતાનપુર શાળામાં ૪ અને વિંછિયાની મોઢુકા શાળામાં ૧૧૦ વિદ્યાર્થીઓ વચ્ચે માત્ર ૨૮ બેન્ચ હોવાનું જાણવા મળ્યું હતું. કોટડા સાંગાણીમાં આવેલી નવી કન્યા તાલુકા શાળા-વેરાવળમાં રમત ગમતનું મેદાન જ નથી. રાજકોટ તાલુકાની આણંદપર પ્રાથમિક શાળા નંબર ૨માં ધોરણ ૩થી ૫માં ૧૯૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, પરંતુ તેમના માટે બેન્ચ જ નથી. જસદણની ખડવાવડી પ્રાથમિક શાળામાં ૧૭૬ વિદ્યાર્થીઓ વચ્ચે માત્ર ૩૦ બેન્ચ છે.

# ગોંડલમાં સિંહની જોડી અને ચાર દિપડાએ પડાવ નાખતા ફોરેસ્ટ વિભાગ એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર આસપાસના વિસ્તારોમાં જંગલી પ્રાણીઓ રહેણાંક સુધી પહોંચી જતાં લોકોમાં ફફડાટ ફેલાયો છે. બીજી તરફ ગોંડલ સુધી જંગલી પ્રાણીઓએ શિકાર માટે ધામા નાખતા વન વિભાગ પણ એલર્ટ થઈ ગયો હતો. ગોંડલ પંથકમાં છેલ્લા ત્રણેક દિવસથી સિંહની નર-માદાની જોડી અને ચાર દિપડાએ ધામા નાંખ્યા હોવાનું વન વિભાગના સુત્રોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શિયાળાની સિઝન શરૂ થતાં જ ગોંડલ પંથકમાં સિંહ અને દિપડાનું આગમન થઈ ગયું હોવાનું વનવિભાગનાં સૂત્રોએ જણાવ્યું હતું. અહીં દર વર્ષે શિયાળાની સિઝનમાં જંગલી પ્રાણીઓ શિકાર અને પાણી માટે બેથી ત્રણ મહિના સુધી ધામા નાખે છે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી ગોંડલ પંથકના દેરડી (કુંભાજી), શ્રીનાથગઢ, કમરકોટડા, ખંભાળીયા, મીતીયાળા, લિલાખા અને આંબરડીનાં સીમ વિસ્તારમાં સિંહની જોડી અને ચાર જેટલા દિપડા આવી ચડયા હોવાનું વન વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.